અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08
હુમાએ બોયફ્રેન્ડને 'હાર્ડ લોન્ચ' કર્યો





પેજ-09
વૈભવ સૂર્યવંશીનો ગુસ્સો, મેદાન બન્યું અખાડો


**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 38.00 | 29.00 |
| વડોદરા | 38.00 | 29.00 |
| સુરત | 34.00 | 29.00 |




પેજ 5
જીએસટીમાં કરાયેલી કપાત બાદ વાહનોના વેચાણમાં સતત વૃદ્ધિ


**17**
JUNE-2026
WEDNESDAY




હોર્મુઝની ખાડી હવે ફ્રી નહીં રહે, ઈરાનનો મોટો નિર્ણય
પેજ 10


**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 76808.48 | ▲ | 544.15 |
| નિફ્ટી | 23989.15 | ▲ | 135.25 |
| સોનું | 152834.00 | ▼ | 82.00 |
| ચાંદી | 249832.00 | ▼ | 1626.0 |


વર્ષ-15 । અંક-216 । વિક્રમ સંવત-2082 । અષાઢ સુદ-02 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## 16 મહિના બાદ પીએમ મોદી અને ડોનાલ્ડ ટ્રમ્પ આમને-સામને : G7 સમિટમાં બંને નેતાઓ વચ્ચે 5 મિનિટની ચર્ચા

# G7 સમિટમાં મોદી અને ટ્રમ્પની મુલાકાત



● G7 સમિટમાં પીએમ મોદીનું વૈશ્વિક નેતાઓ સાથે મિલન

(એજન્સી) એવિયન । તા. 16

ફ્રાન્સના એવિયન શહેરમાં આયોજિત G7 સમિટમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની મુલાકાત ચર્ચાનો વિષય બની છે. લગભગ 16 મહિનાના લાંબા અંતરાલ બાદ બંને નેતાઓ એકબીજાને મળ્યા હતા. સમિટ દરમિયાન બંને નેતાઓ એકસાથે બેઠેલા જોવા મળ્યા હતા અને તેમની વચ્ચે અંદાજે 5 મિનિટ સુધી મહત્વપૂર્ણ વાતચીત થઈ હતી. વડાપ્રધાન મોદીની આ G7 મુલાકાત ભારતની વિદેશ નીતિની મજબૂતી અને તેની નેતૃત્વ ક્ષમતાને વૈશ્વિક સ્તરે પ્રસ્થાપિત કરે છે.

### અત્યાર સુધીની પરિસ્થિતિ

વડાપ્રધાન મોદી મંગળવારે બપોરે એવિયન પહોંચ્યા હતા, જ્યાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું. G7 સમિટના આઉટરીચ સેશનમાં મોદી અને ટ્રમ્પ માત્ર સાથે બેઠા જ નહીં, પરંતુ તેમણે વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરી હતી. આ મુલાકાત બાદ હવે એવી અટકળો તેજ થઈ છે કે 17 જૂનની સાંજે બંને નેતાઓ વચ્ચે 'ટ્રેડ ડીલ' એટલે કે વેપાર કરારને લઈને કોઈ નક્કર ચર્ચા થઈ શકે છે. આગામી દિવસોમાં આ સમિટના પરિણામો વિશ્વની અર્થવ્યવસ્થા અને સુરક્ષા પર કેવી અસર કરે છે.

### ભારત અને G7: એક વિશેષ સ્થાન

ભારત G7 નો સભ્ય દેશ ન હોવા છતાં, વિશ્વની એક મુખ્ય અર્થવ્યવસ્થા અને મહત્વપૂર્ણ વૈશ્વિક ભૂમિકાને કારણે તેને નિયમિતપણે 'ગેસ્ટ નેશન' તરીકે આમંત્રિત કરવામાં આવે છે. વડાપ્રધાન મોદી આ સાતમી વખત આ વૈશ્વિક ફોરમમાં ભાગ લઈ રહ્યા છે, જે ભારતનો વધતો જતો વૈશ્વિક પ્રભાવ દર્શાવે છે. આ વર્ષની સમિટમાં યુક્રેન યુદ્ધ, ઈરાન-ઈઝરાયલ તણાવ, અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) જેવા ગંભીર ભૂ-રાજકીય મુદ્દાઓ પર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

### G7 અને G20 વચ્ચેનો તફાવત

ઘણીવાર G7 અને G20 વચ્ચે મૂંઝવણ જોવા મળે છે, પરંતુ બંનેના એજન્ડામાં સ્પષ્ટ તફાવત છે. G7 મુખ્યત્વે રાજકીય અને સુરક્ષા સંબંધિત મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જ્યારે G20 માં વૈશ્વિક આર્થિક સ્થિરતા અને વિકાસશીલ અર્થતંત્રોને વધુ મહત્વ આપવામાં આવે છે. નિષ્ણાતોના મતે, હાલના સમયમાં G20 એ વૈશ્વિક મુદ્દાઓ ઉકેલવા માટેનું વધુ પ્રભાવી અને સમાવેશી જૂથ માનવામાં આવે છે.

### જાણો સમગ્ર ઘટનાક્રમ

વ્હાઈટ હાઉસના સૂત્રોના જણાવ્યા અનુસાર, આગામી બેઠકમાં ભારત અને અમેરિકા વચ્ચે ટેરિફ, રોકાણ અને વ્યૂહાત્મક ભાગીદારી સંબંધિત મુદ્દાઓ મુખ્ય એજન્ડામાં રહેશે. પીએમ મોદીએ આ મુલાકાત દરમિયાન માત્ર અમેરિકી રાષ્ટ્રપતિ સાથે જ નહીં, પરંતુ જર્મન ચાન્સેલર, બ્રિટિશ વડાપ્રધાન અને ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની સાથે પણ સંવાદ કર્યો હતો. ગ્રુપ ફોટો સેશન દરમિયાન પણ મોદી વૈશ્વિક નેતાઓ સાથે સક્રિય જોવા મળ્યા હતા.

## શિંદે જૂથનો દાવો, ઉદ્ધવ ઠાકરેએ આપી ખુલ્લી છૂટ

# ઉદ્ધવ ઠાકરેની શિવસેનામાં ભંગાણની અટકળો

(એજન્સી) મુંબઈ । તા. 16

મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી એકવાર ભૂકંપના સંકેતો મળી રહ્યા છે. ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (UBT) માં મોટા ભંગાણની અટકળો વહેતી થઈ છે. શિવસેનાના શિંદે જૂથના નેતા કૃપાલ તુમાણેએ દાવો કર્યો છે કે ઉદ્ધવ ઠાકરે જૂથના 7 સાંસદો તેમના સંપર્કમાં છે. આ દાવાએ રાજકીય વર્તુળોમાં ભારે હલચલ મચાવી દીધી છે. આ અટકળો વચ્ચે ઉદ્ધવ ઠાકરેએ પોતાના સાંસદો સાથે એક બેઠક યોજી હતી, જેમાં તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, 'જો કોઈ પાર્ટી છોડવા માંગતું હોય તો તેને રોકવામાં આવશે નહીં. તેઓ ખુશીથી જઈ શકે છે.' ઠાકરેએ 2022માં થયેલા બળવાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, તે સમયે પણ તેમને બળવાની જાણ હતી પરંતુ તેમણે કોઈ પર દબાણ કર્યું નહોતું. બીજી



● સાંસદોના પક્ષપલટાની ચર્ચાઓ વચ્ચે મહારાષ્ટ્રમાં રાજકીય માહોલ ગરમાયો

તરફ, શિવસેના (UBT) ના સાંસદ સંજય રાઉતે આ તમામ દાવાઓને ફગાવી દીધા છે અને સાંસદો એકજૂટ હોવાનું જણાવ્યું છે.મહારાષ્ટ્રમાં આગામી સમયમાં રાજકીય સમીકરણો બદલાય તેવી પૂરી શક્યતા છે. શિંદે જૂથ 'ઓપરેશન ટાઈગર' દ્વારા પોતાની સંખ્યાબળ વધારવાની ફિરાકમાં છે, જ્યારે ઉદ્ધવ ઠાકરે જૂથ પોતાના નેતાઓ સાથે સંપર્કમાં રહીને તેમને એક રાખવાનો પ્રયત્ન કરી રહ્યું છે.

### 2022નો ઈતિહાસ અને વર્તમાન સ્થિતિ

જૂન 2022માં એકનાથ શિંદેના નેતૃત્વમાં 40 ધારાસભ્યોએ બળવો કર્યો હતો, જેનું પરિણામ ઉદ્ધવ ઠાકરેની સરકાર પડવામાં આવ્યું હતું. ત્યારબાદ સ્પીકરના નિર્ણય અને ચૂંટણી પંચ દ્વારા 'ધનુષ-બાણ'નું ચિહ્ન શિંદે જૂથને મળ્યા બાદ શિવસેનાના બે સ્પષ્ટ ભાગલા પડ્યા હતા. હવે જો ફરીથી સાંસદો પક્ષ છોડે છે, તો તે ઉદ્ધવ ઠાકરે જૂથ માટે મોટો આંચકો સાબિત થઈ શકે છે. હવે જોવાનું એ રહેશે કે ચોમાસુ સત્ર દરમિયાન શું ખરેખર કોઈ મોટો ફેરફાર થાય છે કે પછી આ માત્ર અફવા જ સાબિત થાય છે.ખાસ કરીને યવતમાલ-વાશિમના સાંસદ સંજય દેશમુખે કેન્દ્રીય મંત્રી પ્રતાપરાવ જાધવ સાથે મુલાકાત કરતા આ ચર્ચાઓ વધુ જોર પકડ્યું છે.

### સંજય રાઉતનો વળતો પ્રહાર

સંજય રાઉતે શિંદે જૂથના દાવાઓને પાયાવિહોણા ગણાવ્યા છે. તેમણે પ્રશ્ન કર્યો કે કૃપાલ તુમાણે કોણ છે અને મહારાષ્ટ્રના રાજકારણમાં તેમનું કેટલું વજન છે? રાઉતે દાવો કર્યો છે કે તાજેતરની બેઠકમાં તમામ સાંસદોએ ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વમાં અતૂટ વિશ્વાસ વ્યક્ત કર્યો છે. તેમનું કહેવું છે કે પક્ષને તોડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, પરંતુ સાંસદો મક્કમ છે. શિંદે જૂથ દ્વારા આ પક્ષપલટાને 'ઓપરેશન ટાઈગર' નામ આપવામાં આવ્યું છે. મીડિયા અહેવાલો મુજબ, આ ઓપરેશન હવે અંતિમ તબક્કામાં છે અને ચોમાસુ સત્ર પહેલા જ કેટલાક સાંસદો પક્ષ છોડી શકે છે. જોકે, સંજય રાઉતે આ મુલાકાતને વ્યક્તિગત ગણાવી છે અને પક્ષમાં કોઈ પણ પ્રકારના ભાગલા હોવાનો ઈન્કાર કર્યો છે.

# ભવાનીપુર બેઠકનો વિવાદ: મમતા બેનર્જીએ હારને હાઈકોર્ટમાં પડકારી

(એજન્સી) કોલકાતા । તા. 16

પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ભવાનીપુર વિધાનસભા બેઠકના ચૂંટણી પરિણામોને કલકત્તા હાઈકોર્ટમાં પડકારીને રાજકીય ગરમાવો વધારી દીધો છે. મંગળવારે મમતા બેનર્જી પોતે હાઈકોર્ટ પહોંચ્યા હતા અને ચૂંટણી પરિણામોની કાયદેસરતાની તપાસ કરવા માટે સત્તાવાર અરજી દાખલ કરી હતી. ભવાનીપુર બેઠક પર ભાજપના શુભેન્દુ અધિકારીએ ૧૫,૧૦૫ મતોના અંતરથી મમતા બેનર્જીને હરાવ્યા હતા. આ પહેલીવાર નથી કે જ્યારે મમતા બેનર્જી ચૂંટણી પરિણામોને લઈને કોર્ટના દ્વારે પહોંચ્યા હોય. ૨૦૨૧માં નંદીગ્રામ બેઠક પર શુભેન્દુ અધિકારી સામે ૧,૯૫૬ મતોથી હાર્યા બાદ પણ તેમણે કલકત્તા હાઈકોર્ટમાં અરજી કરી હતી.



● ચૂંટણી પરિણામની કાયદેસરતા તપાસવાની કોર્ટ પાસે માગ, મતગણતરીમાં ગેરરીતિ અને મારપીટનો આરોપ

### શું છે મમતા બેનર્જીના આરોપો?

મમતા બેનર્જીએ આરોપ લગાવ્યો છે કે મતગણતરી દરમિયાન ગેરરીતિઓ આચરવામાં આવી હતી. ૩ મેના રોજ કાઉન્ટિંગ સેન્ટરની બહાર થયેલા હંગામાનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું કે, તેમને કાઉન્ટિંગ સેન્ટરમાં પ્રવેશતા રોકવામાં આવ્યા હતા અને તેમની સાથે મારપીટ પણ કરવામાં આવી હતી. તેમણે દાવો કર્યો હતો કે, જે બેઠકો પર ટીએમસી આગળ હતી, ત્યાં જાણીજોઈને મતગણતરી રોકી દેવામાં આવી હતી અને કેન્દ્રીય દળો તેમજ ભાજપના દબાણમાં ચૂંટણી પ્રક્રિયાને પ્રભાવિત કરવામાં આવી હતી.

### શુભેન્દુ અધિકારીનો વળતો પ્રહાર

બીજી તરફ, શુભેન્દુ અધિકારીએ મમતા બેનર્જીના આરોપોને સદંતર પાયાવિહોણા ગણાવ્યા છે. તેમણે આ બાબતને મમતાનું 'રાજકીય નાટક' ગણાવતા કહ્યું કે, હારની આશંકાથી પરેશાન થઈને તેઓ આવા નિવેદનો આપી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં ભાજપે ૨૦૮ બેઠકો સાથે બહુમતી મેળવી હતી, જ્યારે ટીએમસી ૮૦ બેઠકો પર સમેટાઈ ગઈ હતી. હવે ભવાનીપુર બેઠક મામલે કલકત્તા હાઈકોર્ટનું વલણ શું રહેશે, તે જોવું રસપ્રદ રહેશે. આ ઘટનાક્રમ પશ્ચિમ બંગાળના આગામી રાજકીય વાતાવરણને કેવી રીતે અસર કરશે.

## કોકરોચ પાર્ટીના ફોલોઅર્સ 2.27 કરોડથી 2.25 કરોડ થયા

# RSSના લોકોએ મારા ઉપર હુમલો કર્યો:દીપકેએ કહ્યું- જે તેમની વિરુદ્ધ, તેનું આ જ પરિણામ



(એજન્સી) નાગપુર । તા. 16

કોકરોચ જનતા પાર્ટી (CJP) ના સ્થાપક અભિજીત દીપકે મંગળવારે આરોપ લગાવ્યો કે જયપુરમાં તેમના પર થયેલા હુમલામાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ એટલે કે RSS ના લોકોનો હાથ હતો. હાલ દીપકે નાગપુરમાં છે. અહીં 4 વાગ્યે સંવિધાન ચોક પર પાર્ટીનું પ્રદર્શન છે.તેમણે કહ્યું- 'જ્યારે પણ કોઈ સરકાર કે તેની વિચારધારા વિરુદ્ધ બોલે છે, ત્યારે આવું જ થાય છે. આમાં કંઈ નવું નથી.' ગઈકાલે એટલે કે 15 જૂને કોકરોચ જનતા પાર્ટીએ જયપુરમાં પ્રદર્શન કર્યું હતું. આ દરમિયાન ભીડમાં સામેલ યુવકોએ દીપકેને લાફા માર્યા હતા. બીજી તરફ, CJPના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર 2 લાખ ફોલોઅર્સ ઓછા થઈ ગયા છે. 16 જૂને પાર્ટીના ઈન્સ્ટાગ્રામ પર 2.25 કરોડ ફોલોઅર્સ છે.

### 'જે સરકાર વિરુદ્ધ બોલે, તેનું આ જ પરિણામ'

નાગપુર પહોંચેલા અભિજીત દીપકેએ આ ઘટના પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે, 'જ્યારે પણ કોઈ સરકાર કે તેની વિચારધારા વિરુદ્ધ અવાજ ઉઠાવે છે, ત્યારે તેમની સાથે આવું જ થાય છે. આ કંઈ નવું નથી, આ સત્તાનો દુરુપયોગ છે.' દીપકેએ આ આક્ષેપ કરીને રાજકીય ગરમાવો વધારી દીધો છે. નાગપુરના સંવિધાન ચોક પર પાર્ટીનું આયોજિત પ્રદર્શન હોવાથી સુરક્ષા વ્યવસ્થા પણ સઘન કરવામાં આવી છે.

### સોશિયલ મીડિયા ફોલોઅર્સમાં ઉતાર-ચઢાવ

આ રાજકીય વિવાદની વચ્ચે CJP ના ઈન્સ્ટાગ્રામ ફોલોઅર્સની સંખ્યા પણ ચર્ચાનો વિષય બની છે. જૂન મહિનાની શરૂઆતમાં પાર્ટીના ફોલોઅર્સમાં ઝડપી વધારો જોવા મળ્યો હતો, જે ૨.૨૭ કરોડ સુધી પહોંચ્યો હતો. જોકે, હાલમાં તેમાં ઘટાડો નોંધાયો છે અને ફોલોઅર્સની સંખ્યા ૨.૨૫ કરોડ પર આવી ગઈ છે. આ મુદ્દે પાર્ટી દેશના વિવિધ ભાગોમાં આક્રમક પ્રદર્શનો કરી રહી છે.

# NEET રી-એક્ઝામને લઈને ભારતમાં ટેલિગ્રામ પર પ્રતિબંધ

● મેસેજ એડિટ ફીચર પણ 30 જૂન સુધી બંધ રહેશે; 21 જૂને પરીક્ષા યોજાશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

ભારત સરકારે NEET-UG ની ફરીથી પરીક્ષાને લઈને ભારતમાં ટેલિગ્રામ મેસેજિંગ એપના ઉપયોગ પર અસ્થાયી પ્રતિબંધ લગાવવાનો આદેશ જારી કર્યો છે. નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) એ મંગળવારે પ્રેસ રિલીઝ જારી કરીને આ માહિતી આપી.

NTAએ જણાવ્યું કે ઈલેક્ટ્રોનિક્સ અને સૂચના પ્રૌદ્યોગિકી મંત્રાલય (MeitY) એ સૂચના પ્રૌદ્યોગિકી કાયદો, 2000 ની કલમ 69A હેઠળ ટેલિગ્રામ પર પ્રતિબંધ લગાવ્યો છે. આ પ્રતિબંધ 22 જૂન 2026 સુધી લાગુ રહેશે. NEET રી-એક્ઝામ 21 જૂને થશે.

સરકારે ટેલિગ્રામને પોતાનું મેસેજ એડિટ ફીચર 30 જૂન સુધી બંધ રાખવાનો નિર્દેશ આપ્યો છે. એટલે કે ટેલિગ્રામ પર ભારતમાં પહેલાથી મોકલેલા મેસેજ 30 જૂન સુધી એડિટ નહીં થઈ શકે.

NTA અનુસાર કેટલાક લોકો ટેલિગ્રામનો ઉપયોગ પરીક્ષાઓમાં પેપર લીક થવાના નકલી પુરાવા બનાવવા માટે કરતા રહ્યા છે.

## બળજબરીથી ધર્મ પરિવર્તનનો પ્રયાસ

# નાગપુરમાં એરફોર્સ ઓફિસરની પત્ની પર બળાત્કાર

(એજન્સી) નાગપુર । તા. 16

નાગપુરમાં ભારતીય વાયુસેના (IAF) અધિકારીની 24 વર્ષીય પત્ની પર બળાત્કાર, બ્લેકમેઈલિંગ અને બળજબરીથી ધર્મ પરિવર્તન કરાવવાનો મામલો સામે આવ્યો છે. મુખ્ય આરોપી, અયાઝ તાજ મદારે તેનો પૂર્વ સ્કૂલ ક્લાસમેટ છે. પીડિતાના જણાવ્યા મુજબ, અયાઝ તેના પર ધાર્મિક મંત્રો બોલતા વિધિઓ કરતો હતો અને ત્યારબાદ તેના પર બળાત્કાર કરતો હતો. ધર્મ પરિવર્તન સંબંધિત એક વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં અયાઝ તેનો હાથ પકડીને ધાર્મિક મંત્રો બોલતો જોવા મળે છે.વીડિયોમાં, મહિલા રડતા રડતા કહે છે, 'મારો હાથ છોડી દે... મને જવા દે.' તે રડી રહી છે અને વિરોધ કરતી જોવા મળે છે, વારંવાર કહે છે, 'મને છોડી દે,' જ્યારે આરોપી તેના બંને હાથને પકડી રાખે છે.પોલીસે અય્યાઝ મદારે અને તેના એક સાથી અમીન શેખની ધરપકડ કરી છે. અય્યાઝ મહિલાનો ભૂતપૂર્વ ક્લાસમેટ રહ્યો છે. પોલીસ હવે મહિલાનું ધર્મપરિવર્તન કરાવનાર મૌલાનાની શોધ કરી રહી છે.

# હવે મમતાના નજીકના સૌમિત્ર બેનર્જી પર ઇંડા ફેંકવામાં આવ્યા

● TMCના ધનુરહાટ સરપંચને લોકોએ ઘેરી લીધા; હાથ જોડીને ઘૂંટણિયે બેઠા, માફી માંગતા જોવા મળ્યા

(એજન્સી) કોલકાતા । તા. 16

પશ્ચિમ બંગાળમાં TMCના નેતાઓ પર ઈંડા ફેંકવાની ઘટનાઓ વધી રહી છે. મંગળવારે મમતાના વધુ એક નજીકના તૃણમૂલ યુવા નેતા સૌમિત્ર બેનર્જી પર ઈંડા ફેંકવામાં આવ્યા. પોલીસ સૌમિત્રને રાણીગંજ કોર્ટ લઈ જઈ રહી હતી. કેટલાક લોકોએ તેમને માર પણ માર્યો. આ પછી પોલીસે બેનર્જીને સુરક્ષિત રીતે કોર્ટ પહોંચાડ્યા.આ તરફ, ધનુરહાટ ગ્રામ પંચાયતનાં સરપંચ મંદિરા ગેનનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં તેઓ કાન પકડીને, હાથ જોડીને રડતા દેખાઈ રહ્યા છે. લોકો તેમના ઘરની બહાર સૂત્રોચ્ચાર કરી રહ્યા છે. બાદમાં તેઓ ઘૂંટણિયે બેસીને માફી માંગતા અને રડતા જોવા મળી રહ્યા છે.ઈંડા ફેંકવાની આવી જ એક ઘટના સોમવારે TMC ધારાસભ્ય અને પ્રવક્તા કુણાલ ઘોષ સાથે બની હતી. જ્યારે તેઓ મમતાના ઘરની બહાર મીડિયા સાથે વાત કરી રહ્યા હતા. તેમની ફરિયાદ પર 2 લોકોની ધરપકડ કરવામાં આવી છે.

## વ્યૂહાત્મક સ્થળો પર એન્ટી-ડ્રોન સિસ્ટમ તૈનાત કરવાની કવાયત, BSF-CISF ની ખાસ ટીમોનું ગઠન

# દેશના મહત્વપૂર્ણ સ્થળો પર ડ્રોન હુમલાનું એલર્ટ: કેન્દ્ર સરકાર એક્શન મોડમાં

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

દેશની આંતરિક અને સરહદી સુરક્ષાને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે મહત્વપૂર્ણ ચેતવણી જારી કરી છે. દુશ્મન દેશો દ્વારા ડ્રોન હુમલાના વધતા ખતરાને જોતા, સરકારે તમામ મહત્વના ઠેકાણાઓ પર સુરક્ષા વધારવા અને એન્ટી-ડ્રોન સિસ્ટમ લગાવવાના આદેશ આપ્યા છે. જહાજ અને જળમાર્ગ મંત્રાલયના દરિયાઈ સુરક્ષા વિંગે પણ આ અંગે ગંભીર એલર્ટ જાહેર કર્યું છે.આ દિશામાં ગૃહ મંત્રાલયે બીએસએફ (BSF) હેઠળ એક ખાસ કમિટી બનાવી છે.



**સુરક્ષા માટે કડક પગલાં :** મંત્રાલય દ્વારા જારી પત્રમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિમાં દુશ્મનના ડ્રોન આપણા મહત્વના પ્રોજેક્ટ્સ અને ઠેકાણાઓને ઠપ્પ કરી શકે છે. આ જોખમને નિવારવા માટે વહેલી તકે એન્ટી-ડ્રોન સિસ્ટમ લગાવવી અનિવાર્ય છે.

### CISF અને અન્ય એજન્સીઓનું સંયુક્ત અભિયાન

સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યોરિટી ફોર્સ (CISF) દ્વારા તૈયાર કરાયેલી એક ખાસ ટીમમાં ડીઆરડીઓ (DRDO), ઈન્ટેલિજન્સ બ્યુરો (IB), એરપોર્ટ ઓથોરિટી (AAI) ના અધિકારીઓ સામેલ છે. આ ટીમ દેશભરના સંવેદનશીલ સ્થળોની મુલાકાત લઈ રહી છે અને તેનો રિપોર્ટ ગૃહ મંત્રાલયને સોંપવામાં આવશે, ત્યારબાદ કયા સ્થળે કઈ સિસ્ટમ લગાવવી તે નક્કી થશે. આ કમિટીનું કામ ભારત માટે સૌથી શ્રેષ્ઠ એન્ટી-ડ્રોન સિસ્ટમને તપાસવાનું અને પાસ કરવાનું છે.

### તમિલનાડુમાં દેશનું પ્રથમ એન્ટી-ડ્રોન સજ્જ પોર્ટ

આ સુરક્ષા કવાયતના ભાગરૂપે, ફેબ્રુઆરી ૨૦૨૬માં તમિલનાડુના થૂથુકુડી ખાતે આવેલા વી.ઓ. ચિદમ્બરનાર પોર્ટ પર એડવાન્સ એન્ટી-ડ્રોન સિસ્ટમ લગાવવામાં આવી છે. આવું કરનારું તે દેશનું પ્રથમ બંદર બન્યું છે. 'સેન્ટ્રલ ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ' સાથેના આ પ્રોજેક્ટ હેઠળ ૩૬૦-ડિગ્રી નજર રાખતી રડાર અને રેડિયો ફ્રીક્વન્સી આધારિત સિસ્ટમ લગાવવામાં આવી છે, જે દુશ્મનના ડ્રોનને માત્ર ઓળખી જ નહીં પણ તેને જામ (બંધ) પણ કરી શકે છે.ગૃહ મંત્રાલયે પણ સીમા સુરક્ષા દળ હેઠળ એક ખાસ કમિટી બનાવી છે.

### ભૂતકાળના અનુભવો અને સજ્જતા

ભારતીય સુરક્ષા એજન્સીઓ પાકિસ્તાની ડ્રોન હુમલા સામે પણ સતર્ક રહી છે. મે ૨૦૨૫માં 'ઓપરેશન સિંદૂર' દરમિયાન ભારતીય વાયુસેનાએ પાકિસ્તાની ડ્રોન અને ફાઈટર જેટ્સને હવામાં જ નિશાન બનાવીને તોડી પાડ્યા હતા. સુદર્શન મિસાઈલ સિસ્ટમ અને રાફેલ-સુખોઈના સફળ ઉપયોગે ભારતની હવાઈ સુરક્ષાની મજબૂતી સાબિત કરી છે. સરકારના 'અમૃત કાળ વિઝન ૨૦૪૭' અને 'મેરીટાઈમ ઈન્ડિયા વિઝન ૨૦૩૦' હેઠળ આવી તમામ આધુનિક ટેકનોલોજીને મહત્વ આપવામાં આવી રહ્યું છે.

## વડોદરાની NIMIT AI કંપની સ્માર્ટ ઓટોમેશનમાં અગ્રણી તરીકે ઉભરી: નાગરિક સુરક્ષા અને નવીનતાનો મજબૂત સંકલ્પ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

વડોદરામાં યોજાયેલી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ સમીટ દરમિયાન સ્માર્ટ ઓટોમેશન અને નાગરિક સુરક્ષા ક્ષેત્રે કાર્યરત એ આઈ કંપની NIMITને તેની નવીન ટેક્નોલોજી અને વિકાસ મોડલ માટે વિશેષ રીતે રજૂ કરવામાં આવી. મકરપુરા GIDC ખાતે સ્થિત આ કંપની AI આધારિત સ્માર્ટ ઓટોમેશન, સિક્યુરિટી સિસ્ટમ્સ, ટ્રાફિક મેનેજમેન્ટ અને બિલ્ડિંગ મેનેજમેન્ટ સહિતના અદ્યતન સોલ્યુશન્સ વિકસાવી રહી છે, જેનો ઉદ્દેશ્ય નાગરિકોને વધુ સુરક્ષિત અને સ્માર્ટ સેવાઓ પૂરી પાડવાનો છે. કંપનીએ ISO 9001:2015, ISO 14001:2015 અને ISO 45001:2018 જેવા આંતરરાષ્ટ્રીય પ્રમાણપત્રો પ્રાપ્ત કર્યા છે. છેલ્લા બે દાયકામાં કંપનીએ 200થી વધુ શહેરોમાં પોતાની હાજરી નોંધાવી છે અને હજારો રોજગારીના અવસર સર્જ્યા છે. કંપનીના સંચાલક અમિત શાહે જણાવ્યું કે NIMITનો મુખ્ય હેતુ ઓટોમેશન અને AI દ્વારા સુરક્ષિત અને કાર્યક્ષમ સમાજનું નિર્માણ કરવાનો છે, સાથે જ વૈશ્વિક સ્તરે વિશ્વસનીય ટેકનોલોજી બ્રાન્ડ તરીકે ઉભરવાનો છે. કંપની ટકાઉ વિકાસ, પર્યાવરણ સંરક્ષણ અને મહિલા સશક્તિકરણને પણ વિશેષ મહત્વ આપી રહી છે, જેમાં બેક-ઓફિસ સહિત અનેક વિભાગોમાં મહિલાઓની સક્રિય ભાગીદારી જોવા મળે છે.

## NFSU ગાંધીનગરમાં 'Raise-2026 ફાર્મસી પ્લેસમેન્ટ ડ્રાઇવ'નો પ્રારંભ: 1000થી વધુ સ્નાતકો અને 50થી વધુ કંપનીઓ જોડાયા

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ




નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી , ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલ અને ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા સંયુક્ત ઉપક્રમે આયોજિત 'Raise-2026 ફાર્મસી પ્લેસમેન્ટ ડ્રાઈવ'નો આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ શુભારંભ કરાવ્યો. આ જોબ ફેરમાં રાજ્યભરમાંથી 1000થી વધુ ફાર્મસી સ્નાતકો અને 50થી વધુ ફાર્માસ્યુટિકલ કંપનીઓ ભાગ લઈ રહી છે, જેના માધ્યમથી યુવાનોને રોજગારીની મોટી તક ઉપલબ્ધ બની છે. આ પ્રસંગે મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું કે ગુજરાત ફાર્મા ઉત્પાદન ક્ષેત્રે 33 ટકા અને નિકાસમાં 28 ટકા ફાળો આપીને દેશમાં અગ્રસ્થાને છે. તેમણે સ્પષ્ટ કહ્યું કે નશાકારક કે ભેળસેળવાળી દવાઓ બનાવનારાઓ સામે સરકાર કડક કાર્યવાહી કરશે અને કોઈને બક્ષવામાં નહીં આવે. નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને નૈતિકતા, સતત અધ્યયન અને આધુનિક ટેકનોલોજી સાથે આગળ વધવાની અપીલ કરવામાં આવી હતી. સાથે જ ડિગ્રી પછી ત્વરિત રોજગારી માટે આ પ્લેસમેન્ટ ડ્રાઈવ મહત્વપૂર્ણ પ્લેટફોર્મ બનશે તેવું પણ જણાવાયું હતું. કાર્યક્રમમાં ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા તથા રાજ્ય ફાર્મસી કાઉન્સિલના પ્રતિનિધિઓ સહિત ઉદ્યોગ જગતના અનેક પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં GNFC સુવર્ણ જયંતિ મહોત્સવની ભવ્ય ઉજવણી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

નર્મદા નગર ખાતે ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ ના સુવર્ણ જયંતિ મહોત્સવની ગરિમામય ઉજવણી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાઈ હતી. આ અવસરે મુખ્યમંત્રીએ નર્મદા નગર ટાઉનશીપમાં નમો વડવન-મિયાવાકી ફોરેસ્ટ અને ઓક્સિજન પાર્ક તેમજ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરનું લોકાર્પણ કર્યું હતું. સાથે જ ભરૂચ જિલ્લાના 50 ગામોના સર્વાંગી વિકાસ માટે '50 વિકસિત ગામો - વિઝન 2047' જેવી મહત્વાકાંક્ષી પહેલનો પ્રારંભ પણ કરવામાં આવ્યો હતો. મુખ્યમંત્રીએ જણાવ્યું કે ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડની પાંચ દાયકાની સફર ગુજરાતના વિકાસ, ખેડૂતોની સમૃદ્ધિ અને આત્મનિર્ભર ભારતના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન દર્શાવે છે. તેમણે ઉમેર્યું કે જાહેર ક્ષેત્રના સાહસોને વધુ કાર્યક્ષમ અને સ્પર્ધાત્મક બનાવવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં નોંધપાત્ર સુધારા થયા છે. આ પ્રસંગે નીમ પ્રોજેક્ટ હેઠળ ગ્રામ્ય મહિલાઓને આર્થિક સશક્તિકરણ આપવાના ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડના પ્રયાસોની પણ પ્રશંસા કરવામાં આવી હતી.

### ખેડૂત આંદોલન મુદ્દે AAP પ્રદેશ પ્રવક્તા યોગેશ જાદવાણીએ કોંગ્રેસને કહ્યું "દગાબાજ"

## ખેડૂતોની તાકાત, હિંમત અને એકતાને સલામ યોગેશ જાદવાણી, AAP પ્રદેશ પ્રવક્તા

અમદાવાદ/સુરત/ગાંધીનગર/ગુજરાત | આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રવક્તા યોગેશ જાદવાણીએ વિડિયો દ્વારા જણાવ્યું હતું કે, ગુજરાતના ઈતિહાસમાં ઘણા વર્ષો પછી કદાચ પહેલીવાર એટલું મોટું ખેડૂત આંદોલન જોવા મળ્યું છે. મોટી સંખ્યામાં ખેડૂતો ગાંધીનગર તરફ કૂચ કરવા નીકળ્યા હતા. ખેડૂતોની આ એકતા, તેમની તાકાત, જોશ અને સહનશક્તિને હું સલામ કરું છું. ખાનગી વીજ કંપનીઓ સરકારના ઈશારે અને સરકારની મહેરબાનીથી ખેડૂતો પર દમન ગુજારી રહી છે. ખેડૂતો પર લાઠીચાર્જ કરવામાં આવે છે, મહિલાઓ પર લાઠીઓ વરસાવવામાં આવે છે અને બાળકોને પણ છોડવામાં આવતા નથી. આવા સમયે ગુજરાતના ખેડૂતોએ હિંમત દાખવીને પોતાના હક્ક માટે લડત શરૂ કરી છે.

ઘણા દિવસોથી અને ઘણા મહિનાઓથી ચાલી રહેલું આ આંદોલન સતત આગળ વધી રહ્યું છે. ખેડૂતો હંમેશાં આ લડતને સફળ બનાવવા અને સકારાત્મક પરિણામ મેળવવા માટે પ્રયત્નશીલ રહ્યા છે. જોકે, ગતકાલે એક દુઃખદ ઘટના પણ સામે આવી હતી. કોંગ્રેસના નેતાઓએ ખેડૂતોના નામે ગામડે-ગામડે જઈને ખેડૂતોને એવું જણાવ્યું કે ગાંધીનગર સુધી કૂચ કરીને સચિવાલય અને મુખ્યમંત્રી નિવાસનો ઘેરાવ કરવામાં આવશે. આ વાતથી પ્રેરાઈને ખેડૂતો ઉત્સાહપૂર્વક ગાંધીનગર તરફ આગળ વધ્યા, કારણ કે તેમને આશા હતી કે તેમના આંદોલનનું કોઈ પરિણામ આવશે અને તેમને દમન તથા દાદાગીરીમાંથી મુક્તિ મળશે. 14મી તારીખે કોંગ્રેસના નેતાઓએ જાહેર કર્યું કે આમ આદમી પાર્ટીના નેતાઓને આ આંદોલનમાં આવવાની મંજૂરી નથી. જ્યારે હકીકતમાં અત્યાર સુધી જ્યાં જ્યાં આંદોલનો થયા છે, ત્યાં આમ આદમી પાર્ટીના નેતાઓ ખેડૂતોના દીકરા બનીને તેમની સાથે ઉભા રહ્યા છે. આમ આદમી પાર્ટીએ ખેડૂતોના દીકરા તરીકે આંદોલનને પ્રથમ દિવસથી સંપૂર્ણ સાથ અને સહકાર આપ્યો છે, અને આગળ પણ આપતી રહેશે.

આપ પ્રદેશ પ્રવક્તા યોગેશ જાદવાણીએ વધુમાં જણાવ્યુ હતુ કે કોંગ્રેસના મિત્રોએ ખેડૂતોને સતત એવા ભ્રમમાં રાખ્યા કે ગાંધીનગર સુધી કૂચ કરીને સચિવાલય અને મુખ્યમંત્રીના નિવાસસ્થાનનો ઘેરાવ કરવામાં આવશે. ખેડૂતોને અંતિમ ક્ષણ સુધી એવું જણાવવામાં આવ્યું કે તેમની પાસે ગાંધીનગર સુધી જવાની પરવાનગી છે. જ્યારે વાસ્તવમાં ગાંધીનગર સુધી કૂચ કરવાની કોઈ પરવાનગી નહોતી. કોંગ્રેસે જે સભા યોજી હતી, તેના માટે માત્ર સભા સ્થળની જ મંજૂરી હતી. આથી સ્પષ્ટ થાય છે કે કપટી કોંગ્રેસે ગાંધીનગર કૂચના મુદ્દે ખેડૂતોને ગેરમાર્ગે દોરીને તેમની સાથે છેતરપિંડી કરવાનો પ્રયાસ કર્યો હતો. 14 જૂને યોજાનારી રેલીના એક દિવસ પહેલાં કોંગ્રેસના નેતાઓએ મીડિયામાં નિવેદન આપીને આમ આદમી પાર્ટીના નેતાઓને આંદોલનથી દૂર રહેવા જણાવ્યું હતું. આમ આદમી પાર્ટી માટે આંદોલનમાં હાજરી આપવી કે નહીં, તે મહત્વનું નહોતું, પરંતુ ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ આવે અને તેમને ન્યાય મળે તે વધુ મહત્વનું હતું. તેથી પરસ્પર સમજદારી દાખવીને આમ આદમી પાર્ટીએ 15 જૂનની રેલીથી દૂર રહેવાનો નિર્ણય કર્યો હતો. કોંગ્રેસે પોતાના રાજકીય હિતોને ધ્યાનમાં રાખીને રેલીના મૂળ હેતુથી ભટકાવવાનો પ્રયાસ કર્યો. ખેડૂતો મોટી આશાઓ અને અપેક્ષાઓ સાથે, પોતાના ખર્ચે અને મુશ્કેલીઓ વેઠીને આંદોલનમાં જોડાયા હતા, પરંતુ તેઓ કોઈ રાજકીય સભામાં હાજરી આપવા માટે આવ્યા નહોતા. ખેડૂતોને ન્યાય અપાવવાના બદલે રાજકીય ભાષણબાજી પર ભાર મૂકાતા અનેક ખેડૂતો નિરાશ થયા હોવાનું તેમણે જણાવ્યું હતુ. યોગેશ જાદવાણીએ કહ્યું કે, ખેડૂતો આશા લઈને ગાંધીનગર તરફ આવ્યા હતા, પરંતુ અંતે નિરાશા સાથે પરત ફરવાની સ્થિતિ સર્જાઈ, જે દુઃખદ બાબત છે. જોકે, તેમણે તમામ ખેડૂત ભાઈઓ-બહેનો, મહિલાઓ અને યુવાનોને વિશ્વાસ અપાવ્યો કે આમ આદમી પાર્ટી હંમેશા ખેડૂતોની સાથે ઉભી છે અને કોઈએ પણ નિરાશ થવાની જરૂર નથી. તેમણે જણાવ્યું કે ખેડૂતોનો આંદોલન માત્ર ખેડૂતોનો નહીં, પરંતુ સમગ્ર સમાજના હિતનો પ્રશ્ન છે. આ લડતને કોઈ તોડી શકે નહીં, વેચી શકે નહીં કે કમજોર બનાવી શકે નહીં. આમ આદમી પાર્ટી ખેડૂતોના પ્રશ્નોના નિરાકરણ અને પરિણામ સુધી તેમની સાથે અડીખમ ઉભી રહેશે. જ્યાં પણ ખેડૂતોને જરૂર પડશે, ત્યાં આમ આદમી પાર્ટીના નેતાઓ, આગેવાનો અને કાર્યકર્તાઓ ખેડૂતોના દીકરા તરીકે તેમની સાથે ખભેખભા મિલાવીને ઉભા રહેશે.

યોગેશ જાદવાણીએ વધુમાં જણાવ્યું હતુ કે ખેડૂતોની વેદના અમે સારી રીતે સમજીએ છીએ, કારણ કે અમે પણ ખેડૂતોના પરિવારોમાંથી આવીએ છીએ. તેથી આ મુદ્દે પક્ષપાતથી દૂર રહીને હું તમામ ખેડૂત ભાઈઓ-બહેનોને વિશ્વાસ અપાવવા આવ્યો છું કે આમ આદમી પાર્ટી ખેડૂતોના દીકરા તરીકે હંમેશા તમારી સાથે ઉભી રહેશે. જ્યાં પણ ખેડૂતોને જરૂર પડશે, ત્યાં અમારી પાર્ટી તરફથી તમામ પ્રકારનો સાથ અને સહયોગ આપવામાં આવશે. તેમણે કોંગ્રેસના નેતાઓને સંબોધીને કહ્યું કે ખેડૂતોના ખભા પર રાજકારણની બંદૂક મૂકીને રાજનીતિ કરવાનું બંધ કરવું જોઈએ. જો રાજકીય કાર્યક્રમો કરવા હોય તો તે કોંગ્રેસના પોતાના બેનર હેઠળ કરવા જોઈએ.

## બાંકડામાં બેસી ખુલ્લે આમ દારૂનું વેચાણ થતું

### મેમ્કોમાં પાનના ગલ્લામાંથી 831 દારૂ-બિયરની બોટલો PCBએ પકડી, દારૂ આપવા ફોર્ચ્યુનર કારનો ઉપયોગ...

અમદાવાદ | અમદાવાદમાં પોલીસના ડર વિના જાહેરમાં દારૂનું વેચાણ કરતા બુટલેગરો સામે પોલીસ કમિશનરની પીસીબી (PCB) સ્ક્વોડે મોટી કાર્યવાહી કરી છે. શહેરકોટડા પોલીસ મથકની હદમાં આવેલા મેમ્કો વિસ્તારમાં પાનના ગલ્લાની બહાર બાંકડા પર બેસીને ખુલ્લેઆમ વિદેશી દારૂ વેચતા એક શખ્સને પીસીબીની ટીમે રંગેહાથ ઝડપી પાડ્યો છે. પોલીસે પાનના ગલ્લા અને બાંકડા નીચેથી કુલ 831 નંગ નાની-મોટી વિદેશી દારૂ તથા બિયરની બોટલોનો મોટો જથ્થો કબજે કર્યો છે. આ દારૂ લક્ઝુરિયસ ફોર્ચ્યુનર કારમાં સપ્લાય કરવામાં આવતો હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે.
બનાવની વિગત એવી છે કે, મેમ્કો શિવશક્તિનગર પાસે ખોડીયાર માતાજીના મંદિરની પાછળ આવેલા એક પાનના ગલ્લામાં મોટો વિદેશી દારૂનો જથ્થો છુપાવાયો છે અને એક વ્યક્તિ બહાર બાંકડા પર બેસીને તેનું વેચાણ કરે છે, તેવી પાકી બાતમી પીસીબી સ્ક્વોડના પીઆઇ જે.પી. જાડેજાને મળી હતી. બાતમીના આધારે પોલીસની ટીમે સ્થળ પર અચાનક દરોડો પાડ્યો હતો. પોલીસે બાંકડા પર બેઠેલા શખ્સને કોર્ડન કરીને તેનું નામ પૂછતાં તેણે પોતાનું નામ રમેશસિંઘ ઉર્ફે રમેશ રાજપૂત (રહે. મેઘાણીનગર) હોવાનું જણાવ્યું હતું. પોલીસે બાંકડાની નીચે તપાસ કરતાં પ્લાસ્ટિકનું એક કેરેટ મળી આવ્યું હતું, જેમાં વેચાણ માટે રાખેલી દારૂની બોટલો છુપાવેલી હતી.
પોલીસે પકડાયેલા આરોપીને સાથે રાખીને પાછળ આવેલા પાનના ગલ્લાની સઘન તલાશી લીધી હતી. ગલ્લાની અંદર છુપાવીને રાખેલા પૂંઠાના મોટા બોક્સ મળી આવ્યા હતા. આ બોક્સ ખોલીને ગણતરી કરતાં અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂ અને બિયરની કુલ 831 બોટલો મળી આવી હતી, જેની કિંમત આશરે રૂ. 3.44 લાખ જેટલી થાય છે. પોલીસે તમામ મુદ્દામાલ જપ્ત કરીને રમેશસિંઘની ધરપકડ કરી લીધી છે.
પોલીસની પ્રાથમિક પૂછપરછમાં આરોપીએ કબૂલાત કરી હતી કે, આ દારૂનો મોટો જથ્થો પુરુષોત્તમ મારવાડી નામનો બુટલેગર સફેદ રંગની ફોર્ચ્યુનર કારમાં લઈને આવ્યો હતો અને તેને સપ્લાય કરી ગયો હતો. આ દરોડા બાદ પીસીબી અને સ્થાનિક પોલીસે ફોર્ચ્યુનર કારના નંબરના આધારે મુખ્ય સૂત્રધાર પુરુષોત્તમ મારવાડીને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# News Brief

## ગુજરાત પોલીસનું 'ઓપરેશન ચાઇલ્ડહુડ ફ્રીડમ' 14 દિવસમાં 84 બાળમજૂરોને મુક્ત કરાવ્યાં

અમદાવાદ : રાજ્યમાં બાળમજૂરીના કલંકને ભૂંસવા અને માસૂમ બાળકોના થતા શોષણને અટકાવવા માટે ગુજરાત પોલીસે રાજ્યવ્યાપી કડક ડ્રાઈવ 'ઓપરેશન ચાઈલ્ડહુડ ફ્રીડમ' શરૂ કર્યું છે. આ વિશેષ અભિયાનના પ્રથમ 14 દિવસમાં જ પોલીસે વિવિધ ઔદ્યોગિક એકમો, હોટેલો અને કારખાનાઓમાં સપાટો બોલાવીને 84 જેટલા બાળમજૂરોને નરકાગારમાંથી મુક્ત કરાવ્યા છે. આ ગુનામાં સંડોવાયેલા માલિકો સામે 16 જેટલા ગુના નોંધી 26 આરોપી વિરૂદ્ધ કાયદેસરના પગલાં ભરવામાં આવ્યા છે.
બનાવની વિગત એવી છે કે, ગુજરાત પોલીસ દ્વારા આ મિશન 'દરેક બાળક શાળામાં હોય, કોઈપણ બાળક કામ પર નહીં' ના મુખ્ય સૂત્ર અને ઉમદા હેતુ સાથે ચલાવવામાં આવી રહ્યું છે. રાજ્ય પોલીસ વડા (DGP) જી.એસ. મલિકે જણાવ્યું કે, આ અભિયાન માત્ર દરોડા પાડવા પૂરતું મર્યાદિત નથી. આ ઓપરેશન હેઠળ મુક્ત કરાયેલા માસૂમ બાળકોના યોગ્ય પુનર્વસન અને તેમને ફરીથી શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. પોલીસે અત્યાર સુધીમાં 67 બાળકોનું સફળતાપૂર્વક પુનર્વસન કરાવ્યું છે, જ્યારે સમાજમાં જાગૃતિ લાવવા માટે રાજ્યભરમાં 160 જેટલા કાર્યક્રમો પણ યોજ્યા છે.
આ દરોડા દરમિયાન સુરતના કામરેજ વિસ્તારમાં આવેલી એક ટેક્સટાઈલ યુનિટમાંથી ચોંકાવનારી હકીકત સામે આવી હતી. ત્યાંથી મુક્ત કરાયેલા 2 માસૂમ બાળકો પાસેથી રોજ સવારે 8 વાગ્યાથી છેક સાંજે 7 વાગ્યા સુધી સતત 11 કલાક કાળી મજૂરી કરાવવામાં આવતી હતી અને તેના બદલામાં તેમને દૈનિક માત્ર રૂ. 200 જેટલું નજીવું વેતન અપાતું હતું. એટલું જ નહીં, જો બાળકો થાકને કારણે કામ કરવાની ના પાડે તો તેમની સાથે બળજબરી કરવામાં આવતી હતી.

## વડોદરાના મૃતદેહ સાચવવાના વિવાદિત પરિપત્ર પર આરોગ્ય મંત્રીનો યુ-ટર્ન

વડોદરા | વડોદરામાં મૃતદેહ સાચવવા અંગે બહાર પડેલા વિવાદિત પરિપત્રને લઈને આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે, મૃત્યુ પામનાર વ્યક્તિના દેહનું સંપૂર્ણ સન્માન થવું જોઈએ. તેમણે કહ્યું કે આ મામલે દરેકે પોતાની જવાબદારી સ્વીકારવી પડશે અને સંબંધિત પરિપત્ર દૂર કરવા માટે તાત્કાલિક સૂચના આપવામાં આવશે. આરોગ્ય મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, આવી બાબતોમાં જવાબદારી હોસ્પિટલ અને વડાની જ હોય છે અને થયેલી ક્ષતિને સુધારવા માટે યોગ્ય પગલાં લેવાશે.

પ્રિસ્ક્રિપ્શન વગર દવા વેચાણ મુદ્દે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાએ જણાવ્યું કે, ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન વિના દવા લેવી કે વેચવી યોગ્ય નથી. તેમણે યાદ અપાવ્યું કે, સિરપ કાંડ બાદ વિભાગે સ્પષ્ટ સૂચના આપી હતી કે પ્રિસ્ક્રિપ્શન વગર દવા ન આપવામાં આવે. કેટલાક લોકો નશા માટે દવાઓનો દુરુપયોગ કરતા હોવાની ચિંતા વ્યક્ત કરતાં તેમણે જણાવ્યું કે આરોગ્ય વિભાગે અત્યાર સુધીમાં 6 લોકો સામે કાર્યવાહી કરીને દંડ ફટકાર્યો છે. સાથે જ તેમણે લોકોને ઓનલાઈન દવા ખરીદવાથી દૂર રહેવા અને માત્ર રજિસ્ટર્ડ ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન આધારે જ દવા લેવા અપીલ કરી હતી. રાજ્યમાં આજથી બાળ રસીકરણ અભિયાનનો પ્રારંભ થયો છે. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાએ જણાવ્યું કે રાજ્યભરમાં અંદાજે 36 લાખ બાળકોને વિવિધ રોગો સામે રક્ષણ આપતી રસી આપવામાં આવશે.

## ગાંધીનગરના નિવૃત્ત સરકારી અધિકારીના પરિવાર સાથે 25 લાખની છેતરપિંડી

ગાંધીનગર | ગાંધીનગરમાં શેર બજારના નામે છેતરપિંડીનો વધુ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જેમાં ઊંચા વળતરની લાલચ આપીને એક નિવૃત્ત સરકારી અધિકારીના પરિવારને 25 લાખનો ચૂનો ચોપડવામાં આવ્યો છે. સચિવાલયના નિવૃત્ત સેક્શન ઓફિસરની જીવનભરની મૂડી સેરવી લીધા બાદ કોરોના કાળમાં તેમનું અવસાન થવા છતાં આરોપીએ માનવતા નેવે મૂકી પૈસા પરત કર્યા નહોતા. આખરે આ મામલે એલસીબીની તપાસના અંતે સેક્ટર-7 પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે.

ગાંધીનગરના સેક્ટર-4/બી માં રહેતા 51 વર્ષીય છાયાબેન ખરાડીના પતિ ભીખાભાઈ કોયભાઈ ખરાડી ગાંધીનગર સચિવાલયમાં સેક્શન ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા. વર્ષ 2012-2013 દરમિયાન કુડાસણ સ્વાગત રેઈન ફોરેસ્ટ -2 ખાતેની હર્બલ લાઈફ પ્રોડક્ટની ફ્રેન્ચાઈઝી મારફતે આ પરિવારનો સંપર્ક વડોદરાના પાદરાના વતની કુણાલ નરેન્દ્રભાઈ પટેલ સાથે થયો હતો.

કુણાલ પટેલે પોતે શેર માર્કેટનો મોટો બ્રોકર હોવાની ઓળખ આપી ભીખાભાઈને વિશ્વાસમાં લીધા હતા અને શેર બજારમાં રોકાણ કરવાથી ટૂંક સમયમાં મોટો નફો મળશે તેવી ગુલબાંગો ફેંકી હતી. સચિવાલયમાંથી નિવૃત્ત થતાં તેમને ફંડ અને ગ્રેચ્યુઈટી પેટે મોટી રકમ મળી હતી. ભીખાભાઈ નિવૃત્ત થયા હોવાની જાણ થતાં જ લાલચુ કુણાલ પટેલે અવારનવાર તેમના ઘરે આંટાફેરા શરૂ કર્યા હતા અને નાણાં રોકવા માટે દબાણ કર્યું હતું. જેની મીઠી મીઠી વાતોમાં આવી જઈને નિવૃત્ત અધિકારી અને તેમના પત્નીએ વર્ષ 2017 દરમિયાન જુદી જુદી બેંકોના ચેકો મારફતે કુલ 25 લાખની રકમ કુણાલને સોંપી દીધી હતી.

## ચાલ મારા ઘરે કહી પરિણીતાની છેડતી બુમાબુમ કરતા લોકો દોડી આવ્યા...

અમદાવાદ | અમદાવાદ શહેરના નરોડા વિસ્તારમાં રહેતી પરિણીતાને પાડોશી યુવકે ચાલ મારા ઘરે કહીને મોઢું દબાવીને બળજબરીથી ઘરમાં લઈ જવાનો પ્રયાસ કર્યો હતો. પરિણીતાએ બુમાબુમ કરતા તેના ભાઈ અને ફ્લેટના લોકો દોડી આવ્યા હતા. છેડતી બાબતે પરિણીતાના ભાઈએ યુવકને ઠપકો આપતાં બોલાચાલી કરી ગાળાગાળી પણ કરી હતી. પરિણીતાએ યુવક વિરુદ્ધ નરોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવાની તજવીજ હાથ ધરી છે.
શહેરના નરોડા વિસ્તારમાં 20 વર્ષીય પરિણીતા તેના પરિવાર સાથે રહે છે. નરોડામાં જ પિયર આવેલું છે. બે દિવસ પહેલા પરિણીતા તેના પુત્ર સાથે પિયરમાં રહેવા માટે ગઈ હતી. સવારના સમયે પરિણીતા સાસરીમાં જવા માટે નીકળી હતી. ફ્લેટની સીડીમાંથી ઉતર્યા ત્યારે ફ્લેટમાં રહેતો રાજેન્દ્ર ઉર્ફે વકીલ બાણાવણી નામનો યુવક નોકરી જતો હતો ત્યારે અચાનક જ તેણે પરિણીતાનો હાથ પકડી લીધો હતો અને ચાલ મારા ઘરે તેમ કહીને મોઢું દબાવીને છાતી પર હાથ નાખી દીધો હતો.
ઘરે લઈ જવા માટે બળજબરીથી ખેંચતો હોવાથી પરિણીતાએ બુમાબૂબ કરી હતી. જેથી બુમાબુમ કરતા તેના ભાઈ અને ફ્લેટમાં રહેતા લોકો દોડી આવ્યા હતા. આ બાબતે પરિણીતાના ભાઈએ ઠપકો આપતા એકદમ ઉશ્કેરાઈ બોલાચાલી અને ઝઘડો કરવા લાગ્યો હતો. ઝઘડા બાદ રાજેન્દ્ર ત્યાંથી જતો રહ્યો હતો. સમગ્ર મામલે પરિણીતાએ નરોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે રાજેન્દ્ર વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરવાની તજવીજ હાથ ધરી છે.

## પાલભાઈ અને લાલજીભાઈએ મંજૂરી મળી નથી તેની ખેડૂતોને જાણ કેમ ન કરી?: પિયુષ પરમાર AAP

અમદાવાદ/ગુજરાત આમ આદમી પાર્ટીના નેતા પિયૂષ પરમારે વિડિયો દ્વારા જણાવ્યું હતું કે,15 જૂને હજારોની સંખ્યામાં ખેડૂતો પોતાની માંગણીઓ લઈને ગાંધીનગર તરફ કૂચ કરવા નીકળ્યા હતા. પરંતુ ખેડૂતો ગાંધીનગર સુધી કેમ પહોંચી શક્યા નહીં, તે એક મોટો સવાલ છે. ખેડૂતોને આ સમગ્ર ઘટનાક્રમ અંગે સાચી માહિતી આપવામાં આવી હતી કે નહીં, તે અંગે પણ સ્પષ્ટતા થવી જરૂરી છે. પિયૂષ પરમારે જણાવ્યું કે આંદોલનના નેતા લાલજીભાઈ દેસાઈએ 14 જૂને પોતાના ફેસબુક હેન્ડલ પર પોસ્ટ અને લાઈવ વિડિયો દ્વારા એવો દાવો કર્યો હતો કે જરૂરી મંજૂરી મળી ગઈ છે અને ખેડૂતો ગાંધીનગર સુધી પહોંચશે. જો ખરેખર ગાંધીનગર સુધી જવાની મંજૂરી મળી ગઈ હતી, તો પછી ખેડૂતો ગાંધીનગર સુધી કેમ પહોંચી શક્યા નહીં, તે પ્રશ્નનો જવાબ આંદોલનના નેતાઓએ આપવો જોઈએ. તેમણે વધુમાં કહ્યું કે જો સરકાર તરફથી ગાંધીનગર સુધી કૂચ કરવાની મંજૂરી નહોતી, તો લાલજીભાઈ દેસાઈ અને પાલભાઈએ ખેડૂતોને અગાઉથી આ હકીકતથી વાકેફ કેમ ન કર્યા? ખેડૂતોને વાસ્તવિક પરિસ્થિતિની જાણ કરવામાં આવી હોત તો તેઓ પોતાની આગળની રણનીતિ અંગે યોગ્ય નિર્ણય લઈ શકતા. આ સમગ્ર ઘટનામાં નિર્દોષ ખેડૂતો સાથે અન્યાય થયો હોવાનું દેખાઈ રહ્યું છે.
આપ નેતા પિયૂષ પરમારે વધુમાં જણાવ્યું હતુ કે હવે કેટલાક નેતાઓ એવું કહી રહ્યા છે કે ગાંધીનગર માત્ર આવેદનપત્ર અથવા અલ્ટીમેટમ આપવા જવાનું હતું. જો માત્ર આવેદનપત્ર આપવાનો જ હેતુ હતો, તો હજારો ખેડૂતોને ટ્રેક્ટરો અને વાહનો સાથે આટલી મોટી સંખ્યામાં એકત્ર કરવાની જરૂર શું હતી? ખેડૂતો તો પોતાની માંગણીઓના નિરાકરણ માટે અને જરૂર પડે તો લાંબી લડત લડવાની તૈયારી સાથે આવ્યા હતા. ખેડૂતોને ગાંધીનગર સુધી પહોંચવાની મંજૂરી હોવાનો વિશ્વાસ અપાયો, જ્યારે વાસ્તવિક સ્થિતિ અલગ હતી. તેથી ખેડૂતોને યોગ્ય અને સંપૂર્ણ માહિતી આપવામાં આવી નહોતી અને તેમને ગેરમાર્ગે દોરવામાં આવ્યા હોવાની શંકા વધુ મજબૂત બને છે. ખેડૂતોના હિત સાથે જોડાયેલા આવા મહત્વના મુદ્દાઓમાં પારદર્શિતા અને સત્યતા જાળવવી જરૂરી હોવાનું તેમણે જણાવ્યું. જો આંદોલનના નેતાઓને ગાંધીનગર સુધીની મંજૂરી અંગે સંપૂર્ણ જાણકારી નહોતી, તો ખેડૂતોને કેમ રોકવામાં આવ્યા?

## પંચમહાલ: ઘોઘંબાના ગુણેસિયા ગામમાંથી ગાંજાની ખેતી ઝડપાઈ

પંચમહાલ જિલ્લામાં નશાના કારોબાર સામે પોલીસે લાલ આંખ કરી છે. પંચમહાલ-ગોધરા એસ.ઓ.જી. પોલીસને એક મોટી સફળતા મળી છે, જેમાં ઘોઘંબા તાલુકાના ગુણેસિયા ગામેથી ગેરકાયદે રીતે કરવામાં આવતી ગાંજાની ખેતી ઝડપી પાડવામાં આવી છે.
મળતી માહિતી અનુસાર, પંચમહાલ-ગોધરા એસ.ઓ.જી. ની ટીમને ઘોઘંબાના ગુણેસિયા ગામમાં ગાંજાનું વાવેતર થયું હોવાની બાતમી મળી હતી. તેના આધારે પોલીસે ગુણેસિયા ગામે દરોડો પાડ્યો હતો. સર્ચ ઓપરેશન દરમિયાન ગામમાં એક વ્યક્તિના કબજાની જમીનમાંથી ગેરકાયદે વાવેતર કરાયેલા લીલા ગાંજાના 16 છોડ મળી આવ્યા હતા. કબજે કરાયેલા ગાંજાના છોડનું કુલ વજન 9.050 કિલોગ્રામ જેટલું થાય છે. આ આંતરરાષ્ટ્રીય બજાર કિંમત મુજબ જપ્ત કરાયેલા મુદ્દામાલની અંદાજિત કિંમત 4.52 લાખ રૂપિયા જેટલી આંકવામાં આવી છે. આ ગેરકાયદે નશાના કારોબાર મામલે એસ.ઓ.જી. પોલીસે સ્થળ પરથી જ ખેતી કરનાર મુખ્ય આરોપી મંગા નાયકની ધરપકડ કરી લીધી છે.

## જેતપરની ઘટના અંગે તાત્કાલિક કાર્યવાહી નહીં થાય તો 'આપ' મહિલા મોરચો કરશે આંદોલન : પાયલ સાકરીયા AAP

### જેતપર લાઠીચાર્જ મામલે આમ આદમી પાર્ટીની મહિલા આયોગ સમક્ષ રજૂઆત, દોષિતો સામે તાત્કાલિક કાર્યવાહીની માંગ

અમદાવાદ/ગાંધીનગર/ગુજરાત |આમ આદમી પાર્ટીના મહિલા મોરચાના પ્રદેશ પ્રમુખ પાયલ સાકરિયાએ અતિ સંવેદનશીલ મુદ્દે ગુજરાત રાજ્ય મહિલા આયોગ સમક્ષ રજૂઆત કરી આવેદનપત્ર આપ્યું હતું. આ પ્રસંગે પ્રદેશ મહિલા પ્રમુખ પાયલ સાકરીયા, ઉપાધ્યક્ષ રચના હીરપરા, નેહા કેવલરામાણી, મહિલા અગ્રણી કુંદન કોઠિયા, રીનાબેન સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા. આ તકે 'આપ' મહિલા નેતા પાયલ સાકરિયાએ જણાવ્યું હતું કે આજે ગાંધીનગર અને અમદાવાદના મહિલા મોરચાના ઉપપ્રમુખો સાથે તેઓ મહિલા આયોગ ખાતે રજૂઆત કરવા આવ્યા હતા. જેતપર ગામે ખેડૂત મહિલાઓ પર થયેલા લાઠીચાર્જ, શારીરિક હિંસા અને દુર્વ્યવહાર જેવી દુઃખદ ઘટના બાદ પણ મહિલા આયોગ મૌન છે, જે અત્યંત ચિંતાજનક બાબત છે. ગુજરાતની મહિલાઓ આજે અસુરક્ષિત અનુભવી રહી છે. વિધાનસભામાં રજૂ થતા આંકડાઓ પણ દર્શાવે છે કે દિવસેને દિવસે છેડતી, અત્યાચાર, ઘરેલુ હિંસા અને મહિલાઓ સામેના અન્ય ગુનાઓમાં વધારો થઈ રહ્યો છે. મહિલાઓ આજે ઘરમાં, બહાર તેમજ કાર્યસ્થળે પણ સંપૂર્ણ સુરક્ષા અનુભવતી નથી. આવી અસલામતીની સ્થિતિ વચ્ચે જ્યારે મહિલા ખેડૂતો પોતાના હક્ક અને ખેતરો બચાવવા ગાંધીજીના માર્ગે શાંતિપૂર્ણ આંદોલન કરે છે, ત્યારે તેમના પર લાઠીચાર્જ અને હિંસા કરવામાં આવે છે. આ ઘટનાથી સમગ્ર ગુજરાતની મહિલાઓ દુઃખી છે અને પ્રશ્ન ઉઠી રહ્યો છે કે તંત્ર મહિલાઓને કયો સંદેશ આપવા માંગે છે?'આપ' નેતા પાયલ સાકરીયાએ વધુમાં જણાવ્યું હતું કે આ મુદ્દે મહિલા આયોગના અધ્યક્ષને આવેદન આપવા તેઓ આવ્યા હતા, પરંતુ દુઃખની વાત એ છે કે વર્ષ 2022 થી લઈને 2026 સુધી ભાજપ સરકાર મહિલા આયોગમાં એક સશક્ત અધ્યક્ષની નિમણૂક પણ કરી શકી નથી. ભાજપના નેતાઓ મહિલાઓની સુરક્ષા અને સશક્તિકરણની માત્ર વાતો કરે છે, પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ છે. આજે તેઓ મહિલા આયોગના સચિવને આવેદન આપવા માંગતા હતા, પરંતુ ઓફિસ સમય દરમિયાન તેઓ પણ હાજર નહોતા. જેના કારણે ઉપસચિવને આવેદનપત્ર સોંપવામાં આવ્યું છે. આ રજૂઆતમાં જેતપરની ઘટનામાં જવાબદાર લોકો સામે તાત્કાલિક પગલાં લેવા અને યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. પાયલ સાકરિયાએ ચેતવણી આપી હતી કે જો મહિલા આયોગ આ મામલે કોઈ અસરકારક કાર્યવાહી નહીં કરે, તો હાલ ગાંધીનગર અને અમદાવાદના મહિલા મોરચાના હોદ્દેદારો સાથે કરવામાં આવેલી આ રજૂઆતને આગળ વધારી આમ આદમી પાર્ટી સમગ્ર ગુજરાત મહિલા મોરચો આ મુદ્દે જવાબદારી અને ન્યાયની માંગ સાથે આંદોલન કરશે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## યુવાનો પાસેથી 50 હજારની માંગણી, ગાંધીગ્રામ-૨ પોલીસની મોટી કાર્યવાહી

# રાજકોટમાં પોલીસ બનીને તોડ કરનાર બે શખ્સો ઝડપાયા

(એજન્સી) રાજકોટ । તા. 16

રાજકોટના રૈયાધાર વિસ્તારમાં પોલીસ તરીકેની ખોટી ઓળખ આપીને નિર્દોષ યુવાનો પાસેથી લાખોની તોડબાજી કરવાનો પ્રયાસ કરનાર બે નકલી પોલીસમેન આખરે ગાંધીગ્રામ-૨ પોલીસના સકંજામાં આવી ગયા છે. આરોપીઓએ પોલીસ જેવો હેરકટ અને પોલીસ લોગોવાળું જેકેટ પહેરીને યુવાનોને ડરાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ યુવાનોની સતર્કતાને કારણે તેમનો ભાંડો ફૂટી ગયો હતો.

મવડી પ્લોટ વિસ્તારમાં રહેતા અને મજૂરી કામ કરતા કિરીટ પીઠડીયા ગત ૧૨મી જૂનની સાંજે પોતાના ત્રણ મિત્રો સાથે રૈયાધાર વિસ્તારમાં આવેલા ક્રિકેટ ગ્રાઉન્ડમાં બેઠા હતા. આ સમયે બેટરીવાળા સ્કૂટર પર બે અજાણ્યા શખ્સો ત્યાં આવી પહોંચ્યા હતા. તેમાંથી એક શખ્સે પોલીસના લોગોવાળું જેકેટ પહેર્યું હતું અને વાળ પણ પોલીસ અધિકારી જેવા કપાવેલા હતા. બંને આરોપીઓએ યુવાનોને ધમકાવતા કહ્યું કે, “તમે અહીં ખુલ્લામાં શું કરો છો?”





### ૫૦ હજારનો તોડ કરવાનો પ્રયાસ

આરોપીઓએ પોતાને માલવીયાનગર પોલીસ સ્ટેશનના હોવાની ઓળખ આપી હતી. તેમણે યુવાનોને ડરાવતા કહ્યું કે, જો તેઓ ૫૦,૦૦૦ રૂપિયા નહીં આપે, તો તેમના બાઈક ડિટેઈન કરીને તેમને પોલીસ મથકે લઈ જવામાં આવશે. ગભરાયેલા યુવાનોએ પોતાના મિત્રોને સ્થળ પર બોલાવ્યા હતા. જોકે, મિત્ર નરેશ પાંચાલને આ બંને શખ્સોની વર્તણૂક પર શંકા જતા તેણે પોલીસ તરીકેના પુરાવા (આઈડી કાર્ડ) માંગ્યા હતા. યુનિવર્સિટી વિસ્તારની હદમાં માલવીયાનગર પોલીસનું શું કામ? તેવો પ્રશ્ન પૂછતા જ આરોપીઓના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી અને બંને ત્યાંથી ફરાર થઈ ગયા હતા.

### પોલીસની તપાસમાં મોટો ખુલાસો

કિરીટ પીઠડીયાએ આ અંગે ગાંધીગ્રામ-૨ પોલીસ સ્ટેશનમાં નામજોગ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે તપાસ કરીને પરમરાજ દીલિપભાઈ માજરીયા (ઉ.વ.૨૨) અને આર્યન ધીરજલાલ ફળદુ (ઉ.વ.૨૧) નામના બે આરોપીઓની ધરપકડ કરી છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આ બંને યુવાનો પોલીસ જેવો જ દેખાવ કરીને સામાન્ય નાગરિકોને ડરાવીને તોડપાણી કરતા હતા. ગાંધીગ્રામ-૨ પોલીસ હવે તે દિશામાં તપાસ કરી રહી છે કે આ આરોપીઓએ અગાઉ અન્ય કોઈ વિસ્તારોમાં પણ આ રીતે પોલીસ બનીને લોકો સાથે છેતરપિંડી કે તોડબાજી કરી છે કે કેમ. શહેરના અન્ય વિસ્તારોમાં પણ આ ટોળકી સક્રિય છે કે કેમ તે અંગે પણ પોલીસે સઘન તપાસ શરૂ કરી છે.

આ ઘટનાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે અજાણ્યા વ્યક્તિઓ જ્યારે પોલીસની ઓળખ આપીને પૈસાની માંગણી કરે, ત્યારે નાગરિકોએ સતર્ક રહીને તેમની ઓળખ અને આઈડી કાર્ડની માંગણી કરવી જોઈએ. પોલીસની આ ત્વરિત કાર્યવાહીને કારણે વિસ્તારના રહીશોએ રાહતનો શ્વાસ લીધો છે.

## હજીરાના ઉદ્યોગોને હવે સીધું સેકેન્ડરી ટ્રીટેડ પાણી, સેકેન્ડરી ટ્રીટેડ પાણી પહોંચાડવા કવાયત



સુરત | સુરત મહાનગરપાલિકાએ હજીરાના ઔદ્યોગિક એકમો માટેની મહત્વકાંક્ષી ટર્સરી ટ્રીટેડ પાણીની યોજનામાં મોટો ફેરફાર કર્યો છે. અધિકારીઓની વિવાદાસ્પદ ભૂમિકા અને વહીવટી વિવાદોને પગલે, પાલિકાએ ટર્સરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ સ્થાપવાનો વિચાર પડતો મૂકીને હવે ઉદ્યોગોને સીધું ‘સેકેન્ડરી ટ્રીટેડ’ વેસ્ટ વોટર પૂરું પાડવાની નવી યોજના પર કામ શરૂ કર્યું છે. અસારમા ખાતે દરરોજ અંદાજે ૪૦૦ એમએલડી (MLD) સેકેન્ડરી ટ્રીટેડ વેસ્ટ વોટર એકત્રિત થાય છે. અગાઉ આ પાણીને વધુ શુદ્ધ કરીને ટર્સરી ટ્રીટેડ તરીકે ઉદ્યોગોને આપવાનું આયોજન હતું, જેનો હેતુ ઉદ્યોગો માટે વૈકલ્પિક જળસ્ત્રોત ઊભો કરવાનો હતો. જોકે, પાલિકા તંત્રએ હવે આ દિશા બદલી નાખી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, હજીરા એરિયા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન પાસેથી પાલિકાએ હવે ઉદ્યોગોને ખરેખર કેટલા એમએલડી સેકેન્ડરી ટ્રીટેડ પાણીની જરૂર છે, તેની વિગતવાર માહિતી માંગી છે. એક સમયે પાલિકાના સૌથી મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ તરીકે ઓળખાતી આ યોજના વિવાદોના વંટોળમાં ફસાઈ ગઈ હતી.

## પારડીમાં પરિણીતા પર હુમલો, સારવાર દરમિયાન મોત, આરોપી પિતા-પુત્ર હજુ પણ ફરાર

(એજન્સી) રાજકોટ । તા. 16

પારડી વિસ્તારમાં ચાર દિવસ પહેલા છરીના દસેક ઘા ઝીંકીને ગંભીર રીતે ઘાયલ કરવામાં આવેલી રાજકોટની ૩૭ વર્ષીય પરિણીતા જુબેદા અયુબ ગુડદીનું સારવાર દરમિયાન સિવિલ હોસ્પિટલમાં મોત નિપજ્યું છે. આ બનાવ હવે હત્યાના કેસમાં પલટાયો છે. આરોપીઓએ પ્રેમસંબંધ તોડી નાખવાની અદાવતમાં આ કૃત્ય આચર્યું હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

મૃતક જુબેદા મૂળ રાજકોટના કોઠારીયા સોલવન્ટ પાસેના રસુલપરામાં રહેતી હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, અગાઉ તે પારડીમાં રહેતી હતી ત્યારે પાડોશમાં રહેતા પ્રવિણ પરમાર સાથે તેના સંબંધો બંધાયા હતા. જોકે, ત્યારબાદ તેણે પ્રવિણ સાથેના સંબંધો તોડી નાખ્યા હતા અને પોતાના પતિ અયુબ સાથે રહેવા જતી રહી હતી. આઠ દિવસ પહેલા જ તે પારડી છોડીને રાજકોટ આવી ગઈ હતી. આ બાબતે પ્રવિણ પરમાર કાળજાળ થયો હતો અને “જો તે મારી નથી થઈ, તો બીજા કોઈની પણ નહીં થાય” તેવી માનસિકતા સાથે હુમલો કર્યો હતો.

ચાર દિવસ પહેલા પારડીમાં પ્રવિણ પરમાર અને તેના પુત્રે મળીને જુબેદા પર છરી વડે આડેધડ હુમલો કર્યો હતો. છરીના દસેક ઘા ઝીંકીને તેણીના આંતરડા કાઢી નાખવામાં આવ્યા હતા. ગંભીર હાલતમાં તેણીને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, પરંતુ અંતે તે જિંદગીની જંગ હારી ગઈ હતી. શાપર પોલીસે મૃતકની પુત્રી ખુશી તિવારીની ફરિયાદના આધારે અગાઉ ખૂનની કોશિશનો ગુનો નોંધ્યો હતો, પરંતુ હવે મોત થતા હત્યાની કલમોનો ઉમેરો કરવામાં આવ્યો છે.

આ સમગ્ર ઘટના બાદ આરોપી પ્રવિણ પરમાર અને તેનો પુત્ર ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા છે. શાપર પોલીસની ટીમો બંને પિતા-પુત્રની શોધખોળ કરી રહી છે. પરિણીતાના મોતને પગલે પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પોલીસનું કહેવું છે કે આરોપીઓ ગમે તેટલા છુપાય, પરંતુ જલ્દીથી તેમને પકડી લેવામાં આવશે.



## વિશ્વામિત્રીમાં વધુ એક મગરનું માઈનોર સર્જરી બાદ સ્વસ્થ થયેલા મોત

(એજન્સી) વડોદરા । તા. 16

વિશ્વામિત્રી નદીમાં ફરી એકવાર મગરના મોતનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. શહેરની સયાજી હોસ્પિટલ પાસેની ફાસ્ટ ટ્રેક કોર્ટ નજીકથી આઠ ફૂટના મગરનો મૃતદેહ મળી આવતા તંત્ર દોડતું થઈ ગયું છે. ઉલ્લેખનીય છે કે, મૃત મગરની થોડા દિવસો પહેલા જ માઈનોર સર્જરી કરવામાં આવી હતી અને તેને સ્વસ્થ જાહેર કરીને નદીમાં મુક્ત કરવામાં આવ્યો હતો.

જિલ્લા પંચાયતના પશુપાલન વિભાગના ડો. વિમલ પટેલે આપેલી માહિતી મુજબ, મગરના પોસ્ટમોર્ટમ દરમિયાન તેના આંતરિક અંગો જેવા કે કિડની અને અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ જોવા મળી હતી. આ મગરની એક સપ્તાહ પહેલા ગુપ્ત ભાગે ઈજા થવાથી સર્જરી કરવામાં આવી હતી, ત્યારબાદ તે સંપૂર્ણપણે સ્વસ્થ જણાતો હતો. ફોરેસ્ટ વિભાગે તેને બે દિવસ સુધી નિરીક્ષણ હેઠળ રાખીને સ્વસ્થ હોવાની પુષ્ટિ બાદ નદીમાં છોડ્યો હતો, પરંતુ ત્યારબાદના ગણતરીના દિવસોમાં જ તેનું મોત નીપજ્યું છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટના તારણો પરથી પ્રાથમિક અંદાજ એવો લગાવાઈ રહ્યો છે કે, મગર ઉપર કોઈ ભારેખમ વાહન પસાર થયું હોય અથવા તેના પર કોઈ વજનદાર વસ્તુ પડી હોય તેવી શક્યતા છે. આંતરિક ઈજાઓની ગંભીરતા જોતા તે માનવસર્જિત દુર્ઘટના હોવાની આશંકા સેવાઈ રહી છે.

## ગોંડલની આંગડિયા પેઢીમાં 2.31 કરોડની ઉચાપત, મેનેજર અને બનેવી સામે ફરિયાદ

(એજન્સી) ગોંડલ । તા. 16

ગોંડલની એક જાણીતી આંગડિયા પેઢીમાં લાંબા સમયથી મેનેજર તરીકે કાર્યરત એક વ્યક્તિએ વિશ્વાસઘાતની હદ વટાવી દીધી છે. મેનેજર મયુર ઢોલ અને તેના બનેવી જલ્પેશ ઝાપડિયાએ સાથે મળીને પેઢીના માલિકના વિશ્વાસનો લાભ ઉઠાવી રૂ. ૨.૩૧ કરોડની માતબર રકમની ઉચાપત કરી હોવાનું સામે આવ્યું છે. માલિક દ્વારા કરાયેલી તપાસમાં આ ચોંકાવનારૂં કૌભાંડ બહાર આવતા ગોંડલ સિટી પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે.

પી.એમ. આંગડિયા પેઢીના માલિક હર્ષદભાઈ બોરીયા (૬૭) એ મયુર ઢોલ પર છેલ્લા ૧૪ વર્ષથી આંધળો વિશ્વાસ મૂક્યો હતો અને પેઢીનો તમામ આર્થિક વહીવટ તેને સોંપ્યો હતો. જોકે, મયુરે પોતાની આ સત્તાનો દુરુપયોગ કરીને પોતાના બનેવી જલ્પેશ ઝાપડિયાની મદદથી પૈસા સેરવવાનું શરૂ કર્યું હતું. ગત માસમાં શાપર, જેતપુર અને ધોરાજી બ્રાન્ચમાંથી અંદાજે ૧.૧૭ કરોડ રૂપિયા ઉપાડી લેવામાં આવ્યા હતા, જે ઉપરાંત જૂના હિસાબોના ૧.૪૪ કરોડ રૂપિયા પણ મેળવ્યા હતા. આમ, કુલ ૨.૬૧ કરોડના કૌભાંડમાંથી માત્ર ૩૦ લાખ પરત કરવામાં આવ્યા હતા.

હિસાબોમાં ગરબડ જણાતા હર્ષદભાઈએ શંકાના આધારે તપાસ હાથ ધરી હતી. શાપર અને જેતપુર બ્રાન્ચના સીસીટીવી ફૂટેજ તપાસતા તેમાં મેનેજરનો બનેવી જલ્પેશ નાણાં ઉપાડતો રંગેહાથ પકડાઈ ગયો હતો. જ્યારે માલિકે મયુર પાસે આ રકમની ઉઘરાણી કરી, ત્યારે આરોપીએ દેવું થઈ ગયું હોવાનું કારણ આપીને રકમ ચૂકવવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. આ ચોંકાવનારી કબૂલાતનો વીડિયો માલિકની દીકરીએ પોતાના મોબાઈલમાં ઉતારી લીધો હતો, જે પુરાવા તરીકે પોલીસને સોંપવામાં આવ્યો છે.

આટલી મોટી રકમની ઉચાપત થતા આખરે હર્ષદભાઈ બોરીયાએ ગોંડલ સિટી પોલીસ સ્ટેશનમાં મયુર ઢોલ અને જલ્પેશ ઝાપડિયા વિરુદ્ધ છેતરપિંડી તથા વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવી છે. હાલમાં પી.આઈ. જે.આર. ઝાલા આ સમગ્ર કેસની ગંભીરતાથી તપાસ કરી રહ્યા છે.

## બરોડા સેન્ટ્રલ બેન્કના ડિજિટલ ટ્રાન્ઝેક્શન બમણા, 16.21 કરોડના નફા સાથે 10% ડિવિડન્ડ જાહેર



વડોદરા | વડોદરા જિલ્લાની સૌથી જૂની અને અગ્રણી સહકારી સંસ્થા ‘બરોડા સેન્ટ્રલ બેન્ક’ની ૧૧૩મી વાર્ષિક સાધારણ સભા (AGM) માં બેન્કની ઉત્તરોત્તર પ્રગતિના આંકડા રજૂ કરવામાં આવ્યા હતા. એક સમયે ૧૨૯ કરોડની ખોટ કરતી આ બેન્કે વર્ષ ૨૦૨૧થી કાયાપલટ કરીને નફાકારકતાના નવા શિખરો સર કર્યા છે. આ વર્ષે બેન્કે ૧૬.૨૧ કરોડનો ચોખ્ખો નફો નોંધાવીને સભાસદો માટે ૧૦ ટકા ડિવિડન્ડની જાહેરાત કરી છે. બેન્કના ચેરમેન રાજુભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળેલી આ સભામાં વડોદરા, છોટાઉદેપુર અને નર્મદા જિલ્લાની વિવિધ મંડળીઓના ૫૦૦થી વધુ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. બેન્કની આર્થિક સદ્ધરતા અંગે માહિતી આપતા ચેરમેને જણાવ્યું હતું કે, ગત વર્ષની સરખામણીએ થાપણો રૂ. ૧,૮૦૧ કરોડથી વધીને ૨,૧૧૨ કરોડ થઈ છે. આ ઉપરાંત, લોનનું પ્રમાણ ૮૯૭ કરોડથી વધીને ૧,૦૨૩ કરોડ અને પાક ધિરાણ ૩૯૫ કરોડથી વધીને ૪૯૮ કરોડના સ્તરે પહોંચ્યું છે. બેન્કનું નેટવર્થ પણ ૧૫૧ કરોડથી વધીને ૧૭૦ કરોડ નોંધાયું છે.

## લાંછનપુરામાં પુત્રની સામે પિતા નદીમાં ડૂબ્યા

# પ્રતિબંધ છતાં પ્રવાસીની ભીડ યથાવત, વહેણમાં તણાઈ જતાં કરુણ મોત



(એજન્સી) સાંવલી/વડોદરા । તા. 16

વડોદરા નજીક આવેલા લાંછનપુરા ખાતેના મહીસાગર નદીના પટમાં વધુ એક કરુણ દુર્ઘટના સામે આવી છે. રવિવારે ગરમીથી બચવા નાહવા પડેલા એક યુવાનનું તેમના ૫ વર્ષના માસૂમ પુત્રની નજર સામે જ પાણીના તેજ વહેણમાં તણાઈ જવાથી મોત નિપજ્યું હતું. આ સ્થળે અત્યાર સુધીમાં ૩૦૦થી વધુ લોકોના જીવ ગયા હોવા છતાં, પ્રવાસીઓ જીવના જોખમે અહીં ઉમટી રહ્યા છે.

આણંદના નંદનવન ફ્લેટમાં રહેતા અને મૂળ રાજસ્થાનના વતની મુકેશ જબરારામ સરગરા (ઉ.વ. ૩૨) પોતાના ૫ વર્ષના પુત્ર અને બે સાળા સાથે લાંછનપુરા ફરવા ગયા હતા. રવિવારની રજા અને ગરમીને કારણે તેઓ નદીમાં નાહવા ઉતર્યા હતા. આ દરમિયાન મુકેશભાઈ અચાનક નદીના તેજ વહેણમાં તણાવવા લાગ્યા હતા. ત્યાં હાજર અન્ય એક યુવકે તેમને બચાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ વહેણ વધુ તેજ હોવાથી તે સફળ થઈ શક્યો ન હતો. આ દ્રશ્ય જોઈ કિનારે રહેલો તેમનો ૫ વર્ષનો પુત્ર પણ સ્તબ્ધ થઈ ગયો હતો.

લાંછનપુરા તેના રમણીય દ્રશ્યો અને પથ્થરો વચ્ચે વહેતા પાણી માટે પ્રખ્યાત છે, પરંતુ આ જ સુંદરતા જીવલેણ સાબિત થઈ રહી છે. અહીં ડૂબવાના અસંખ્ય બનાવોને ધ્યાને લઈ તંત્ર દ્વારા નાહવા પર સખત પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે અને આ અંગે જાહેરનામું પણ બહાર પાડવામાં આવ્યું છે. છતાં, સહેલાણીઓ આ પ્રતિબંધને જાણે ઘોળીને પી ગયા હોય તેમ દર રવિવારે મોટી સંખ્યામાં અહીં ઉમટી પડે છે.

### બે દિવસની જહેમત બાદ મૃતદેહ મળ્યો

ઘટના બાદ વડોદરા ફાયર બ્રિગેડના ઈઆરસીના સૈનિક પરવેઝ મનસૂરી અને તેમની ટીમ દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી હતી. આખરે બીજા દિવસે ઘટનાસ્થળથી આશરે બે કિમી દૂરથી મુકેશભાઈનો મૃતદેહ મળી આવ્યો હતો. સાવલી પોલીસના હેડ કોન્સ્ટેબલ ધર્મેશ ઠાકોરે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ દુર્ઘટનાએ ફરી એકવાર પ્રવાસીઓની બેદરકારી અને સુરક્ષાના મુદ્દાઓને ગંભીરતાથી વિચારવા મજબૂર કર્યા છે. જીવના જોખમે કરાતી મજા ક્યારેય ભારે પડી શકે છે, તેનું આ ઉદાહરણ સહેલાણીઓએ સમજવાની જરૂર છે.

## ચાર મહિના બાદ ગુમ કિશોર ઘરે પરત, પરિવાર સાથે સુરક્ષિત પુનર્મિલન

# મુંબઈ પોલીસની મદદથી વડોદરામાં મળેલા કિશોરનું પરિવાર સાથે મિલન

(એજન્સી) વડોદરા । તા. 16

ઘર છોડીને નીકળી ગયેલા અને છેલ્લા ચાર મહિનાથી વડોદરાની સમાજ સુરક્ષા સંકુલમાં રહેતા એક કિશોરને આખરે તેના પરિવાર સાથે પુનર્મિલન કરાવવામાં સફળતા મળી છે. વડોદરાના ચાઈલ્ડ વેલફેર કમિટિ (CWC) ના મેહુલ લાખાણી અને તેમની ટીમની સતર્કતા તેમજ મુંબઈ પોલીસના સહયોગથી આ કિશોર તેના પરિવાર સુધી પહોંચી શક્યો છે.

મુંબઈના મુંબ્રા વિસ્તારમાં રહેતો આ કિશોર ચાર મહિના પહેલા પોતાના મામાના ઘરેથી ઝઘડો કરીને નીકળી ગયો હતો. ત્યારબાદ તે કોઈ રીતે વડોદરા આવી પહોંચ્યો હતો. વડોદરામાં મળી આવ્યા બાદ તેને સમાજ સુરક્ષા સંકુલમાં આશ્રય આપવામાં આવ્યો હતો. સંસ્થા દ્વારા તેનું અવારનવાર કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું, પરંતુ કિશોર



પોતાની ઓળખ કે પરિવાર વિશે સ્પષ્ટ વિગતો આપવામાં ગોળગોળ જવાબ આપતો હતો, જેથી કેસ થોડો જટિલ બન્યો હતો.

પરિવારને શોધવા માટે મેહુલ લાખાણી અને તેમની ટીમે એક અલગ વ્યૂહરચના અપનાવી હતી. તેમણે કિશોરના મામાના ઘરની આસપાસની ઓળખ જેવી કે ત્યાં આવેલી શાળા અને પેટ્રોલ પંપની વિગતો એકઠી કરી હતી. આ વિગતો સાથેના ફોટા અને માહિતી મુંબઈના જુદા-જુદા પોલીસ સ્ટેશનોમાં મોકલવામાં આવ્યા હતા. આ માહિતી અને ફોટો જ્યારે મુંબ્રા પોલીસને મળ્યા, ત્યારે તેમણે તે વિસ્તારમાં બાળકોને તે ફોટો બતાવતા જ સ્થાનિક બાળકોએ તરત જ કિશોરને ઓળખી બતાવ્યો હતો.

કિશોરની ઓળખ સ્પષ્ટ થતાં જ મુંબ્રા પોલીસે તાત્કાલિક તેના પરિવારનો સંપર્ક કર્યો હતો. પરિવારને જાણ થતાં જ તેમની ખુશીનો પાર રહ્યો ન હતો. ચાર મહિનાની લાંબી શોધખોળ બાદ વડોદરાની સંસ્થા અને મુંબઈ પોલીસના સંયુક્ત પ્રયાસોને કારણે આ કિશોર સુરક્ષિત રીતે તેના પરિવારને સોંપવામાં આવ્યો છે.

આ ઘટનાએ સાબિત કર્યું છે કે સંવેદનશીલતા અને યોગ્ય દિશામાં કરાયેલા પ્રયાસોથી ગુમ થયેલા બાળકોને તેમના પરિવાર સુધી પહોંચાડવા મુશ્કેલ નથી. વડોદરાના ચાઈલ્ડ વેલફેર કમિટિના આ આભારી કામગીરીના કારણે એક માસૂમ કિશોર ફરીથી પોતાના ઘરે પરત ફરી શક્યો છે

### સોશ્યલ મીડિયાના માધ્યમથી પોલીસને મળી સફળતા

## 10 વર્ષ પહેલા ગુમ થયેલી મહિલા પુત્ર સાથે રાજકોટમાંથી મળી આવી

(એજન્સી) વડોદરા/રાજકોટ । તા. 16

પાદરાના મહલી તલાવડી ગામથી ૧૦ વર્ષ પહેલા પોતાના પાંચ વર્ષના પુત્ર યશને સાથે લઈને રહસ્યમય સંજોગોમાં ગુમ થયેલી સંગીતાબેન અને તેમનો પુત્ર આખરે રાજકોટથી મળી આવ્યા છે. પોલીસની સતત તપાસ અને સોશ્યલ મીડિયાના ઉપયોગને કારણે આ દાયકા જૂનો કેસ ઉકેલાયો છે.

૫ જૂન ૨૦૧૬ના રોજ વિનુભાઈ પરમારે પોતાની પત્ની સંગીતા અને પુત્ર યશ ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. સંગીતાબેન તે સમયે વલસાડ પિયર જવાનું કહીને નીકળ્યા હતા, પરંતુ તેઓ ક્યારેય પરત ફર્યા નહોતા. વિનુભાઈના જણાવ્યા અનુસાર, તેઓ પાદરાની એક આઈસ ફેક્ટરીમાં મજૂરી કરતા હતા અને તે સમય દરમિયાન પતિ-પત્ની વચ્ચે અવારનવાર ઝઘડા થતા હતા. વર્ષ ૨૦૨૦માં છેલ્લે સંગીતાબેનને ટિકટોક (TikTok) પર જોયા બાદ તેમની કોઈ ભાળ મળી નહોતી.

હાલમાં પોલીસ દ્વારા ગુમ થયેલ વ્યક્તિઓને શોધવાની ચાલી રહેલી ઝુંબેશ અંતર્ગત તપાસ કરવામાં આવી હતી. ટીકટોક બંધ હોવા છતાં, પોલીસે ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક જેવા સોશ્યલ મીડિયા પ્લેટફોર્મનો સહારો લીધો હતો. આ ટેકનિકલ તપાસના આધારે પોલીસને જાણવા મળ્યું કે સંગીતાબેન રાજકોટના કોઠારીયા મેઈન રોડ વિસ્તારમાં રહે છે અને તેઓ ત્યાં રાસ-ગરબાના ક્લાસ ચલાવે છે.

રાજકોટ પહોંચેલી પોલીસ ટીમને સંગીતાબેન જીવિત અને સ્વસ્થ અવસ્થામાં મળી આવ્યા હતા. સંગીતાબેને કબૂલ્યું હતું કે પતિના સતત ત્રાસથી કંટાળીને તેઓ પુત્ર સાથે ઘર છોડી ગયા હતા. ત્યારબાદ તેમણે અમરેલી જિલ્લાના કુંકાવાવના ધર્મેશ હસમુખ રાણપરીયા સાથે લગ્ન કરી લીધા હતા અને હવે તેઓ રાજકોટમાં સ્થાયી થઈ ગરબા ક્લાસ ચલાવીને પોતાનું ગુજરાન ચલાવે છે. ૧૦ વર્ષની લાંબી શોધખોળ બાદ પોલીસને આ કેસમાં સફળતા મળી છે, જે હવે કાયદાકીય પ્રક્રિયાના આધારે આગળ વધારવામાં આવશે.

### પોલીસ સ્ટેશનમાં થઈ ભારે હોબાળો

## વૃદ્ધની હત્યામાં પોલીસની બેદરકારી, એસીપી તપાસશે

(એજન્સી) રાજકોટ । તા. 16

રાજકોટના યુનિવર્સિટી રોડ પર વિમલનગર વિસ્તારમાં નિવૃત્ત કર્મચારી પ્રવિણભાઈ શાહની થયેલી ઘાતકી હત્યાએ સમગ્ર શહેરમાં ખળભળાટ મચાવી દીધો છે. આ હત્યાકાંડમાં ગાંધીગ્રામ-૨ પોલીસની ગંભીર બેદરકારી સામે આવતા, પોલીસ કમિશનરે આ પ્રકરણની તપાસ એસીપી (ACP) ને સોંપવાનો આદેશ આપ્યો છે. મૃતકના પરિવારજનોએ આક્ષેપ કર્યો છે કે જો પોલીસે અગાઉ કરેલી અરજી પર યોગ્ય કાર્યવાહી કરી હોત, તો આજે તેમના સ્વજન જીવતા હોત.

મૃતક પ્રવિણભાઈના પુત્રી તેજલબેને પોલીસ કમિશનર સમક્ષ કરેલી રજૂઆતમાં જણાવ્યું હતું કે, આરોપી વિવેક ગોસ્વામી છેલ્લા ઘણા સમયથી તેમને ધમકાવતો હતો. આ અંગે સુરક્ષા મેળવવા માટે ગત ૨૨મી તારીખે ગાંધીગ્રામ-૨ પોલીસ મથકે લેખિત અરજી કરવામાં આવી હતી. આક્ષેપ મુજબ, તપાસ કરનાર એએસઆઈ જયસિંહ ઝાલાએ આ અરજીને ગંભીરતાથી લીધી ન હતી અને કોઈ જ કાર્યવાહી કરી ન હતી. પરિણામે, આરોપીના મનોબળ વધ્યા અને તેણે ઘરમાં ઘૂસીને પ્રવિણભાઈની છરાના ઘા મારી હત્યા કરી નાખી.

આ ઘટના બાદ રોષે ભરાયેલા પરિવારજનોએ મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કરી દીધો હતો અને ગાંધીગ્રામ-૨ પોલીસ મથકે ભારે હોબાળો મચાવ્યો હતો. આ પોલીસ સ્ટેશનની કામગીરી સામે અગાઉ પણ અનેકવાર આક્ષેપો થયા છે. તાજેતરમાં એક પોલીસકર્મી દ્વારા દુષ્કર્મના કેસમાં પણ આ સ્ટેશનની ભૂમિકા શંકાસ્પદ રહી હતી અને અંતે ક્રાઈમ બ્રાન્ચે તપાસ હાથ ધરવી પડી હતી. આ પરથી સ્પષ્ટ થાય છે કે સ્થાનિક સ્તરે સુરક્ષા વ્યવસ્થામાં કોઈ મોટી ખામી રહી છે. હત્યા બાદ પણ પોલીસની તપાસની ગતિ અને ક્ષમતા સામે સવાલો ઉઠી રહ્યા છે. પોલીસ અત્યાર સુધી એ પણ શોધી શકી નથી કે આરોપીએ હત્યામાં વપરાયેલો છરો ક્યાંથી ખરીદ્યો હતો–ચોટીલાથી કે રાજસ્થાનથી.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારી અંગત સમસ્યા તમારા માનસિક આનંદને બરબાદ કરી શકે છે પણ તમારી જાતને કંઈક રસપ્રદ વાંચનમાં સાંકળશો તો આ દબાણ સાથે અનુકુલન સાધવામાં તમને સરળતા પડશે. જે લોકોએ પોતાના પૈસા જુગાર માં લગાવી રાખ્યા છે તેમને આજે નુકસાન થવાની શક્યતા છે.

**વૃષભ : બ. વ. ઉ.**

સાંજે થોડીક હળવાશ માણો. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પરંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થયી શકે છે. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. રોમાન્સ રોમાંચક હશે.

**મિથુન : ક. છ. ઘ.**

અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો અને આ હુનર ને શીખી તમે પોતાનું ધન બચાવી શકો છો. તમારા દિવસનું આયોજન સંભાળપૂર્વક કરજો.

**કર્ક : ડ. હ.**

લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. સૌને તમારી મોટી પાર્ટી માટે બોલાવો-આજે તમારામાં એ વધારાની ઊર્જા હશે જે તમારા ગ્રુપ માટે કાર્યક્રમનું આયોજન કરવા પ્રેરશે.

**સિંહ : મ. ટ.**

લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. દિવસ ની શરૂઆત ભલે સારી હોય પરંતુ સાંજે કોઈ કારણસર તમારા પૈસા ખર્ચાઈ શકે છે જેના લીધે તમે પરેશાન થયી શકો છો તમારી પત્નીની સિદ્ધિને બિરદાવો અને તેની સફળતા અને સારા ભાગ્યનો આનંદ માણો.

**કન્યા : પ. ઠ. ણ.**

આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. તમારા જીવનસાથી તરફ બેદરકારી તમારા સંબંધ પર અસર કરી શકે છે.

**તુલા : ર. ત.**

તમારા મગજને પ્રેમ, આશા, વિશ્વાસ, કરૂણા, આશાવાદ તથા વફાદારી જેવી હકારાત્મક લાગણીઓને ગ્રહણ કરે તેવું બનાવો. એકવાર આ લાગણીઓ સંપૂર્ણ અંકુશ લઈ લે- એપછી મગજ દરેક પરિસ્થિતિને હકારાત્મક પ્રતિસાદ આપશે.

**વૃશ્ચિક : ન. ય.**

દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે. તમારી બારીમાં ફૂલો મૂકી તમારો પ્રેમ દર્શાવો.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

સામાજિક જીવન કરતાં સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપજો. ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે અને તમને ધન લાભ પણ થયી શકે છે. દૂરનાં કોઈ સગાં તરફથી લાંબા સમયથી તમને જે સંદેશાની અપેક્ષા હતી તે આવશે અને તેમાં આખા પરિવાર અને ખાસ કરીને તમારી માટે સારા સમાચાર હશે.

**મકર : ખ. જ.**

આજે તમારો આત્મવિશ્વાસ વધશે તથા તમારૂ આગળ વધવું નિશ્ચિત છે. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂ એવું ધન કમાઈ શકશો. તમને જેના પર વિશ્વાસ છે તે કદાચ તમને આખું સત્ય નથી જણાવી રહ્યા.

**કુંભ : ગ. સ. શ. ષ.**

વ્યાયમ દ્વારા તમે તમારા વજનને અંકુશ હેઠળ રાખી શકશો. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. ઘરના મોરચે તમારૂ જીવન શાંત અને ગમે તેવું રહેશે. તમારા પ્રેમ જીવનની બાબતમાં આજનો દિવસ અકલ્પ્ય છે. બસ પ્રેમ કરતા રહો.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. બીજા દિવસો ની સરખામણી માં આજ નું દિવસ સારું રહેશે અને પર્યાપ્ત ધન ની પ્રાપ્તિ થશે. તમને કોઈક સારા સમચાર મળશે જે તમને જ નહીં પણ તમારા પરિવારના સભ્યોને પણ ખુશખુશાલ કરી મુકશે.

# જતાવીરાથી વિરાણી મોટી માર્ગ પર ડામરથી રિપેરિંગ કામગીરી શરૂ

જગદીશ પી દવે દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના જતાવીરાથી વિરાણી મોટી તરફ જતાં મુખ્ય માર્ગ પર લાંબા સમયથી પડેલા ખાડાઓ અને માર્ગની પાપડી ઊખડી જવાના કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હતો. માર્ગની બિસ્માર હાલતને કારણે અકસ્માતનો ભય પણ સતત ઉભો થયો હતો.

સ્થાનિક લોકો અને વાહનચાલકોની રજૂઆતોને ધ્યાનમાં લઈ સંબંધિત વિભાગ દ્વારા માર્ગના સમારકામની કામગીરી હાથ ધરવામાં આવી છે. હાલમાં ડામર વડે માર્ગ પર આવેલા ખાડાઓનું પુરણ કરવામાં આવી રહ્યું છે તેમજ પાપડી ઊખડી ગયેલા વિસ્તારોમાં પણ રિપેરિંગ કામ શરૂ કરવામાં આવ્યું છે.

આ કામગીરી પૂર્ણ થતાં માર્ગ વધુ



સુરક્ષિત બનશે અને વાહનવ્યવહાર સુગમ બનશે. સ્થાનિક ગ્રામજનોએ માર્ગ સમારકામની કામગીરીને આવકારી તંત્રનો આભાર વ્યક્ત કર્યો છે તથા બાકી રહેલા માર્ગના ભાગોમાં પણ ગુણવત્તાયુક્ત સમારકામ કરવાની માંગ કરી છે.

### વાળીનાથ ધામ તરભના મહંત જયરામગીરી બાપુના વરદ હસ્તે શ્રીફળ હોમવાની વિધિ કરાઈ

# ચાણસ્માના ગોગા ધામમાં અધિક માસ નિમિત્તે 1251 વિષ્ણુ સહસ્ત્રનામ પાઠની પૂર્ણાહુતિ, વિષ્ણુયજ્ઞ યોજાયો

નિતીન ઠાકર ચાણસ્મા

ચાણસ્માના જૂના રબારીવાસમાં બિરાજમાન 1200 વર્ષ પ્રાચીન શેષનારાયણ ગોગા મહારાજના મંદિરે પવિત્ર અધિક માસ નિમિત્તે ધાર્મિક અનુષ્ઠાનનું આયોજન કરવામાં આવ્યું હતું. અહીં સમગ્ર માસ દરમિયાન ચાલેલા 1251 વિષ્ણુ સહસ્ત્રનામ પાઠની પૂર્ણાહુતિ નિમિત્તે સોમવારે ભવ્ય વિષ્ણુયજ્ઞ યોજાયો હતો. યજ્ઞમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહી દર્શન તથા મહાપ્રસાદનો લાભ લીધો હતો.

અધિક માસ દરમિયાન ગોગા



મહારાજના સાનિધ્યમાં શ્રદ્ધાળુઓ દ્વારા કુલ 1251 વિષ્ણુ સહસ્ત્રનામ પાઠનું વિરાટ અનુષ્ઠાન કરવામાં આવ્યું હતું. આ પવિત્ર અનુષ્ઠાનના શ્રેયરૂપે તથા વિશ્વ કલ્યાણની ભાવના સાથે આયોજિત વિષ્ણુયજ્ઞની પૂર્ણાહુતિ પ્રસંગે યજ્ઞમાં શ્રીફળ હોમવાની વિધિ વાળીનાથ ધામ, તરભના મહંત જયરામગીરી બાપુના વરદ હસ્તે સંપન્ન કરવામાં આવી હતી. શાસ્ત્રોક્ત મંત્રોચ્ચારના ગુંજારવ વચ્ચે યોજાયેલી આ વિધિ દરમિયાન સમગ્ર મંદિર પરિસર ભક્તિમય વાતાવરણથી છલકાઈ ઊઠ્યું હતું.

આ પ્રસંગે ગોગા મહારાજ પરિવારના મહેન્દ્રભાઈ અમથાભાઈ દેસાઈ, ભુવાજી પરેશ દેસાઈ, ઉમેશભાઈ પટેલ સહિતના અગ્રણીઓ, નગરજનો તેમજ મોટી સંખ્યામાં ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા. વિષ્ણુયજ્ઞનું આયોજન મહેન્દ્રભાઈ દેસાઈ તેમજ ખાંભલ્યા, નોગોહ અને કોલા પરિવાર (ચાણસ્મા) દ્વારા કરવામાં આવ્યું હતું. મંદિરના પૂજારી હસુભાઈ, મુકેશ પિત્રોડા, આશિષ દેસાઈ સહિત આયોજક પરિવારોના સભ્યો અને ગોગા બાપાના સેવકોએ ખડેપગે રહી તમામ ધાર્મિક વિધિઓ તથા મહાપ્રસાદની વ્યવસ્થા સંભાળી હતી. સમગ્ર આયોજનને કારણે ચાણસ્મા પંથકમાં આધ્યાત્મિક અને ધાર્મિક માહોલ જોવા મળ્યો હતો.

# ચોમાસામાં જાનહાનિ અટકાવવા જોખમી મકાનો હટાવાશે

વાપી : વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં ચોમાસા દરમિયાન જર્જરિત મકાન તૂટી પડવાની કોઈ જાનહાનિ ન થાય તે માટે મનપાએ સરવે કર્યો હતો. આ સરવેમાં તમામ 13 વોર્ડમાં કુલ 168 જેટલા મકાનો જર્જરિત અવસ્થામાં હોવાનું બહાર આવ્યું છે. મનપાએ પ્રથમ તબક્કામાં તમામ જમીન માલિકોને જર્જરિત મકાન ખાલી કરી કાટમાળનો નિકાલ કરવા તાકીદ કરાઈ હતી. આ નોટિશ બાદ 168માંથી 18 મકાનના કાટમાળાને હટાવી દેવામાં આવ્યો છે. 7 જેટલા મકાનોની રિપેર કામ પૂર્ણ થયું છે. પ્રથમ તબક્કાની કામગીરી બાદ હવે બીજા તબક્કાની કામગીરી મનપાએ ચાલુ કરી છે. જેમાં જમીન માલિકો જર્જરિત મકાનો ન હટાવે તો મનપા કાર્યવાહી હાથ ધરશે. જો કે પાછલા વર્ષોમાં પાલિકાની નોટિશ બાદ પણ જમીન માલિકો જર્જરિત મકાનોને હટાવતાં ન હતા,નોટિશ માત્ર કાગળ પર રહી જતી હતી, આ વખતે મનપા તંત્ર એકશનમાં આવ્યું છે.

# શ્રી શામજીબાપુ મંદિર – મૂર્તિ પ્રતિષ્ઠા 33મો વાર્ષિક પાટોત્સવ નિમિત્તે સોનાપુરમાં સત્યનારાયણ ભગવાનની કથા નું આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ ખાતે શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ દ્વારા નિર્માણ પામેલ અને મહાનગરપાલિકા સંચાલિત સોનાપુરી સ્થિત પરમ પૂજ્ય શ્રી શામજીબાપુ મંદિરનો 33મો વાર્ષિક પાટોત્સવ સંવત 2082 જેઠ વદ-13, શનિવાર તા. 13-06-2026 ના રોજ ભક્તિભાવ અને હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે સવારે 8:00 કલાકે વૈદિક મંત્રોચ્ચાર સાથે અભિષેક, ધ્વજારોહણ અને પૂજનવિધિ યોજાઈ હતી. આ પાવન પ્રસંગે ધારાસભ્ય શ્રી, શહેર ભાજપ પ્રમુખશ્રી, મેયરશ્રી,ડેપ્યુટી મેયરશ્રી એ ઉપસ્થિત રહી પૂજા અભિષેક નો લાભ લીધો અને શામજીબાપુના ચરણો માં વંદન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા, ત્યાર બાદ બપોરે 4:00 કલાકે શ્રી સત્યનારાયણ ભગવાનની પવિત્ર



કથા અને પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંજે 7:00 કલાકે ભવ્ય મહાઆરતી યોજાઈ હતી, જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો, જ્ઞાતિજનો તથા ધર્મપ્રેમી ભાઈ-બહેનોએ ઉપસ્થિત રહી ધર્મલાભ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભક્તિમય વાતાવરણ છવાઈ ગયું હતું અને ઉપસ્થિત સૌએ શ્રી શામજીબાપુ તથા શ્રી સત્યનારાયણ ભગવાનના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. મંદિર દ્વારા કરવામાં આવતી સેવાકીય પ્રવૃત્તિઓ દર વર્ષે મંદિરનો પાટોત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવે છે.

દર વર્ષે લીલી પરિક્રમા દરમિયાન યાત્રાળુઓ માટે ચા- પાણી તેમજ પ્રસાદીની વ્યવસ્થા કરવામાં આવે છે. દર વર્ષે મહાશિવરાત્રી મેળા દરમિયાન આખો દિવસ ચા-પાણી તથા પ્રસાદનું વિતરણ કરવામાં આવે છે. દર રવિવારે યાત્રાળુઓ માટે ચા-પાણી તથા બપોરે 4:00 થી 6:00 કલાક સુધી પ્રસાદીની વ્યવસ્થા કરવામાં આવે છે. દર વર્ષે ભાદરવી અમાસના પવિત્ર દિવસે ચા-પાણી તથા પ્રસાદીની વિશેષ વ્યવસ્થા કરવામાં આવે છે. શ્રી શામજીબાપુ મંદિર દ્વારા વર્ષ દરમિયાન વિવિધ ધાર્મિક અને સેવાકીય પ્રવૃત્તિઓના માધ્યમથી સમાજ અને ધર્મની સેવા કરવામાં આવે છે, જે સર્વ સમાજ માટે પ્રેરણારૂપ છે.

### મહાનગરપાલિકા,જુનાગઢ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમા તેમજ ભવનાથ ઈકોઝોન વિસ્તાર માં પ્રતિબંધિત પ્લાસ્ટીકનું ચેકીંગ કરતા નિયમભંગ કરનારાઓ પાસેથી દંડ વસૂલ કરવામાં આવ્યો

નરેન્દ્ર દવે જૂનાગઢ

રાજ્ય સરકારની 'સ્વચ્છ ગુજરાત, પ્લાસ્ટિક ફ્રી ગુજરાત' ઝુંબેશને વેગ આપવાના ભાગરૂપે તા:૧૫/૦૬/૨૦૨૬ ના રોજ જુનાગઢ મહાનગરપાલિકાના કમિશનરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેનિટેશન શાખાની ટીમ દ્વારા સમગ્ર શહેરમાં એક સઘન પ્રતિબંધિત પ્લાસ્ટિકની ઝુંબેશ ચલાવી ચેકિંગ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન દરમિયાન સેનિટેશન વિભાગના અધિકારીઓ અને સુપરવાઈઝરો અને એસ આઇ ની ટીમે વિવિધ બજારોમાં જઈને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ કરનારા સ્થાનિક વેપારીઓ,નાના દુકાનદારો તેમજ લારી-ગલ્લાવાળાઓને કાયદાકીય જોગવાઈઓ ની સમજ આપી હતી અને ભવિષ્યમાં પ્લાસ્ટિક બેગ કે અન્ય પ્રતિબંધિત સામગ્રીનો ઉપયોગ ન કરવા અને કાપડ ની થેલીનો ઉપયોગ કરવા માટે કડક સૂચના આપી ચેતવણી આપી હતી.આ સાથે જ ટીમ દ્વારા શહેરના દરેક વોર્ડમાં આવેલી દુકાનો અને વ્યાપારી એકમોમાં તેમજ ઈકોઝોન ભવનાથ માં આવેલ દુકાનમાં પ્લાસ્ટિકનું આકસ્મિક અને સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં નિયમોનું ઉલ્લંઘન કરનારા આસામી ઓ સામે કડક વહીવટી કાર્યવાહી કરીને સ્થળ પર જ અલગ અલગ વેપારીઓ પાસેથી ૨૩ કિલોગ્રામ સિંગલ યુઝ પ્લાસ્ટિક અને ભવનાથ વિસ્તારમાં ઠંડા પીણાની બોટલો નંગ ૧૫૦ તેમજ વેફરના પેકેટ નંગ ૧૫૦ જપ્ત કરી કુલ રૂ. ૨૫,૫૦૦/- ની વસૂલાત કરવામાં આવી હતી.

# જૂનાગઢ શહેરમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે કોમન યોગ પ્રોટોકોલ શિક્ષણ શિબિર યોજાઇ

નરેન્દ્ર દવે જૂનાગઢ

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આગામી ૧૨માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર અને જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત માર્ગદર્શન અનુસાર જૂનાગઢ શહેરમાં સરદારબાગ ઝાંસીના પૂતળા આગળ ફળદુવાદી ખાતે કોમન યોગ પ્રોટોકોલ શિક્ષણ શિબિર યોજાઇ હતી. આ કાર્યક્રમની શરૂઆત અધ્યક્ષ અને જૂનાગઢ શહેરના ધારાસભ્યશ્રી સંજયભાઇ કોરડીયા અને અન્ય મંચસ્થ મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. કાર્યક્રમ માં ઉપસ્થિત સર્વેએ સુર્ય નમસ્કાર, કપાલભાતિ, વિવિધ યોગાસનો જેવા કે ભુજંગાસન, મંડૂકાસન, તાડાસન, પદ્માસન, ભદ્રાસન વગેરે આસનો કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત મહામૃત્યુંજય જાપ, વિવિધ યોગ ક્રિયાઓ, પ્રાણાયામ, વિવિધ યોગ મુદ્રાઓ પણ યોગ સાધકોએ ઉત્સાહભેર પૂર્ણ કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના પ્રેરણાદાયી પ્રયાસોથી સમગ્ર વિશ્વ




માં તારીખ ૨૧મી જૂનને 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' તરીકે માન્યતા મળી છે. તે ભાવનાને આગળ વધારવા રમતગમત વિભાગ, ગાંધીનગર હેઠળ ગુજરાત રાજ્ય યોગ બોર્ડની રચના કરવામાં આવી છે. જેનો મુખ્ય હેતુ રાજ્યના દરેક નાગરિકને નિરોગી, સ્વસ્થ અને સંતુલિત જીવનશૈલી તરફ પ્રેરિત કરવાનો છે. ઉપરોક્ત ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેનશ્રી યોગ સેવક શિશપાલજી અત્યારે પોતાની ફરજ સુપેરે બજાવી રહયા છે. આ પ્રકારના કાર્યક્રમો એ માત્ર એક યોગ શિબિર જ નહીં, પરંતુ 'નિરોગી ગુજરાત - સ્વસ્થ ભારત' ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં એક પ્રેરણાદાયી જનઆંદોલન સમાન છે. ઉક્ત કાર્યક્રમ દરમિયાન સ્ટેટ યોગ કોઓર્ડીનેટરશ્રી અનિલભાઈ ત્રિવેદી, જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રીમતી નીતાબેન વાળા, શ્રી મયંકભાઈ ભાદુરીયા, ડોક્ટર ટીમ સર્વેશ્રી ચીખલીયાભાઈ, ડો.ગજેરા, ડો.રાહુલ ભટ્ટ, શ્રી રેણુબેન શુક્લા, શ્રી બીનાબેન, જિલ્લા શિક્ષણ અધિકારી શ્રીમતી લતાબેન ઉપાધ્યાય, જૂનાગઢના યોગ ઝોન કોઓર્ડીનેટરશ્રી ચેતનાબેન, મહાનગરપાલિકા યોગ કોઓર્ડીનેટરશ્રી વૈશાલીબેન, જિલ્લા કોઓર્ડીનેટરશ્રી સોનલબેન, શ્રી જયંતીભાઈ તેમજ ૧૫૦૦ જેટલા યોગ સાધકો ઉપસ્થિત રહયા હતા.

# શ્રીકષ્ટભંજનદેવને ૫૫૫ કિલો ડ્રાયફ્રુટ- ૧૦૮ કિલો ફૂલોનો મહાઅભિષેક સાથે દાદાનું રાજોપચાર પૂજન અને ભવ્ય દીપોત્સવ સમૂહ મહાઆરતી સાથે આતશબાજી કરાઇ

નરેન્દ્ર દવે જૂનાગઢ

વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર, સાળંગપુરધામ ખાતે પવિત્ર 'અધિક જેઠ માસ' એટલે કે 'પુરુષોત્તમ માસ' અંતર્ગત સોમવતી અમાસ નિમિતે શ્રી હરિપ્રકાશદાસજી સ્વામી પ્રેરણાથી આ પવિત્ર માસ અંતર્ગત દિવાળી ઉત્સવ આજે તારીખ ૧૫ જૂન ૨૦૨૬, સોમવાર તેમજ સોમવતી અમાસના રોજ સવારે 5:45 કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી દ્વારા કારવમાં આવી હતી.સાથે ભવ્ય ધાર્મિક ઉત્સવોનું આયોજન કરવામાં આવ્યું હતું. કલ્પવૃક્ષ થીમ: દાદાને વિશેષ મુગટ, દિવ્ય વાઘા અને લીલા પાંદડાઓ ધરાવતા કલ્પ વૃક્ષની થીમથી સજાવવામાં આવ્યા હતા. ગર્ભગૃહને લટકતા લાઈટોના ઝુમ્મરો અને નાની-મોટી આકર્ષક ગદાઓથી સુશોભિત કરાયું હતું. યજ્ઞ પૂર્ણાહુતિ: ૧૭-મેથી શરૂ થયેલા એક માસ લાંબા 'શ્રી



હનુમાન ચાલીસા યજ્ઞ'ની શાસ્ત્રોક્ત વિધિથી પૂર્ણાહુતિ થઈ હતી. મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું, ૫૫૫ કિલો ડ્રાયફ્રુટનો અભિષેક: દાદાને ૫૫૫ કિલો ડ્રાયફ્રુટ (કાજુ, બદામ વગેરે) થી દિવ્ય મહાઅભિષેક કરવામાં આવ્યો હતો, ત્યારબાદ મોતીઓનો અભિષેક કરાયો હતો,જે ભક્તો માટે એક અદ્ભુત અને દર્શનીય નજારો હતો. ભવ્ય રાજોપચાર પૂજન: દાદાને રાજાધિરાજ સમાન ગણીને વૈદિક મંત્રોચ્ચાર સાથે રાજોપચાર વિધિથી પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું, જેમાં તેમને વિશેષ વાઘા અને આભૂષણો ધરાવવામાં આવ્યા હતા. દીપોત્સવ: સાંજે ૦૭:૦૦ કલાકે સમૂહ મહાઆરતી, દીપોત્સવ દીવડાઓના પ્રકાશથી ઝળહળી ઉઠ્યું હતું.

ભવ્ય આતશબાજી: ભવ્ય ધમાકેદાર આતશબાજી આકાશ રંગબેરંગી રોશનીથી રંગાઈ ગયું હતું. સાંજે ૦૪:૦૦ કલાકે શ્રીકષ્ટભંજનદેવ દાદાનું દિવ્ય રાજોપચાર પૂજનનું આયોજન કરવામાં આવ્યું.

# ૩૭ એકરના વિશાળ કેમ્પસમાં નીટ મેરિટથી આવતા ૨૦૦ વિદ્યાર્થીઓ માટે ૪ કલાક કાર્યરત ઈ લાયબ્રેરી અને આધુનિક લેબ્સની સુવિધા

નરેન્દ્ર દવે જૂનાગઢ

ખાનગી હોસ્પિટલોમાં લાખો રૂપિયા ખર્ચવા છતાં જે દર્દીઓ હારી ગયા હતા, તેમને જૂનાગઢ સરકારી હોસ્પિટલે વિનામૂલ્યે સાજા કરીને નવું જીવન આપ્યું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની કલ્યાણકારી નીતિઓ, આયુષ્માન ભારત યોજના અને ડૉક્ટર્સની સમર્પિત ટીમના કારણે આજે ગુજરાતનું હેલ્થ મોડલ દેશભરમાં શ્રેષ્ઠ સાબિત થઈ રહ્યું છે.

ગરીબો ના આશીર્વાદ અને ડૉક્ટરોની આ તપસ્યાથી જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખરા અર્થમાં માનવતાનું સૌથી મોટું કેન્દ્ર બની રહી છે.

જૂનાગઢ સિવિલ હોસ્પિટલ અને મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતાં આણંદ જિલ્લાના પ્રથમ વર્ષના વિદ્યાર્થી મિશ્રાજી શંકર અને ભાવનગર જિલ્લાની વિદ્યાર્થીની તનાઝ માલકાણીએ જણાવ્યું કે, અત્રેનું કેમ્પસ સંપૂર્ણપણે એન્ટી-રેગિંગ, સુરક્ષિત અને શાંત છે.

અહીંયા વિદ્યાર્થીઓના માનસિક તણાવ ને દૂર કરવા માટે ૨૪ કલાક સિક્યુરિટી, નાઈટ વોકની સુવિધા અને ગુપ્તતા જાળવીને કાઉન્સેલિંગ કરાતો ખાસ મેન્ટલ વેલબીઈંગ પ્રોગ્રામ ચલાવવામાં આવે છે.

બીજી તરફ સારવાર પામેલા દર્દીઓના સગાએ સંવેદનશીલ સ્ટાફનો આભાર માન્યો હતો. જેમાં જૂનાગઢના રહેવાસી દીપમાળા પાઠકે જણાવ્યું કે, તેમના પિતા હર્ષદભાઈને બ્રેઈન સ્ટ્રોક આવતા પ્રાઈવેટ હોસ્પિટલમાં ૨ લાખ ખર્ચવા છતાં કોઈ સુધારો નહોતો થયો. ૨૦-મે ના રોજ સિવિલમાં લાવ્યા બાદ ડૉક્ટરોની સંવેદનશીલ સારવારથી તેઓ હવે રિકવર થઈ રહ્યા છે. તેમજ વેરાવળના રાહુલ મકવાણાએ જણાવ્યું કે, તેમના પિતાને ૫ એમએમનું બ્રેઈન હેમરેજ હતું. તેઓની નબળી આર્થિક સ્થિતિ વચ્ચે સિવિલ હોસ્પિટલે તેમને નવજીવન આપ્યું છે. મધ્યમવર્ગીય પરિવારો માટે આ સિવિલ હોસ્પિટલ ઈશ્વરના આશીર્વાદ સમાન સાબિત થઈ રહી છે. જૂનાગઢ સિવિલ હોસ્પિટલની આ સફળતા ગાથા એ વાતની સાક્ષી પૂરે છે કે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં આજે દેશનો સામાન્યમાં સામાન્ય નાગરિક પણ ગર્વભેર અને કોઈપણ આર્થિક ચિંતા વગર વર્લ્ડ-ક્લાસ આરોગ્ય સેવાઓ મેળવી રહ્યો છે.

### ભાભરમાં ઓનલાઈન રૂપિયા ટ્રાન્સફરના બહાને 8 હજારની ઠગાઈ

# જન સેવા કેન્દ્ર બહારથી અજાણ્યો શખ્સ CCTVમાં કેદ

(એજન્સી) ભાભર | તા.16

ભાભર ખાતે એસબીઆઈ બેંક નજીક આવેલા જન સેવા કેન્દ્ર પર એક વ્યક્તિ સાથે ફોન પેના બહાને રૂ. 8,000ની છેતરપિંડી થઈ છે. આ ઘટનામાં એક અજાણ્યો ઈસમ સીસીટીવી કેમેરામાં કેદ થયો છે.

બનાવની વિગત મુજબ, ભાભર-દિયોદર રોડ પર આવેલા જન સેવા કેન્દ્ર ખાતે એક વ્યક્તિ અન્ય ખાતામાં રૂ. 8,000 જમા કરાવવા આવ્યો હતો.

તે સમયે એક અજાણ્યા ઈસમે



તેને વિશ્વાસમાં લીધો અને કહ્યું કે, 'હું મારા ફોન પે પરથી તમને રૂ. 8,000 મોકલી દઉં, તમે મને રોકડા આપો.' આમ કહીને તેણે પૈસા જમા કરાવવા આવેલા ઈસમ પાસેથી રોકડા રૂ. 8,000 લઈ લીધા.

ત્યારબાદ તે અજાણ્યો ઈસમ જન સેવા કેન્દ્રની બહાર આવ્યો અને ફોન પે કર્યા વગર જ નજર ચૂકવીને ફરાર થઈ ગયો. પૈસા આપનાર ઈસમને શંકા જતાં તેણે પૂછપરછ કરી, પરંતુ અજાણ્યા ઈસમ વિશે કોઈ ભાળ મળી નહીં.

આખરે, ભોગ બનનારે ભાભર પોલીસ મથકે અજાણ્યા ઈસમ વિરુદ્ધ ઠગાઈની લેખિત ફરિયાદ નોંધાવી છે. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે.

### ડાકોર દારૂ રેડ: બે હેડ કોન્સ્ટેબલ સસ્પેન્ડ

# ગાંધીનગર વિજિલન્સની કાર્યવાહી બાદ ડીજીપીએ લીધા કડક પગલાં

(એજન્સી) ખેડા | તા.16

ખેડા જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા કરવામાં આવેલી દારૂની રેડના મામલે મોટી કાર્યવાહી કરવામાં આવી છે.

ગાંધીનગર વિજિલન્સની ટીમ દ્વારા કરવામાં આવેલી આ રેડ બાદ સ્થાનિક પોલીસની નિષ્ફળતા છતી થતાં રાજ્યના પોલીસ વડા દ્વારા ડાકોર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા બે હેડ કોન્સ્ટેબલને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવાનો હુકમ કરવામાં આવ્યો છે. આ કડક પગલાના કારણે ખેડા જિલ્લા પોલીસ બેડામાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. ગાંધીનગર વિજિલન્સની ટીમે ગત 17 તારીખે ડાકોર પોલીસ સ્ટેશનની હદમાં આવેલા સીમલજ ગામે બાતમીના આધારે એક ઓપરેશન હાથ ધર્યું હતું. સ્ટેટ મોનિટરિંગ સેલના અધિકારીઓએ ફિલ્મી ઢબે વિદેશી દારૂ ભરેલી ગાડીઓનો પીછો કરીને મોટી માત્રામાં ગેરકાયદેસર દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. વિજિલન્સની ટીમ દારૂ ભરેલી ગાડીઓનો પીછો કરી રહી.

# પાટણ મહાનગરપાલિકા બનવા પ્રક્રિયા શરૂ: 10 ગામોને પત્ર

(એજન્સી) પાટણ | તા.16

પાટણ નગરપાલિકાને ડિસેમ્બર-2027 સુધીમાં મહાનગરપાલિકા બનાવવાની પ્રક્રિયા વેગવંતી બની છે. આ પ્રક્રિયાના ભાગરૂપે, પાટણ નગરપાલિકાએ નજીકના 10 ગામોના સરપંચોને પત્રો પાઠવીને તેમની ગ્રામ પંચાયતો દ્વારા સંમતિ ઠરાવો કરીને પાલિકાને મોકલી આપવા જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે, થોડા સમય અગાઉ સરકારે પાટણ નગરપાલિકાને મહાનગરપાલિકાનો દરજ્જો આપવા માટે વિશેષ એજન્સીઓને શહેરનો સર્વે કરવા અને અહેવાલ રજૂ કરવા સૂચના આપી હતી. આ ઉપરાંત, પાટણ નગરપાલિકાએ પણ સવા વર્ષ પહેલાં, 21 માર્ચ, 2025ના રોજ ઠરાવ પસાર કરીને પાટણને મહાનગરપાલિકા બનાવવા માટે સરકારમાં દરખાસ્ત કરવાનો સર્વાનુમતે નિર્ણય કર્યો હતો. પાટણ નગરપાલિકાના ચીફ ઓફિસર હિરલબેન ઠાકરે અનાવાડા, સુજનીપુર, પાલડી, રૂની, બોરસણ, રાજપુર, માંડોત્રી, ધારપુર, કતપુર અને ખારીવાવડી સહિતના 10 ગામોના સરપંચોને આ પત્રો મોકલ્યા છે.

# અકસ્માત અને આપાતકાલીન પરિસ્થિતિઓમાં ઝડપી રાહત તથા પુનઃસ્થાપન કામગીરીને મળશે ગતિ

નરેન્દ્ર દવે જૂનાગઢ

ભાવનગર મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માની પ્રેરણાથી અને વરિષ્ઠ મંડળ યાંત્રિક ઇજનેરશ્રી સંતોષ કુમાર મિશ્રાના માર્ગદર્શન હેઠળ પશ્ચિમ રેલવે ના ભાવનગર મંડળ દ્વારા અકસ્માત વ્યવસ્થાપન અને આપદા પ્રતિસાદ ક્ષમતાને વધુ મજબૂત બનાવવાના દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. આ ક્રમમાં જેતલસર જંક્શન ખાતે રોડ મોબાઇલ એક્સિડન્ટ રિલીફ વાન (RMARV) ની વ્યૂહાત્મક રીતે તૈનાતી કરવામાં આવી છે.

આ અંગે માહિતી આપતા વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધકશ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે જેતલસર જંક્શનનું ભૌગોલિક સ્થાન અને ઉત્તમ માર્ગ જોડાણ તેને આવી આપાતકાલીન વ્યવસ્થા માટે અત્યંત યોગ્ય બનાવે છે. આ જંક્શન સુરેન્દ્રનગર-જેતલસર, જેતલસર-વેરાવળ અને જેતલસર-વાંસજાળિયા જેવા મહત્વપૂર્ણ રેલખંડોના મધ્યમાં આવેલું હોવાથી કોઈપણ અકસ્માત અથવા પાટા પરથી ટ્રેન ઉતરી જવાની ઘટના સર્જાય ત્યારે રાહત વાન ઓછામાં ઓછા સમયમાં ઘટનાસ્થળે પહોંચી શકે છે.

રોડ મોબાઈલ એક્સિડન્ટ રિલીફ વાનમાં અકસ્માત રાહત અને પુનઃસ્થાપન કામગીરી માટે જરૂરી આધુનિક સાધનો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. તેમાં લિફ્ટિંગ અને કટિંગ ટૂલ્સ, પોર્ટેબલ લાઈટિંગ વ્યવસ્થા, સંચાર સાધનો, જનરેટર તેમજ અન્ય આપાતકાલીન સામગ્રીનો સમાવેશ થાય છે, જેના દ્વારા અકસ્માતની સ્થિતિમાં ઝડપી રાહત અને પુનઃસ્થાપન કામગીરી સુનિશ્ચિત કરી શકાય છે.

શ્રી ત્રિપાઠીએ વધુમાં જણાવ્યું કે આ વાન ખાસ કરીને એવી પરિસ્થિતિઓમાં અત્યંત ઉપયોગી સાબિત થશે, જ્યાં રેલ માર્ગ દ્વારા સંચાલિત પરંપરાગત એસપીએઆરએમવી/એઆરટી (Self-Propelled Accident Relief Medical Van/Accident Relief Train) ને ઘટનાસ્થળે પહોંચવામાં તુલનાત્મક રીતે વધુ સમય લાગી શકે છે. આવા સંજોગોમાં, જ્યાં માર્ગ દ્વારા પહોંચવું શક્ય હોય, ત્યાં રોડ મોબાઈલ એક્સિડન્ટ રિલીફ વાન તરત જ ઘટનાસ્થળે પહોંચી પ્રાથમિક રાહત, બચાવ અને પુનઃસ્થાપન કામગીરી શરૂ કરી શકશે તેમજ ભારે રેલવે રાહત સંસાધનો પહોંચે ત્યાં સુધી અસરકારક સહયોગ પૂરો પાડી શકશે.

જેતલસર જંક્શન ખાતે આ વાનની તૈનાતીથી પશ્ચિમ રેલવેની આપદા વ્યવસ્થાપન તૈયારી વધુ મજબૂત બનશે, સંચાલન ક્ષમતામાં સુધારો થશે અને ટ્રેન સેવાઓમાં વિક્ષેપને ન્યૂનતમ રાખવામાં મદદ મળશે. આ પહેલ મુસાફરોની સુરક્ષા અને આપાતકાલીન પરિસ્થિતિઓમાં રેલવે સંચાલનની ઝડપી પુનઃસ્થાપના પ્રત્યે પશ્ચિમ રેલવેની પ્રતિબદ્ધતાને વધુ સશક્ત બનાવે છે.

### 40% કંપનીઓમાં ડિગ્રી+AI ધરાવતા લોકોને પ્રાધાન્ય; ચીને 12 હજાર ડિગ્રીઓ રદ કરી, AI કોર્સ શરૂ કર્યા

# રિપોર્ટ- 2030 સુધીમાં AIથી 22% નોકરીઓ પ્રભાવિત થશે

(એજન્સી) નવી દિલ્હી | તા.16

દેશમાં આઈટી, કાયદો, વાણિજ્ય, અનુવાદ, ડિઝાઈન અને પુસ્તકાલય વિજ્ઞાન જેવા ક્ષેત્રોમાં મોટો ઉલટફેર શરૂ થઈ ગયો છે. AIના ટૂલ્સે તે કાર્યોને કાં તો સમાપ્ત કરી દીધા છે અથવા ખૂબ જ સંકોચી દીધા છે, જેના માટે લાખો વિદ્યાર્થીઓ દર વર્ષે ડિગ્રીઓ મેળવે છે.

ટીમલીઝ જેવી મોટી એચઆર કંપનીનું કહેવું છે કે 40% કંપનીઓ 'હાઈબ્રિડ સ્કિલ' એટલે કે ડિગ્રીની સાથે AI ટૂલ્સની જાણકારીને ફરજિયાત માને છે. નેસ્કોમનો 2024નો રિપોર્ટ કહે છે કે દેશમાં 82% બીસીએ અને એમસીએ સ્નાતકોને AI ટૂલ્સની ઔપચારિક તાલીમ નથી.

વર્લ્ડ ઈકોનોમિક ફોરમના રિપોર્ટ અનુસાર, નોકરીઓ તે લોકો પાસે રહેશે જે AI ટૂલનો ઉપયોગ કરીને ઉત્પાદકતા 40% સુધી વધારી શકે છે.

આઈબીએમ ઈન્સ્ટિટ્યૂટ ફોર બિઝનેસ વેલ્યુનો રિપોર્ટ કહે છે કે AI લોકોની જગ્યા નહીં લે, પરંતુ જે AI નો ઉપયોગ કરે છે, તેઓ તેમની જગ્યા લઈ લેશે જેઓ આવું કરતા નથી. 'ફ્યુચર ઓફ જોબ્સ રિપોર્ટ 2025' અનુસાર, 2030 સુધીમાં 22% નોકરીઓ પ્રભાવિત થઈ શકે છે.

આ તરફ, ચીને 2021 અને 2025 વચ્ચે તેની યુનિવર્સિટીઓમાં 12,200 થી વધુ સ્નાતક (અંડરગ્રેજ્યુએટ) કાર્યક્રમો રદ અથવા સ્થગિત કર્યા, જ્યારે લગભગ 10,200 નવા કાર્યક્રમો શરૂ કર્યા.

**પરંપરાગત ડિગ્રી ધારકોનું શું થશે?** પરંપરાગત ડિગ્રીઓ સંપૂર્ણપણે નકામી નહીં થાય, પરંતુ તેમનું સ્વરૂપ અપ્રસ્તુત થઈ રહ્યું છે. જો ભણવાની રીત અને કન્ટેન્ટ ન બદલાય, તો તે ડિગ્રીઓની કોઈ કિંમત નહીં રહે. બજારમાં ફક્ત થિયરી કે ગોખણપટ્ટીવાળા સરેરાશ વિદ્યાર્થીઓની જરૂરિયાત સમાપ્ત થઈ રહી છે. અપગ્રેડ કરવું પડશે.

**જેઓ ડિગ્રી લઈ રહ્યા છે, તેઓ શું કરી શકે છે?** જે વિદ્યાર્થીઓ હજુ સેકન્ડ કે થર્ડ યરમાં છે, તેઓ લાઈવ પ્રોજેક્ટ પર કામ શરૂ કરે. AI ટૂલ્સનું પ્રોફેશનલ લાઈસન્સ લે, તેના પર 6 મહિના રાત-દિવસ કામ કરે અને સોફ્ટવેર કે વેબસાઈટ્સ બનાવે.

**જેઓ ડિગ્રી પૂરી કરી ચૂક્યા છે, તેઓ શું કરે?** સૌથી શ્રેષ્ઠ રસ્તો છે - ઈન્ટર્નશિપ અને પ્રેક્ટિકલ પ્રોજેક્ટ્સ. જો તમને કોઈ મોટી કંપનીમાં તક ન મળી રહી હોય, તો નાના સ્ટાર્ટઅપ, એનજીઓ અથવા તમારા સ્થાનિક વિસ્તારની કોઈ ફેક્ટરી કે દુકાન પાસે જાઓ. તેમની સમસ્યાઓને સમજો અને AI થી તેમને ઉકેલો.

**'ગ્રેજ્યુએશન'ની વેલ્યુ કેટલી રહેશે?** ભારતમાં હાલમાં નોકરીની અરજીઓ શોર્ટલિસ્ટ કરવા માટે ગ્રેજ્યુએશનની 'સ્ટેમ્પિંગ' જરૂરી છે અને આ સ્થિતિ આગામી 3 થી 5 વર્ષ સુધી યથાવત રહેશે. પરંતુ આ પછી નવી શિક્ષણ નીતિ (NEP)નો '5.5 ક્રેડિટ સ્કોર' તેને બદલી નાખશે, જ્યાં પ્રેક્ટિકલ કામ અને પ્રોફેશનલ કોર્સિસ દ્વારા ગુણ મળશે. આવનારા સમયમાં લોકો પૂછશે કે તમે '5.5 સ્કેલર' છો કે નહીં. ટેક વર્લ્ડમાં પહેલી નોકરી પછી કોઈ તમારી ડિગ્રી નહીં પૂછે.




**આવી સ્થિતિમાં જોબ મેળવવાનો સારો રસ્તો શું?** સૌથી સારો રસ્તો એ છે કે તમે '10x એન્જિનિયર' અથવા '10x પ્રોફેશનલ' બનો, એટલે કે જે એકલા 10 સામાન્ય લોકોનું કામ સંભાળી શકે. જો તમે AIની મદદથી કોઈ કંપનીનો સમય અને ખર્ચ બચાવી શકો છો, તો જ્યાં પહેલા 5 લાખ રૂ.નું શરૂઆતી પેકેજ મળતું હતું, ત્યાં આજે કંપનીઓ 25 લાખ રૂ.નો શરૂઆતી પગાર આપવા તૈયાર છે. કંપનીઓને 'સરેરાશ' લોકો નહીં, પરંતુ કામના લોકો જોઈએ છે.

**AI કોર્સિસથી જોબના દાવા સાચા છે?** બિલકુલ નહીં. ખૂણે-ખૂણે ચાલતી કોઈપણ સંસ્થામાંથી AIનું સર્ટિફિકેટ લઈ લેવાથી નોકરીની કોઈ ગેરંટી મળતી નથી. AI સર્ટિફિકેટ સીવીને શોર્ટલિસ્ટ થવામાં મદદ કરી શકે છે, પરંતુ નોકરી ત્યારે જ મળશે જ્યારે મૂળભૂત યોગ્યતા હશે, AIનું વ્યવહારિક જ્ઞાન હશે અને એસેસમેન્ટ ટેસ્ટ ક્લિયર કરશો.

**એન્ટ્રી લેવલ એટલે કે ફ્રેશર્સની જોબ્સ પર તેની શું અને કેટલી અસર પડી રહી છે?** શરૂઆતના તબક્કામાં દબાણ ચોક્કસ છે કારણ કે જે મૂળભૂત કામ પહેલા 10 લોકો મળીને કરતા હતા, તે હવે બે લોકો AIની મદદથી પતાવી રહ્યા છે. ઈન્ફોસિસ, વિપ્રો અને ટીસીએસ જેવી પરંપરાગત કંપનીઓએ શરૂઆતમાં ફ્રેશર્સની ભરતી રોકી અથવા ટાળી છે. પરંતુ આ ફક્ત શોર્ટ-ટર્મ ટ્રેન્ડ છે, લોંગ-ટર્મમાં જોબ માર્કેટમાં નેટ એડિશન (નોકરીઓમાં વધારો) જ થવાનો છે.

**જ્યારે આઈટી કંપનીઓ ભરતીઓ રોકી રહી છે, તો નવા યુવાનોને જોબ ક્યાં મળશે?** ભારતમાં આ સમયે ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ એટલે કે જીસીસી (GCCs) નો પૂર આવ્યો છે. દેશમાં 4000 થી વધુ જીસીસી છે અને દર અઠવાડિયે બે નવા સેન્ટર ખુલી રહ્યા છે. આ સેન્ટર્સ AI સ્કિલ્સ ધરાવતા યુવાનોને ખૂબ જ ભારે પેકેજ અને ઊંચા પગાર પર હાયર કરી રહ્યા છે. આ ઉપરાંત ધીમે ધીમે પરંપરાગત કંપનીઓમાં પણ નિમણૂકો ફરીથી ખુલવા લાગી છે.

**શું AI માણસોને સંપૂર્ણપણે બદલી નાખશે, શું તેનો ખર્ચ માણસો કરતાં ઓછો છે?** વૈશ્વિક સંગઠનોને સમજાવા લાગ્યું છે કે AI નો ખર્ચ (ટોકન અને GPU પ્રોસેસિંગ ખર્ચ) માનવીય ખર્ચ કરતાં ઓછો નથી. ઘણા સ્ટાર્ટઅપ્સનું AI બિલ એટલું વધારે આવી રહ્યું છે કે તેઓ AI ટૂલ્સને બદલે બે માણસોને હાયર કરવાનું વધુ સારું સમજી રહ્યા છે. આ ઉપરાંત, જે કાર્યોમાં માનવીય નિર્ણય અને લોકો સાથે જોડાણની જરૂર હોય છે, ત્યાં AI ક્યારેય બદલી શકતું નથી.

**તે કઈ માનવીય વિશેષતાઓ અને ક્ષેત્રો છે, જ્યાં માણસો જ સૌથી આગળ રહેશે?** AI ના યુગમાં ચાર માનવીય ગુણો સૌથી કિંમતી બની ગયા છે - એગ્રીગેશન એબિલિટી (વસ્તુઓને એકબીજા સાથે જોડવાની સમજ), ડિસિઝન મેકિંગ (નિર્ણય ક્ષમતા), હાઈ EQ (ઈમોશનલ કોશન્ટ) અને પોતાની વાતને અસરકારક રીતે રજૂ કરવાની કળા. જો સેક્ટર્સની વાત કરીએ તો, હોસ્પિટાલિટી, ડેટા સાયન્સ, સેલ્સ અને AI-આસિસ્ટેડ સ્પેશિયાલિસ્ટ્સ (જેમ કે ડોક્ટર કે જર્નાલિસ્ટ જે AI જાણતા હોય) ની ભૂમિકાઓ હંમેશા સુરક્ષિત અને મજબૂત રહેશે.

## ચાંદી ₹8,429 વધીને ₹2.51 લાખ પર પહોંચી

### આ વર્ષે કિંમત ₹21 હજાર વધી, સોનું આજે ₹2,369 મોંઘું થઈને ₹1.50 લાખ/10gm થયું

(એજન્સી) નવી દિલ્હી | તા.16

સોના-ચાંદીના ભાવમાં 15 જૂને તેજી જોવા મળી છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, એક કિલો ચાંદી 8,429 રૂપિયા વધીને 2.51 લાખ રૂપિયા પર પહોંચી ગઈ. આ પહેલા તેની કિંમત 2.43 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી. જ્યારે, 10 ગ્રામ 24 કેરેટ સોનું 2,369 રૂપિયા વધીને 1.50 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે.



સોના-ચાંદીમાં આ તેજી અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ વાટાઘાટો ફરી શરૂ થવાથી આવી છે. આનાથી ક્રૂડ ઓઈલની કિંમતો ઘટી છે, મોંઘવારીનો ડર ઓછો થયો અને ડોલર નબળો પડ્યો, જેના કારણે રોકાણકારો સોના-ચાંદી તરફ પાછા ફર્યા છે.

આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં અત્યાર સુધીમાં 17 હજાર રૂપિયા અને ચાંદી 21 હજાર રૂપિયા મોંઘી થઈ છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયા પર હતું, જે હવે 1.50 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. જ્યારે, ચાંદી 31 ડિસેમ્બર 2025ના રોજ 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે 2.51 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે.

હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS)નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સ્ત્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) થી ક્રોસ ચેક કરો.

## શેરબજારની હેટ્રિક રોકાણકારોને પૈસાનો ભરાવો લાવે છે, 3 દિવસમાં 20 લાખ કરોડ રૂપિયા કમાયા



(એજન્સી) મુંબઈ | તા.16

યુએસ-ઈરાન સોદાની જાહેરાત બાદ, રોકાણકારોના સકારાત્મક વલણે નિફ્ટી50 અને સેન્સેક્સને ઉપર તરફ ધકેલી દીધા. નિફ્ટી50 0.57 ટકા અથવા 135.25 પોઈન્ટ વધીને 23,995 પર બંધ થયો, અને સેન્સેક્સ 544.15 પોઈન્ટ અથવા 0.71 ટકા વધીને 76,808.48 પર પહોંચ્યો. નિફ્ટી50 ઈન્ડેક્સમાં HCLTech, Tata Consumer Products અને Bajaj Finserv સૌથી વધુ વધ્યા હતા. વ્યાપક બજારમાં, નિફ્ટી મિડકેપ અને નિફ્ટી સ્મોલકેપ અનુક્રમે 0.41 ટકા અને 0.42 ટકાના વધારા સાથે બંધ થયા. મંગળવાર, 16 જૂનના રોજ, દલાલ સ્ટ્રીટ પર સતત ત્રીજા સત્રમાં તેજીનો ટ્રેન્ડ ચાલુ રહ્યો. રોકાણકારોએ યુએસ-ઈરાન શાંતિ સોદા અને ત્યારબાદ ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડાને આવકાર્યો, જેના કારણે ફુગાવા અને વૃદ્ધિ અંગેની ચિંતાઓ ઓછી થઈ છે. બીએસઈ સેન્સેક્સ ૫૪૪ પોઈન્ટ અથવા ૦.૭૧% વધીને ૭૬,૮૦૯ પર બંધ થયો, જ્યારે એનએસઈ નિફ્ટી ૫૦ ૧૩૫.૨૫ પોઈન્ટ અથવા ૦.૫૭% વધીને ૨૩,૯૮૯ પર બંધ થયો.

## જિઓન દ્વારા ગુજરાતના ખાવડામાં 2.88 GWh બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ પ્રોજેક્ટનું સફળતાપૂર્વક અમલીકરણ

મુંબઈ : કાબરા એક્સ્ટ્રુઝનટેકનિક લિમિટેડના ફ્યુચર ટેક્નોલોજીઝ વિભાગ જિઓન (GEON) એ ગુજરાતના ખાવડામાં 2.88 GWh ક્ષમતાવાળી **બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ (BESS)**ના એકીકરણ અને કમિશનિંગનું કાર્ય માત્ર પાંચ મહિનામાં સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે. આ પ્રોજેક્ટ ભારતના સૌથી મોટા યુટિલિટી-સ્કેલ BESS સ્થાપનોમાંનો એક છે અને હવે સંપૂર્ણપણે વ્યાવસાયિક કામગીરી માટે કાર્યરત છે.આ સ્થાપના ખાવડામાં વિકસતી નવીનીકરણીય ઊર્જા માળખાકીય સુવિધાઓનો એક મહત્વપૂર્ણ ભાગ છે. ખાવડા ભારતના અગ્રણી સ્વચ્છ ઊર્જા કેન્દ્રોમાંથી એક તરીકે ઉભરી રહ્યું છે. જિઓનના કાર્યક્ષેત્રમાં સિસ્ટમ ઈન્ટિગ્રેશન, અમલીકરણ, પરીક્ષણ અને કમિશનિંગનો સમાવેશ થતો હતો, જેમાં **પાવર કન્ડિશનિંગ સિસ્ટમ્સ (PCS), ટ્રાન્સફોર્મર્સ અને અદ્યતન એનર્જી મેનેજમેન્ટ સિસ્ટમ્સ (EMS)**નું એકીકરણ પણ સામેલ હતું.જિઓન - ગ્રીન એનર્જી ઓનના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર આનંદ કાબરાએ જણાવ્યું હતું કે, "ખાવડા પ્રોજેક્ટ એ દર્શાવે છે કે ભારતમાં ઊર્જા સંગ્રહ માટેની માળખાકીય સુવિધાઓ કેટલી ઝડપથી વિસ્તરી રહી છે. બેટરી સ્ટોરેજ હવે માત્ર સહાયક ટેક્નોલોજી નથી, પરંતુ ગ્રિડ સ્તરે સ્વચ્છ વીજળીના સંચાલન અને વિતરણ માટે એક કેન્દ્રિય ઘટક બની રહી છે. અમે આ પ્રોજેક્ટ સમયસર પૂર્ણ કર્યો તે બદલ ગર્વ અનુભવીએ છીએ અને આગામી સમયમાં પણ આ ગતિ જાળવી રાખવા આતુર છીએ." જિઓનના સીઈઓ - એનર્જી સ્ટોરેજ, સૌરભ જૈનએ જણાવ્યું હતું કે, "જિઓને નોડલ એજન્સી તરીકે 2.88 GWh BESS ખાવડા પ્રોજેક્ટનું સફળતાપૂર્વક અમલીકરણ કર્યું છે અને સમગ્ર કાર્યક્ષેત્ર માત્ર પાંચ મહિનાના નોંધપાત્ર સમયગાળામાં પૂર્ણ કર્યો છે. આ સિદ્ધિ મજબૂત આયોજન, કાર્યક્ષમ અમલીકરણ અને એન્જિનિયરિંગ તથા સાઈટ પરની ટીમો વચ્ચેના સુમેળપૂર્ણ સંકલનનું પ્રતિબિંબ છે. આ મહત્વપૂર્ણ સિદ્ધિ મોટા પાયાના ઊર્જા સંગ્રહ પ્રોજેક્ટ્સને ઝડપ, ચોકસાઈ અને ઉચ્ચ ગુણવત્તાના ધોરણો સાથે અમલમાં મૂકવાની જિઓનની ક્ષમતાને ઉજાગર કરે છે. ભારતની નવીનીકરણીય ઊર્જા ક્ષમતા સતત વધી રહી છે ત્યારે આવી માળખાકીય સુવિધાઓ તે ક્ષમતાને વિશ્વસનીય અને જરૂરિયાત મુજબ ઉપલબ્ધ બનાવવા માટે અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે."ભારતમાં નવીનીકરણીય ઊર્જા સંબંધિત લક્ષ્યાંકો અને ગ્રિડ સંતુલન માટે વધતી જરૂરિયાતને ધ્યાનમાં રાખીને બેટરી સ્ટોરેજ ક્ષેત્રમાં રોકાણો ઝડપથી વધી રહ્યા છે. આ પરિસ્થિતિમાં આ પ્રોજેક્ટનું મહત્વ વધુ વધે છે. જિઓનની લાંબા ગાળાની વ્યૂહરચનામાં દેશમાં જ BESSનું ઉત્પાદન કરવાનો સમાવેશ થાય છે. ભવિષ્યની માંગને પહોંચી વળવા અને ભારતના ઊર્જા સંગ્રહ ઈકોસિસ્ટમને વધુ મજબૂત બનાવવા માટે કંપની ગીગાફેક્ટરી સ્થાપવાની યોજનાઓ પર પણ કામ કરી રહી છે.

## જીએસટીમાં કરાયેલી કપાત બાદ વાહનોના વેચાણમાં સતત વૃદ્ધિ

મુંબઈ : સમાપ્ત થયેલા મેમાં ઓટો ઉત્પાદક કંપનીઓ ખાતેથી ડીલરો ખાતે ઊતારૂ વાહનોની રવાનગી વાર્ષિક ધોરણે ૨૭ ટકાથી વધુ રહી હોવાનું જોવા મળ્યું છે. ગયા વર્ષના સપ્ટેમ્બરમાં સરકારે ગુડસ એન્ડ સર્વિસીઝ ટેકસ (જીએસટી)માં કપાત કર્યા બાદ વાહનોની માગમાં સતત વૃદ્ધિ જોવા મળી રહી છે.

મેમાં ઊતારૂ વાહનોની રવાનગી ૨૭.૩૦ ટકા વધી ૪,૩૮,૮૫૪ એકમ રહી હોવાનું સોસાયટી ઓફ ઈન્ડિયન ઓટોમોબાઈલ મેન્યુફેકચરર્સ (સિઅમ)ના ડેટા જણાવે છે. મે ૨૦૨૫માં ઊતારૂ વાહનોની રવાનગીનો આંક ૩,૪૪,૬૫૬ એકમ રહ્યો હતો. ટુ વ્હીલર્સની રવાનગીનો આંક ૧૪.૮૦ ટકા વધી ૧૯,૦૨,૨૦૯ રહ્યો હતો જે ગયા વર્ષના મેમાં ૧૬,૫૭,૧૧૬ જોવા મળ્યો હતો. વર્તમાન વર્ષના મેમાં ઊતારૂ વાહનો, થ્રી વ્હીલર્સ તથા ટુ વ્હીલર્સના વેચાણમાં દ્વીઅંકી વૃદ્ધિ જોવા મળી છે એમ સિઅમના ડાયરેકટર જનરલ રાજેશ મેનને એક નિવેદનમાં જણાવ્યું હતું.

જીએસટીમાં ઘટાડા ઉપરાંત સરળ ફાઈનાન્સિંગને કારણે વાહનોની હોલસેલ રવાનગીમાં વધારો જોવા મળ્યો છે. ડીલરોને થ્રી વ્હીલર્સની રવાનગીમાં ૩૧ ટકા વધારો થઈ ૭૦૭૨૦ એકમ રહી છે, જે ગયા વર્ષના મેમાં ૫૩૯૪૨ એકમ જોવા મળી હતી. વાહનોની એકંદર રવાનગી મેમાં ૧૬.૮૦ ટકા વધી ૨૩,૫૨,૬૯૩ એકમ રહી હતી જે ગયા વર્ષના મેમાં ૨૦,૧૪,૧૫૮ એકમ જોવા મળી હતી એમ પણ સિઅમના ડેટામાં વધુમા જણાવાયું હતું. આ અગાઉ મેના જાહેર થયેલા રિટેલ આંકમાં ગયા વર્ષના મેની સરખામણીએ વર્તમાન વર્ષના સમાન મહિનામાં વાહનોના એકંદર વેચાણમાં ૯.૫૦ ટકા વૃદ્ધિ સાથે વેચાણ આંક ૨૫,૩૧,૦૬૭ રહ્યાનું જણાવાયું હતું.

## ઘરકામમાંથી મુક્તિ: LG ની નવી AI ઈકોસિસ્ટમ ભારતીય ગ્રાહકો માટે નવી સુવિધા લાવશે

(એજન્સી) મુંબઈ | તા.16

LG ઈલેક્ટ્રોનિક્સ (LG) એ 'AI હોમ' અનુભવો માટે તેમનો દ્રષ્ટિકોણ રજૂ કર્યો છે, જેમાં તેમણે 'ઝીરો લેબર હોમ' તરફના રોડમેપ વિશે જણાવ્યું છે, જ્યાં ઈન્ટેલિજન્ટ ટેકનોલોજી ઘરના દૈનિક કામકાજમાં લાગતી મહેનતને સક્રિયપણે ઘટાડે છે અને રોજિંદા જીવનને વધુ સરળ બનાવે છે.આ દ્રષ્ટિકોણના કેન્દ્રમાં LG નો એવો વિશ્વાસ છે કે, ભવિષ્યનું ઘર માત્ર ઉપકરણોને જોડનારું જ નહીં, પરંતુ લોકોને સમજનારું, તેમની જરૂરિયાતોને અગાઉથી પારખનારું અને તેમની વતી કામ કરનારું હોવું જોઈએ. આ દ્રષ્ટિકોણને સાકાર કરવા માટે, LG ત્રણ મુખ્ય સ્તંભો પર આધારિત એક 'AI હોમ' ઈકોસિસ્ટમ બનાવી રહ્યું છે: AI-સંચાલિત ઉપકરણો, ThinQ AI ઓર્કેસ્ટ્રેશન અને સ્વાયત્ત હોમ રોબોટ્સ. આ ટેકનોલોજીઓ મળીને 'ThinQ AI યુનિવર્સ'નો પાયો રચે છે, જે LG ની સ્વાયત્ત, અત્યંત-જોડાયેલ અને વ્યક્તિગત જરૂરિયાતોને અનુરૂપ એવી સ્પેશિયલ ઓપરેટિંગ સિસ્ટમ છે. દાયકાઓના હાર્ડવેર નવીનતાઓ પર આધારિત અને LG ની 'એફેક્શનેટ ઈન્ટેલિજન્સ' દ્વારા સંચાલિત આ ઈકોસિસ્ટમ ઘરની દિનચર્યાને સમજવા, ઉપકરણોનું સુમેળભર્યું સંકલન કરવા અને અંતે ઘરકામની રોજિંદી મુશ્કેલીઓને દૂર કરવા માટે તૈયાર કરવામાં આવી છે. ત્રણ મુખ્ય સ્તંભો પર આધારિત પરિવર્તન : LG નો 'AI હોમ' દ્રષ્ટિકોણ ત્રણ પરસ્પર જોડાયેલા તકનીકી સ્તંભો પર આધારિત છે, જે સાથે મળીને વધુ સ્માર્ટ અને સ્વાયત્ત જીવનશૈલીનું નિર્માણ કરે છે:AI-સંચાલિત ઉપકરણો: LG ના આગામી પેઢીના ઉપકરણો AI-સક્ષમ હાર્ડવેર ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. LG ની મૂળ ટેકનોલોજીમાં AI ને સંકલિત કરીને, આ ઉપકરણો વપરાશની પેટર્ન સમજવા, કામગીરીને શ્રેષ્ઠ બનાવવા અને વ્યક્તિગત કાળજી પૂરી પાડવા માટે સક્ષમ છે. ઉદાહરણ તરીકે, રેફ્રિજરેટર્સ ઘરની દિનચર્યાને શીખી શકે છે અને તાજગી જાળવવા તેમજ ઊર્જાનો વપરાશ ઘટાડવા માટે કુલિંગ પ્રક્રિયાને સક્રિયપણે સંચાલિત કરી શકે છે. ThinQ AI ઓર્કેસ્ટ્રેશન: 'ThinQ AI ઓર્કેસ્ટ્રેશન' એ AI હોમના ઉપકરણો માટે મગજ જેવું કામ કરે છે. તે એક કેન્દ્રિય પ્લેટફોર્મ દ્વારા તમામ ઉપકરણો, સેવાઓ અને વિવિધ જગ્યાઓનું એકસાથે સંકલન અને સંચાલન કરે છે. આ સિસ્ટમ માત્ર ઉપકરણોને જોડવા પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે ઘરની દિનચર્યાને સમજીને, તમારી જરૂરિયાતોને અગાઉથી પારખીને અને કુદરતી સંવાદ દ્વારા તમને એક અદભૂત અને વ્યક્તિગત અનુભવ આપે છે.સ્વાયત્ત હોમ રોબોટ્સ: બુદ્ધિમત્તાને ભૌતિક દુનિયામાં વિસ્તૃત કરતા આ સ્વાયત્ત હોમ રોબોટ્સ AI-સંચાલિત સહાયક તરીકે કાર્ય કરે છે, જે ઘરના કામકાજ કરવામાં અને તમારી સાથે સીધો સંવાદ કરવામાં સક્ષમ છે. LG ની CLOi જેવી પ્રોડક્ટ્સ ઘરમાં 'ફિઝિકલ AI' ના LG ના દ્રષ્ટિકોણને રજૂ કરે છે, જે 'ઝીરો લેબર હોમ' ના ખ્યાલને વાસ્તવિકતામાં બદલવામાં મદદ કરે છે.

## માઝા મૂકતી મોંઘવારી: જથ્થાબંધ ફુગાવો 9.68 ટકાએ પહોંચ્યો

નવી દિલ્હી : ભારતમાં મોંઘવારી માઝા મૂકી રહી છે. રિટેલ ફુગાવો ૧૬ મહિનાના ઊંચા સ્તર ૩.૯૮ પર પહોંચ્યા પછી હવે જથ્થાબંધ ફુગાવો પણ મેમાં ડબલ ફિગરની નજીક ૯.૬૮ ટકાએ પહોંચી ગયો છે, એપ્રિલેમાં જથ્થાબંધ ફુગાવો ૮.૨૬ ટકા પર હતો. જો કે આ વખતે ફુગાવાની ગણતરીમાં આધાર વર્ષ ૨૦૧૧-૧૨થી બદલીને ૨૦૨૨-૨૩ કરવામાં આવ્યું છે અને ૬૯૭ના બદલે ૯૫૭ ચીજવસ્તુનો સમાવેશ કરાયો છે.

જથ્થાબંધ ફુગાવામાં વધારો થવાનું મુખ્ય કારણ ખાડીયુદ્ધના કારણે ઈંધણ, વીજળી અને મિનરલ ઓઈલના ભાવમાં થયેલો વધારો છે. સરકારે અર્થતંત્રનું બદલાતું સ્વરૂપ જોતાં જથ્થાબંધ ફુગાવાના બાસ્કેટમાં પણ ફેરફાર કર્યા છે. તેમા પહેલા વખત સૌર ઉર્જા અને પવન ઉર્જાથી ચાલતા સ્ત્રોતોનો સમાવેશ કરાયો છે. તેની સાથે પરમાણુ વીજળીને પણ બાસ્કેટમાં સ્થાન મળ્યું છે.

આ ઉપરાંત કાચા પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસને હવે પ્રાથમિક વસ્તુઓમાંથી દૂર કરીને ઈંધણ અને વીજળી સમૂહમાં સામેલ કરવામાં આવ્યા છે. વજન નક્કી કરવા માટે ગ્રોસ વેલ્યુ ઓફ આઉટપુટનો ઉપયોગ કરવામાં આવે છે, જે સ્થાનિક ઉત્પાદનને વધુ ચોકસાઈપૂર્વક દર્શાવે છે. આ ઉપરાંત ભારતે વૈશ્વિક માપદંડો અને આઈએમએફની ભલામણોને અપનાવતા હવે પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સ (પીપીઆઈ)નો પ્રારંભ કરી રહ્યુ છે. આગામી પાંચ વર્ષ સુધી ડબલ્યુપીઆઈ અને પીપીઆઈ બંને હશે, પછી ડબલ્યુપીઆઈ બંધ કરવામાં આવશે. પ્રથમ તબક્કામાં સાત મુખ્ય સેવાઓ માટે સર્વિસ પીપીઆઈ જારી કરવામાં આવ્યો છે.

## ટર્ટલમિન્ટ ફિનટેક સોલ્યુશન્સ લિમિટેડની પ્રારંભિક જાહેર ઓફર શુક્રવાર, ૧૯ જૂન, ૨૦૨૬ ના રોજ ખુલશે

(એજન્સી) નવી દિલ્હી | તા.16

ટર્ટલમિન્ટ ફિનટેક સોલ્યુશન્સ લિમિટેડ ('કંપની') 19 જૂન, 2026 ના રોજ ઈક્વિટી શેર્સની તેની પ્રારંભિક જાહેર ઓફરના સંદર્ભમાં બિડ/ઓફર ખોલશેઓફરનો પ્રાઈસ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર 144 થી 152 પર નક્કી કરવામાં આવ્યો છે. ('પ્રાઈસ બેન્ડ').ઓછામાં ઓછા 98 ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ 98 ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકાય છે.પ્રતિ શેર 1 ની ફેસ વેલ્યુવાળા ઈક્વિટી શેર્સની પ્રારંભિક જાહેર ઓફરમાં 6,607.22 મિલિયન ( 660.72 કરોડ) સુધીના નવા ઈક્વિટી શેર અને 1 ની ફેસ વેલ્યુવાળા 14,601,846 ઈક્વિટી શેરનો વેચાણ માટે ઓફરનો સમાવેશ થાય છે.એન્કર ઈન્વેસ્ટર બિડિંગ તારીખ ગુરુવાર, 18 જૂન, 2026 રહેશે. બિડ/ઓફર શુક્રવાર, 19 જૂન, 2026 ના રોજ ખુલશે અને 23 જૂન, 2026 ના રોજ મંગળવારના રોજ બંધ થશે. ઈક્વિટી શેર્સ સ્ટોક એક્સચેન્જ પર લિસ્ટેડ થવાનો પ્રસ્તાવ છે, જેમાં BSE લિમિટેડ ('BSE') અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ ('NSE', અને BSE સાથે મળીને, 'સ્ટોક એક્સચેન્જ')નો સમાવેશ થાય છે. ઓફરના હેતુઓ માટે, નિયુક્ત સ્ટોક એક્સચેન્જ NSE હશે. ICICI સિક્યોરિટીઝ લિમિટેડ, જેફરીઝ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, JM ફાઈનાન્શિયલ લિમિટેડ અને મોતીલાલ ઓસ્વાલ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર્સ લિમિટેડ આ ઓફર ('BRLMs') ના બુક રનિંગ લીડ મેનેજર છે.અહીં ઉપયોગમાં લેવાયેલા પરંતુ વ્યાખ્યાયિત ન કરાયેલા બધા કેપિટલાઈઝ્ડ શબ્દોનો અર્થ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસમાં દર્શાવેલ અર્થ જેવો જ હશે.




## ઉજ્જીવન સ્મોલ ફાઈનાન્સ બેંકે FCNR(B) ડિપોઝિટના દરો વધારીને વાર્ષિક 7.13 ટકા સુધી કર્યાં, એનઆરઆઈ બેંકિંગ ઓફરિંગને મજબૂત કરી

(એજન્સી) નવી દિલ્હી | તા.16

FCNR(B) ડિપોઝિટ દ્વારા વિદેશી ચલણના પ્રવાહને વધુ સરળ બનાવવા માટે ભારતીય રિઝર્વ બેંક દ્વારા તાજેતરમાં લેવાલેયાં પગલા ભારતની એક્સટર્નલ સેક્ટર પોઝિશનને મજબૂત કરવા તથા ફોરેન એક્સચેન્જ લિક્વિટિડી વધારવાની દિશામાં એક સક્રિય અને દૂરંદેશીભર્યો અભિગમ સૂચવે છે. આ પહેલથી નોન-રેસિડેન્ટ ઈન્ડિયન્સ (એનઆરઆઈ)ની વધુ ભાગીદારીને પ્રોત્સાહન મળવાની આશા છે તેમજ દેશના વ્યાપક આર્થિક વૃદ્ધિના લક્ષ્યોને પણ સપોર્ટ મળશે. આ અંગે પ્રતિક્રિયા આપતાં ઉજ્જીવન સ્મોલ ફાઈનાન્સ બેંકના રિટેઈલ લાયાબિલિટીઝ, ટીએએસસી અને ટીપીપીના વડા હિતેન્દ્ર ઝાએ કહ્યું હતું કે, "આરબીઆઈનો નિર્ણય યોગ્ય સમયે ભરાયેલું પગલું છે, જે ભારતની ફાઈનાન્સિયલ સિસ્ટમમાં વિશ્વાસ વધારે છે તેમજ ભારતની વૃદ્ધિની સફરમાં ભાગીદાર બનવા માટે એનઆરઆઈને સારી તક આપે છે. આ પહેલથી બેંકિંગ સિસ્ટમમાં સ્થિર ફોરેન કરન્સી ઈનફ્લોની આશા છે, જેનાથી નાણાકીય સ્થિરતાને સપોર્ટ મળશે તથા ભારતની બાહ્ય સ્થિતિને મજબૂતાઈ મળશે. ઉજ્જીવન એસએફબી ખાતે અમે ગ્રાહકો માટે લાંબાગાળે મૂલ્ય સર્જન કરતાં ઈનોવેટિવ અને ગ્રાહક-કેન્દ્રિત બેંકિંગ સોલ્યુશન્સ દ્વારા આરબીઆઈના વિઝનને સપોર્ટ કરવા માટે તેમજ ભારતની આર્થિક પ્રગતિમાં અર્થસભર યોગદાન આપવા માટે કટીબદ્ધ છીએ." મૂલ્ય સંચાલિત સોલ્યુશન્સ ડિલિવર કરવાની પોતાની કટીબદ્ધતાને ભાગરૂપે ઉજ્જીવન એસએફબી હાલમાં 3થી5 વર્ષની મુદત માટે USD FCNR(B) ડિપોઝિટ ઉપર વાર્ષિક 7.3 ટકા ઓફર કરે છે, જે ઈન્ડસ્ટ્રીમાં સૌથી સ્પર્ધાત્મક દરો પૈકીના એક છે.

## એમેઝોન (Amazon) ભારતીય વિક્રેતાઓને ભારત અને વિશ્વભરમાં સફળ થવામાં મદદ કરવા માટે AI-આધારિત નવીનતાઓ લાવી રહ્યું છે

નવી દિલ્હી : SMBhav 2025 માં રજૂ કરાયેલા વિઝનને આગળ વધારતા, એમેઝોન પર વેચાણને AI દ્વારા વધુ સરળ બનાવવા માટે, એમેઝોન ઈન્ડિયાએ આજે જણાવ્યું કે કેવી રીતે તેમનું AI-સંચાલિત 'સેલર આસિસ્ટન્ટ' લાખો ભારતીય વિક્રેતાઓના બિઝનેસ ચલાવવાની અને વધારવાની રીત બદલી રહ્યું છે. આ આસિસ્ટન્ટ અંગ્રેજી અને હિંગ્લિશમાં 24x7 ઉપલબ્ધ છે. એમેઝોન બેડરોક (Amazon Bedrock) પર બનેલું અને એમેઝોન નોવા (Amazon Nova) ફાઉન્ડેશન મોડલ્સ તેમજ એન્થ્રોપિક ક્લાઉડ (Anthropic Claude) દ્વારા સંચાલિત, સેલર આસિસ્ટન્ટ વિક્રેતાઓને વ્યક્તિગત માર્ગદર્શન આપે છે, પ્રશ્નોના જવાબ આપે છે અને રોજિંદા બિઝનેસના નિર્ણયો લેવામાં મદદ કરે છે. અભિજિત કામરા, ડિરેક્ટર સેલર એક્સપિરિયન્સ, ઈમર્જિંગ માર્કેટ્સ - પ્રોડક્ટ, AI અને સ્માર્ટ કોમર્સ, જણાવે છે: 'આપણે એવા યુગમાં પ્રવેશી રહ્યા છીએ જ્યાં AI એ માત્ર અપનાવવાની કોઈ વિશેષતા નથી; તે તમારી પાસે પહેલેથી જ રહેલી એક અત્યંત કુશળ ટીમ છે. આજે એક નાના રૂમમાંથી કામ કરતા વિક્રેતા પાસે પણ વિશ્વના સૌથી મોટા કોમર્સ ઓપરેશન્સ ચલાવવાની ટેક્નોલોજી ઉપલબ્ધ છે. સરકારના 'ઈન્ડિયાAI મિશન' (IndiaAI Mission) ના વિઝન સાથે સુમેળ સાધીને, અમે 2030 સુધીમાં 15 મિલિયન (દોઢ કરોડ) વ્યવસાયો સુધી AI ક્ષમતાઓ પહોંચાડવા માટે પ્રતિબદ્ધ છીએ. શરૂઆતના પરિણામો દર્શાવે છે કે AI નો ઉપયોગ કરતા વિક્રેતાઓ તેમના રોજિંદા કામમાં 70% સમય બચાવી રહ્યા છે.'પ્રાઈમ ડે 2026 અને AI ની ભૂમિકા : પ્રાઈમ ડે 2026 પહેલા, એમેઝોન ભારતમાં AI-આધારિત વેચાણના નવા યુગની શરૂઆત કરી રહ્યું છે.કેટેલોગ અને લિસ્ટિંગ: AI એક જ ફોટો અથવા URL પરથી પ્રોડક્ટના નામ અને વર્ણન જાતે જ જનરેટ કરે છે, અને 70% જેટલી માહિતી આપમેળે ભરી દે છે- જેનાથી કલાકોનું કામ મિનિટોમાં થઈ જાય છે. ઈન્વેન્ટરી મેનેજમેન્ટ: મશીન લર્નિંગ (ML) દ્વારા સંચાલિત ભલામણો વિક્રેતાઓને સ્ટોક જાળવવામાં અને લોજિસ્ટિક્સ મેનેજ કરવામાં મદદ કરે છે. જાહેરાત અને વેચાણ વૃદ્ધિ: એમેઝોનનો CODE પ્રોગ્રામ અને એમેઝોન વાઈન (Amazon Vine) વિક્રેતાઓને સારી જાહેરાતો બનાવવા અને ગ્રાહકોનો વિશ્વાસ જીતવામાં મદદ કરે છે. વૈશ્વિક વિસ્તરણ માટે AI માર્ગદર્શન : જે ભારતીય વિક્રેતાઓ પોતાનો બિઝનેસ ગ્લોબલ પ્રાઈમ ડે દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરે વિસ્તારવા માગે છે, તેમના માટે સેલર આસિસ્ટન્ટ હવે AI-આધારિત માર્ગદર્શન આપે છે. તે એ પણ જણાવે છે કે કયા દેશમાં કઈ પ્રોડક્ટની માંગ વધુ છે. આ ઉપરાંત, તે અન્ય દેશોના નિયમો અને દસ્તાવેજો (Compliance) ની ચકાસણીમાં પણ મદદ કરે છે. વ્યવહારમાં આ કેવી રીતે કામ કરે છે? : જ્યારે કોઈ વિક્રેતા સેલર આસિસ્ટન્ટ ખોલીને પૂછે છે કે બિઝનેસ કેવી રીતે શરૂ કરવો, તો તેને સ્ટેપ-બાય-સ્ટેપ માર્ગદર્શન મળે છે. પ્રોડક્ટ લિસ્ટ કરવી, વેચાણ પર કેટલી ફી લાગશે તેનો અંદાજ કાઢવો, કે પછી સ્ટોકનું પ્લાનિંગ કરવું – આ બધું જ હવે એક સિંગલ ચેટબોટ (કન્વર્સેશનલ ઈન્ટરફેસ) દ્વારા મફતમાં અને કોઈપણ સમયે (24x7) પોતાની અનુકૂળ ભાષામાં કરી શકાય છે. ગ્રાહકોને પણ ફાયદો : એમેઝોન ઈન્ડિયા માટે, AI માત્ર એક ટૂલ નથી, પરંતુ વિક્રેતાની આખી સફરમાં જોડાયેલું એક અભિન્ન અંગ છે. ઝડપી અપડેટ્સ, સાચું ઈન્વેન્ટરી પ્લાનિંગ અને સ્માર્ટ લિસ્ટિંગનો સીધો ફાયદો ગ્રાહકોને પણ થાય છે, જેનાથી તેમને આ પ્રાઈમ ડે પર વધુ સારો અને ઝડપી ખરીદીનો અનુભવ મળશે. પ્રાઈમ ડે પહેલા દેશવ્યાપી તૈયારીઓ : પ્રાઈમ ડે માટે વિક્રેતાઓને તૈયાર કરવા, એમેઝોન ઈન્ડિયા દેશભરના 20 થી વધુ શહેરોમાં 'સેલર કનેક્ટ્સ' અને વર્કશોપનું આયોજન કરી રહ્યું છે. 5000 થી વધુ વિક્રેતાઓએ તેમાં ભાગ લીધો છે જેથી તેઓ આ નવા AI ટૂલ્સ વિશે શીખી શકે અને પ્રાઈમ ડે ને તેમના બિઝનેસનો સૌથી મોટો દિવસ બનાવી શકે.આ જુલાઈમાં, એમેઝોન પ્રાઈમ ડે તેની 10મી આવૃત્તિ સાથે ભારતમાં પાછો ફર્યો છે. પ્રાઈમ મેમ્બર્સ શાનદાર ડીલ્સ, મોટી બચત, નવા લોન્ચ અને બ્લોકબસ્ટર મનોરંજનની રાહ જોઈ શકે છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, અષાઢ સુદ-02

# મંદિરમાં હિંડોળાના અને ઘરમાં ડોળાના દર્શન

કાળી ચૌદસમાં મહિલાઓ કકળાટ કાઢે જ્યારે કેટલીક મહિલાઓ કારણ વગર કકળાટ કરી ધણીને કાઢે. કાળી ચૌદસમાં ચોકમાં વડાં મૂકાય જ્યારે કેટલીક મહિલાઓ ઘરના 'વડા'ને ચોકમાં કાઢે.

પથુકાકાના ઘરમાં કકળાટ ક્વીન (હો)બાળાકાકી રાડારાડ કરતાં હતાં અને પથુકાકાને ચોકમાં જઈ રિક્ષા લઈ આવવાનું કહેતાં હતાં. કાકાના પેટનું પાણીય નહોતું હલતું. એ તો ટેસથી હિંચકા ઉપર બેસી બિલોરી કાચથી છાપું વાંચતા હતા. કાકીની ધીરજની હદ આવી ગઈ એટલે ડોળા કાઢીને રાડ પાડી કે, 'હવે છેલ્લી વાર કહું છું, મંદિરે જવા માટે રિક્ષા નહીં લાવોને તો હું મંદિરે જવાનું માંડી વાળીશ.'

છેલ્લા વાક્યની જાદુઈ અસર થઈ. (હો)બાળાકાકી મંદિર જવાનું માંડી વાળે એના કરતાં મંદિર ભેગાં થાય તો સારું એમ માની કાકા ઊભા થયા અને ચોકમાં જઈ રિક્ષા લઈ આવ્યા. કાકી ગયા પછી મારે ઘરે આવીને બેઠા અને હાશકારો કરતાં બોલ્યા, 'તારી કાકી કકળાટ કરતી કરતી માંડ મંદિર ગઈ.'

મેં પૂછ્યું, 'આજે વહેલાસર મંદિરે જવાનું કારણ શું?'

પથુકાકા બોલ્યા, 'તારી કાકીને મંદિરમાં હિંડોળાના દર્શન કરવાં હતાં એટલે મને વઢીને ડોળાના દર્શન કરાવીને ગઈ.'

મેં પૂછ્યું, 'કાકા, કાકી હિંડોળાના દર્શન કરવા માટે તમને ડોળાના દર્શન કરાવીને ગયાં એ તો જાણે બરાબર, પણ તમે બિલોરી કાચથી કેમ છાપું વાંચવા માંડયા?'

સવાલ સાંભળી કાકા બોલ્યા, 'મારાં ચશ્માં ક્યાંક મૂકાઈ ગયાં એટલે શું કરું? છાપું વાંચ્યા વિના પેટ સાફ ન આવે એટલે બિલોરી કાચથી વાંચતો હતો.'

મેં કહ્યું, 'તો સ્પેર ચશ્માં કેમ નથી રાખતા?'

કાકા બોલ્યા, 'જો મારી પાસે ત્રણ જોડી ચશ્માં છે. એક નજીકનું જોવાનાં, એક દૂરનું જોવાનાં અને એક ચશ્માં પેલાં બન્ને ચશ્માં ખોવાઈ જાય ત્યારે ગોતવા માટેનાં છે. આમાં ગઈકાલે બાલ્કનીમાં એક વાંદરો આવ્યો હતો એ એક જોડી ચશ્માં ઉપાડી ગયો અને બે જોડી ચશ્માં હિંચકા ઉપર રાખીને નાહવા ગયો એટલી વારમાં તારા કાકી આવી ચશ્માં ઉપર ધબ્બ કરતાં બેઠાં એમાં બન્ને જોડી તોડી નાખી. અમારી જોડી અતૂટ રહી પણ ચશ્માંની જોડી તોડી નાખી એટલે પછી બિલોરી કાચથી વાંચવાનો વારો આવ્યો બોલ! એટલે ચશ્માંને ગમે તેટલા ધરામાં સાચવો પણ ઘરમાં તારા કાકી જેવાં અ-ઘરા હોય એ ગમે એટલા મજબૂત ધરાનો ભૂક્કો બોલાવી દે.'

મેં કહ્યું, 'કાકા ચશ્માં સાચવવાની ઝંઝટને બદલે તમે કોઈ ચશ્મેશાહી બાબાની વાત કરતા હતા ને કે એ ચશ્માં ઉતારી દે છે? તો એની પાસે જાવને?'

પથુકાકા હાથ જોડી બોલ્યા, 'એ ચાલુ, ચાપ્ટર અને ચલતા પૂર્જા જેવા ચશ્મેશાહી બાબાનું નામ ન લેતો. એણે મને પણ છેતર્યો.'

મેં કહ્યું, 'કેવી રીતે? જરા વિગતે વાત તો કરો?'

કાકા બોલ્યા, 'ચશ્મેશાહી બાબાની ઓરડીમાં દાખલ થતાં પહેલાં પેટીમાં ફરજિયાત બસો રૂપિયા નાખવા પડે. પૈસા નાખો પછી જ બાબા બારણું ખોલે. મેં બસો રૂપિયા નાખ્યા એટલે બાબાએ મારા માથે મોરપીંછ ફેરવી પૂછ્યું બોલ ક્યાં તકલીફ હૈ... મેં કહ્યું ચશ્માં ઉતારના હૈ. આ સાંભળતાંની સાથે જ મને સ્ટૂલ પર બેસાડયો અને સત્તાવાહી અવાજમાં કહ્યું 'ઓ...ચશ્મેવાલે પહેલે અપને ચશ્મે કી બાયીં ડાંડી પકડ ફિર ધીરે સે દાહીની ડાંડી પકડ ઔર ફિર ચશ્મેશાહી બાબા કો યાદ કરકે ચશ્માં નાક કી તરફ ખેંચ કે ઉતાર દે... ઉતાર દે... ઉતાર દે...' મેં આજ્ઞાનું પાલન કરીને જેવાં ચશ્માં ઉતાર્યાં એટલે મારી પીઠ થાબડી ચશ્મેશાહી બાબા અટ્ટહાસ્ય કરી બોલ્યા જાવ... જાવ... જાવ તુમ્હારા ચશ્માં ઉતર ગયા ચશ્માં ઉતર ગયા...'

મેં કહ્યું, 'કાકા, ચાલો સારું થયું તમારી સાથે બસો રૂપિયાની બનાવટ થઈ એમાં તમારી આંખો સાવ ખૂલી ગઈ બાકી તો બાબાઓ, સાધુઓ અને બાપુઓના એવાં એવાં અંધભક્તો હોય છે જે પાખંડીઓની પાછળ ઘર... બાર બધું જ લૂંટાવી દેતા હોય છે. તમારા નંબર ભલે ન ઉતર્યા પણ આંખ તો ખૂલી!'

પણ કહે છે ને કે લોભિયા હોય ત્યાં ધૂતારા ભૂખે ન મરે. પથુકાકાને મેં ત્રીસેક વર્ષ પહેલાં ગોવા ગયા એ વખતનો પ્રસંગ યાદ અપાવ્યો. હું, કાકા, કાકી અને અમારા સોશિયલ ગુરપના મેમ્બરો ગોવા ફરવા ગયા હતા. બીચ ઉપર ટહેલતા હતા.

# પી.એમ. પોષણ યોજના અંતર્ગત અમીરગઢ તાલુકાની શાળાઓમાં કેન્દ્ર સંચાલકની ભરતી માટે અરજીઓ આમંત્રિત

પાલનપુર | અમીરગઢ તાલુકાની વિવિધ પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક સત્ર 2026-27 માટે પી.એમ. પોષણ યોજના હેઠળ કેન્દ્ર સંચાલકની જગ્યાઓ તદન હંગામી ધોરણે ઉચ્ચક માનદવેતનથી ભરવા માટે લાયક ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. મામલતદારશ્રી, અમીરગઢ દ્વારા જાહેર કરવામાં આવેલી અખબારી યાદી મુજબ ડેરી પ્રાથમિક શાળા, ઝાંઝરવાકંપા પ્રાથમિક શાળા (ગામ: ઝાંઝરવા) તથા કરઝા પ્રાથમિક શાળા સહિતની શાળાઓમાં કેન્દ્ર સંચાલકની ભરતી કરવામાં આવશે. ભરતી ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક 102016/415141/આર, તા. 03/10/2016 મુજબ હાથ ધરવામાં આવશે.ઉમેદવાર ઓછામાં ઓછા એસ.એસ.સી. પાસ અને સંબંધિત ગામના વતની હોવા જોઈએ. જો એસ.એસ.સી. પાસ ઉમેદવાર ઉપલબ્ધ ન હોય તો ધોરણ-7 પાસ ઉમેદવારની પસંદગી અંગે વિચારણા કરવામાં આવશે. ઉમેદવારની વય 20 થી 60 વર્ષની વચ્ચે હોવી જરૂરી છે. સ્થાનિક મહિલા ઉમેદવારો તેમજ વિધવા અને ત્યક્તા મહિલાઓને પસંદગીમાં અગ્રતા આપવામાં આવશે.રસ ધરાવતા ઉમેદવારો નિયત અરજીપત્રક પી.એમ. પોષણ શાખા, મામલતદાર કચેરી, અમીરગઢમાંથી મેળવી શકશે. સંપૂર્ણ ભરેલ અરજીપત્રક જરૂરી આધાર પુરાવા સાથે તા. 25/06/2026 સુધી કચેરી સમય દરમિયાન રૂબરૂ અથવા ટપાલ મારફતે મામલતદાર કચેરી, અમીરગઢ ખાતે પહોંચે તે રીતે મોકલવાનું રહેશે. નિયત તારીખ બાદ પ્રાપ્ત થતી અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહીં.અરજી સાથે શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો, ઉંમરનો પુરાવો, આધાર કાર્ડ/રેશનકાર્ડ/ચૂંટણીકાર્ડની નકલ, જાતિ પ્રમાણપત્ર, આવકનો દાખલો, તબીબી પ્રમાણપત્ર, પોલીસ ક્લિયરન્સ પ્રમાણપત્ર, સ્થાનિક રહેવાસીનો દાખલો, તેમજ વિધવા/ત્યક્તા અથવા બી.પી.એલ. લાભાર્થી હોવા અંગેના જરૂરી પુરાવા જોડવાના રહેશે.

ભરતી અંગેની વધુ માહિતી અને અન્ય શરતો માટે ઉમેદવારો મામલતદાર કચેરી, અમીરગઢનો સંપર્ક કરી શકશે.

# કાંકરેજ તાલુકામાં પી.એમ. પોષણ યોજના અંતર્ગત ૮ કેન્દ્રો માટે સંચાલકોની ભરતી પ્રક્રિયા શરૂ

પાલનપુર | મામલતદારશ્રી, કાંકરેજ દ્વારા જાહેર કરવામાં આવેલી જાહેરાત અનુસાર કાંકરેજ તાલુકામાં પી.એમ. પોષણ યોજના (મધ્યાહન ભોજન યોજના) હેઠળ કુલ ૮ કેન્દ્રોમાં શૈક્ષણિક સત્ર 2026-27 માટે સંચાલકોની જગ્યાઓ ખાલી હોવાથી નવી નિમણૂક કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ માટે તા. 11/06/2026 થી તા. 25/06/2026 દરમિયાન નિયત નમૂનામાં અરજીઓ મંગાવવામાં આવી છે. અરજીઓની ચકાસણી કર્યા બાદ સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો અને લાયકાતના ધોરણો અનુસાર યોગ્ય ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે.

જાહેર કરાયેલી શરતો મુજબ ઉમેદવારની વય 20 વર્ષથી ઓછી અને 60 વર્ષથી વધુ ન હોવી જોઈએ. ઉમેદવાર ઓછામાં ઓછું ધોરણ-10 પાસ હોવો જરૂરી છે. અરજીમાં ઉમેદવારે જે કેન્દ્ર માટે અરજી કરી હોય તેનું નામ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.

આંગણવાડી કાર્યકર, સસ્તા અનાજના દુકાનદાર તેમજ કોઈપણ રાજકીય હોદ્દો ધરાવતા અરજદારો નિમણૂક માટે પાત્ર ગણાશે નહીં. સ્થાનિક ઉમેદવારોને પ્રાથમિકતા આપવામાં આવશે અને તે માટે ગ્રામ પંચાયત અથવા તલાટીશ્રીનો સહી-સિક્કાવાળો સ્થાનિક રહેઠાણનો દાખલો રજૂ કરવો ફરજિયાત રહેશે.

અરજી સાથે શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, ચૂંટણીકાર્ડ, રેશનકાર્ડ, આધારકાર્ડ, આવકનો દાખલો, જાતિનો દાખલો, બેંક ઓફ બરોડાની પાસબુકની નકલ તથા અન્ય જરૂરી આધાર પુરાવાઓ જોડવાના રહેશે. અરજીપત્રક પર પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ ચોંટાડવો તેમજ ચાલુ મોબાઈલ નંબર અને સંપૂર્ણ સરનામું દર્શાવવું ફરજિયાત રહેશે.ગામડાની વિધવા, ત્યક્તા, નિરાધાર મહિલાઓ, અનુસૂચિત જાતિ-જનજાતિના ઉમેદવારો, આર્થિક રીતે નબળા વર્ગો તથા ગરીબીરેખા નીચે જીવતા લોકોને પસંદગી પ્રક્રિયામાં અગ્રતા આપવામાં આવશે.કાંકરેજ તાલુકાના રસ ધરાવતા અને લાયક ઉમેદવારોને નિયત સમયમર્યાદામાં અરજી કરી આ તકનો લાભ લેવા મામલતદારશ્રી, કાંકરેજ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# વડગામ તાલુકામાં પી.એમ. પોષણ યોજના હેઠળ સંચાલક-કમ-કુક (વ્યવસ્થાપક)ની ભરતી જાહેર

પાલનપુર | વડગામ તાલુકાના વિવિધ પી.એમ. પોષણ યોજના કેન્દ્રોમાં ખાલી પડેલી સંચાલક-કમ-કુક (વ્યવસ્થાપક)ની જગ્યાઓ માટે મામલતદાર કચેરી, વડગામ દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. શૈક્ષણિક વર્ષ 2026-27 માટે આ ભરતી તદ્દન હંગામી ધોરણે માસિક રૂ. 4,500ના ઉચ્ચક માનદ વેતનથી કરવામાં આવશે.મામલતદાર કચેરી વડગામ દ્વારા જાહેર કરાયેલા જાહેરનામા મુજબ સંબંધિત ગામના મૂળ રહેવાસી અને સ્થાનિક ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે. સંચાલક-કમ-કુક (વ્યવસ્થાપક) પદ માટે ઉમેદવાર ઓછામાં ઓછા ધોરણ-10 પાસ હોવો આવશ્યક છે. વધુ લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થશે તો રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના લાગુ ઠરાવો અનુસાર અગ્રતાના ધોરણે પસંદગી કરવામાં આવશે.ઉમેદવારની ઉંમર જાહેરાતની તારીખે ઓછામાં ઓછી 20 વર્ષ અને વધુમાં વધુ 60 વર્ષ હોવી જોઈએ.

# થરાદ ખાતે વિધાનસભા અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી અને પ્રભારી મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં જિલ્લા કક્ષાનું 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન' યોજાયું

થરાદ | ૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના અને જનકલ્યાણના' અભિયાન અંતર્ગત થરાદ એ.પી.એમ.સી. હોલ ખાતે જિલ્લા કક્ષાનું વિકસિત ભારત સંકલ્પ સંમેલન યોજાયું હતું. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી તથા વાવ-થરાદ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, ૧૯૯૫ પહેલાંના ગુજરાતની પરિસ્થિતિ અને આજના ગુજરાત વચ્ચે ખૂબ મોટો તફાવત જોવા મળે છે. એક સમય એવો હતો કે જ્યારે રોજગાર માટે લોકોને અહીંનો વિસ્તાર છોડીને અન્યત્ર જવું પડતું હતું તેમજ પીવાના પાણીની પણ ગંભીર સમસ્યા હતી. આજે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વના પરિણામે ગુજરાત અને દેશની પરિસ્થિતિમાં આમૂલ પરિવર્તન આવ્યું છે.

# વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણના ૧૨ વર્ષની ઉજવણી અંતર્ગત બનાસ ડેરી ખાતે યોગ શિબિરનું આયોજન

પાલનપુર | ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને બનાસ ડેરીના સંયુક્ત ઉપક્રમે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના અવિરત ૧૨ વર્ષના વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણ અભિયાન અંતર્ગત તથા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે બનાસ ડેરી સંકુલ ખાતે યોગ શિબિર અને કોમન યોગ પ્રોટોકોલ પ્રશિક્ષણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

યોગ શિબિર દરમિયાન ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી, ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શ્રી શીશપાલજી તેમજ યોગ ટ્રેનરોની ઉપસ્થિતિમાં યોગાભ્યાસ અને પ્રશિક્ષણનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ ઉપસ્થિત યોગ સાધકોને વિશેષ માર્ગદર્શન આપતાં યોગના જીવનમાં રહેલા મહત્વ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે યોગ શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સ્વાસ્થ્ય માટે અનિવાર્ય સાધના છે. તેમણે પૂર્ણ 'ૐકાર' ના મહત્ત્વ તેના વૈજ્ઞાનિક અને આધ્યાત્મિક પાસાઓ તેમજ દૈનિક જીવનમાં તેના સકારાત્મક પ્રભાવ અંગે પણ સવિસ્તાર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ પ્રસંગે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શ્રી શીશપાલજીએ જણાવ્યું હતુ કે, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શનમાં આજે યોગ શિબિરનું આયોજન થયું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સેવા, વિકાસ, વિશ્વાસ અને જનકલ્યાણના ૧૨ વર્ષ થયા છે. આ ૧૨ વર્ષના ઉપલક્ષમાં અને ૧૨મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પણ આવે છે. જેથી ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા સમસ્ત રાજ્યમાં યોગ શિબિરોનું આયોજન થાય છે. યોગ અમને શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય આપે છે. યોગ રોગ, ક્રોધ અને નશાથી મુક્તિ આપે છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ગુજરાતભરમાં ૫,૦૦૦ યોગ વર્ગો ચાલે છે.

# બે વર્ષનો સિંહ ખાબકતા વનવિભાગ દ્વારા સિંહ નું સફળ રેસ્ક્યૂ વનવિભાગ ની સતર્કતાથી સિંહ બાળ નો જીવ બચ્યો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલા તાલુકાના ખારી ગામ વિસ્તારમાં આવેલા ખુલ્લા કુવામાં સિંહ બાળ ખાબકતા ભરે અફડાતફડી નો માહોલ સર્જાયો હતો રાજુલા તાલુકામાં ફરી એકવાર ખુલ્લા કુવામાં સાવજ ખાબકવાની ઘટના સામે આવતા સમગ્ર ગામમાં અરેરાટી વ્યાપી ગઈ હતી રાજુલા રેન્જ હેઠળ આવતા ખારી ગામ નજીક આવેલા ખુલ્લા કુવામાં અંદાજે બે વર્ષનો સિંહ ખાબકતા ભારે અફડાતફડી નો માહોલ સર્જાયો હતો ઘટનાની જાણ રાજુલા વનવિભાગ ને થતા તાત્કાલિક વનવિભાગ ની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી.

# મહીસાગરમાં RE-NEET પરીક્ષા સંદર્ભે નિવાસી અધિક કલેક્ટરશ્રીનું જાહેરનામું: પરીક્ષા કેન્દ્રોની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પ્રતિબંધાત્મક આદેશો લાગુ

જગદીશ ત્રિવેદી | મહીસાગર

નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા આગામી તારીખ ૨૧ જૂન, ૨૦૨૬ના રોજ યોજાનારી RE-NEET EXAM-2026ની પરીક્ષાને અનુલક્ષીને મહીસાગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સુરક્ષાના કડક પગલાં લેવામાં આવ્યા છે. પરીક્ષા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે, કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને અને પરીક્ષાર્થીઓ શાંત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે હેતુથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સી.વી. લતા દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ ૧૬૩ હેઠળ પ્રતિબંધાત્મક આદેશો જારી કરવામાં આવ્યા છે. આ જાહેરનામું પરીક્ષાના દિવસે સવારના ૧૧:૦૦ કલાકથી સાંજના ૧૯:૦૦ કલાક સુધી મહીસાગર જિલ્લાના નિયત કરાયેલા પરીક્ષા કેન્દ્રો પર અમલી રહેશે. મહીસાગર જિલ્લામાં આ પરીક્ષા માટે બાલાસિનોર ખાતેના બે મુખ્ય કેન્દ્રોની ફાળવણી કરવામાં આવી છે, જેમાં ઓછવલાલ શેઠ હાઈસ્કૂલ અને મોડેલ સ્કૂલનો સમાવેશ થાય છે. આ બંને પરીક્ષા કેન્દ્રોની ચતુર્દિશામાં ૨૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા તમામ મકાનો, જગ્યાઓ અને સ્થળો પર ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ એકઠા થવા કે મંડળી રચવા પર સંપૂર્ણ મનાઈ ફરમાવવામાં આવી છે. પરીક્ષામાં રોકાયેલા અધિકૃત અધિકારીઓ, કર્મચારીઓ અને પરીક્ષાર્થીઓ સિવાય અન્ય કોઈપણ બિનઅધિકૃત વ્યક્તિ આ વિસ્તારમાં પ્રવેશ કરી શકશે નહીં. પરીક્ષામાં ગેરરીતિ અટકાવવા માટે લેવાયેલા નિર્ણય મુજબ, પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં આવેલા તમામ ઝેરોક્ષ કોપી સેન્ટરો અને ફેક્સ મશીન સંચાલકોએ પરીક્ષાના દિવસે સવારના ૧૧:૦૦ થી ૧૯:૦૦ કલાક સુધી પોતાના એકમો સદંતર બંધ રાખવાના રહેશે. આ ઉપરાંત, પરીક્ષા કેન્દ્રની આસપાસના વિસ્તારોમાં લાઉડ સ્પીકર, માઈક કે ડી.જે. વગાડવા પર પણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે જેથી પરીક્ષાર્થીઓની એકાગ્રતામાં કોઈ ખલેલ ન પહોંચે.જાહેરનામાના ભંગ બદલ કડક કાયદેસરની કાર્યવાહીની જોગવાઈ કરતા જણાવવામાં આવ્યું છે કે, પરીક્ષાર્થીઓ અથવા અન્ય કોઈપણ વ્યક્તિ પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન, કેમેરા, સ્માર્ટ વોચ, ટેબ્લેટ, લેપટોપ જેવા ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ કે પુસ્તકો અને કાપલીઓ લઈ જઈ શકશે નહીં.

# મહીસાગર જિલ્લામાં સરકારી કચેરીઓની આસપાસ ૪ થી વધુ વ્યક્તિઓના એકઠા થવા પર પ્રતિબંધ

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સી.વી. લટા દ્વારા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવી રાખવા તેમજ સરકારી કચેરીઓમાં આવતા નાગરિકોને કોઈ અગવડતા ન પડે તે હેતુથી એક મહત્વનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળ મળેલી સત્તાની રૂએ મહીસાગર જિલ્લાના જાહેર સ્થળોએ સક્ષમ સત્તાધિકારીની પૂર્વ પરવાનગી વગર ચાર કે તેથી વધુ માણસોના એકઠા થવા પર મનાઈ ફરમાવવામાં આવી છે. આ જાહેરનામું આગામી તારીખ ૧૬ જૂન ૨૦૨૬ના શૂન્ય કલાકથી અમલી બનીને તારીખ ૩૦ જૂન ૨૦૨૬ના ૨૪:૦૦ કલાક સુધી સમગ્ર જિલ્લામાં પ્રભાવી રહેશે.જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જારી કરાયેલા આ આદેશો મુજબ મહીસાગર જિલ્લા સેવા સદન સહિત લુણાવાડા, બાલાસિનોર, વિરપુર, સંતરામપુર, કડાણા અને ખાનપુર (બાકોર) તાલુકા સેવા સદન તેમજ અન્ય તમામ સરકારી કચેરીઓના ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પ્રતિબંધાત્મક નિયમો લાગુ પડશે. આ નિર્ધારિત વિસ્તારોમાં કોઈપણ પ્રકારની મંડળી બનાવીને ધરણા પર બેસવા, પ્રતિક ધરણા કરવા, ભૂખ હડતાળ કે ઉપવાસ પર બેસવા તેમજ કોઈ પણ પ્રકારના સરઘસ કે રેલી કાઢવા ઉપર સખત મનાઈ ફરમાવવામાં આવી છે.

# મહીસાગર નિવાસી અધિક કલેક્ટરશ્રી સી વી લટાએ કલેક્ટર કચેરીની વિવિધ શાખાઓમાં આકસ્મિક મુલાકાત લીધી

જગદીશ ત્રિવેદી | મહીસાગર



મહીસાગર જિલ્લામાં વહીવટી કાર્યક્ષમતા વધારવા અને સરકારી કામગીરીમાં પારદર્શિતા લાવવાના આશય સાથે આજે નિવાસી અધિક કલેક્ટર સી.વી. લતા દ્વારા કલેક્ટર કચેરીની તમામ શાખાઓની આકસ્મિક મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે કચેરીના વિવિધ વિભાગોમાં ચાલી રહેલી કામગીરીનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું. નિવાસી અધિક કલેક્ટરે સ્ટાફને પોતાની આસપાસની જગ્યા સ્વચ્છ રાખવા, જૂના અને વર્તમાન રેકોર્ડનું યોગ્ય વર્ગીકરણ કરવા તેમજ વહીવટી શિસ્ત જાળવવા અંગે સૂચનાઓ આપી હતી. સરકારી કચેરીઓમાં આવતા અરજદારોને કોઈ પણ પ્રકારની હાલાકી ન પડે અને તેમની રજૂઆતો તેમજ અરજીઓનો સત્વરે નિકાલ થાય તે માટે કર્મચારીઓને સંવેદનશીલ અભિગમ અપનાવવા તાકીદ કરવામાં આવી હતી.વહીવટી તંત્ર દ્વારા કલેક્ટર કચેરી મહીસાગર તેમજ તેના તાબા હેઠળની તમામ પ્રાંત કચેરીઓ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી, જિલ્લા પુરવઠા અધિકારીની કચેરી અને મામલતદાર કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીઓ માટે દિશા-નિર્દેશો જારી કરવામાં આવ્યા છે.

# ભરૂચ સક્રિય પત્રકાર સંઘનો 13માં વર્ષમાં પ્રવેશ : વાર્ષિક સાધારણ સભામાં દિનેશ અડવાણીની સર્વાનુમતે પ્રમુખ તરીકે વરણી



મલેક યસેદાની ભરૂચ

ભરૂચ જિલ્લામાં વિવિધ પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક સમાચાર માધ્યમોમાં સક્રિય રીત ફરજ બજાવતાં પત્રકારો, કેમેરામેનોનું ભરૂચ સક્રિય પત્રકાર સંઘના નામે એક ખાસ સંગઠન છેલ્લાં 12 વર્ષથી કાર્યરત છે. આ વર્ષોમાં બીએજેએ ( ભરૂચ એક્ટિવ જર્નાલિસ્ટ એસોસીએશન) દ્વારા વિવિધ પ્રકારના સેવાકાર્યો કરવામાં આવ્યાં છે. જેમાં શહેરના ગરીબ વિસ્તારમાં મેડિકલ કેમ્પ, આંખોનો કેમ્પ, વૃક્ષારોપણ, સ્વચ્છતા જાગૃતિ સહિતના અનેક પ્રકારના કાર્યો થકી લોકોની સેવાની સાથે સાથે લોક જાગૃતિના પણ વિવિધ કાર્યક્રમોને સફળતાં પુર્વક પાર પાડ્યાં છે. ત્યારે શનિવારે ભરૂચની ગંગોત્રી હોટલમાં સાંજે 5 વાગ્યે ભરૂચ સક્રિય પત્રકાર સંઘની 13મી વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાભરના અને ભરૂચ સક્રિય પત્રકાર સંઘ સાથે જોડાયેલાં પત્રકાર સભ્યોએ ખાસ હાજરી આપી હતી.

# ચાણસ્મા- મહેસાણા રોડનું કામ પૂરુ થયું નથી ને ચાણસ્મા નજીક રોડ દબાયો

નિતીન ઠાકર ચાણસ્મા

છેલ્લા 1 વર્ષથી ગોઝારીયા મહેસાણા ચાણસ્મા-પાટણ નેશનલન હાઈવે ચાર માર્ગીય રોડનું કામ ચાલી રહ્યું છે બીજી બાજુ ચાણસ્મા- પાટણ ચાણસ્મા થી મહેસાણા રોડનું કામ હજી પુરુ થયું નથી ત્યાં તો ચાણસ્મા નજીક મહેસાણા તરફ જતાં ચાણસ્મા રોયલ સામે રોડ દબાઈ દબાઈ જવાના કારણે તેમજ ચાણસ્મા સર્કલ નજીક મહેસાણા બાજુ જઈ રહેલા તાંજેતરમાં બનેલ રોડ પર ક્યાંક ગાબડા પડી ગયા છે ત્યાં ક્યાંક રોડ દબાઈ જવાના કારણે રોડ વચ્ચે જ નાની ગટર હોય તેવી સ્થિતી થઈ જતાં હાલમાં જે રોડ બની રહ્યો છે તેની ગુણવતા સામે અનેક સવાલો ઉઠી રહ્યા છેજ્યારથી પાટણ-ચાણસ્મા-મહેસાણા રોડનું કામ ચાલી રહ્યું છે ત્યારે પહેલાં રોડ તૈયાર કરે છે બાદમાં રોડ તોડી ખાડા કરી દેવામાં આવે છે. ઘાણો ઘરડા નજીક રોડ તોડી રોડ પુરાણ નહી કરવાના કારણે રામપુરા ગામના બાઈકચાલક રોડ પર ના ખાડામાં પડી જતાં અકસ્માતનો ભોગ બનતાં ઈજાગ્રસ્ત થયા હોવાની ઘટના બની હતીચાણસ્મા સર્કલથી મહેસાણા તરફ જતાં રોડ દબાઈ જવાના કારણે રોડ પર ખાડા પડી ગયા છે તો ક્યાંક રોડ વચ્ચે જ નાની ગટર બનાવી હોય તેવી રોડ ની.સ્થિતી થઈ જવાના કારણે સિનીયર સિટીઝનો. એકટીવા લઈને પસાર થતા હોવાથી અકસ્માત થવાની દહેશત વ્યક્ત કરી કોન્દ્રાક્ટર દ્વારા રોડની ગુણવતા સુધારવામાં નહી આવે તો. નજીકના સમયમાં જનઆંદોલન કરવાની ચાણસ્માના સમાજિક અગ્રણી ઉમેશભાઈ પટેલે ચીમકી ઉચ્ચારી હતીજ્યારે વાહનચાલક અશ્વિનભાઈ વ્યાસ ટ્રેક્ટર લઈ પસાર થતાં જ્યંતિ જી ઠાકોરે પણ ચાણસ્મા થી મહેંસાણા રોડ પર પડી ગયેલા ખાડા રાજપર આક્રોશ ઠાલવી અકસ્માત થવાની દહેશત વ્યક્ત કરી હતી.

# રાજપીપલા માં દિવસભર ના રાજકીય ડ્રામાં નો અંત : ધારાસભ્ય ડો. દેશમુખે આંદોલન પૂર્ણ જાહેર કર્યું



રાજપીપલા | રાજપીપલા માં ગઈકાલે 'આદિવાસી મહિલા ના અપમાન મામલે ધરણા પર બેઠેલા ધારાસભ્ય ડો . દર્શન દેશમુખે મોડી રાત્રી એ ધરણા સમેટી તેમના કાર્યક્રમ ને પૂર્ણ થયેલો જાહેર કર્યો હતો. પ્રાપ્ત માહિતી મુજબ રાજપીપલા ના ધારાસભ્ય ડો . દર્શના દેશમુખે ગઈકાલે એક કાર્યક્રમ માં અપમાનિત થતા કાર્યક્રમ અધવચ્ચે છોડી ગાંધીજી ની પ્રતિમા પાસે ધરણા પર બેસી જિલ્લા ભાજપ પ્રમુખ નીલ રાવ ના રાજીનામાં ની માંગણી કરી હતી અને. મોડી સાંજે આ કાર્યક્રમ ને આમરણાંત ઉપવાસ ની જાહેરાત કરી હતી . ધારાસભ્ય ના આ આંદોલન ને સાંસદ મનસુખ વસાવા એ પણ સમર્થન જાહેર કરી. ધરણા સ્થળ પર આવ્યા હતા. પરંતુ મોડી રાત્રે પ્રદેશ ભાજપ. માંથી પ્રશાંત કોરાટ નો ફોન આવતા અને ધારાસભ્ય સહીત જિલ્લા ભાજપ ના આગેવાનો ને ગાંધીનગર આવી સમસ્યા નો ઉકેલ લાવવા નું જણાવતા ધારાસભ્ય એ કાર્યક્રમ પૂર્ણ જાહેર કર્યો હતો.

# લોકસાહિત્યકાર પ્રભુભાઈ આહીરે કચ્છના ઐતિહાસિક અને ધાર્મિક સ્થળોના વિકાસ માટે કરી રજૂઆત

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

કચ્છના લોકસાહિત્યકાર અને પ્રકૃતિપ્રેમી પ્રભુભાઈ આહીરે કચ્છના ઐતિહાસિક, ધાર્મિક અને પ્રવાસન મહત્વ ધરાવતા સ્થળોના વિકાસ અને સંરક્ષણ માટે સાંસદ વિનોદ ચાવડા સમક્ષ રજૂઆત કરી હતી. તેમણે ખાસ કરીને નખત્રાણા તાલુકાના આંબારા(આમારા) ગામે કરોલપીરની દરગાહની નજીક આવેલ પ્રાચીન શિવલિંગ તેમજ એકલ માતાજીના રણમાંથી બાંભડકાજા તરફ જતા માર્ગ વચ્ચે રણની મધ્યમાં આવેલા રણેશ્વર હનુમાનજી મંદિરના વિકાસ, જતન અને પ્રવાસન સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માંગણી કરી હતી.

પ્રભુભાઈ આહીરે જણાવ્યું હતું કે કચ્છમાં અનેક એવા ઐતિહાસિક અને ધાર્મિક સ્થળો આવેલા છે, જે આજેય પ્રવાસન ક્ષેત્રે યોગ્ય ઓળખ મેળવી શક્યા નથી. આવા સ્થળોએ માર્ગદર્શન બોર્ડ, રસ્તા, પીવાના પાણી, બેસવાની વ્યવસ્થા અને અન્ય મૂળભૂત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે તો દેશ-વિદેશમાંથી આવતા પ્રવાસીઓ માટે આ સ્થળો આકર્ષણનું કેન્દ્ર બની શકે છે.

આ ઉપરાંત કચ્છ મ્યુઝિયમ ખાતે યોજાયેલા કાર્યક્રમ દરમિયાન પણ પ્રભુભાઈ આહીરે કચ્છના વિવિધ જાણીતા તેમજ ઓછા જાણીતા પ્રવાસન સ્થળોના પોસ્ટર અને માહિતી ફલકો પ્રદર્શિત કરવાની રજૂઆત કરી હતી. તેમણે સૂચવ્યું હતું કે કચ્છ મ્યુઝિયમમાં આવનારા દેશ-વિદેશના પ્રવાસીઓને કચ્છના સમૃદ્ધ વારસા, ઐતિહાસિક ધરોહર અને ધાર્મિક સ્થળોની વિસ્તૃત માહિતી મળે તે માટે વિશેષ માહિતી ગેલેરી તૈયાર કરવી જોઈએ.

કચ્છના સાંસ્કૃતિક વારસા અને પ્રવાસન વિકાસને વેગ આપવા માટે કરાયેલી આ રજૂઆતને ઉપસ્થિત આગેવાનો અને પ્રવાસનપ્રેમીઓએ આવકારી હતી.

# ઘડુલી-સાંતલપુર રોડ પર પુલિયામાં જોખમી ગાબડું, વાહનચાલકોને સાવચેત રહેવા અપીલ

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

ઘડુલી-સાંતલપુર માર્ગ પર બીટારા ગામથી આશરે એક કિલોમીટર અંતરે ધોરડો તરફ જતાં રસ્તા પર આવેલા પુલિયામાં જોખમી ગાબડું પડતાં વાહનચાલકોમાં ચિંતા ફેલાઈ છે. પુલિયાના મધ્યભાગમાં પડેલા આ ગાબડાને કારણે અકસ્માતની શક્યતા વધી ગઈ છે.ટ્રક ડ્રાઈવર હાસમભાઈ લુહારે જાગૃતિના ભાગરૂપે આ જોખમી સ્થિતિ અંગે વાહનચાલકોને સાવચેત રહેવા અપીલ કરી છે. ખાસ કરીને રાત્રિના સમયે તેમજ ભારે વાહનો માટે આ ગાબડું ગંભીર જોખમરૂપ બની શકે છે.ઉલ્લેખનીય છે કે આ માર્ગ પરથી દરરોજ મોટી સંખ્યામાં પ્રવાસીઓ અને શ્રદ્ધાળુઓ ધોરડો થઈ હાજીપીર દરગાહના દર્શનાર્થે અવરજવર કરે છે. ઉપરાંત ધોરડો અને વ્હાઈટ રણ તરફ જતાં દેશ-વિદેશના પ્રવાસીઓ માટે પણ આ માર્ગ મહત્વનો હોવાથી માર્ગની સલામતી અત્યંત જરૂરી બની છે. પુલિયામાં પડેલા ગાબડાને કારણે પ્રવાસીઓ સહિત તમામ વાહનચાલકો માટે અકસ્માતનો ભય ઉભો થયો છે.સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ સંબંધિત વિભાગ દ્વારા તાત્કાલિક સ્થળનું નિરીક્ષણ કરી પુલિયાનું સમારકામ હાથ ધરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# મહીસાગર જિલ્લામાં ૨૧ જૂનના રોજ યોજાનાર NEET-૨૦૨૬ પરીક્ષાના સુચારુ આયોજન માટે વહીવટી તંત્ર સજ્જ

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લામાં આગામી ૨૧મી જૂન ૨૦૨૬ના રોજ રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી (NTA) નવી દિલ્હી દ્વારા આયોજિત NEET-૨૦૨૬ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહત્વની પરીક્ષાના સફળ અને ન્યાયી સંચાલન માટે મહીસાગર જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પરીક્ષાના આયોજન સંદર્ભે વિવિધ વિભાગોના અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી વહીવટી તંત્રને સજ્જ કરવામાં આવ્યું છે.

આગામી ૨૧મી જૂન રોજ બપોરે ૨:૦૦ થી ૫:૧૫ કલાક દરમિયાન યોજાનારી આ પરીક્ષામાં મહીસાગર જિલ્લાના કુલ ૫૩૬ વિદ્યાર્થીઓ નોંધાયા છે. પરીક્ષા માટે બાલાસિનોર ખાતે બે કેન્દ્રો નિર્ધારિત કરવામાં આવ્યા છે, જેમાં મોડેલ સ્કુલ બાલાસિનોર અને ઓછવલાલ શેઠ હાઈસ્કુલ, બાલાસિનોરનો સમાવેશ થાય છે. પરીક્ષાની પૂર્વતૈયારીના ભાગરૂપે આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટરશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ઓબ્ઝર્વર, સીટી કો-ઓર્ડિનેટર, નોડલ ઓફિસર અને કેન્દ્ર સંચાલકો સહિતના અધિકારીઓ ઓનલાઈન અને ઓફલાઈન માધ્યમથી જોડાયા હતા.

પરીક્ષા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે પરીક્ષા સ્થળો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવા સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત, કોઈપણ ઈમરજન્સી પરિસ્થિતિને પહોંચી વળવા માટે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીને એમ્બ્યુલન્સ સહિતની જરૂરી મેડિકલ ટીમ પરીક્ષા કેન્દ્રો પર હાજર રાખવા આદેશ કરાયો છે. પરીક્ષા દરમિયાન સતત વીજ પુરવઠો જળવાઈ રહે તે માટે કાર્યપાલક ઈજનેરને ખાસ તકેદારી રાખવા જણાવાયું છે.

# અમરેલી ગેરકાયદે સિંહ દર્શન: ફોરેસ્ટ ગાર્ડની હત્યાના આરોપીની જામીન અરજી હાઈકોર્ટે ફગાવી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



ધારીના જંગલમાં ફરજ પર તૈનાત ૨૮ વર્ષીય ફોરેસ્ટ કર્મચારીની ક્રૂર હત્યા કરાઈ હતી અમરેલીના ધારી વિસ્તારમાં ગેરકાયદેસર સિંહ દર્શન કરવા જઈ રહેલા લોકોને ત્યાં પેટ્રોલીંગ કરી રહેલા ફોરેસ્ટ ગાર્ડના માણસોએ રોકતા તેની અદાવત રાખી ફોરેસ્ટ ગાર્ડની ટીમ પર ઘાતક હથિયારો વડે હુમલો કરતાં તેમાં એક ફોરેસ્ટ કર્મચારીનું કરૂણ મોત નીપજયુ હતું. ચકચારભર્યા એવા આ કેસમાં આરોપી દોસ્ત મોહમંદ અલ્લારખા બલોચની જામીન અરજી ગુજરાત હાઈકોર્ટે આકરા વલણ સાથે ફગાવી દીધી છે. જસ્ટિસ હસમુખ ડી. સુથારે આ કેસમાં આરોપીની જામીન અરજી ફગાવવાની સાથે સાથે કેસનો ટ્રાયલ પણ ઝડપથી પૂર્ણ કરવા ટ્રાયલ કોર્ટને હુકમ કર્યો છે. કેસની વિગતો મુજબ, વર્ષ ૨૦૧૭માં અમરેલીના ધારી વિસ્તારમાં સાંજના સમયે જ્યારે ફોરેસ્ટ ગાર્ડ પોતાની બોલેરો જીપમાં પેટ્રોલિંગ પર હતા. ત્યારે તેમને જંગલ વિસ્તારમાં એક ઈનોવા ગાડી જોઈ હતી. જેની અંદર બેસેલા લોકો ની પૂછપરછ કરતા તેઓ જણાવ્યું હતું કે તેઓ અહીં મહેમાન છે અને આરોપીઓ નદી વિસ્તારમાં ગયા છે. તેઓ અહીં સિંહ દર્શન માટે આવ્યા છે.જેથી ફોરેસ્ટ કર્મચારીઓએ તેમને અહીં ગેરકાયદેસર સિંહ દર્શન પર પ્રતિબંધ હોવાથી ઘરે પરત જતાં રહેવા જણાવ્યું હતું. ત્યારબાદ તેઓ આગળ વધ્યા હતા. રસ્તામાં સ્થાનિક એવા નદી વિસ્તારથી પાછા ફરેલા આરોપીઓએ ફોરેસ્ટ કર્મચારીઓને ઘેરીને તેમની પર હુમલો કર્યો હતો. જેમાં ૨૮ વર્ષીય ફોરેસ્ટ કર્મચારી ધર્મેન્દ્ર વાળાને છરી અને પાઈપથી ઘાતક ઈજાઓ પહોંચતાં તેમનું કરૂણ મૃત્યુ નીપજ્યું હતું. આ ગુનામાં આરોપી દોસ્ત મોહમંદ અલ્લારખા બલોચ સહિત ૭ જણાં વિરૂધ્ધ એટ્રોસિટી, ગુજરાત પોલીસ એક્ટ અને બીએનએસ ની કલમો હેઠળ ધારી પોલીસમથકમાંગંભીર ગુનો નોંધાયો હતો. આ કેસમાં આરોપી દોસ્ત મોહમંદ અલ્લારખા બલોચ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં કરાયેલી જામીન અરજીનો સરકારપક્ષ દ્વારા જોરદાર વિરોધ કરાયો હતો.

# થરાદ ખાતે મંત્રીશ્રી સ્વરૂપજી ઠાકોરના અધ્યક્ષસ્થાને પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ વ પ્રદર્શનનું આયોજન કરાયું

થરાદ | ૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના અને જનકલ્યાણના અભિયાન અંતર્ગત વાવ-થરાદ જિલ્લામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આજરોજ થરાદ સ્થિત એ.પી.એમ.સી. હોલ ખાતે રાજ્યના ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ રાજ્યમંત્રી શ્રી સ્વરૂપજી ઠાકોરના અધ્યક્ષસ્થાને પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ વ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વાવ-થરાદ જિલ્લાના ખેડૂતો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે મંત્રીશ્રી સ્વરૂપજી ઠાકોરે જણાવ્યું હતું કે, આરોગ્ય, જમીનની ફળદ્રુપતા અને પર્યાવરણના સંરક્ષણ માટે પ્રાકૃતિક ખેતી સમયની માંગ છે. તેમણે ખેડૂતોને રાસાયણિક ખાતરો, જંતુનાશક અને ફૂગનાશક દવાઓનો ઉપયોગ ઘટાડીને દેશી ગાય આધારિત સંપૂર્ણ પ્રાકૃતિક કૃષિ તરફ આગળ વધવા અપીલ કરી હતી. તેમણે પ્રાકૃતિક ખેતી દ્વારા ઉત્પાદનમાં ગુણવત્તા વધે છે તેમજ ખેતી ખર્ચમાં ઘટાડો થવાથી ખેડૂતોની આવકમાં વધારો થાય છે તેમ જણાવ્યું હતું. મંત્રીશ્રી અને મહાનુભાવોએ પ્રાકૃતિક કૃષિ પ્રદર્શનની મુલાકાત લીધી હતી. કાર્યક્રમ દરમિયાન વાવ-થરાદ જિલ્લાના પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો દ્વારા પ્રાકૃતિક પદ્ધતિથી ઉત્પાદિત વિવિધ કૃષિ પેદાશોના સ્ટોલ ગોઠવવામાં આવ્યા હતા. મંત્રીશ્રી સહિત ઉપસ્થિત મહાનુભાવો અને ખેડૂતો દ્વારા સ્ટોલોની મુલાકાત લઈ પ્રાકૃતિક ખેતીના વિવિધ મૉડલો અને ઉત્પાદનોની માહિતી મેળવી હતી. કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ ખેડૂતો, પદાધિકારીઓ અને અધિકારીઓએ ખેતીમાં ઉપયોગમાં લેવાતા રાસાયણિક ખાતરો, જંતુનાશક તથા ફૂગનાશક દવાઓનો ઉપયોગ બંધ કરી દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવવા પ્રતિજ્ઞા લીધી હતી.

# સુઈગામના ભરડવા ખાતે જન કલ્યાણ શિબિર યોજાઈ: નાગરિકોને સ્થળ પર જ મળી વિવિધ સરકારી સેવાઓ

થરાદ | વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારના સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે ચાલી રહેલા '૧૨ વર્ષ વિકાસના, વિશ્વાસના અને જનકલ્યાણના' અભિયાન અંતર્ગત સુઈગામ તાલુકાના ભરડવા ગામે જન કલ્યાણ શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરનો મુખ્ય હેતુ સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ ગ્રામ્ય વિસ્તારોના નાગરિકો સુધી સરળતાથી પહોંચાડવાનો તથા લોકોને સરકારી સેવાઓ અંગે માર્ગદર્શન પૂરું પાડવાનો હતો.

આ શિબિરમાં મહેસૂલ, પંચાયત, સામાજિક ન્યાય અને અધિકારીતા, કૃષિ, આરોગ્ય, શિક્ષણ, મહિલા અને બાળ વિકાસ સહિતના વિવિધ વિભાગોના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. તાલુકા આરોગ્ય અધિકારીશ્રી,

### સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓ અંગે જાગૃતિ સાથે અરજીઓનું સ્થળ પર જ નિરાકરણની કામગીરી કરાઈ

સુઈગામ દ્વારા નાગરિકોને સરકારની જનહિતલક્ષી યોજનાઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત વિવિધ વિભાગો દ્વારા સ્થળ પર જ અરજીઓ સ્વીકારવાની, પ્રશ્નોનું નિરાકરણ કરવાની તથા જરૂરી માર્ગદર્શન આપવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. શિબિર દરમિયાન લાભાર્થીઓને વિવિધ યોજનાઓના લાભો, પ્રમાણપત્રો, મહાત્મા ગાંધી નરેગા યોજના હેઠળના જોબ કાર્ડ, આયુષ્માન કાર્ડ, વયવંદના યોજના, વિધવા સહાય સહિતની વિવિધ સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.આ જન કલ્યાણ શિબિરમાં મોટી સંખ્યામાં ગ્રામજનો અને લાભાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ સરકારની વિવિધ યોજનાઓનો લાભ મેળવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોએ લોકોને સરકારની કલ્યાણકારી યોજનાઓનો વધુમાં વધુ લાભ લેવા અપીલ કરી હતી તથા આવા કાર્યક્રમો દ્વારા સરકારની સેવાઓ છેવાડાના માનવી સુધી અસરકારક રીતે પહોંચાડવાના પ્રયાસોની પ્રશંસા કરી હતી.આ પ્રસંગે તાલુકા પંચાયત સુઈગામના પ્રમુખશ્રી જગદીશભાઈ પટેલ, જિલ્લા પંચાયત સદસ્ય શ્રી દુદાજી રાજપૂત, તાલુકા પંચાયત સદસ્ય શ્રી પુંજાભાઈ હડિયલ, સામાજિક અગ્રણી શ્રી બાવાભાઈ ઠાંસ, સરપંચશ્રી સહિત બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# ઓગડ તાલુકામાં મધ્યાહન ભોજન યોજનાના સંચાલક-કમ-કુકની ભરતી પ્રક્રિયા

પાલનપુર | મામલતદારશ્રી ઓગડના જાહેરનામા મુજબ ઓગડ તાલુકાના વિવિધ મધ્યાહન ભોજન યોજના કેન્દ્રોમાં ખાલી પડેલી સંચાલક-કમ-કુક (વ્યવસ્થાપક)ની જગ્યાઓ ભરવા માટે અરજીઓ મંગાવવામાં આવી છે. આ નિમણૂકો શૈક્ષણિક વર્ષ 2026-27 માટે તદ્દન હંગામી ધોરણે અંશકાલીન સમય માટે કરવામાં આવશે. પસંદગી પામનાર ઉમેદવારને માસિક રૂ. 4,500નું ઉચ્ચક માનદ વેતન ચૂકવવામાં આવશે.આ જગ્યાઓ માટે ફક્ત સંબંધિત ગામના સ્થાનિક રહેવાસી ઉમેદવારો જ અરજી કરી શકશે. ઉમેદવાર ઓછામાં ઓછું ધોરણ-10 પાસ હોવો જરૂરી છે તેમજ જાહેરાતની તારીખે તેની ઉંમર 20 વર્ષથી ઓછી અને 60 વર્ષથી વધુ ન હોવી જોઈએ. ઉમેદવાર અનાજ દળવાની ઘંટી, શાકભાજી, મસાલા, જલાઉ લાકડા, સસ્તા અનાજની દુકાન અથવા વકીલાત જેવા વ્યવસાય સાથે સંકળાયેલ ન હોવો જોઈએ. ભરતી પ્રક્રિયા રાજ્ય સરકારની પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ લાયકાત, ગેરલાયકાત અને અગ્રતાક્રમના ધોરણોને આધારે હાથ ધરાશે.અરજીપત્રક વિનામૂલ્યે ઓગડ મામલતદાર કચેરીની પી. એમ. પોષણ યોજના શાખામાંથી કચેરી સમય દરમિયાન મેળવી શકાશે.

# જાફરાબાદ બસ સ્ટેશન માં અંધારપટ છવાયો : એસટી બસ સ્ટેશન માં લાઈટો બંધ હાલતમાં અંધેર નગરી ગંડુ રાજા જેવી સ્થિતિ સર્જાઈ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



જાફરાબાદ એસટી બસ સ્ટેશન માં અંધારપટ છવાયો વિકાસ વિકાસ ની ગુલબાંગો વચ્ચે એસટી બસ સ્ટેશન લાઈટ વિહોણું બન્યું જાફરાબાદ મત્સ્યોદ્યોગ ક્ષેત્રે ધમધમતું બંદર હોય તેમાં પણ મસમોટી કંપનીઓ આ વિસ્તારમાં ધમધમતી હોય પરંતુ નાનું એવું એસટી બસ સ્ટેશન હોય સુવિધા વિહોણું બન્યું છે. હાલમાં એક જાગૃત નાગરિકે આ બસ સ્ટેશન નો વિડિઓ મુકેલ હોય તે વિડિયો જોતા લાગી રહ્યું છે કે એસટી તંત્ર કુંભકર્ણ નિંદ્રામાં સુતું હોય તેવું જોવા મળ્યું અહીં રાત્રિ ના સમય મહિલા મુસાફરો બસ ની રાહ જોઈ બેઠા હોય અને આવી રીતે એસટી બસ સ્ટેશન માં અંધારપટ છવાયો હોય કોઈ અનિચ્છનિય ઘટના ઘટે તો જવાબદારી કોની ..?? જાફરાબાદ મત્સ્યોદ્યોગ ક્ષેત્રે ધમધમતું બંદર હોય પરંતુ સુવિધાઓ ઝીરો છે. આ અંધકાર ના લીધે કોઈ ઘટના બને તો જવાબદારી કોની..?? આ અંધારપટ ના લીધે કોઈ વાહનો નો અકસ્માત સર્જાયો અને ન કરે નારાયણ કોઈ મોટી ખાનાખરાબી સર્જાઇ તો જવાબદાર કોણ..??

# રાજુલાના કોવાયા ગામે પરપ્રાંતીય યુવાને સિંહણે ફાડી ખાધો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



મળતી માહિતી અનુસાર પ્રકાશ ચંદ્ર નામનો યુવક, જે મૂળ ઉત્તરાખંડનો રહેવાસી હતો, તે સ્થાનિક હોટલ-રેસ્ટોરન્ટમાં કામ કરતો હતો. જણાવ્યા મુજબ તે મોડી રાત્રિના સમયે પોતાના વતન ઉત્તરાખંડ જવા માટે નીકળ્યો હતો. આ દરમિયાન કોવાયા ગામ નજીક સિંહણે તેના પર જીવલેણ હુમલો કર્યો હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.સિંહણે યુવક પર અત્યંત હિંસક રીતે હુમલો કર્યો હોવાની વિગતો સામે આવી રહી છે. ઘટનાસ્થળેથી યુવકની માત્ર ખોપરી મળ્યાની માહિતી મળતા સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો છે. આ ઘટના બાદ સ્થાનિક લોકોમાં પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે અને વનવિભાગ સામે સવાલો ઉઠી રહ્યા છે.ઘટનાની જાણ થતા રાજુલા રેન્જની વનવિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી અને તપાસ હાથ ધરી હતી. હાલ વન વિભાગ દ્વારા સિંહણની ઓળખ તેમજ સમગ્ર ઘટનાની તપાસ કરવામાં આવી રહી છે. સતત વધી રહેલી આવી ઘટનાઓને લઈને ગ્રામજનો દ્વારા માનવ સુરક્ષા માટે અસરકારક પગલાં લેવા માંગ ઉઠી રહી છે.

# રવાપરમાં અદાણી ફાઉન્ડેશન દ્વારા મફત મેડિકલ કેમ્પ યોજાયો

મહેશ એલ.સોની નખત્રાણા



નખત્રાણા તાલુકાના રવાપર ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે અદાણી ફાઉન્ડેશનના સહયોગથી બહુ-વિશેષજ્ઞ મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. રવાપર વિસ્તારના લોકોને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ ઘરઆંગણે મળી રહે એ હેતુથી યોજાયેલા આ કેમ્પમાં જનરલ મેડિસિન, ગાયનેક, સ્ત્રીરોગ અને આંખ નિદાન સહિતની સેવાઓ નિઃશુલ્ક પૂરી પાડવામાં આવી હતી. કેમ્પનું ઉદ્ઘાટન જિલ્લા પંચાયત પ્રતિનિધિ તથા તાલુકા પંચાયત સભ્ય શ્રી અશ્વિનભાઈ રૂપારેલના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તાલુકા પંચાયત સભ્ય શ્રી ઓસમાણ સુમરા, ગ્રામ પંચાયત સભ્ય શ્રી અબ્દુલ ચાકી સહિતના આગેવાનો અને રવાપર P.H.C.નો સ્ટાફગણ ઉપસ્થિત રહ્યો હતો.આ કેમ્પમાં જનરલ હોસ્પિટલની મેડિકલ ટીમ સાથે ડો. અનારા અને ડો. સુલેમાન પીંજારા સહિતના તજ્ઞ ડોક્ટરો ઉપસ્થિત રહ્યા હતા. જનરલ મેડિસિનમાં બ્લડ પ્રેશર, ડાયાબિટીસ સહિતની સામાન્ય બીમારીઓની તપાસ, ગાયનેક અને સ્ત્રીરોગમાં મહિલાઓ માટે ખાસ તપાસ, આંખ નિદાનમાં રોશની તપાસ અને મોતિયાનું પ્રાથમિક સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું.

## જે.જે.સી.ઇ. ટ્રસ્ટ સંચાલીત કોમર્સ કોલેજનાં પ્રિન્સીપાલશ્રી ડો.એમ.પી.ત્રાડાને વયોનિવૃતી વિદાયમાન અપાયુ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૬, જૂનાગઢ જુનિયર ચેમ્બર એજ્યુકેશન ટ્રસ્ટ અને કોમર્સ/બીબીએ કોલેજનાં આચાર્ય ડો.મગનભાઈ પી. ત્રાડા અને કોમ્પ્યુટર પ્રોગ્રામર સી.ડી. પરમાર ૨૯ વર્ષની દિર્ઘકાલીન સેવાઓ પુર્ણ કરી વયોનિવૃત થતાં તેમનાં વિદાયમાન પ્રસંગે બન્ને અધિકારીઓને સન્માનિત કરવાનો એક કાર્યક્રમ જૂનાગઢ જુનિયર ચેમ્બર એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા આયોજીત કરવામાં આવ્યો હતો.

## પ્લાસ્ટીક નું ચેકીંગ કરતા નિયમભંગ કરનારાઓ પાસેથી દંડ વસૂલ કરવામાં આવેલ.

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૬. રાજ્ય સરકારની 'સ્વચ્છ ગુજરાત, પ્લાસ્ટિક ફ્રી ગુજરાત' ઝુંબેશને વેગ આપવાના ભાગરૂપે તા.૧૬/૦૬/૨૦૨૬ના રોજ જુનાગઢ મહાનગરપાલિકાના કમિશનરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેનિટેશન શાખાની ટીમ દ્વારા સમગ્ર શહેરમાં એક સઘન પ્રતિબંધિત પ્લાસ્ટિક ની ઝુંબેશ ચલાવી ચેકિંગ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું.

## મહાનગર પાલિકા,જૂનાગઢ દ્વારા શહેરના વોર્ડ નં.૮,૯ અને ૧૦ના નાગરિકો માટે "જન કલ્યાણ શિબિર" કાર્યક્રમ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૬ . રાજ્યની પ્રજા સુધી સરકારની જનકલ્યાણકારી યોજનાઓની માહિતી બહોળા પ્રમાણમાં પહોંચે અને યોજનાઓનો મહત્તમ લાભ પ્રજાજનોને મળે તેમજ વિકસિત ભારત@૨૦૪૭ના લક્ષ્યને સિદ્ધ કરવા માટે વિકસિત ગુજરાત@૨૦૪૭નું ધ્યેય સાકાર કરવા માટે કેન્દ્ર તથા રાજ્ય સરકાર આ કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી.ત્યાર બાદ મહાનુભાવો ને પુષ્પગુચ્છ આપી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

## ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી દ્વારા વિશ્વયોગ દિવસનાં ઉપલક્ષ્યે વાઈસ ચાન્સેલર સહિત કર્મચારીઓ યોગનાં માર્ગે

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૬, યોગ તરફ નિયમિત વળે તે નિમિત્તે કુલપતિ પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણ દ્વારા વિશ્વ યોગ દિવસનાં આગોતરા આયોજન રૂપ યુનિ. ભવનમાં યુનિ.નો તમામ સ્ટાફ ૨૧ જુન સુધી દરરોજ ઓફીસ કાર્ય બાદ યોગાચાર્યનાં માર્ગદર્શનમાં યોગક્રિયા અને યોગાભ્યાસમાં જોડાશે. કુલપતિ પ્રો. (ડો.) પ્રતાપસિંહજી ચૌહાણે તમામ કર્મચારીઓ, અધિકારીઓ, વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે યોગ ભારતની પ્રાચીન અને અમૂલ્ય સાંસ્કૃતિક ધરોહર છે.

## જૂનાગઢ જિલ્લામાં શાળાકીય રમતોત્સવ (SGFI) માટે રજીસ્ટ્રેશન પ્રક્રિયા નો આરંભ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તારીખ,૧૬ ગુજરાત સરકારના રમત-ગમત વિભાગના સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, જૂનાગઢના માધ્યમથી શાળાકીય રમતોત્સવ (SGFI) ૨૦૨૬-૨૭નું આયોજન આગામી ટુંક સમયમાં હાથ ધરવાનું હોય, આ સ્પર્ધાની પૂર્વ તૈયારીના ભાગ રૂપે વધુને વધુ બાળકો આ સ્પર્ધાઓમાં ભાગ લે અને રાજ્યકક્ષાએ જૂનાગઢ જિલ્લામાંથી પ્રતિનિધિત્વ વધે તેવા હેતુથી આ વર્ષે એક સરળ રજીસ્ટ્રેશન પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

## આઈ.સી.ડી.એસ. શાખા જૂનાગઢ અને અપરાજિતા ફાઉન્ડેશનનું પ્રશંસનીય કદમ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૧૫, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર દ્વારા ડિજિટલ ટેક્નોલોજીના માધ્યમથી કિશોરી ઓના સશક્તિકરણ માટે એક પ્રશંસનીય અને અનોખી પહેલ હાથ ધરવામાં આવી છે. જેમાં જૂનાગઢ જિલ્લામાં આઈ.સી.ડી. એસ. શાખા અને અપરાજિતા ફાઉન્ડેશન વચ્ચે થયેલા એમ.ઓ.યુ. અંતર્ગત જિલ્લાના વિવિધ ઘટકોમાં કિશોરીઓના સર્વાંગી વિકાસ માટે ખાસ ડિજિટલ સેશન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

## જૂનાગઢમાં સ્થિત નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે પ્રગતિ પથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૬, રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ લોકાર્પણ થયેલ વિવિધ વિભાગોના આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય અને રાજય કક્ષાના શ્રેષ્ઠ પ્રોજેક્ટો, વિકાસલક્ષી કાર્યો, પ્રવાસન સ્થળો, યાત્રાધામો, શૈક્ષણિક સંસ્થાઓ, સહકારી પ્રવૃત્તિઓ અને લોકભાગીદારી આધારિત વિકાસ મોડલોના પ્રદર્શનો, જન જાગૃતિ માટે પ્રગતિ પથ યાત્રાનું સમગ્ર રાજ્યમાં આયોજન કરવાનું નિર્ધારિત કરવામાં આવ્યું છે.

## જૂનાગઢ શહેર માં ૧૦ વર્ષ તથા ૧૬ વર્ષ ના કિશોર - કિશોરીઓ ને TD રસીકરણનો પ્રારંભ કરવામાં આવ્યો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૬ . ગણેશનગર શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, જૂનાગઢ ખાતેથી ૧૦ વર્ષ તથા ૧૬ વર્ષ ના કિશોર, કિશોરીઓ ને TD તેમજ ૫ વર્ષના બાળકોને DPT બીજા બુસ્ટર રસીકરણ નો પ્રારંભ કરવામાં આવ્યો.આરોગ્ય શાખાની ટીમો દ્વારા શહેરની તમામ સ્કુલ પર જઈને રસીકરણની કામગીરી કરવામાં આવશે. આ તકે માન.કમિશનરશ્રી દ્વારા શહેરના તમામ વાલીઓને પોતાના બાળકોનું સમયસર રસીકરણ સુનિશ્ચિત કરવા અપીલ કરવામાં આવેલ છે.

## જૂનાગઢ જિલ્લામાં તા.૧૭મી જૂને ૫ સ્થળોએ જનકલ્યાણ શિબિર : સ્થાનિક સ્તરે સરકારી સેવાઓનો મળશે લાભ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૬ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સફળ નેતૃત્વનાં ૧૨ વર્ષે પૂર્ણ થવાના અવસરે વહીવટી તંત્ર દ્વારા ખાસ જન કલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે, તે અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં તા.૧૭ જૂનના રોજ ૫ સ્થળોએ જન કલ્યાણ શિબિર યોજાશે. જિલ્લામાં કેશોદના ચાંદીગઢ, જૂનાગઢના પલાસવા, માણાવદરના સુલતાનાબાદ, માળિયાના જુથળ અને વંથલીના ધંધુસર ગામે જન કલ્યાણ શિબિર યોજાશે.

## જૂનાગઢ જિલ્લામાં ટેકાના ભાવે પાક ખરીદી માટે ફાર્મર રજીસ્ટ્રી ઝુંબેશ: ગ્રામ પંચાયત અથવા પોર્ટલ પર તાત્કાલિક નોંધણી કરાવવા અનુરોધ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા. ૧૬ ખેડુત હિતને ધ્યાને રાખી ભારત સરકારશ્રી દ્વારા એગ્રી સ્ટેક હેઠળ ફાર્મર રજીસ્ટ્રીની કામગીરી ગ્રામ્ય લેવલે ઝુંબેશ સ્વરૂપે કરવામાં આવી રહી છે. ભારત સરકાર દ્વારા સ્પષ્ટ સૂચના જારી કરવામાં આવેલ છે કે, રવી/ખરીફ સિઝનમાં ટેકાના ભાવે ખરીદી હેઠળના તમામ પાકોમાં નોંધણી માટે ફાર્મર રજીસ્ટ્રી ફરજિયાત કરેલ છે.નોંધણી વિના ખરીદી નહીં: ફાર્મર રજીસ્ટ્રી કરાવેલ ન હોય તેવા કોઈપણ ખેડૂતની ટેકાના ભાવે જણસ ખરીદીની નોંધણી કરવામાં આવશે નહીં.

## રવાપર પી.એચ.સી. ખાતે નિઃશુલ્ક મલ્ટી સ્પેશિયાલિસ્ટ મેડિકલ કેમ્પમાં 110 દર્દીઓએ લીધો લાભ

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના રવાપર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે અદાણી ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે નિઃશુલ્ક મલ્ટી સ્પેશિયાલિસ્ટ મેડિકલ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામ્ય વિસ્તારોના લોકોને નિષ્ણાત તબીબોની આરોગ્ય સેવાઓ તેમના ગામ નજીક જ ઉપલબ્ધ થાય તે હેતુથી આયોજિત કેમ્પમાં મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો.કેમ્પનો પ્રારંભ રવાપર ગામના સરપંચ પરેશભાઈ રૂપારેલ, તાલુકા પંચાયત સભ્ય અશ્વિનભાઈ રૂપારેલ, તાલુકા પંચાયત સભ્ય ઓસમાનભાઈ સુમરા, ગ્રામ પંચાયત સભ્ય અબ્દુલભાઈ ચાકી તથા ગ્રામ્ય અગ્રણી વિજયભાઈ મોંઢના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવ્યો હતો.

## ડાંગના જંગલોમાં આજે પણ જીવંત છે આગિયાનું અદભુત સામ્રાજ્ય: લુપ્ત થતા 'ફાયરફ્લાઈઝ'ને નિહાળવા પ્રકૃતિપ્રેમીઓ ઉમટ્યા..

ડાંગ | આધુનિક્તાની આંધળી દોટ અને સતત વધતા જતા પ્રદૂષણને કારણે કુદરતે સર્જેલી અણમોલ જીવસૃષ્ટિ આજે જોખમમાં મુકાઈ ગઈ છે. રાત્રિના અંધકારમાં પોતાની પાંખો પાછળથી કુદરતી પ્રકાશ રેલાવતો અદભુત જીવ 'આગિયા', જેને અંગ્રેજીમાં 'Fireflies' તરીકે ઓળખવામાં આવે છે, તે આજે દેશ-દુનિયાના મોટાભાગના વિસ્તારોમાંથી લુપ્ત થવાના આરે પહોંચી ગયો છે. શહેરી વિસ્તારોમાં જ્યાં સિમેન્ટ-કોંક્રિટના જંગલો અને રાસાયણિક પ્રદૂષણને લીધે આ જીવ નામશેષ થઈ ગયો છે, ત્યાં ગુજરાતનો પ્રકૃતિથી ભરપૂર એવો ડાંગ જિલ્લો આજે પણ આ નાનકડા જીવ માટે આશીર્વાદરૂપ સાબિત થયો છે. ચોમાસાની શરૂઆત પહેલા, ખાસ કરીને જૂન અને જુલાઈ મહિના દરમિયાન ડાંગના ગાઢ જંગલોમાં રાત્રિના સમયે લાખો આગિયાઓથી રેલાતો કુદરતી પ્રકાશ એક કાલ્પનિક દુનિયા જેવો અદભુત નજારો સર્જે છે. આ અલૌકિક દ્રશ્યને પોતાની આંખોમાં કેદ કરવા અને તેના પર ઊંડાણપૂર્વક અભ્યાસ કરવા માટે દેશભરમાંથી પ્રકૃતિપ્રેમીઓ, સંશોધકો અને વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફર્સ મોટી સંખ્યામાં ડાંગના જંગલો ભણી દોડી આવે છે.

## દર્દી નારાયણની સેવા એજ પ્રભુ સેવા ના સુત્રને સાર્થક કરતું રાજુલા મહાત્માં ગાંધી આરોગ્ય મંદિર ને અમરેલી ગીર રોટલી ક્લબ દ્વારા તબીબી સાધનોની ભેટ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલા મહાત્માં ગાંધી આરોગ્ય મંદિર હોસ્પિટલમાં એકજ મહિનામાં ૧૪ હજાર થી વધુ દર્દી નારાયણ સેવા નો લાભ લીધો દર્દી નારાયણ સેવા એજ પ્રભુ સેવા ના સુત્રને સાર્થક કરતી આરોગ્ય મંદિર ને વધુ અમરેલી ગીર રોટલી ક્લબ દ્વારા લાખો રૂપિયા ના તબીબી સાધનોની ભેટ દર્દી દેવો ભવ ના સુત્ર સાથે શરૂ થયેલું હોસ્પિટલ માં દરરોજ મોટી સંખ્યામાં દર્દી નારાયણ સેવા અને સારવાર માટે આવી રહ્યા છે. ગરીબ અને જરૂરીયાતમંદ દર્દીઓને નિઃશુલ્ક અને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે દાતાશ્રીઓ પણ સતત સહયોગ આપી રહ્યા છે. ગીર રોટલી ક્લબ દ્વારા મહાત્માં ગાંધી આરોગ્ય મંદિર ને રૂપિયા ૬૭,૭૮ લાખના અત્યાધુનિક તબીબી સાધનો ભેટરૂપે અર્પણ કરવામાં આવ્યા આ અવસરે મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર ખાતે ભવ્ય સન્માન સમારોહ નું આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમ દરમિયાન અમરેલી ગીર રોટલી ક્લબ દ્વારા હોસ્પિટલમાં દર્દી નારાયણની સારવાર અને સેવા આપતા તમામ ડોક્ટર નું સન્માન કરવામાં આવ્યું હતું.

# જમાનો બદલાયો એની સાથે પેઢીના સ્વાદમાં પણ ઘણા ફેરફાર થયા

વેકેશન પૂરું થતાં જ મમ્મીઓનું ટેન્શન બાળકો ના મનપસંદ નાસ્તા માટે વધી જતું હોય છે. દરરોજ એક નો એક નાસ્તો બાળકો ને ભાવતો નથી નિત્ય નવું ભાવતું જ ભાવે છે.જમાનો બદલાયો એની સાથે નવી જૂની પેઢી ના સ્વાદ માં પણ ઘણા ફેરફાર થયા છે.નવી પેઢીના બાળકો નો ટેસ્ટ મેગી, પિઝા,પાસ્તા વગેરે માં વધારે છે એટલે ગોળ ભાખરી,અથાણું રોટલી,પૌવા, ઉપમા વગેરે પૌષ્ટિક નાસ્તાઓ એને સહેજ પણ ગળે ઉતરતા નથી.આ કારણોસર તો રેસ્ટોરન્ટ માં પણ બાળકો માટે મેગી ની ખાસ વ્યવસ્થા હોય છે. મમ્મીઓના મુખે સાંભળવા મળશે કે બાળક ની ભોજન માં રુચિ જ નથી ચીઝ સેન્ડવિચ પેટ ભરી ને આરોગશે પણ રોટલી પર ઘી અને ખાંડ ચોપડી ને આપો તો ખાવાની આના કાની કરશે.

મેંદા માંથી બનેલી વાનગીઓ એ અપચા, કબજિયાત વગેરે જેવા પેટ ના રોગો ને આમંત્રણ આપે છે લાખ સમજીએ છીએ પણ બાળકો ની જીદ આગળ જૂકવું પડતું હોય છે. આધુનિક જમાના ની લાખ ખૂબી હશે પણ વિરુદ્ધ ના આહાર એ સ્વસ્થ શરીર ને પણ રોગિષ્ટ બનાવી શકે છે. ઈશ્વર એ માણસ નું શરીર સો વર્ષ થી વધારે ચાલે એવું મજબૂત બનાવ્યું છે પણ માણસ જાત ની બેદરકારી એ શરીરના બીમાર અંગોની સારવાર માટે "હોસ્પિટલ" શબ્દ નું નિર્માણ કર્યું છે. ૪૦ થી ૬૦ વર્ષ સુધીની વયના બધાય બાળપણ માં સ્કૂલ સમયે ટિફિન માં શું ટિફિન માં લઈ જતા હતા?ભૂલ થી મમ્મી આગળ જીદ કરવાની તાકાત એકઠી કરી તો બીજે દિવસે ટિફિન વગર જવું પડતું હતું. આપણે બધાએ બાળપણ માં પૌષ્ટિક નાસ્તો અને આહાર કર્યો છે એટલે જ આપણા બધાનું બાળપણ અને યુવાની ચુસ્ત,તાજગીભર્યું હતું.

મોટાભાગ ના નાસ્તાઓ ઘઉં અને ચોખા માંથી જ બને છે ઘઉં અને ચોખા એ અત્યંત પૌષ્ટિક અને સ્વાસ્થ્ય વર્ધક ધાન માનવામાં આવે છે.ઘઉં અને ચોખા એ સ્વાસ્થ્ય માટે નુકશાનકારક છે આ વાત પાયે થી તદન ખોટી અને ભ્રામક છે.યુગો ના યુગોથી આપણા પૂર્વજો નું મુખ્ય ભોજન ઘઉં અને ચોખા હતું છતાંય એ લોકોનું તંદુરસ્ત આયુષ્ય સો થી દોઢ સો વર્ષ નું હતું. જો રૂટિન ભોજન બનાવવા માં ઘઉં અને ચોખા નો ઉપયોગ સાચી રીતે થાય તો વરદાન સમાન સમજો.બાળકો ના નાસ્તા ના ડબ્બા માં બને ત્યાં સુધી ઘઉં અને ચોખા માંથી બનતી વિવિધ રેસિપી ઓ આપશો તો એના શરીર ને બધા વિટામિન્સ,મિનરલ્સ વગેરે મળશે.

નાસ્તા ના ડબ્બાની રેસિપી ઓ:

ઘઉં ની ગળી અને નમકીન થુલી:

ઘઉં નું થૂલું સંપૂર્ણ આહાર માનવા માં છે શરીરની મજબૂતી માટે ફાયદાકારક અને પૌષ્ટિક જીવન સાબિત થયું છે. જ્યાર થી ઘઉં દળવા ની ઘંટી ની શોધ થઈ છે ત્યાર થી આપણે બધા એકદમ બારીક ઘઉં ના લોટ ની રોટલી ખાતા થઈ ગયા છે.ઘઉં ની રોટલી નો લોટ બારીક મેંદા જેવો દળવા ને બદલે સહેજ ઓછો બારીક દળવા નું રાખો.

નમકીન થુલી:

એક અડધી વાટકી થુંલી નો લોટ પ્રેશર કૂકર માં નાખી ને એમાં દોઢ ગ્લાસ પાણી ઉમેરો. એક બટેટુ,ગાજર,કોબી ના બેત્રણ પાન,ફ્લાવર ના ત્રણચાર ટુકડા,લીલા વટાણા એક ચમચો,ટમેટું,નાનું રીંગણ,દૂધી નો નાનો ટુકડો બધાજ શાક સમારી ને બહોળા પાણી થી બેત્રણ વાર ધોઈ ને કોરા કરીને પ્રેશર કૂકર માની થૂલી માં ઉમેરો. સ્વાદ અનુસાર નમક અને લાલ મરચું,હળદર વગેરે મસાલા થુંલી માં મિક્સ કરીને એક મોટો ચમચો ઘી ઉમેરી ને બેત્રણ સિટી બાદ ગેસ ની સ્વીચ બંધ કરી દ્યો.તૈયાર સ્વાદિષ્ટ થુંલી ને ટિફિન માં ભર્યા બાદ એના પર ઝીણા સમારેલા ધાણા ભભરાવો રેસિપી આકર્ષક દેખાશે તો બાળકો ની નાસ્તા પ્રત્યે ની રુચિ આપોઆપ વધશે. જો બાળક ને ધાણા ભાવતા નથી તો ટમેટા ના સોસ નો ઉપયોગ કરી શકો છો.



ટિફિન ના પૌષ્ટિક નાસ્તાઓ.
- રુપાલી દવે

ગળી થુંલી:

પ્રેશર કૂકર માં અડધો કપ થૂલી નો લોટ નાખીને એમાં દોઢ કપ પાણી ઉમેરી ને એક ચમચો ઘી ઉમેરી ને પ્રેશર કૂકર ની બેત્રણ સિટી વગાડવા દ્યો. પ્રેશર કુકર ઠરે એ બાદ ગરમા ગરમ થુંલી ની અંદર દેસી ડબ્બા નો ઢીલો ગોળ બે ત્રણ ચમચ ઉમેરી ને મોટા મોઢા વાળા ચમચા થી સહેજ ઘી નાખીને બધું સાફ મિક્સ કરો. બાળકો ના ટિફિન માં થૂલી ભરીને એને કાજુ બદામ ની કતરણ અને સૂકી દ્રાક્ષ થી સજાવો. ગળી થૂલી માં ઘઉં અને ઘી ઉપરાંત ગોળ નો પણ વપરાશ થયો છે કુદરતી રીતે ગોળ માં લોહ તત્વ અધિક હોય છે. આ ઉપરાંત ગોળ માં મેગ્નેશિયમ, ફોસ્ફરસ, કેલિશિયમ,આયર્ન સહિત ના પોષક તત્વો પુષ્કળ પ્રમાણ માં ઉપલબ્ધ હોય છે.આ બધા પોષક તત્વો ના કારણે શરીર ની અંદર ની સમસ્યા ઓ નિર્મૂળ થાય છે.

સુખડી :

આજે મોટાભાગના બાળકો ચોકલેટ ને ખુબજ પસંદ હોવાથી દાંત ના સડા નો શિકાર બન્યા હોય છે. ચોકલેટ બનાવવા માટે વપરાતા ખાદ્ય પદાર્થો એ ચોકલેટ ખાધા બાદ દાંત ના ઈનેમલ ની ફરતે ચોંટી જતા હોય છે ઈનેમલ ને નુકશાન પહોંચતા દાંત અંદર થી ખોખલા થવા લાગે છે. બાળપણ માંજ બાળકો ના દાંત ને નુકશાન થશે તો એ એની પૂરી લાઈફ કેવી રીતે દાંત વગર કાઢશે? બને ત્યાં સુધી ચોકલેટ થી બાળકો ને દૂર રાખવા પ્રયત્ન કરો.

આપણા બાપ દાદા ના સમય માં ઘઉં ના લોટ માંથી બનતી સુખડી,લડવા,લાપસી વગર વગેરે ઘરેઘર ની ફેવરિટ ચોકલેટ હતી.

કઢાઈ માં મોટા બે ચમચા દેશી ઘી નાખી ને થોડું ગરમ થવા દ્યો. ઘી ગરમ થઈ ગયા બાદ ગેસ ની ધીમી આંચ કરીને એમાં એક વાટકો ઘઉં નો લોટ ઉમેરી ને તવેથા વડે લોટ ને ઉપર નીચે કરીને શેકો. લોટ શેકાય ગયા બાદ એમાં બારીક સમારેલો ગોળ ઉમેરી ને બધું મિશ્રણ એક સરખું કરો. મિશ્રણ માંથી ઘી છૂટું પડી ગયા બાદ થાળી માં ઘી લગાવી ને મિશ્રણ ને સારી રીતે પાથરો. સુખડી ના મિશ્રણ પર પિસ્તા અને બદામની લાંબી કતરણ ભભરાવી ને વાટકી વડે દાબી દ્યો.એક સરખા ચોરસ પીસ કરીને સુખડી ઠંડી થયા બાદ સર્વ કરો. બાળકો ના ટિફિન બોક્સ માં ગોળ,ત્રિકોણ,લંબ ચોરસ વગેરે આકાર માં મૂકશો તો બાળક ને આકાર ના આકર્ષણ માં સુખડી ભાવવા લાગશે.

નોંધ : સુખડી અંદર ગોળ ઉમેરીને હલાવતા વખતે ખાસ ધ્યાન રાખવા નું વધારે ગોળ નો પાયો ન આવી જાય.

બાળકો ના ટિફિન માં મૂકવા માટે બીજી અનેક ઘઉં ની રેસિપી ઓ જેવી કે ગળ્યા અને નમકીન શક્કર પારા, ખડખડી પૂરી,થેપલા,ઘઉં ની સેવ નો બિરંજ,શીરો, જીરા વાળા પરાઠા, મિક્સ વેજિટેબલ પરાઠા,આલુ પરાઠા, ભાખરી વગેરે વગેરે.આજકાલ બાળકો બજાર માં વેંચાતી ફ્રેન્કી પાછળ પાગલ છે.વરસોથી આપણે મમ્મીઓ એ ગુજરાતી ફ્રેન્કી ઓ વધારે બનાવી જ હશે.. મોટાભાગ ના છોકરાઓ ને શાકભાજી ખાસ ભાવતા નથી હોતા.છોકરાઓનાં પેટ માં પૌષ્ટિક શાકભાજી જાય એટલે મમ્મીઓની ટ્રીક: બાળકો ના ટિફિનમાં રોટલી ના રોલની અંદર સંતાયેલા શાકભાજી નાસ્તા ના રિસેશ માં છોકરાઓ ભૂખ્યા થયા હોય એટલે રોલ ખોલ્યા વગર આનંદ થી સ્વાદિષ્ટ..સ્વાદિષ્ટ બોલતા બોલતા ખાઈ જાય છે ને ઘરે આવી ને મસ્ત બન્યા હતા ની મમ્મી ઓને વધામણી પણ આપે છે.

# ફિલ્મ ગદરના 25 વર્ષ પૂરા...!

## અમીષા પટેલે કહ્યું- સની દેઓલ હજુ પણ જુવાન છે; સિલ્વર જ્યુબિલી સેલિબ્રેશનમાં અમરીશ પુરીને યાદ કરાયા

















(એજન્સી) મુંબઇ | તા 16

ફિલ્મનો ક્રેઝ એટલો બધો હતો કે સિનેમાઘરોની બહાર સવારથી લાંબી કતારો લાગી જતી હતી. તે જ દિવસે આમિર ખાનની ફિલ્મ 'લગાન' પણ રિલીઝ થઈ હતી, જોકે ક્લેશ છતાં બંને ફિલ્મોએ શાનદાર પ્રદર્શન કર્યું.

ફિલ્મ 'ગદર: એક પ્રેમ કથા'ની રિલીઝના 25 વર્ષ પૂરા થવા પર તેની સિલ્વર જ્યુબિલી સેલિબ્રેટ કરવામાં આવી. આ પ્રસંગે સની દેઓલ, અમીષા પટેલ, ડિરેક્ટર અનિલ શર્મા અને ફિલ્મના અન્ય સ્ટાર કાસ્ટ એક સાથે જોવા મળ્યા.

કાર્યક્રમમાં સની દેઓલે કેક કાપી અને અમીષા પટેલ સાથે પેપરાઝી સામે ફોટા પડાવ્યા. બંનેને એક સાથે જોઈને ચાહકો પણ ઉત્સાહિત જોવા મળ્યા. સની દેઓલે અમીષા અને અનિલ શર્માને કેક ખવડાવીને ફિલ્મના 25 વર્ષ પૂરા થવાનો જશ્ન મનાવ્યો.

અમીષા પટેલનો લુક પણ ચર્ચામાં રહ્યો. તે આ પ્રસંગે લહેંગા-ચોલી અને દુપટ્ટા સાથે ભારતીય પોશાકમાં જોવા મળી. ત્યાં જ ઈવેન્ટ દરમિયાન પાપારાઝીએ કહ્યું કે AIનો જમાનો છે અને તેનાથી તેને પણ યુવાન કરી શકાય છે. જેના પર અમીષાએ સની દેઓલ તરફ હાથ ચીંધીને કહ્યું, 'આ યુવાન જ છે.'

સની દેઓલ અને અમીષા પટેલ અભિનીત ફિલ્મ ગદર 15 જૂન 2001ના રોજ રિલીઝ થઈ હતી. ફિલ્મનો ક્રેઝ એટલો બધો હતો કે સિનેમાઘરોની બહાર સવારથી જ લાંબી કતારો લાગી જતી હતી. તે જ દિવસે આમિર ખાનની ફિલ્મ 'લગાન' પણ રિલીઝ થઈ હતી, જોકે ક્લેશ છતાં બંને ફિલ્મોએ શાનદાર પ્રદર્શન કર્યું હતું.

લગભગ 18 કરોડ રૂપિયાના બજેટમાં બનેલી આ ફિલ્મે બોક્સ ઓફિસ પર 133 કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી હતી. જ્યારે, તેના બીજા ભાગ 'ગદર 2' એ બોક્સ ઓફિસ પર કુલ 691 કરોડ રૂપિયાથી વધુનું શાનદાર વર્લ્ડવાઇડ કલેક્શન કર્યું હતું. જેનું બજેટ 60 કરોડ રૂપિયા હતું. ફિલ્મમાં સની દેઓલનું તારા સિંહ અને અમીષા પટેલનું સકીનાનું પાત્ર દર્શકોમાં આજે પણ પ્રખ્યાત છે. ફિલ્મનું નિર્દેશન અનિલ શર્માએ કર્યું હતું. તેમાં અમરીશ પુરીએ સકીનાના પિતાની ભૂમિકા ભજવી હતી.

### સિલ્વર જ્યુબિલી પર અમરીશ પુરીને યાદ કરવામાં આવ્યા

ફિલ્મની સિલ્વર જ્યુબિલી સેલિબ્રેશન દરમિયાન સની દેઓલે અમરીશ પુરીને યાદ કરતા કહ્યું, 'અમરીશજી આજે આપણી વચ્ચે નથી, પરંતુ તેઓ હંમેશા આપણા હૃદયમાં રહેશે.'

ડિરેક્ટર અનિલ શર્માએ કહ્યું, 'જ્યાં સુધી 'ગદર'નું નામ રહેશે, ત્યાં સુધી અમરીશ પુરીજી પણ તેની સાથે જોડાયેલા રહેશે. તેમની યાદો હંમેશા આ ફિલ્મનો એક ભાગ રહેશે.' જ્યારે અમીષા પટેલે કહ્યું, "અમે અમરીશ પુરીજીને ખૂબ યાદ કરીએ છીએ."




# 6 મહિનામાં થિયેટરો બનશે IMAX હબ

## ક્રિસ્ટોફર નોલાનની 'ધ ઓડિસી' સહિત 10 મોટી ફિલ્મો રિલીઝ થશે, 16 હજાર કરોડથી પણ વધુ બજેટ...

મુંબઈ | હોલિવૂડ ફિલ્મમેકર ક્રિસ્ટોફર નોલાનની આગામી ફિલ્મ 'ધ ઓડિસી' 17 જુલાઈએ રિલીઝ થવાની છે, ભારતમાં ફિલ્મની આઈમેક્સ ટિકિટોની એડવાન્સ બુકિંગ ખુલતા જ દર્શકોએ રેકોર્ડ સ્તરે સીટો બુક કરી લીધી છે. રિલીઝના લગભગ 1 મહિના પહેલા જ ભારતમાં આ ફિલ્મના 1.5 લાખ ટિકિટ વેચાઈ ચૂકી છે. નોલાનની અગાઉની બ્લોકબસ્ટર ફિલ્મ 'ઓપનહાઈમર'એ 2023માં બુકિંગ શરૂ થવાના આ જ તબક્કામાં 65 હજાર ટિકિટ વેચી હતી. 'ધ ઓડિસી' ઈતિહાસની પહેલી એવી ફિલ્મ પણ છે, જે સંપૂર્ણપણે આઈમેક્સ કેમેરા પર શૂટ થઈ છે.

તે ગ્રીક કવિ હોમરની પ્રસિદ્ધ મહાકાવ્ય રચના પર આધારિત છે. વાર્તા ટ્રોય યુદ્ધ પછી ઈથાકાના રાજાની યાત્રા દર્શાવે છે.

### IMAX ફિલ્મો વિશે જાણો

- IMAX એટલે Image Maximum
- સ્ક્રીન સામાન્ય થિયેટર કરતાં ઘણી મોટી હોય છે.
- સ્ક્રીનમાં બહેતર રિઝોલ્યુશન મળે છે.
- વિશેષ IMAX કેમેરાથી શૂટ થયેલા દ્રશ્યો વધુ પ્રભાવશાળી દેખાય છે. સાઉન્ડ સિસ્ટમથી ફિલ્મની અંદર હોવાનો અહેસાસ મળે છે.
- એક્શન, સાયન્સ-ફિક્શન અને ફેન્ટેસી ફિલ્મો માટે સૌથી પસંદીદા ફોર્મેટ માનવામાં આવે છે.

એવેન્જર્સ-ડ્યુનના નવા ભાગો... નોલાન લાવી રહ્યા છે તેમની સૌથી મોંઘી ફિલ્મ

હોલીવુડ હવે પ્રીમિયમ સ્ક્રીન અનુભવ પર દાવ લગાવી રહ્યું છે. 'ધ ઓડિસી', 'એવેન્જર્સ', 'ડ્યુન', 'સુપરગર્લ' અને 'ટોય સ્ટોરી-5' જેવી ફિલ્મો સહિત માત્ર 10 મોટી રિલીઝનું સંયુક્ત બજેટ 16 હજાર કરોડ રૂપિયાથી વધુ આંકવામાં આવી રહ્યું છે. સૌથી મોંઘી ફિલ્મોમાં 'એવેન્જર્સ' અને 'ધ ઓડિસી'નો સમાવેશ થાય છે, જેમનું બજેટ અનુક્રમે 3,400 કરોડ અને 2,100 કરોડ રૂપિયાની આસપાસ છે.

- આગામી 6 મહિનામાં લગભગ 13 એવી ફિલ્મો આવવાની છે, જે IMAX અનુભવ આપશે. તેમાંથી કેટલીક પ્રખ્યાત ફિલ્મો આ છે.
- Dune : Part Three- રિલીઝ: 18 ડિસેમ્બર, ડેનિસની સાયન્સ-ફિક્શનનો ત્રીજો ભાગ
- Toy Story 5- રિલીઝ: 19 જૂન, પિક્સરની સૌથી લોકપ્રિય એનિમેશન ફ્રેન્ચાઇઝી છે.
- Supergirl- રિલીઝ: 26 જૂન, DC યુનિવર્સની નવી સુપરહીરો ફિલ્મ છે.
- ધ ઓડિસી- રિલીઝ: 17 જુલાઈ, નોલનની ફિલ્મ, આઈમેક્સ પર શૂટ કરવામાં આવી છે.
- રેસિડેન્ટ એવિલ- રિલીઝ: 18 સપ્ટેમ્બર, પ્રખ્યાત હોરર ફ્રેન્ચાઇઝીનો નવો ભાગ આવી રહ્યો છે.
- ગોડઝિલા માઈનસ ઝીરો- રિલીઝ: 6 નવેમ્બર, મોટા મોન્સ્ટર યુનિવર્સની આગામી રજૂઆત.
- એવેન્જર્સ: ડૂમ્સડે- રિલીઝ: 18 ડિસેમ્બર, માર્વેલની મેગા ઈવેન્ટ ફિલ્મ હશે.



# હુમાએ બોયફ્રેન્ડને 'હાર્ડ લોન્ચ' કર્યો

## રચિત સિંહના એક્ટિંગ ડેબ્યૂ પર લખ્યું, 'બનારસના છોકરાએ કોઈ શોર્ટકટ લીધો નથી'; એક્ટરે પણ પ્રેમ વરસાવ્યો

(એજન્સી) મુંબઇ | તા 16

'જોલી LLB 2' ફેમ એક્ટ્રેસ હુમા કુરેશીએ પોતાના રૂમર્ડ બોયફ્રેન્ડ રચિત સિંહને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં 'હાર્ડ-લોન્ચ' કર્યો છે. રચિત સિંહ સસ્પેન્સ થ્રિલર ફિલ્મ 'બેબી ડુ ડાઈ ડુ'થી પોતાના એક્ટિંગ કરિયરની શરૂઆત કરવા જઈ રહ્યો છે, જેમાં હુમા કુરેશી પણ મુખ્ય ભૂમિકામાં છે. હુમાએ સોશિયલ મીડિયા પર રચિતની તસવીરો શેર કરતા તેના એક દાયકા લાંબા સંઘર્ષ અને કામ પ્રત્યેની તેની ધગશની પ્રશંસા કરી છે.

તેના જવાબમાં રચિતે પણ હુમાને પોતાની સૌથી મોટી સપોર્ટર ગણાવી છે. ગયા વર્ષે બંનેની સગાઈના સમાચાર સામે આવ્યા હતા.

બનારસથી મુંબઈ સુધી 10 વર્ષ સંઘર્ષ કર્યો હુમા કુરેશીએ ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં લખ્યું કે, રચિત ઉત્તર પ્રદેશના બનારસનો રહેવાસી છે. તે એક્ટર બનવાનું સપનું લઈને મુંબઈ આવ્યો હતો. જ્યારે તેને તરત સફળતા ન મળી, ત્યારે તેણે હાર ન માની. હુમાએ જણાવ્યું કે, રચિતે છેલ્લા 10 વર્ષમાં ઘણા અન્ય કલાકારોને તાલીમ આપી, તેનો મેન્ટર બન્યો અને વર્કશોપ્સમાં કામ કર્યું. તે પડદા પાછળ રહીને બીજાઓને આગળ વધારતો રહ્યો અને પોતાના સાચા સમયની રાહ જોતો રહ્યો. તેણે એક્ટિંગ માટે ક્યારેય કોઈ શોર્ટકટ અપનાવ્યો નહીં અને પોતાના કામ પર વિશ્વાસ રાખ્યો.

રચિતે કહ્યું- 'હુમા સૌથી મોટી સપોર્ટર' હુમાની આ પોસ્ટ પર રચિત સિંહે પણ કમેન્ટ કરતા લખ્યું, 'હાર્ડ-લોન્ચ કરવા બદલ આભાર હુમી. આ પોસ્ટ વાંચ્યા પછી મને અહેસાસ થયો કે હું ખરેખર ઘણા સમયથી આ ઈન્ડસ્ટ્રીમાં છું.' તેણે હુમાનો આભાર વ્યક્ત કરતા કહ્યું કે, 'જ્યારે મને પોતાના પર વિશ્વાસ નહોતો થતો, ત્યારે પણ હુમીએ મારો સાથ આપ્યો અને મારા પર વિશ્વાસ જાળવી રાખ્યો.' રચિતે હુમાના વખાણ કરતા કહ્યું કે, 'તે એવી વસ્તુઓ નોટિસ કરે છે.



# CM વિજય -સંગીતાના છૂટાછેડા કેસની સુનાવણી ટળી : 7 ઓગસ્ટે સુનાવણીની તારીખ પડી

(એજન્સી) મુંબઇ | તા 16

તમિલનાડુના મુખ્યમંત્રી અને પૂર્વ એક્ટર વિજય અને તેમની પત્ની સંગીતા વચ્ચે ચાલી રહેલા છૂટાછેડાના કેસની સુનાવણી સોમવારે ચેંગલપટ્ટુ જિલ્લાની મહિલા કોર્ટમાં થઈ, પરંતુ બંને પક્ષો કોર્ટમાં હાજર રહ્યા ન હતા. કોર્ટે અગાઉ વ્યક્તિગત રીતે હાજર રહેવાનો આદેશ આપ્યો હતો. આ કેસની આગામી સુનાવણી હવે 7 ઓગસ્ટે થશે. આ કેસની પ્રથમ સુનાવણી 20 એપ્રિલે થઈ હતી. ત્યારે પણ વિજય અને સંગીતા કોર્ટ પહોંચ્યા ન હતા અને તેમની તરફથી માત્ર વકીલો જ હાજર રહ્યા હતા. હિન્દુસ્તાન ટાઈમ્સના અહેવાલ મુજબ, વકીલોએ સુરક્ષા અને અન્ય વ્યવસ્થાનો હવાલો આપીને ઓનલાઈન સુનાવણીની મંજૂરી માંગી હતી, પરંતુ કોર્ટે આ માંગણી ફગાવી દીધી હતી. કોર્ટે બંનેને 15 જૂનની સુનાવણીમાં વ્યક્તિગત રીતે હાજર રહેવાનો આદેશ આપ્યો હતો. આમ છતાં સોમવારે બંને કોર્ટ પહોંચ્યા ન હતા. 2026ની શરૂઆતમાં સંગીતાએ વિજયથી છૂટાછેડા માટે અરજી દાખલ કરી હતી. વિજયે 1999માં સંગીતા સોરનાલિંગમ સાથે લગ્ન કર્યા હતા. આ લગ્નથી તેમને બે બાળકો જેસન સંજય અને દિવ્યા સાશા થયા. ઈન્ડિયા ટુડેના રિપોર્ટ અનુસાર, સંગીતાએ તેની છૂટાછેડાની અરજીમાં પતિ વિજય પર એક્સ્ટ્રા મેરિટલ અફેરનો આરોપ લગાવ્યો હતો. જોકે, તેણે કોઈનું નામ લીધું ન હતું. ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક સમયથી ત્રિશાનું નામ સાઉથસુપરસ્ટાર અને તમિલનાડુના નવનિયુક્ત મુખ્યમંત્રી સી. જોસેફ વિજય ઉર્ફ થલાપતિ વિજય સાથે નામ જોડાઈ રહ્યું છે.

# 'સાથ સોઓગે નહીં તો રિપ્લેસ કર દેંગે' : 22 વર્ષની 'છાવા' ફેમ સંચિતા ઉગલેની આત્મહત્યા બાદ ટીવી એક્ટ્રેસ આંચલ ખુરાનાએ ઈન્ડસ્ટ્રીને એક્સપોઝ કરી

## 22 વર્ષીય ટીવી એક્ટ્રેસ સંચિતા ઉગલેના કથિત આત્મહત્યાના કેસ પછી એક્ટ્રેસ આંચલ ખુરાનાએ ટીવી ઈન્ડસ્ટ્રી પર સવાલો ઉઠાવ્યા છે.



(એજન્સી) મુંબઇ | તા 16

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર વીડિયો શેર કરતા એક્ટ્રેસે કહ્યું- 'એક અભિનેતાએ આત્મહત્યા કરી લીધી. ચેનલને ટીઆરપી જોઈએ છે, પ્રોડ્યુસરને બજેટ બચાવવું છે અને દર્શકોને મનોરંજન જોઈએ છે. પરંતુ આની પાછળ શું તમે ક્યારેય વિચાર્યું છે કે એક અભિનેતા કઈ પરિસ્થિતિઓમાંથી પસાર થાય છે?'

એક્ટ્રેસે આગળ કહ્યું, 'એક નાની વાત પર રિપ્લેસમેન્ટ, કોઈની સાથે સમાધાન નહીં કરો તો રિપ્લેસમેન્ટ, કોઈની સાથે દલીલ કરશો તો રિપ્લેસમેન્ટ, આત્મસન્માન બચાવશો તો રિપ્લેસમેન્ટ.'

આંચલ ખુરાનાએ એમ પણ કહ્યું કે જ્યાં સુધી ચેનલ અને પ્રોડ્યુસર્સની વાત છે, તે સૌથી સ્વાર્થી લોકો છે. તેમને પોતાના નફા અને ફાયદાથી ઉપર કંઈ દેખાતું નથી.

વિશ્વાસ કરો, મારી સાથે પણ આવું થયું છે. જો તમારું ઓડિશન સારું છે, તમે એક સારા પર્ફોર્મર છો, તો પણ તેઓ તમને ફક્ત 1000 રૂપિયા માટે રિજેક્ટ કરી દેશે. 1000 રૂપિયા માટે. અથવા તમે કોઈને લાઇન નથી આપી રહ્યા. તમે કોઈની સાથે કંઈ પણ કરવા તૈયાર નથી. તેઓ તમને બદલી નાખશે. તેમના માટે આ ખૂબ જ સરળ છે.

વીડિયોમાં આંચલે કલાકારોને કહ્યું કે જ્યારે પરિસ્થિતિઓ ખૂબ જ મુશ્કેલ લાગે ત્યારે પોતાના પરિવાર અને ઘરનો સહારો લેવો જોઈએ. આંચલના મતે, તે પોતે પણ ડિપ્રેશન અને સ્ટ્રેસના સમયગાળામાંથી પસાર થઈ ચૂકી છે અને આવા સમયે કામ કરતાં પોતાના લોકોનો સાથ વધુ મહત્વનો હોય છે.

ટીવી સિરિયલ 'કુમકુમ ભાગ્ય'થી જાણીતી બનેલી એક્ટ્રેસ સંચિતા ઉગલેએ રવિવારે રાત્રે આત્મહત્યા કરી લીધી. તે 22 વર્ષની હતી. પોલીસે જણાવ્યું કે અભિનેત્રીનો મૃતદેહ ઘરમાં સીલિંગ ફેન પર લટકતો મળ્યો. તેમણે સાડીનો ફંદો બનાવીને ફાંસી લગાવી હતી.

મુંબઈ પોલીસે મીડિયાને જણાવ્યું, 'અમારી ટીમ માહિતી મળતા જ ઘટનાસ્થળે પહોંચી. ત્યાં કંઈપણ શંકાસ્પદ મળ્યું નથી. કોઈ સુસાઈડ નોટ પણ મળી નથી. ઘટના સમયે તેઓ ઘરમાં એકલા હતા. તેમના પિતાએ દીકરીના મૃત્યુ માટે કોઈને જવાબદાર ઠેરવ્યા નથી.'

સંચિતા પોતાના માતા-પિતા સાથે મહારાષ્ટ્રના પાલઘરમાં રહેતી હતી. રવિવારે સાંજે લગભગ 5:30 વાગ્યે તેની બહેન અંજલિ ઘરની બહાર ગઈ હતી. તે સમયે ઘરમાં કોઈ હાજર નહોતું. આ દરમિયાન સંચિતાએ પોતાના બેડરૂમના સીલિંગ ફેન પર સાડીના સહારે ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી.

તેને તરત જ મહાનગરપાલિકાની તુલિંજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી, પરંતુ ડોકટરોએ તેને મૃત જાહેર કરી. તે ટીવી સિરિયલ 'કુમકુમ ભાગ્ય' અને 'વાગલે કી દુનિયા'માં જોવા મળી હતી. પોલીસે તેમનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે અને મામલાની તપાસ ચાલી રહી છે.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

## વિશ્વકપમાં પોર્ટુગલના પડકારો રુબેન ડાયસની ફિટનેસ પર પ્રશ્નાર્થ

(એજન્સી) ફ્લોરિડા । તા. 16

ફિફા વિશ્વકપમાં પોર્ટુગલની ટીમ બુધવારે ડીઆર કોંગો સામે પોતાની પ્રથમ મેચ રમવા જઈ રહી છે. આ મહત્વપૂર્ણ મુકાબલા પહેલા પોર્ટુગલના સ્ટાર ખેલાડી રુબેન ડાયસની ફિટનેસને લઈને ટીમમાં ચિંતાનો માહોલ છે. ડાયસ છેલ્લા કેટલાક સમયથી ટીમના મુખ્ય જૂથથી અલગ પ્રેક્ટિસ કરી રહ્યા છે, જે ચાહકો માટે ચિંતાનો વિષય બન્યો છે.



માન્ચેસ્ટર સિટીમાં ડાયસના સાથી ખેલાડી મિડફિલ્ડર મેથ્યુસ ન્યુન્સે કહ્યું છે કે, “અમે ઈચ્છીએ છીએ કે ડાયસ દરેક મેચમાં ઉપલબ્ધ રહે કારણ કે તે ટીમનો અત્યંત મહત્વનો ખેલાડી છે. તે માત્ર મેદાન પર જ નહીં, પરંતુ ડ્રેસિંગ રૂમમાં પણ એક મજબૂત નેતા છે.” પોર્ટુગલની આશા છે કે ડાયસ પ્રથમ મેચ અને ત્યારબાદ સમગ્ર ટૂર્નામેન્ટ માટે ફિટ થઈ જશે. ટીમના અમેરિકા આગમન અને ફ્લોરિડામાં પ્રેક્ટિસ દરમિયાન દરિયાકિનારાના ઉપયોગને લઈને ઉઠેલા વિવાદ પર ન્યુન્સે સ્પષ્ટતા કરી છે. તેમણે જણાવ્યું કે, આ કોઈ વેકેશન નથી પરંતુ હવામાન સાથે અનુકૂળ થવા માટેની ‘વર્ક પ્લાન’નો એક ભાગ છે. માન્ચેસ્ટરની ઠંડી બાદ અમેરિકાની ગરમીમાં રમવા માટે આ જરૂરી તૈયારી છે. ન્યુન્સ પોતે પણ મલ્ટી-પોઝિશનલ ખેલાડી તરીકે ફુલ-બેક કે મિડફિલ્ડર તરીકે રમવા માટે સજ્જ છે. બ્રાઝિલમાં જન્મેલા પરંતુ પોર્ટુગલ માટે રમવાનું પસંદ કરનાર ન્યુન્સે કહ્યું કે, “હું પોર્ટુગીઝ અને બ્રાઝિલિયન બંને છું, પરંતુ ફૂટબોલની દ્રષ્ટિએ હું પોર્ટુગલનો ઋણી છું. પોર્ટુગલે મને ઓળખ આપી છે અને અહીં રમવામાં મને ગર્વ છે.” ટીમ હવે ડીઆર કોંગો સામે જીત સાથે વિશ્વકપમાં પોતાની સફરની શરૂઆત કરવા માટે આતુર છે.

**સુપર ઓવર હાર બાદ મોટો વિવાદ, ક્રિકેટ મેદાનમાં ખેલાડીઓ બાખડ્યા**

# વૈભવ સૂર્યવંશીનો ગુસ્સો, મેદાન બન્યું અખાડો



(એજન્સી) નવી દિલ્હી । તા. 16

ભારત A અને શ્રીલંકા A વચ્ચે દાંબુલાના મેદાન પર રમાયેલી રોમાંચક મેચ રમતના મેદાનને બદલે જાણે કુસ્તીના અખાડામાં ફેરવાઈ ગઈ હતી. સુપર ઓવરમાં ભારતની હાર બાદ ભારતીય યુવા બેટર વૈભવ સૂર્યવંશી પોતાનો આપો ગુમાવી બેસતા સ્થિતિ ગંભીર બની હતી. મેચ પૂર્ણ થયા બાદ શ્રીલંકાના ખેલાડીઓ સાથે થયેલી ઉગ્ર તકરાર અને હાથાપાઈની આ ઘટનાએ ક્રિકેટ જગતમાં ભારે ચર્ચાઓ જગાવી છે.

મેચના અંતિમ તબક્કે જ્યારે સુપર ઓવરમાં ભારત ૧૭ રનનો પીછો કરવામાં નિષ્ફળ રહ્યું, ત્યારે તણાવ ચરમસીમા પર હતો. શ્રીલંકાની જીત બાદ તેમના ખેલાડીઓ મેદાન પર વિજય ઉત્સવ મનાવી રહ્યા હતા. આ દરમિયાન, એક શ્રીલંકન ફિલ્ડરની કોઈ કથિત ટિપ્પણીથી વૈભવ સૂર્યવંશી અત્યંત નારાજ થઈ ગયો હતો. વાત એટલી વણસી ગઈ કે બંને ખેલાડીઓ એકબીજાની સામસામે આવી ગયા અને શાબ્દિક યુદ્ધ હાથાપાઈ સુધી પહોંચી ગયું હતું. ભારતીય ખેલાડી સૂર્યાંશ શેડગેએ સમયસૂચકતા વાપરીને વૈભવને વચ્ચેથી દૂર ખેંચી લેતા મામલો થાળે પડ્યો હતો, પરંતુ લાંબા સમય સુધી મેદાન પર હાઈ-ડ્રામા જોવા મળ્યો હતો.

મેચ દરમિયાન માત્ર વૈભવ જ નહીં, પરંતુ ભારતીય કેપ્ટન તિલક વર્મા પણ અમ્પાયરો સાથે દલીલોમાં ઉતરતા જોવા મળ્યા હતા. મેચ ટાઈ થયા બાદ સુપર ઓવરના નિર્ણય અને ત્યારબાદ પ્રકાશની સ્થિતિ (લાઈટ મીટર) ને લઈને તિલક વર્મા સતત અમ્પાયરો સાથે ઉગ્ર ચર્ચા કરી રહ્યા હતા. સુપર ઓવરમાં પણ નો-બોલના નિર્ણય અને લાઈટ ઓછી હોવાને કારણે બેટિંગ કરવામાં પડતી મુશ્કેલીઓ અંગે ભારતીય કેપ્ટને અમ્પાયરો પાસે સ્પષ્ટતા માંગી હતી. આ તમામ વિવાદોએ રમતની ગરિમાને કલંકિત કરી હતી.

### સુપર ઓવરમાં કેમ હાર્યું ભારત?

મેચના નિયમો મુજબ સુપર ઓવર રમાઈ હતી, જેમાં શ્રીલંકાએ ૧૭ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. મેદાનમાં ઓછો પ્રકાશ હોવાને કારણે ભારતીય બેટર્સને બોલ જોવામાં મોટી મુશ્કેલી પડી રહી હતી. વૈભવ સૂર્યવંશી અને સૂર્યાંશ શરૂઆતના બોલ પર રન બનાવવામાં સંઘર્ષ કરતા દેખાયા હતા. છેલ્લી ઓવરમાં જીત માટે ૧૪ રનની જરૂર હતી, છતાં વૈભવ લક્ષ્ય સુધી પહોંચી શક્યો નહીં અને ભારતને હારનો સામનો કરવો પડ્યો હતો.

### વિવાદ કે રમતની રણનીતિ?

આ સમગ્ર ઘટનાક્રમ બાદ બંને ટીમના ખેલાડીઓએ પરસ્પર હાથ મિલાવીને મામલો શાંત પાડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આ પ્રકારના વિવાદો ખેલાડીઓના માનસિક દબાણ અને ખેલદિલીના અભાવને દર્શાવે છે. નિષ્ણાતોના મતે, આંતરરાષ્ટ્રીય સ્તરની મેચોમાં આવી ઘટનાઓ રમતની છબીને નુકસાન પહોંચાડે છે. જોકે, આ મેચનો રોમાંચ આ ડ્રામાને કારણે વધુ ચર્ચિત બન્યો છે.

**ભારતની સેમિફાઈનલમાં એન્ટ્રી, હોકીમાં જાપાનને 2-1 થી હરાવ્યું**

# ભારતની હોકી ટીમ સેમિફાઈનલમાં, જાપાનને હરાવ્યું

(એજન્સી) ઓકલેન્ડ । તા. 16

ન્યુઝીલેન્ડમાં રમાઈ રહેલા એફઆઈએચ (FIH) હોકી વુમન્સ નેશન્સ કપ ૨૦૨૬માં ભારતીય મહિલા હોકી ટીમે શાનદાર પ્રદર્શન યથાવત રાખ્યું છે. મંગળવારે પૂલ-એ ની પોતાની બીજી મેચમાં ભારતે જાપાનને ૨-૧ થી હરાવીને ટૂર્નામેન્ટની સેમિફાઈનલમાં પોતાનું સ્થાન સુરક્ષિત કરી લીધું છે. સતત બે જીત સાથે ભારત અત્યારે પૂલ-એ માં ટોચના સ્થાને છે.

### રોમાંચક મુકાબલામાં ભારતનો વિજય

મેચની પ્રથમ હાફમાં બંને ટીમો વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી હતી, જેમાં કોઈ પણ ટીમ ગોલ કરી શકી ન હતી. ત્રીજા ક્વાર્ટરમાં ભારતે આક્રમક રમત દાખવી ૩૩મી મિનિટે કેપ્ટન સલીમા ટેટેના ગોલ દ્વારા ૧-૦ ની સરસાઈ મેળવી હતી. જોકે, બે મિનિટ બાદ જ જાપાનની હિરામિત્સુ આઈએ પેનલ્ટી કોર્નરને ગોલમાં ફેરવી સ્કોર ૧-૧ થી બરાબર કરી દીધો હતો. મેચના અંતિમ ક્વાર્ટરમાં ૪૯મી મિનિટે લાલરેમસિયામીએ ભારત માટે નિર્ણાયક



ગોલ કરી ટીમને ૨-૧ થી વિજય અપાવ્યો હતો. આ મેચ મિડફિલ્ડર જ્યોતિ માટે યાદગાર બની રહી હતી, જેણે પોતાની કારકિર્દીની ૧૦૦મી આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી.

ભારતીય ટીમ અત્યાર સુધી અજેય રહી છે, જેમાં અમેરિકા અને જાપાન સામેની જીતનો સમાવેશ થાય છે. પૂલ-એ માંથી સેમિફાઈનલ માટેના બીજા સ્થાન માટે હવે જાપાન અને અમેરિકા વચ્ચે ટક્કર થશે. ભારત હવે ૧૮ જૂનના રોજ પોતાની અંતિમ પૂલ મેચમાં ઉરુગ્વે સામે ટકરાશે. ભારતીય મહિલા ટીમના આ પ્રદર્શનને લઈને ચાહકોમાં ભારે ઉત્સાહ છે. કેપ્ટન સલીમા ટેટેને આ મેચમાં ‘પ્લેયર ઓફ ધ મેચ’ જાહેર કરવામાં આવી હતી.

ટીમની આ સફળતા પાછળ ખેલાડીઓનું સંતુલિત પ્રદર્શન અને ચોક્કસ વ્યૂહરચના જવાબદાર છે. સુશીલા ચાનુએ અંતિમ ગોલ માટે આપેલો પાસ મેચનો ટર્નિંગ પોઈન્ટ સાબિત થયો હતો. હવે ભારતનો પ્રયાસ છેલ્લી લીગ મેચ પણ જીતીને સેમિફાઈનલમાં પ્રવેશવાનો રહેશે. ભારતીય હોકી ટીમના આત્મવિશ્વાસપૂર્ણ પ્રદર્શનને જોતા ટૂર્નામેન્ટમાં ભારતને ટાઈટલ જીતવા માટેના મજબૂત દાવેદાર માનવામાં આવી રહ્યા છે. ઓકલેન્ડના નોર્થ હાર્બર હોકી સેન્ટરમાં ભારતનો જયઘોષ ગુંજી રહ્યો છે.

## વિશ્વકપમાં ઈરાની સમર્થકોનો બળવો, ફિફાના નિયમો તોડ્યા

### સ્ટેડિયમમાં ઈરાની સમર્થકો આક્રમક



(એજન્સી) લોસ એન્જલસ । તા. 16

અમેરિકાના લોસ એન્જલસમાં રમાઈ રહેલા ફિફા વિશ્વકપ દરમિયાન એક અસામાન્ય દ્રશ્ય જોવા મળ્યું હતું. ઈરાનની ટીમ અને ન્યુઝીલેન્ડ વચ્ચેની મેચ દરમિયાન ઈરાની સમર્થકોએ ફિફાના સખત પ્રતિબંધોને અવગણીને સ્ટેડિયમમાં ક્રાંતિ પૂર્વેના ઈરાની ધ્વજ લહેરાવ્યા હતા. આ ઘટનાએ વિશ્વકપના સુરક્ષા અને નિયમોના અમલીકરણ પર અનેક સવાલો ઊભા કર્યા છે.

સોફાઈ સ્ટેડિયમની બહાર સોમવારે સેંકડો પ્રદર્શનકારીઓ ઈરાન સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરતા જોવા મળ્યા હતા. સ્ટેડિયમની અંદર પ્રવેશતા પહેલા સુરક્ષા વ્યવસ્થા ઘણી કડક હતી. મેટલ ડિટેક્ટર અને સામાનની તપાસ બાદ, સુરક્ષાકર્મીઓએ એવા ફેન્સને પણ રોક્યા હતા જેમણે ક્રાંતિ પૂર્વેના ઝંડાવાળા ટી-શર્ટ પહેર્યા હતા. કેટલાક પ્રશંસકોને તેમના ટી-શર્ટ ઉંધા પહેરવા માટે મજબૂર કરવામાં આવ્યા હતા. તેમ છતાં, એકવાર સ્ટેડિયમની અંદર પ્રવેશ્યા પછી આ પ્રતિબંધોનું અમલીકરણ નિષ્ફળ સાબિત થયું હતું. મેચ દરમિયાન સ્ટેડિયમમાં બેનરો, ધ્વજ અને કપડાં પર જૂના ઈરાની ધ્વજ સ્પષ્ટપણે દેખાતા હતા. ફિફાએ મે મહિનામાં જ રાજકીય, અપમાનજનક કે ભેદભાવપૂર્ણ સંકેતો ધરાવતા ઝંડા કે કપડાં પર પ્રતિબંધ મૂક્યો હતો. તેમ છતાં, સમર્થકોએ પોતાની નારાજગી વ્યક્ત કરવા માટે આ માર્ગ પસંદ કર્યો હતો. એટલું જ નહીં, રાષ્ટ્રગીત વાગતી વખતે પણ કેટલાક ઈરાની સમર્થકોએ મેદાન તરફ પીઠ ફેરવીને પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. રમતગમતના મંચ પર રાજકીય વિચારધારાઓ કેટલી ઊંડી અસર કરે છે. ફિફાના અધિકારીઓ માટે હવે આ પડકાર છે કે ટૂર્નામેન્ટ દરમિયાન આવી ઘટનાઓને કેવી રીતે રોકવી. ઈરાની સરકાર સામેના આ પ્રદર્શને સ્ટેડિયમનું વાતાવરણ સંપૂર્ણપણે બદલી નાખ્યું હતું. ખેલાડીઓ માટે પણ આ સ્થિતિ એક પ્રકારનું દબાણ ઊભું કરે છે.

## એશિયન ગેમ્સ માટે ભારતીય ટેનિસ ટીમ જાહેર, નાગલ-સહજા કરશે નેતૃત્વ



(એજન્સી) નવી દિલ્હી । તા. 16

જાપાનના આઈચી-નાગોયા ખાતે યોજાનારી ૨૦મી એશિયન ગેમ્સ માટે ઓલ ઈન્ડિયા ટેનિસ એસોસિએશન (AITA) એ સોમવારે ભારતીય ટેનિસ ટીમોની જાહેરાત કરી છે. પુરુષ અને મહિલા બંને વર્ગમાં અનુભવી ખેલાડીઓ અને ઉભરતી પ્રતિભાઓના મિશ્રણ સાથે કુલ છ સભ્યોની ટીમ પસંદ કરવામાં આવી છે. દેશના ટોચના ક્રમાંકિત સિંગલ્સ ખેલાડીઓ સુમિત નાગલ અને સહજા યમલાપલ્લી આ અભિયાનનું નેતૃત્વ કરશે.

નંદન બાલની અધ્યક્ષતામાં મળેલી પસંદગી સમિતિએ ખેલાડીઓના વર્તમાન ફોર્મ અને પ્રોફેશનલ સર્કિટમાં કરેલા પ્રદર્શનને આધારે આ યાદીને આખરી ઓપ આપ્યો છે. એસોસિએશનના મહાસચિવ સુંદર અય્યરે જણાવ્યું હતું કે, “અમે એવા ખેલાડીઓની પસંદગી કરી છે જે અનુભવ અને ભવિષ્યની ક્ષમતાનું સંતુલન જાળવી રાખે છે. અમને પૂરો વિશ્વાસ છે કે આ ખેલાડીઓ નાગોયામાં ભારતનું નામ રોશન કરશે.” પુરુષ સિંગલ્સમાં સુમિત નાગલ સાથે માનસ ધમને અને દક્ષિણેશ્વર સુરેશને સ્થાન મળ્યું છે. ડબલ્સ વિભાગમાં અનુભવી યુકી ભામ્બરી, એન. શ્રીરામ બાલાજી અને અનિરુદ્ધ ચંદ્રશેખર દેશનું પ્રતિનિધિત્વ કરશે. બીજી તરફ, મહિલા સિંગલ્સમાં સહજા યમલાપલ્લી સાથે વૈષ્ણવી અડકર અને વૈદેહી ચૌધરીને પસંદ કરવામાં આવ્યા છે. મહિલા ડબલ્સમાં રુતુજા ભોસલે, પ્રાર્થના થોમ્બરે અને અંકિતા રૈના પર ભાર મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત કરણ સિંહ, રિત્વિક બોલીપલ્લી, નિકી કાલિયાન્ડા પૂનચા અને ઝીલ દેસાઈ તથા શ્રુતિ અહલાવતને રિઝર્વ તરીકે રાખવામાં આવ્યા છે. એશિયન ગેમ્સનું આયોજન આગામી ૧૯ સપ્ટેમ્બરથી ૪ ઓક્ટોબર દરમિયાન જાપાનના આઈચી-નાગોયામાં થનાર છે. ભારતીય ટેનિસ ખેલાડીઓ છેલ્લા કેટલાક સમયથી પ્રોફેશનલ સર્કિટમાં સતત સારું પ્રદર્શન કરી રહ્યા છે, જે આ મોટી ટુર્નામેન્ટ પહેલા સકારાત્મક સંકેત છે.

**વિશ્વકપમાં નોર્વે-ઈરાકનો જંગ** **એર્લિંગ હાલન્ડની તૈયારીઓ તેજ**

# એર્લિંગ હાલન્ડ પર સૌની નજર, વિશ્વકપમાં ધૂમ



(એજન્સી) બોસ્ટન । તા. 16

ફિફા વિશ્વકપમાં આજે નોર્વે અને ઈરાક વચ્ચેની મેચ પર સમગ્ર ફૂટબોલ જગતની નજર ટકેલી છે. ૨૮ વર્ષના લાંબા અંતરાલ બાદ નોર્વે વિશ્વકપમાં વાપસી કરી રહ્યું છે, ત્યારે તેમના સ્ટાર સ્ટ્રાઈકર એર્લિંગ હાલન્ડની રમતના જાદુને જોવા માટે ચાહકો આતુર છે. નોર્વેના કોચ સ્ટેલે સોલબાકેને હાલન્ડના વખાણ કરતા કહ્યું હતું કે, “જો તમે એર્લિંગને તક આપો છો, તો તે ગોલ કરવામાં માહિર છે અને તે વિશ્વકપમાં ચોક્કસપણે મોટો પ્રભાવ પાડશે.”

### હાલન્ડનો પ્રભાવ અને ટીમનો આત્મવિશ્વાસ

કોચ સોલબાકેનના મતે, હાલન્ડની હાજરી માત્ર ગોલ કરવામાં જ નહીં, પરંતુ તેમની આસપાસના સાથી ખેલાડીઓના આત્મવિશ્વાસમાં પણ વધારો કરે છે. નોર્વેએ જે રીતે ક્વોલિફિકેશન રાઉન્ડમાં આઠમાંથી આઠ મેચ જીતીને ૩૭ ગોલ કર્યા છે, તે જોતા ટીમ અત્યારે ખૂબ જ સંતુલિત અને આત્મવિશ્વાસથી ભરેલી જણાય છે. હાલન્ડનું નેતૃત્વ અને મેદાન પરની તેમની ઉપસ્થિતિ નોર્વેની સફળતા માટે ચાવીરૂપ સાબિત થઈ રહી છે.

આજે બોસ્ટનના ઉપનગરમાં આવેલી ન્યૂ ઈંગ્લેન્ડ પેટ્રિઅટ્સ સ્ટેડિયમમાં નોર્વેનો મુકાબલો ઈરાક સામે થશે. ઈરાક માટે આ મુકાબલો ઘણો પડકારજનક છે, કારણ કે તેઓ છેલ્લી ઘડીએ આંતરખંડીય પ્લેઓફમાં બોલિવિયાને હરાવીને વિશ્વકપમાં સ્થાન મેળવવામાં સફળ રહ્યા હતા.

**બે ખેલાડીઓનું ટેસ્ટમાં પદાર્પણ**

## ઈંગ્લેન્ડની ટીમમાં બે નવા ચહેરા, ટેસ્ટ માટે સજ્જ

(એજન્સી) લંડન । તા. 16

ન્યૂઝીલેન્ડ સામેની બીજી ટેસ્ટ મેચ માટે ઈંગ્લેન્ડે પોતાની પ્લેઈંગ ઈલેવનની જાહેરાત કરી દીધી છે. લંડનના ધ ઓવલ ખાતે રમાનારી આ નિર્ણાયક મેચમાં જોર્ડન કોક્સ અને સોની બેકર ટેસ્ટ ક્રિકેટમાં પદાર્પણ કરવા જઈ રહ્યા છે. લોર્ડ્સ ખાતે મળેલી ભવ્ય જીત બાદ ઈંગ્લેન્ડની ટીમ આ શ્રેણીમાં પોતાની પકડ વધુ મજબૂત કરવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે.

પ્રથમ ટેસ્ટમાં ૧૧૫ રનથી જીત મેળવ્યા બાદ, ઈંગ્લેન્ડે આ મેચ માટે ટીમમાં કુલ ચાર ફેરફારો કર્યા છે. ફાસ્ટ બોલર જોફ્રા આર્ચરની લાંબા સમય બાદ ટેસ્ટ ટીમમાં વાપસી થઈ છે, જ્યારે મેટ ફિશરને પણ ૨૦૨૨ પછી ટેસ્ટ મેચ રમવાની તક મળી છે. જોકે, પ્રથમ ટેસ્ટમાં સાત વિકેટ ઝડપનાર ઓલી રોબિન્સન ઈજાના કારણે આ મેચમાંથી બહાર થઈ ગયા છે, જે ઈંગ્લેન્ડ માટે એક મોટો ફટકો છે. જોર્ડન કોક્સ માટે આ ક્ષણ ઘણી ખાસ છે, કારણ કે ઈજાના કારણે તેઓ અગાઉ પદાર્પણ કરી શક્યા ન હતા. હાલમાં જ એસેક્સના આ બેટરે લાયન્સ ટીમ અને સ્થાનિક ટી-૨૦ ટુર્નામેન્ટમાં શાનદાર પ્રદર્શન કરીને પોતાની ક્ષમતા સાબિત કરી છે. બીજી તરફ, બેન સ્ટોક્સની ગેરહાજરીમાં જો રૂટ ઈન્ટરિમ કેપ્ટન તરીકે ટીમનું નેતૃત્વ કરશે. ટીમના આક્રમક પેસ એટેકમાં હવે આર્ચર, ફિશર, ટોંગ અને બેકરનો સમાવેશ થાય છે, જે ન્યૂઝીલેન્ડના બેટ્સમેનો માટે મુશ્કેલી ઊભી કરી શકે છે.

વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના પોઈન્ટ ટેબલમાં સાતમા સ્થાને પહોંચેલી ઈંગ્લેન્ડની ટીમ હવે શ્રેણી કબજે કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. પ્લેઈંગ ઈલેવનમાં બેન ડકેટ, એમિલિયો ગે અને જેકોબ બેથેલ જેવા યુવા ખેલાડીઓ હોવાથી ટીમ વધુ સંતુલિત લાગે છે.

**શૂટઆઉટ // 60 મિલિયન ડોલરનો ખર્ચ અને પડકારો, ખર્ચ અને લોજિસ્ટિક્સનું દબાણ**

# વ્હાઈટ હાઉસમાં ફરી નહીં થાય યુએફસીની ફાઈટ

(એજન્સી) વોશિંગ્ટન । તા. 16

યુએફસી (UFC)ના પ્રમુખ દના વ્હાઈટે એક સ્પષ્ટ અને નિર્ણાયક જાહેરાત કરતા જણાવ્યું છે કે, વ્હાઈટ હાઉસમાં ભવિષ્યમાં ક્યારેય આવી કોઈ ફાઈટ નાઈટનું આયોજન કરવામાં આવશે નહીં. તાજેતરમાં વ્હાઈટ હાઉસના સાઉથ લોન ખાતે યોજાયેલી ‘ફ્રીડમ 250’ ઈવેન્ટ એક અદ્ભુત અનુભવ હતો, પરંતુ તેને એક ‘વન-ઓફ’ (માત્ર એક જ વાર) ઘટના ગણાવીને વ્હાઈટે ફરીથી આવું કરવા માટે સ્પષ્ટ ના પાડી દીધી છે.

આ ભવ્ય આયોજન અમેરિકાના પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ૮૦મા જન્મદિવસ અને સ્વતંત્રતાના ઘોષણાપત્રની ૨૫૦મી વર્ષગાંઠ નિમિત્તે કરવામાં આવ્યું હતું. આ ઈવેન્ટ માટે યુએફસીએ પોતે ૬૦ મિલિયન ડોલરનો ખર્ચ કર્યો હતો. દના વ્હાઈટે જણાવ્યું હતું કે, આટલો મોટો ખર્ચ અને ફેડરલ લેન્ડમાર્ક પર ઈવેન્ટનું આયોજન કરવા માટે લોજિસ્ટિક્સની વ્યવસ્થા કરવી અત્યંત કપરું કામ હતું. આ ઉપરાંત, ખુલ્લા મેદાનમાં



આયોજન હોવાથી સતત હવામાનની ચિંતાઓએ આ આયોજનને ખૂબ જ પડકારજનક બનાવી દીધું હતું.

આ રાત્રે જસ્ટિન ગેથજીએ ઈલિયા ટોપુરિયાને હરાવીને યુએફસી લાઈટવેઈટ ટાઈટલ જીત્યું હતું. ગેથજી સહિતના ફાઈટર્સ માટે વ્હાઈટ હાઉસના વેસ્ટ વિંગ અને ઓવલ ઓફિસની મુલાકાત એક યાદગાર ક્ષણ રહી હતી. જોકે, આ સાંજ સંપૂર્ણપણે વિવાદમુક્ત રહી ન હતી. મિડલવેઈટ ચેમ્પિયન સીન સ્ટ્રિકલેન્ડને પોલીસ દ્વારા બહાર કાઢવામાં આવ્યો હતો, જ્યારે હેવીવેઈટ જોશ હોકિટે ભૂતપૂર્વ ફર્સ્ટ લેડી મિશેલ ઓબામા વિશે પાયાવિહોણી ટિપ્પણીઓ કરતા વિવાદ સર્જાયો હતો.

દના વ્હાઈટે સ્વીકાર્યું કે આ ઈવેન્ટ વેચાણ અને સ્ટ્રીમિંગના તમામ લક્ષ્યાંકો પાર પાડવામાં સફળ રહી છે. તેમણે કહ્યું, “આ એક અદભૂત અનુભવ હતો અને આવું ફરી ક્યારેય નહીં થાય. હું આટલો ખર્ચ ઉઠાવી શકું તેમ નથી.” તેમની આ ટિપ્પણી દર્શાવે છે કે વ્યાપારી અને વ્યવસ્થાપકીય કારણોસર યુએફસી હવે પરંપરાગત એરેના (સ્ટેડિયમ) તરફ પાછા ફરશે. યુએફસીની આગામી મોટી ઈવેન્ટ, યુએફસી 329, હવે તેના પરંપરાગત હોમ ગ્રાઉન્ડ લાસ વેગાસમાં યોજાશે, જ્યાં કોનર મેકગ્રેગરની વાપસી થશે.

આ આયોજનનો મુખ્ય હેતુ દેશભક્તિનો સંદેશ આપવાનો હતો, જેમાં મરીન બેન્ડના પ્રદર્શન અને ફર્સ્ટ રિસ્પોન્ડર્સના સન્માનનો સમાવેશ થતો હતો. દના વ્હાઈટે આશા વ્યક્ત કરી હતી કે જે લોકોએ પહેલીવાર વ્હાઈટ હાઉસના કારણે આ રમત જોઈ છે, તેઓ યુએફસીના ચાહક બનશે. જોકે, રાજકીય માહોલ અને રમતને જોડવાની આ પ્રક્રિયામાં યુએફસીને ઘણી મુશ્કેલીઓનો પણ સામનો કરવો પડ્યો છે.

**અલ્જેરિયા સામે થશે પ્રથમ ટક્કર**

# વિશ્વકપમાં મેસી ફરી મેદાનમાં, આર્જેન્ટિના વિશ્વકપ માટે સજ્જ

(એજન્સી) કેન્સાસ સિટી । તા. 16

ફૂટબોલ વિશ્વકપમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિના આજે અલ્જેરિયા સામેની પોતાની પ્રથમ મેચ સાથે ટૂર્નામેન્ટનો પ્રારંભ કરી રહ્યું છે. ટીમના મુખ્ય આધારસ્તંભ અને દિગ્ગજ ખેલાડી લિયોનેલ મેસીની હાજરીને લઈને આર્જેન્ટિનાના કેમ્પમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ૩૮ વર્ષીય મેસી પોતાની કારકિર્દીના અંતિમ ગણાતા આ વિશ્વકપમાં ફરી એકવાર ઈતિહાસ રચવા માટે તત્પર છે.

આર્જેન્ટિનાના કોચ લિયોનેલ સ્કેલોનીએ પત્રકાર પરિષદમાં સ્પષ્ટ કર્યું છે કે મેસી માત્ર આર્જેન્ટિના માટે જ નહીં, પરંતુ સમગ્ર ફૂટબોલ જગત માટે આકર્ષણનું કેન્દ્ર છે. સ્કેલોનીએ જણાવ્યું હતું કે, “દરેક વ્યક્તિ મેસીને મેદાન પર રમતા જોવા માંગે છે. તે હંમેશા ટીમના મુખ્ય હિસ્સા તરીકે રહ્યો છે અને હાલમાં તો તેનું મહત્વ વધુ વધી ગયું છે.” ફિટનેસને લગતી ચિંતાઓ વચ્ચે પણ સ્કેલોનીએ મેસીને ટીમ માટે અનિવાર્ય ગણાવ્યો છે. મેસીએ ૬ જૂને હોન્ડુરાસ સામેની ફ્રેન્ડલી મેચ ગુમાવી હતી, પરંતુ આઈસલેન્ડ સામેની મેચમાં સબસ્ટિટ્યુટ તરીકે ઉતરીને પેનલ્ટી દ્વારા ગોલ કરીને



પોતાની ફોર્મ સાબિત કર્યું હતું. મેસીના જૂના સાથી અને ડિફેન્ડર નિકોલસ ઓટામેન્ડીએ મેસીની ભરપૂર પ્રશંસા કરતા તેને ‘ઈતિહાસનો સર્વશ્રેષ્ઠ ખેલાડી’ અને ‘કોમ્પિટિટિવ એનિમલ’ ગણાવ્યો છે.

## પોલીસ ચોકી પર આતંકી વિસ્ફોટ, પાંચ પોલીસ કર્મીઓના કરુણ મોત

# પાકિસ્તાનમાં ભીષણ આતંકી હુમલો, 5 પોલીસના મોત

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

પાકિસ્તાન ફરી એકવાર આતંકવાદની ભીષણ આગમાં સળગ્યું છે. ખૈબર-પખ્તુનવા અને પંજાબની સીમા પાસે આવેલી તકાંગી પોલીસ ચોકી પર સોમવારે સવારે થયેલા આતંકી હુમલાએ સમગ્ર દેશને હચમચાવી દીધો છે. વિસ્ફોટકો ભરેલા વાહન દ્વારા કરવામાં આવેલા આ હુમલામાં પાંચ પોલીસકર્મીઓએ પોતાનો જીવ ગુમાવ્યો છે, જ્યારે આઠ જેટલા અન્ય પોલીસ જવાનો ગંભીર રીતે ઘાયલ થયા છે.

### હુમલાની ભયાનકતા અને કાર્યશૈલી

પ્રારંભિક તપાસ મુજબ, આતંકવાદીઓએ લાકડાં ભરેલા એક પિકઅપ વાનનો ઉપયોગ કર્યો હતો, જેની નીચે મોટી માત્રામાં વિસ્ફોટકો છુપાવી રાખવામાં આવ્યા હતા. આ વાન અત્યંત ઝડપે આવીને પોલીસ ચોકી સાથે અથડાઈ, જેના પગલે સર્જાયેલા પ્રચંડ ધડાકાથી ચોકીની બહારની દીવાલ ધરાશાયી થઈ ગઈ હતી અને વાહન મલબામાં દટાઈ ગયું હતું. આ હુમલો આત્મઘાતી હતો કે તેને રિમોટ કંટ્રોલ દ્વારા અંજામ આપવામાં આવ્યો હતો, તે અંગે સુરક્ષા એજન્સીઓ હજુ તપાસ કરી રહી છે.

આ ભયાનક હુમલાની જવાબદારી તહેરિક-એ-તાલિબાન-એ-પાકિસ્તાન (ટીટીપી) એ સ્વીકારી છે. આતંકી સંગઠને દાવો કર્યો છે કે આ હુમલો તેમના નવા 'અલ-ફારૂક મિસાઈલ' દ્વારા કરવામાં આવ્યો છે. જોકે, પાકિસ્તાની સુરક્ષા સંસ્થાઓએ હજુ સુધી આ દાવાની કોઈ સત્તાવાર પુષ્ટિ કરી નથી. તેઓ આ હુમલા પાછળની ચોક્કસ પદ્ધતિ અને સ્ત્રોત વિશે તપાસ કરી રહ્યા છે. અફઘાનિસ્તાનમાં ટીટીપીના અડ્ડાઓ પર પાકિસ્તાની વાયુસેના દ્વારા કરવામાં આવેલા હુમલા બાદ આ સંગઠને પાકિસ્તાનમાં પોતાની આતંકી ગતિવિધિઓ અને હુમલાઓનું પ્રમાણ નોંધપાત્ર રીતે વધારી દીધું છે.



છેલ્લા કેટલાક મહિનાઓથી દક્ષિણ ખૈબર-પખ્તુનવા અને બાજોર જિલ્લામાં ટીટીપીના હુમલાઓની સંખ્યામાં સતત વધારો જોવા મળી રહ્યો છે. પોલીસ ચોકીઓ અને સુરક્ષા દળોના કાફલાઓ સતત આતંકવાદીઓના નિશાના પર છે. આ ઘટના પાકિસ્તાનના સુરક્ષા તંત્રની નબળાઈઓ પર સવાલો ઉભા કરે છે. તકાંગી જેવી સંવેદનશીલ સરહદી ચોકીઓ પર થયેલો આ હુમલો દર્શાવે છે કે આતંકીઓ હવે સુરક્ષા દળોને સીધી રીતે પડકારી રહ્યા છે.

વિસ્ફોટ બાદ ઘટનાસ્થળે ભારે અફરાતફરી મચી ગઈ હતી. સ્થાનિક પોલીસ અને સુરક્ષા દળો દ્વારા ઘાયલોને નજીકની હોસ્પિટલોમાં ખસેડવા માટે યુદ્ધના ધોરણે રાહત-બચાવ કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. ઘાયલ પોલીસકર્મીઓમાંથી કેટલાકની હાલત ગંભીર હોવાથી મૃત્યુઆંક વધવાની આશંકા પણ સેવાઈ રહી છે.પાકિસ્તાનની સુરક્ષા સ્થિતિ દિવસે-દિવસે વણસી રહી છે. સરહદી વિસ્તારોમાં વધતી જતી આતંકી ઘટનાઓ અને દેશની આંતરિક રાજકીય સ્થિતિ વચ્ચે સુરક્ષા દળો માટે કાયદો અને વ્યવસ્થા જાળવવી એક મોટી કસોટી બની ગઈ છે. ટીટીપી જેવી સક્રિય આતંકી સંસ્થાઓ દ્વારા કરવામાં આવતા આવા હુમલાઓ લાંબા ગાળે પ્રદેશની શાંતિ માટે ગંભીર ખતરો સાબિત થઈ શકે તેમ છે. હવે જોવાનું એ રહેશે કે પાકિસ્તાન આ હુમલાના જવાબમાં શું પગલાં લે છે અને આતંકીઓની આ વધતી જતી આક્રમકતાને રોકવા માટે શું રણનીતિ અપનાવે છે.

---

## મોદીની ૧૦૦મી ઐતિહાસિક વિદેશયાત્રા

# ભારત-સ્લોવાકિયા વચ્ચે ડિજિટલ ટેક્નોલોજીના કરાર



(એજન્સી) બ્રાટિસ્લાવા । તા. 16

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાની મુત્સદ્દીગીરીની નવી ઊંચાઈ સર કરતા સ્લોવાકિયાની ઐતિહાસિક મુલાકાત પૂર્ણ કરી છે. સ્લોવાકિયાની ધરતી પર પગ મૂકનારા તેઓ ભારતના પ્રથમ વડાપ્રધાન બન્યા છે. આ મહત્વપૂર્ણ પ્રવાસ દરમિયાન વડાપ્રધાન મોદી અને સ્લોવાકિયાના વડાપ્રધાન રોબર્ટ ફિકો વચ્ચે દ્વિપક્ષીય સંવાદ થયો હતો, જેમાં બંને રાષ્ટ્રોએ ટેકનોલોજી, સંરક્ષણ અને ઉર્જા જેવા ક્ષેત્રોમાં ગાઢ સહયોગ સાધવા માટે ૧૧ મહત્વના કરારો પર હસ્તાક્ષર કર્યા હતા.

### વ્યૂહાત્મક ભાગીદારી અને નવો દ્રષ્ટિકોણ

બંને નેતાઓની મુલાકાત બાદ જારી કરાયેલા સત્તાવાર નિવેદન મુજબ, ભારત અને સ્લોવાકિયા હવે એક નવી દિશામાં આગળ વધી રહ્યા છે. આ કરારોનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રીન એનર્જી, એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ, ડિફેન્સ ટેકનોલોજી અને ઓટોમોબાઈલ જેવા ક્ષેત્રોમાં વેપાર વધારવાનો છે. વડાપ્રધાન મોદીએ સ્પષ્ટ કર્યું હતું કે પરસ્પર સન્માન અને અટલ ભરોસાના પાયા પર બંને દેશો સંરક્ષણ ક્ષેત્રમાં પણ નવી સિદ્ધિઓ હાંસલ કરશે. આ ઉપરાંત, ભારત અને યુરોપિયન સંઘ વચ્ચે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ લાગુ કરવા માટે પણ બંને દેશોએ સહમતિ દર્શાવી છે, જે ભવિષ્યમાં આર્થિક વિકાસના નવા દ્વાર ખોલશે.

### શાંતિ અને વૈશ્વિક સ્થિરતાનો આગ્રહ

આજના વૈશ્વિક અસ્થિરતાના સમયમાં, વડાપ્રધાન મોદી અને વડાપ્રધાન ફિકોએ વિશ્વમાં ચાલતા વિવિધ યુદ્ધો અને ઘર્ષણો અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. બંને દેશો આ મુદ્દે એકમત હતા કે આંતરરાષ્ટ્રીય વિવાદોનો ઉકેલ માત્ર શાંતિપૂર્ણ માર્ગે અને સંવાદ દ્વારા જ શક્ય છે. આ મુલાકાત ભારતની વિદેશ નીતિમાં શાંતિ અને સ્થિરતાને આપેલા મહત્વને ફરી એકવાર પુષ્ટિ આપે છે.

### આર્થિક અને તકનીકી સંભવિતતાઓ

તજજ્ઞોના મતે, સ્લોવાકિયા સાથેના કરારો ખાસ કરીને 'મેક ઈન ઈન્ડિયા' પહેલને વેગ આપવામાં મદદરૂપ થશે. સ્લોવાકિયાની એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ ક્ષમતા અને ભારતનું વિશાળ બજાર એકબીજાના પૂરક બની શકે છે. ડિજિટલ ટેકનોલોજીમાં બંને દેશોનો સહયોગ આવનારા સમયમાં સ્ટાર્ટઅપ અને આઈટી ક્ષેત્રે નવી ક્રાંતિ લાવી શકે છે.

### 100મી વિદેશયાત્રા: એક સીમાચિહ્ન

સ્લોવાકિયાની આ મુલાકાત માત્ર દ્વિપક્ષીય સંબંધો માટે જ નહીં, પરંતુ વડાપ્રધાન મોદીના અંગત રાજકીય જીવન માટે પણ એક સીમાચિહ્ન સમાન છે. છેલ્લા ૧૨ વર્ષોમાં વડાપ્રધાન તરીકેની આ તેમની ૧૦૦મી વિદેશયાત્રા છે. વર્ષ ૨૦૧૪માં ભૂતાનથી શરૂ થયેલો આ પ્રવાસ અત્યાર સુધી ૭૮ દેશો સુધી વિસ્તર્યો છે. પીએમઓની વેબસાઈટ પર ઉપલબ્ધ ડેટા મુજબ, મોદીએ પ્રથમ કાર્યકાળમાં ૪૯, બીજામાં ૨૭ અને હાલના ત્રીજા કાર્યકાળમાં ઈટાલી સહિત અનેક દેશોની મુલાકાત લીધી છે. આ સદી પૂરી કર્યા બાદ હવે તેઓ ફ્રાન્સમાં યોજાનારી જી-૭ બેઠકમાં ભાગ લેવા જઈ રહ્યા છે, જે ભારતની વધતી જતી વૈશ્વિક ભૂમિકાનું પ્રતીક છે. વડાપ્રધાન મોદીની આ મુલાકાત એ વાત સાબિત કરે છે કે ભારત હવે માત્ર પોતાની આસપાસના પડોશી દેશો પૂરતું સીમિત નથી, પરંતુ યુરોપિયન દેશો સાથે પણ વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત બનાવી રહ્યું છે. ૧૧ કરારોની આ કડી માત્ર કાગળ પરના હસ્તાક્ષર નથી, પરંતુ આર્થિક અને સુરક્ષા ક્ષેત્રે ભારતની વધતી જતી વિશ્વસનીયતાનું પ્રમાણપત્ર છે.

---

## ન્યૂઝ બ્રીફ

### અમેરિકામાં ભયાનક દુર્ઘટના, બોમ્બર વિમાન ક્રેશ



કેલિફોર્નિયા | અમેરિકાના કેલિફોર્નિયા સ્થિત એડવર્ડ્સ એરફોર્સ બેઝ પર સોમવારે એક અત્યંત કરુણ દુર્ઘટના બની છે. અમેરિકન વાયુસેનાનું શક્તિશાળી અને વિશાળકાય B-52 બોમ્બર વિમાન ઉડાન ભર્યાની ગણતરીની મિનિટોમાં જ ધરાશાયી થઈ ગયું હતું. આ ભયાનક અકસ્માતમાં વિમાનમાં સવાર તમામ આઠ ક્રૂ મેમ્બર્સના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા છે, જે સમગ્ર અમેરિકા માટે આઘાતજનક સમાચાર છે. આ દુર્ઘટના સોમવારે સવારે ૧૧:૨૦ વાગ્યાના અરસામાં બની હતી. વિમાન રૂટીન ટેસ્ટ મિશન પર નીકળ્યું હતું, પરંતુ ઉડાન ભર્યા બાદ તરત જ તે નિયંત્રણ ગુમાવી બેઠું હતું. લોસ એન્જિલસથી ઉત્તરમાં આશરે ૯૫ કિલોમીટર દૂર આવેલો આ એરબેઝ સેનાનું મુખ્ય ઓપરેશન સેન્ટર છે. અકસ્માત બાદ ઈમરજન્સી રિસ્પોન્સ ટીમો તુરંત જ કાટમાળવાળા સ્થળે પહોંચી ગઈ હતી, પરંતુ કોઈ પણ જીવિત બચ્યું ન હોવાનું સ્પષ્ટ થયું હતું. એરબેઝ તંત્રએ સાવચેતીના ભાગરૂપે આ મથકને હાલ પૂરતું બંધ કરી દીધું છે.

### રશિયા-યુક્રેન યુદ્ધમાં ભડકો, 9 લોકોના મોત, વર્લ્ડ હેરિટેજ સાઈટ પર હુમલો



કિવ | છેલ્લા ત્રણ વર્ષથી ચાલી રહેલા રશિયા-યુક્રેન યુદ્ધે સોમવારે વધુ એક ભયાનક વળાંક લીધો છે. રશિયાએ યુક્રેનની રાજધાની કિવ સહિતના વિવિધ વિસ્તારોમાં આક્રમક હવાઈ હુમલા કરતા સ્થિતિ ગંભીર બની ગઈ છે. આ વિનાશક હુમલામાં પાંચ બચાવકર્મીઓ સહિત કુલ નવ લોકોના મોત નિપજ્યા છે, જ્યારે અનેક લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. આ આક્રમણ દરમિયાન યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સ્થાન પામેલ કિવનું ઐતિહાસિક અને આધ્યાત્મિક પ્રતીક 'પેચેર્સ્ક લાવર મઠ' સીધું નિશાન બન્યું હતું. ૧૦૫૧માં સ્થપાયેલા આ પ્રાચીન મઠ પર થયેલા હુમલાને કારણે ત્યાં ભીષણ આગ ફાટી નીકળી હતી. કિવના લશ્કરી વહીવટી વડા તીમૂર તકાચેન્કોએ ટેલિગ્રામ પર માહિતી આપતા જણાવ્યું હતું કે આ હુમલાથી વારસાને ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન થયું છે. વડાપ્રધાન યુલિયા સ્વિરિદેન્કોએ આ કૃત્યને યુક્રેનના લોકો અને તેમના ઈતિહાસ પરનો સીધો પ્રહાર ગણાવ્યો છે. સ્થાનિક રહેવાસીઓએ મઠમાંથી નીકળતી જ્વાળાઓ જોઈને જીવ બચાવવા માટે ભૂગર્ભ બંકરોમાં આશરો લીધો હતો. જૂન મહિનાની શરૂઆતથી રશિયા દ્વારા યુક્રેન પર કરવામાં આવેલો આ સૌથી ઘાતક હુમલો માનવામાં આવે છે. આ અગાઉ જૂનના પ્રથમ સપ્તાહમાં પણ ડ્રોન અને મિસાઈલ હુમલાઓમાં ૨૦થી વધુ લોકોના મોત થયા હતા.

---

## બહિષ્કાર : હાઈ કમિશનમાં ઘૂસણખોરી અંગેની કાર્યવાહી; ભારતીય ઉત્પાદનોનો બહિષ્કાર

# યુક્રેન પર રશિયાનો ભીષણ હુમલો, 11 નાગરિકોના મોત, રશિયા દ્વારા મિસાઈલ અને ડ્રોન

(એજન્સી) કીવ । તા. 16

રશિયા-યુક્રેન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષમાં ફરી એકવાર લોહીયાળ રાત જોવા મળી છે. પ્રાપ્ત મીડિયા અહેવાલ મુજબ, રશિયાએ સમગ્ર રાત દરમિયાન યુક્રેનના મુખ્ય શહેરો કીવ, ખાર્કિવ અને નિપ્રોને નિશાન બનાવીને ભીષણ મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા હતા. આ આક્રમક કાર્યવાહીમાં ૧૧ નાગરિકો અને ઈમરજન્સી કર્મચારીઓના મોત થયા છે, જ્યારે ૫૩ જેટલા લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ ઘટના બાદ યુક્રેનના પ્રમુખ વોલોડિમીર ઝેલેન્સ્કીએ આંતરરાષ્ટ્રીય સ્તરે રશિયા વિરુદ્ધ કડક પગલાં લેવાની માંગ કરી છે.

### રાજદ્વારી મંત્રણા વચ્ચે ભીષણ બોમ્બમારો

આ હુમલાઓ એવા સમયે થયા છે જ્યારે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયાના પ્રમુખ પુતીન અને યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કી સાથે ફોન પર અલગ-અલગ વાતચીત કરી હતી. આ વાતચીતનો હેતુ યુદ્ધને રોકવા માટેના રાજદ્વારી પ્રયાસોનો હતો, પરંતુ રશિયાના આ તાજા હુમલાએ શાંતિની તમામ આશાઓ પર પાણી ફેરવી દીધું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, યુક્રેનના એરફોર્સે પુષ્ટિ કરી છે કે રશિયાએ સમગ્ર રાતમાં ૭૦ મિસાઈલ અને ૬૧૧ ડ્રોન છોડ્યા હતા, જે યુદ્ધની શરૂઆત પછીના સૌથી ઘાતક હુમલાઓમાંના એક છે.

### ઐતિહાસિક ધાર્મિક સ્થળને નુકસાન

આ હુમલાઓ માત્ર લશ્કરી ઠેકાણાઓ પૂરતા મર્યાદિત ન હતા. કીવમાં આવેલું ૧૧મી સદીનું ઐતિહાસિક અને ધાર્મિક સ્થળ 'કીવ-પેચેર્સ્ક લાવરા' (કેવ્સનો મઠ) પણ આ બોમ્બમારાનો શિકાર બન્યું છે. આ હુમલામાં મઠ પરિસરને ભારે નુકસાન થયું છે અને ત્યાં આગ લાગવાની ઘટના પણ બની હતી. વિશ્વના આ સાંસ્કૃતિક વારસા પર થયેલા હુમલાની વ્યાપક ટીકા થઈ રહી છે. કીવમાં ઘાયલ થયેલા લોકોમાં મોટી સંખ્યામાં બાળકોનો પણ સમાવેશ થાય છે, જે આ માનવીય દુર્ઘટનાને વધુ કરુણ બનાવે છે.



### ઝેલેન્સ્કીની જી-૭ દેશોને અપીલ

ઘટના બાદ ઝેલેન્સ્કીએ સોશિયલ મીડિયા પર આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, રશિયા વિશ્વને દર્શાવવા માંગે છે કે તે યુદ્ધ ચાલુ રાખવા માટે કટિબદ્ધ છે. તેમણે જી-૭ દેશોને તાત્કાલિક અને નિર્ણાયક કાર્યવાહી કરવા અપીલ કરી છે. તેમણે માંગ કરી છે કે:

### રશિયા પર દબાણ વધારવામાં આવે

યુક્રેનની હવાઈ સુરક્ષા પ્રણાલીને વધુ સજ્જ કરવામાં આવે.બેલેસ્ટિક વિરોધી સંરક્ષણ ક્ષમતાઓને તાત્કાલિક સમર્થન આપવામાં આવે. ફ્રાન્સમાં યોજાનારી જી-૭ શિખર સંમેલન પર નજર હવે તમામની નજર ફ્રાન્સમાં યોજાનારા આગામી જી-૭ શિખર સંમેલન પર છે. યુક્રેન યુદ્ધ આ સંમેલનનો મુખ્ય વિષય બનશે તે નિશ્ચિત છે. આશા છે કે ઝેલેન્સ્કી અને ટ્રમ્પ પણ આ સંમેલનમાં ભાગ લેશે, જ્યાં રશિયાના આ તાજા હુમલા અંગે ઉચ્ચ સ્તરીય ચર્ચા કરવામાં આવશે.

રશિયાનું આ વલણ દર્શાવે છે કે મધ્ય-પૂર્વ અને પૂર્વી યુરોપમાં સ્થિતિ કેટલી નાજુક છે. યુદ્ધની આ આગ દિવસે ને દિવસે વકરી રહી છે અને તેના કારણે સામાન્ય નાગરિકો જ સૌથી વધુ ભોગ બની રહ્યા છે. રશિયાએ કરેલા આ ૬૦૦થી વધુ ડ્રોન હુમલાઓએ સુરક્ષા એજન્સીઓની ચિંતામાં વધારો કર્યો છે. સમગ્ર વિશ્વ હવે એ જોવાની રાહ જોઈ રહ્યું છે કે શક્તિશાળી દેશો આ સંઘર્ષને રોકવા માટે કોઈ નક્કર રસ્તો કાઢી શકશે કે પછી વિનાશનું આ તાંડવ ચાલુ જ રહેશે.

---

# ઈઝરાયલનો આકરો પ્રહાર, શાંતિ ડીલને ફગાવી, પાકિસ્તાનના નિવેદન પર ઈઝરાયલ લાલચોળ

(એજન્સી) તેલ અવીવ । તા. 16

અમેરિકા અને ઈરાન વચ્ચે ૧૦૭ દિવસથી ચાલી રહેલા યુદ્ધને વિરામ આપવા માટે કરવામાં આવેલી શાંતિ સમજૂતી પર મધ્ય-પૂર્વનું રાજકારણ ગરમાયું છે. પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફના તાજેતરના નિવેદને ઈઝરાયલને ગુસ્સે કરી દીધું છે. વડાપ્રધાન શરીફે દાવો કર્યો હતો કે આ શાંતિ કરાર હેઠળ લેબેનોન સહિતના તમામ મોરચા પર સૈન્ય કાર્યવાહી કાયમી ધોરણે બંધ થશે. જોકે, ઈઝરાયલે આ દાવાઓને સદંતર ફગાવી દઈને પોતાના આક્રમક વલણને યથાવત રાખ્યું છે.

પાકિસ્તાનની નેશનલ એસેમ્બલીમાં પીએમ શરીફે આ કરારને મોટી કૂટનીતિક સફળતા ગણાવી હતી અને જણાવ્યું હતું કે ૧૯ જૂને જિનેવામાં આ ઐતિહાસિક સમજૂતી પર હસ્તાક્ષર થશે. પરંતુ, ઈઝરાયલના નેશનલ સિક્યુરિટી મંત્રી ઈતામાર બેન-ગ્વીરે અત્યંત આક્રમક વલણ અપનાવતા સ્પષ્ટ કર્યું છે કે, "ઈઝરાયલ કોઈ પણ કરારથી બંધાયેલું નથી અને અમે અમેરિકાના ગુલામ નથી." ઈઝરાયલે સ્પષ્ટપણે જણાવી દીધું છે કે તેઓ પોતાની સુરક્ષા અને સાર્વભૌમત્વ સાથે કોઈ બાંધછોડ નહીં કરે.

એક તરફ અમેરિકા શાંતિનો દાવો કરી રહ્યું છે, ત્યારે બીજી તરફ ઈઝરાયલે લેબેનોનના જવતાર, મરકબા અને ખિયામ શહેરોમાં હવાઈ હુમલા અને તોપમારો ચાલુ રાખ્યો છે. ઈઝરાયલના સંરક્ષણ મંત્રી કાત્ઝે ચેતવણી આપી છે કે જો ઈરાન લેબેનોનમાં ચાલી રહેલા સૈન્ય અભિયાનમાં દખલગીરી કરશે, તો તેનો જડબાતોડ જવાબ આપવામાં આવશે. ઈઝરાયલી નેતૃત્વનું માનવું છે કે હિઝબુલ્લાહના સંપૂર્ણ ખાતમા સુધી તેઓ સેના પાછી નહીં ખેંચે.

---

# હું ટ્રમ્પની બધી વાત નથી માનતો, નેતન્યાહૂનો જવાબ, શાંતિ સમજૂતી બાદ તણાવ વધ્યો, લેબેનોનથી પીછેહઠ કરવાનો ઈનકાર

(એજન્સી) તેલ અવીવ । તા. 16

અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલી તાજેતરની શાંતિ સમજૂતી (પીસ ડીલ) બાદ મધ્ય-પૂર્વમાં રાજકીય ગરમાવો વધ્યો છે. આ કરારથી ઈઝરાયલ સંપૂર્ણપણે અસંતુષ્ટ છે અને હવે અમેરિકા સાથેના તેના સંબંધોમાં તિરાડ સ્પષ્ટપણે દેખાઈ રહી છે. વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ જાહેરમાં સ્વીકાર્યું છે કે અમેરિકા અને ઈઝરાયલના વિચારો હંમેશા એકસરખા હોતા નથી. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, "હું અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની દરેક વાત માનવા માટે બંધાયેલો નથી."

### ટ્રમ્પ અને નેતન્યાહૂ વચ્ચેના મતભેદો

નેતન્યાહૂએ બંને દેશો વચ્ચેના સંબંધો અંગે ચાલી રહેલી અટકળો પર પૂર્ણવિરામ મુકતા જણાવ્યું કે, "અમેરિકામાં લોકો માને છે કે ટ્રમ્પ મારી વાત માને છે, જ્યારે ઈઝરાયલમાં લોકો માને છે કે હું ટ્રમ્પની વાત માનું છું, પરંતુ આ બંને વાતો સત્યથી વેગળી છે." ઈરાન સાથે શાંતિ સમજૂતી કરવાની ટ્રમ્પની જીદ અને લેબેનોનમાં ઈઝરાયલની આક્રમકતા વચ્ચે આ મતભેદ વધુ ઉગ્ર બન્યો છે. ઈઝરાયલનું માનવું છે કે ઈરાન સાથેની ડીલ તેમની રાષ્ટ્રીય સુરક્ષા માટે જોખમરૂપ હોઈ શકે છે.

### લેબેનોનમાં ઈઝરાયલની મક્કમતા

ઈઝરાયલના વડાપ્રધાને પુનરોચ્ચાર કર્યો છે કે દક્ષિણ લેબેનોનમાં ઈઝરાયલે જે 'બફર ઝોન' બનાવ્યો છે, ત્યાંથી સેના હટાવવાનો કોઈ પ્રશ્ન જ નથી. ઈઝરાયલના સંરક્ષણ મંત્રી ઈઝરાઈલ કોટ્ઝે પણ સમર્થન આપતા કહ્યું કે, ઈઝરાયલી આર્મી કોઈપણ સમયમર્યાદા વિના લેબેનોન, સીરિયા અને ગાઝાના સુરક્ષા ઝોનમાં તહેનાત રહેશે. હિઝબુલ્લાહ જેવા જેહાદી તત્વોથી નાગરિકોને બચાવવા માટે આ એક અનિવાર્ય વ્યૂહનીતિ છે. એટલે કે, અમેરિકા-ઈરાન વચ્ચે સીઝફાયર જાહેર થયું હોવા છતાં, ઈઝરાયલ પોતાની લડાઈ ચાલુ રાખવા માટે કટિબદ્ધ છે.

અમેરિકા અને ઈરાન વચ્ચેના શાંતિ કરાર વચ્ચે ઈઝરાયલે એક લાલ રેખા દોરી છે. નેતન્યાહૂએ ચેતવણીના સૂરમાં કહ્યું કે, વિશ્વમાં ગમે તે સમજૂતી થાય, પરંતુ તેઓ ઈરાનને ક્યારેય પરમાણુ હથિયાર પ્રાપ્ત કરવા દેશે નહીં. તેમણે સ્પષ્ટ કર્યું કે જ્યાં સુધી તેઓ સત્તા પર છે, ત્યાં સુધી ઈરાન માટે પરમાણુ ખતરો બનવું અશક્ય છે. ઈઝરાયલ આ વર્તમાન શાંતિ સમજૂતીનો ભાગ નથી અને તેને સુરક્ષા માટે જે યોગ્ય લાગશે તે કરશે. ઈઝરાયલના આ વલણથી ટ્રમ્પ વહીવટીતંત્ર માટે એક મોટી મુસીબત ઊભી થઈ છે. એક તરફ તેઓ મધ્ય-પૂર્વમાં શાંતિ સ્થાપવા માંગે છે, તો બીજી તરફ તેમનો સૌથી મોટો સાથી દેશ, ઈઝરાયલ, તે સમજૂતીને માનવા તૈયાર નથી. આગામી સમયમાં આ તણાવ મધ્ય-પૂર્વના ભવિષ્યને નક્કી કરશે.

---

## નિર્ણય | હોર્મુઝની ખાડીમાં જહાજો પર ફી, અમેરિકા સાથેની ડીલ પહેલા જ વિવાદ

# હોર્મુઝની ખાડી હવે ફ્રી નહીં રહે, ઈરાનનો મોટો નિર્ણય

(એજન્સી) તેલ અવીવ । તા. 16

આંતરરાષ્ટ્રીય રાજકારણમાં મધ્ય-પૂર્વના સમીકરણો ઝડપથી બદલાઈ રહ્યા છે. અમેરિકા અને ઈરાન વચ્ચે ૧૯મી જૂને જિનીવામાં થનારા શાંતિ કરાર (MOU) પહેલાં જ ઈરાને એક આશ્ચર્યજનક અને ગંભીર જાહેરાત કરીને અમેરિકી વહીવટીતંત્રની ચિંતા વધારી દીધી છે. ઈરાને સ્પષ્ટ કર્યું છે કે હવે હોર્મુઝની ખાડીમાંથી પસાર થનારા જહાજો માટે આ માર્ગ 'ફ્રી' રહેશે નહીં અને પસાર થતા જહાજો પાસેથી સેવા શુલ્ક વસૂલવામાં આવશે.

ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બકાઈના જણાવ્યા અનુસાર, હોર્મુઝની ખાડીના કિનારાના દેશ તરીકે ઈરાન હવે નેવિગેશન, વીમો અને પર્યાવરણ સુરક્ષા જેવી સેવાઓના બદલામાં જહાજો પાસેથી શુલ્ક લેશે. આ નિર્ણય માત્ર આર્થિક બાબત નથી, પરંતુ મધ્ય-પૂર્વમાં ઈરાનનું વર્ચસ્વ સ્થાપિત કરવાનો એક પ્રયાસ પણ માનવામાં આવે છે. અમેરિકાના ઉપરાષ્ટ્ર પ્રમુખ જેડી વેન્સે આ મુદ્દે પ્રતિક્રિયા આપતા જણાવ્યું છે કે, અમેરિકા ઈચ્છે છે કે આ ખાડી લાંબા સમય સુધી કોઈપણ પ્રકારના ટોલ કે અવરોધ વગર ખુલ્લી રહે. આ મુદ્દે હજુ ઘણી વાટાઘાટો બાકી હોવાના સંકેત તેમણે આપ્યા છે.



### કરારનો ઈરાની દ્રષ્ટિકોણ અને શરતો

ઈરાન આ કરારને પોતાની 'ઐતિહાસિક હિંમત'નું પરિણામ ગણાવી રહ્યું છે. ઈસ્માઈલ બકાઈએ સ્પષ્ટ કર્યું છે કે કરાર થયાનો અર્થ એ નથી કે ઈરાન ભૂતકાળના કડવા અનુભવો કે '૧૨ દિવસના યુદ્ધ'ના ગુનાઓને માફ કરી દેશે. ઈરાનની આંતરિક નીતિ મુજબ શહીદોનો બદલો લેવાની બાબત અપરિવર્તનીય છે. ઈરાનનો આગ્રહ છે કે અમેરિકાએ વિદેશોમાં જપ્ત કરેલી ઈરાની સંપત્તિ પરત કરવી પડશે અને તમામ આર્થિક પાબંદીઓ દૂર કરવી પડશે, જેથી ઈરાન પોતાના ક્રૂડ ઓઈલનું વેચાણ સ્વતંત્ર રીતે કરી શકે.

### લેબેનોન અને પરમાણુ મુદ્દો

આ પ્રસ્તાવિત સમજૂતીમાં લેબેનોનની સંપ્રભુતા અને તેની જમીની અખંડિતતાનો મુદ્દો પણ મુખ્યત્વે સામેલ છે. ઈરાને સ્પષ્ટ કર્યું છે કે આ માત્ર યુદ્ધવિરામ નથી, પરંતુ યુદ્ધનો સંપૂર્ણ અંત લાવવાની દિશામાં લેવાયેલું એક પગલું છે. જોકે, પરમાણુ કાર્યક્રમ અંગે હજુ સુધી કોઈ વિગતવાર સહમતિ સધાઈ નથી. આ MOU પર હસ્તાક્ષર થયાના ૬૦ દિવસ બાદ બંને દેશો વચ્ચે પરમાણુ મુદ્દાઓ અને પ્રતિબંધો હટાવવા બાબતે અલગથી વાતચીત શરૂ થશે.

---

# ઈઝરાયલનો લેબેનોન પર હુમલો, ઈરાન ડીલ મુદ્દે ઈઝરાયલનો ઈનકાર

(એજન્સી) તેલ અવીવ । તા. 16

મધ્ય-પૂર્વમાં શાંતિ સ્થાપવા માટે અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલી મંત્રણાઓ વચ્ચે ઈઝરાયલે આકરા તેવર અપનાવ્યા છે. ઈઝરાયલે સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું છે કે તેને ઈરાન સાથેની કોઈ પણ શાંતિ સમજૂતી સ્વીકાર્ય નથી અને તે લેબેનોનમાં હિઝબુલ્લાહ સામેના પોતાના સૈન્ય અભિયાનને રોકશે નહીં. વડાપ્રધાન નેતાન્યાહૂએ ટ્રમ્પના દાવાઓને ફગાવી દેતા લેબેનોનના જવતાર, મરકબા અને ખિયામ જેવા શહેરોમાં ભીષણ મિસાઈલમારો કર્યો હતો.

ટ્રમ્પે દાવો કર્યો હતો કે શાંતિ કરારના ભાગરૂપે લેબેનોનમાં પણ હુમલા બંધ થઈ જશે, પરંતુ ઈઝરાયલે તેના કલાકોમાં જ આ આશા પર પાણી ફેરવી દીધું હતું. ઈઝરાયલના સંરક્ષણ મંત્રીએ ત્વરિત પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, "અમે અમેરિકાના ગુલામ નથી અને કોઈ પણ આંતરરાષ્ટ્રીય કરાર પાળવા બંધાયેલા નથી. જ્યારે પણ અમે કરારોનું પાલન કર્યું છે, ત્યારે ઈઝરાયલે મોટું નુકસાન વેઠવું પડ્યું છે." ઈઝરાયલે વધુમાં સ્પષ્ટ કર્યું છે કે તેઓ દક્ષિણ લેબેનોનમાં કબજે કરેલી જમીન પણ પાછી સોંપવાની તૈયારીમાં નથી. આગામી ૧૯મી જૂને અમેરિકા અને ઈરાન વચ્ચે સંભવિત શાંતિ કરાર થવા જઈ રહ્યા છે, પરંતુ નિષ્ણાતો તેને મધ્ય-પૂર્વ માટે લાંબા ગાળાની શાંતિ ગેરંટી માનતા નથી. મુખ્ય પડકારોમાં ૬૦ દિવસીય યુદ્ધવિરામની વિશ્વસનીયતા સૌથી મહત્વની છે, કારણ કે એક નાનો હુમલો પણ સમગ્ર મહેનત પર પાણી ફેરવી શકે છે. આ ઉપરાંત, હોર્મુઝની ખાડી ખોલવી, ઈરાન પરમાણુ મુદ્દે સહમતિ, જપ્ત થયેલી સંપત્તિનો પ્રશ્ન અને બંને દેશો વચ્ચે ચાલતું શબ્દ-યુદ્ધ આ ડીલના ભવિષ્ય પર પ્રશ્નાર્થ ચિહ્નો ઊભા કરે છે.

# સિન્થેટિક ડ્રગ્સનું ઉત્પાદન રોકવા NCBની પહેલ

## અમદાવાદ ખાતેની કોન્ફરન્સમાં માદક દ્રવ્યો માટે વપરાતા પ્રારંભિક રસાયણોને ડાયવર્ટ થતા રોકવા આહ્વાન

(એજન્સી) અમદાવાદ । તા. 16

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB) એ આજે કેમિકલ અને ફાર્માસ્યુટિકલ ઉદ્યોગને પ્રીકર્સર કેમિકલ્સ (માદક દ્રવ્યો બનાવવા માટે વપરાતા પ્રારંભિક રસાયણો) અને અન્ય પદાર્થો કે જેનો ઉપયોગ માદક દ્રવ્યો, સાયકોટ્રોપિક પદાર્થો અને ઉભરી રહેલા સિન્થેટિક ડ્રગ્સના ગેરકાયદેસર ઉત્પાદન માટે દુરુપયોગ થઈ શકે છે, તેને ડાયવર્ટ થતા રોકવા માટે કાયદાનો અમલ કરાવતી એજન્સીઓ સાથે સક્રિયપણે ભાગીદારી કરવા આહવાન કર્યું છે. અમદાવાદમાં યોજાયેલી એક કોન્ફરન્સમાં, એનસીબીના ડાયરેક્ટર જનરલ શ્રી અનુરાગ ગર્ગ, IPS એ કેમિકલ ઉદ્યોગ માટે સ્વૈચ્છિક આચારસંહિતા (Voluntary Code of Conduct - VCC) બહાર પાડી હતી. આ એક માર્ગદર્શક માળખું છે જે જવાબદાર કેમિકલ મેનેજમેન્ટને પ્રોત્સાહિત કરવા, સપ્લાય-ચેનની




અખંડિતતાને મજબૂત કરવા અને ગેરકાયદેસર ડ્રગ ઉત્પાદન માટે ડાયવર્ટ થઈ શકે તેવા રસાયણો સાથે સંકળાયેલા શંકાસ્પદ વ્યવહારોની વહેલી ઓળખ અને રિપોર્ટિંગને પ્રોત્સાહન આપવા માટે વિકસાવવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો અને સેન્ટ્રલ બ્યુરો ઓફ નાર્કોટિક્સ (CBN) ના વરિષ્ઠ અધિકારીઓ સહિત કેમિકલ અને ફાર્માસ્યુટિકલ ક્ષેત્રના અગ્રણી ઉદ્યોગ સંગઠનો અને અગ્રણી કંપનીઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં 250 થી વધુ સહભાગીઓ હાજર હતા, જેમાં કેમેક્સિલ (CHEMEXCIL) ના ચેરમેન ડૉ. સતીશ વામન વાઘ; ગુજરાત કેમિકલ એસોસિએશન (GCA) ના પ્રમુખ ડૉ. જૈમિન આર. વસા; ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ ઓફ ઈન્ડિયા (FII) ના ચેરમેન શ્રી ભાલચંદ્રસિંહ રાવરાણે; ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (GCCI) ના કેમિકલ કમિટીના ચેરમેન શ્રી ચાણક્ય કોન્ટ્રાક્ટર; ફાર્મેક્સિલ (PHARMEXCIL) ના પ્રતિનિધિ ડૉ. વિરંચી શાહ; અને અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (AIA) ના પૂર્વ માનદ જનરલ સેક્રેટરી શ્રી હરેશ ગોપાલભાઈ પટેલ તેમજ અન્ય ઔદ્યોગિક સંસ્થાઓ ઉપસ્થિત હતી. કોન્ફરન્સ દરમિયાન, એનસીબી અને સીબીએનના અધિકારીઓએ ઝડપથી બદલાતા સિન્થેટિક ડ્રગ્સના પરિદ્રશ્ય, સિન્થેટિક ડ્રગ્સના ગુપ્ત ઉત્પાદનમાં ઉભરી રહેલા પ્રવાહો અને ડ્રગ ટ્રાફિકિંગ સિન્ડિકેટ્સ (માદક દ્રવ્યોની હેરાફેરી કરતા જૂથો) દ્વારા પ્રીકર્સર અને આવશ્યક રસાયણોના વધતા જતા દુરુપયોગ અંગે પ્રેઝન્ટેશન રજૂ કર્યા હતા. સહભાગીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા કે કેવી રીતે ગુનાહિત નેટવર્ક્સ નિયમનકારી નિયંત્રણોથી બચવા માટે સતત વૈકલ્પિક રસાયણો અને અવેજી પ્રીકર્સર પદાર્થોની શોધ કરે છે, જેથી ભારતની ડ્રગ વિરોધી વ્યૂહરચનામાં ઉદ્યોગ જગતની તકેદારી એક આવશ્યક ઘટક બને છે.સભાને સંબોધતા શ્રી અનુરાગ ગર્ગે ભારપૂર્વક જણાવ્યું હતું કે, જ્યારે અમલીકરણ એજન્સીઓ જપ્તી અને તપાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, ત્યારે માત્ર અમલીકરણની કાર્યવાહી દ્વારા સિન્થેટિક ડ્રગ્સ સામેની લડાઈ જીતી શકાતી નથી.

# આધાર કાર્ડનો ઉપયોગ ફક્ત ઓળખ માટે થવો જોઈએ

### ઘૂસણખોરો અને ગેરકાયદેસર પ્રવાસીઓને સરળતાથી મળી રહ્યા છે અન્ય દસ્તાવેજો

**આધારનો ઉપયોગ શાળાઓમાં પ્રવેશ, મિલકત ખરીદવા, જન્મ પ્રમાણપત્ર, રેશન કાર્ડ અને ડ્રાઈવિંગ લાઇસન્સ બનાવવી જેવી પ્રક્રિયાઓમાં ઉંમર, નાગરિકતા અને નિવાસના પુરાવા તરીકે કરવામાં આવી રહ્યો છે. અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે આ જ કારણસર ઘૂસણખોરો અને ગેરકાયદેસર પ્રવાસીઓ પણ આધારના આધારે અન્ય દસ્તાવેજો મેળવી રહ્યા છે.**

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

સુપ્રીમ કોર્ટ આજે આધાર કાર્ડના ઉપયોગને લઈને દાખલ કરવામાં આવેલી જનહિત અરજી પર સુનાવણી કરશે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે આધાર કાર્ડનો ઉપયોગ ઓળખપત્રથી આગળ વધીને નાગરિકતા, નિવાસ અને જન્મ તારીખના પુરાવા તરીકે કરવામાં આવી રહ્યો છે, જ્યારે કાયદો તેની પરવાનગી આપતો નથી. અશ્વિની કુમાર ઉપાધ્યાય દ્વારા દાખલ કરાયેલી અરજીમાં નાગરિકતા અને ઓળખના ભ્રમ અંગે માગણી કરવામાં આવી છે કે આધાર કાર્ડના ઉપયોગને ફક્ત ઓળખની પુષ્ટિ સુધી મર્યાદિત રાખવાના નિર્દેશો આપવામાં આવે. અરજીમાં એ નિર્દેશ આપવાની પણ માગણી કરવામાં આવી છે કે નવા મતદાર નોંધણી માટેના અરજી ફોર્મમાં જન્મ તારીખ અને નિવાસના પુરાવા તરીકે આધારનો ઉપયોગ, આધાર એક્ટ 2016ની કલમ 9, RPA 1950ની કલમ 23(4) અને બંધારણના અનુચ્છેદ 14ની વિરુદ્ધ માનવામાં આવે. ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ વી મોહનાની બેન્ચ સુનાવણી કરી શકે છે. અરજદારે વોટર રજીસ્ટ્રેશન વેરિફિકેશન પ્રક્રિયા પર પણ સવાલો ઉઠાવ્યા છે. અરજી અનુસાર ફોર્મ-6 હેઠળ દસ્તાવેજોની તપાસ પર્યાપ્ત નથી અને તેનાથી એવા લોકોના નામ પણ મતદાર યાદીમાં શામેલ થઈ શકે છે જેમની પાસે જરૂરી માન્ય દસ્તાવેજો નથી. અરજીમાં ચૂંટણી પ્રક્રિયામાં ઉપયોગમાં લેવાતા ચકાસણી માળખામાં વ્યાપક સુધારાની માગ કરવામાં આવી છે.

# પંડિત નેહરુના ઈન્ડિયાથી મોદીના ભારત સુધી

**10 જૂનના રોજ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આપણા ઇતિહાસમાં સૌથી લાંબા સમય સુધી લોકશાહી રીતે ચૂંટાયેલા પ્રધાનમંત્રી બન્યા. આ સમયગાળા દરમિયાન ભારતીય રાજ્યની સેવા કર્યા પછી, હું કહી શકું છું કે સિદ્ધિ કાર્યકાળની લંબાઈની નથી, પરંતુ તે પદ પર પૂર્ણ થયેલા કાર્યની છે.**

10 જૂન 2026ના રોજ, મોદીજીએ કાર્યાલયમાં તેમના 4,399 સતત દિવસ પૂર્ણ કર્યા છે, જે પંડિત જવાહરલાલ નેહરુએ 1952માં તેમની પ્રથમ ચૂંટાયેલી સરકારથી લઈને 1964માં તેમના અવસાન સુધી સેવા આપી હતી તેના કરતાં એક દિવસ વધુ છે. આ વિશેષતા ધ્યાનમાં રાખવા જેવી છે, કારણ કે પંડિત નેહરુ, જો 1947થી ગણવામાં આવે તો, હજી પણ સૌથી લાંબા અખંડ સત્તાકાળનો રેકોર્ડ ધરાવે છે. મોદીજીએ જે વટાવ્યું છે તે પ્રજાસત્તાકના ઈતિહાસમાં ચૂંટાયેલા સરકારના વડા તરીકેના સૌથી લાંબા સતત કાર્યકાળનો આંકડો છે. મેં મારું કાર્યકારી જીવન તે બે તારીખો વચ્ચે સ્થિત રાજ્યની અંદર વિતાવ્યું છે, અને આ મને આ માઈલસ્ટોનના ગણિતમાં ઓછી રુચિ છે. પંડિત દીનદયાળ ઉપાધ્યાયે શીખવ્યું હતું કે સરકારનું મૂલ્યાંકન છેવાડાના વ્યક્તિ સુધી શું પહોંચે છે તેના આધારે, એટલે કે અંત્યોદય દ્વારા થવું જોઈએ. પંડિત નેહરુના ઈન્ડિયાથી મોદીજીના ભારત સુધીનું અંતર એ છેવાડાના વ્યકિતએ કાપેલું અંતર છે.

એક નિષ્પક્ષ હિસાબ પંડિત નેહરુને જે વારસો મળ્યો હતો તેનાથી શરૂ થાય છે. તેમને ઈતિહાસના સૌથી મોટા બળજબરીપૂર્વકના સ્થળાંતરથી ક્ષતિગ્રસ્ત થયેલ એક વિભાજિત ઉપખંડ, બે સદીઓના વસાહતી શોષણથી ક્ષીણ થઈ ગયેલી અર્થવ્યવસ્થા, પાંચમાંથી એક કરતાં પણ ઓછા લોકો વાંચી શકે તેવી વસ્તી, અને 30ના દાયકાની શરૂઆતની આસપાસની આયુષ્ય મર્યાદા વારસામાં મળી હતી. તે વારસામાંથી તેમણે એક બંધારણીય લોકશાહીનું નિર્માણ કર્યું જે ટકી રહી, જ્યારે એક પછી એક નવા સ્વતંત્ર થયેલા દેશો સેનાપતિ અથવા સરમુખત્યારના હાથમાં જતા રહ્યા. યોજના આયોગે દિશા નક્કી કરી, જાહેર ક્ષેત્રે સર્વોચ્ચ સ્થાન મેળવ્યું, અને લાઈસન્સની પ્રણાલીએ નક્કી કર્યું કે કોણ શું ઉત્પાદન કરી શકે. યુનિવર્સિટીઓ, પ્રયોગશાળાઓ, અણુ અને અવકાશ કાર્યક્રમો, સ્ટીલના શહેરો: સ્વતંત્ર ભારતીય રાજ્યની સંસ્થાગત કરોડરજ્જુ તે વર્ષોમાં નાખવામાં આવી હતી. હું 1974માં ફોરેન સર્વિસમાં જોડાયો, અને મેં જે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું તે એક ગંભીર દેશ હતો જેણે તેના તંત્ર દ્વારા શક્ય તેટલી ગરિમા સાથે અછતનું સંચાલન કરવાનું પસંદ કર્યું હતું.

જ્યારે હું મારી કારકિર્દીના મધ્યમાં પહોંચ્યો, ત્યારે ત્યારે તે સમાધાનની કિંમત સ્પષ્ટ થઈ ગઈ હતી. સરકારે યોજનાઓ બનાવવાનું શીખી લીધું હતું, પરંતુ તેઓ તેને લોકો સુધી તેની પહોંચ કેવી રીતે સુનિશ્ચિત કરવી તે શીખ્યા ન હતા. દિલ્હીમાં જાહેર કરાયેલી યોજનાઓ અને ગામડાઓમાં મળતા લાભો વચ્ચેનો તફાવત એ હતો કે બધા પૈસા ગાયબ થઈ ગયા. ભૂતપૂર્વ પ્રધાનમંત્રીનું માનવું હતું કે દરેક રૂપિયામાંથી માત્ર પંદર પૈસા ગરીબો સુધી પહોંચે છે, તે મોડેલ પર એક પ્રકારનો ચૂકાદો હતો. સરકાર યોજનાઓ બનાવી શકે છે, પરંતુ તે લોકો સુધી પહોંચી શકતી નથી.

2014માં મોદીજીના વારસાનો પણ આવો જ પ્રમાણિક હિસાબ જરૂરી છે. તેમણે એક એવી અર્થવ્યવસ્થાનો કાર્યભાર સંભાળ્યો જેને બજારોએ નાજુક પાંચમાં વર્ગીકૃત કરી હતી, જે અટકેલા પ્રોજેક્ટ્સ, તાજી સ્મૃતિમાં રહેલી બે આંકડાની મોંઘવારી, અને રાજ્યમાં જ જનતાના વિશ્વાસને ખતમ કરી નાખનારા ભ્રષ્ટાચારથી દબાયેલી હતી. તેમનો જવાબ એક તદ્દન અલગ મશીનરી હતી. યોજના આયોગના સ્થાને નીતિ આયોગ આવ્યું, જે રાજ્યોને સૂચના આપવાને બદલે તેમને એકત્રિત કરે છે. ઓળખ (આધાર), એક બેંક ખાતું અને એક મોબાઈલ ફોનને એક સ્તરમાં જોડવામાં આવ્યા, અને સરકારે નાગરિકોને સીધા જ ચૂકવણી કરવાનું શરૂ કર્યું, તે મધ્યસ્થીઓના બદલે જેમણે ચાર દાયકાઓ સુધી પોતાનો હિસ્સો લીધો હતો. 'ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર' એ અસરકારક અભિગમ માટેનું એક સરળ નામ છે. તેણે શાસનના માપદંડને 'ઈરાદા' થી 'લાભ પહોંચાડવા' તરફ


લેખક - હરદીપ સિંહ પુરી
કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી

ખસેડ્યો.

ત્યારબાદ રાજ્યની એક પ્લેટફોર્મ તરીકે પુનઃકલ્પના કરવામાં આવી. ભારતે પબ્લિક ડિજિટલ રેલ્સ (જાહેર ડિજિટલ માળખું), એક એવી ઓળખ પ્રણાલી જે ઉપખંડના સ્કેલ પર કામ કરે છે, અને એક પેમેન્ટ્સ નેટવર્ક બનાવ્યું જેનો હવે વિશ્વ અભ્યાસ કરે છે. 50 કરોડથી વધુ જનધન ખાતાઓએ તે પરિવારો માટે ઔપચારિક બેંકિંગક્ષેત્ર ખોલ્યું જ્યાં તે ક્યારેય પહોંચ્યું ન હતું. એ જ દાયકામાં, નીતિ આયોગના અંદાજ મુજબ, લગભગ 25 કરોડ ભારતીયો બહુઆયામી ગરીબીમાંથી બહાર આવ્યા, અને બજારોએ જે અર્થતંત્રને નાબૂદ કર્યું હતું તે હવે કોઈપણ અન્ય મુખ્ય અર્થતંત્ર કરતાં વધુ ઝડપથી વિકસી રહ્યું છે. જે રાજ્ય એક સમયે નાગરિક અને નાગરિકને જેની જરૂર હતી તે વચ્ચે ઉભું હતુ તે હવે રસ્તો બનાવે છે અને બાજુ પર ઉભું છે. ભારત શબ્દ પાછળનો આ જ અસલી સાર છે.

હું જે કાર્યાલય સંભાળું છું ત્યાંથી આના એક ખૂણા વિશે વાત કરી શકું છું. 2014માં, આપણા પેટ્રોલમાં ઈથેનોલનું મિશ્રણ 1.53 ટકા હતું. આ વર્ષે આપણે 20 ટકા પર પહોંચી ગયા છીએ, આ એક એવો લક્ષ્યાંક હતો જે ક્યારેક 2030 માટે નક્કી કરવામાં આવ્યો હતો અને અડધો દાયકો વહેલો પૂરો કરવામાં આવ્યો છે અને જે નાણાં ક્યારેક ક્રૂડ ઓઈલ ખરીદવા માટે દેશની બહાર જતા હતા તે હવે ખેડૂત સુધી પહોંચે છે, જે હવે આપણને ભોજન આપતા અન્નદાતાની સાથે સાથે ઉર્જાદાતા-ઉર્જા પ્રદાતા પણ છે. તે જ વર્ષોમાં, ઉજ્જવલા યોજનાએ પ્રથમ વખત 10 કરોડથી વધુ ગરીબ પરિવારો સુધી રાંધણ ગેસ પહોંચાડ્યો, જેમાં સબસિડી લાભાર્થીના પોતાના ખાતામાં ચૂકવવામાં આવી, જે કોઈપણ વચેટિયાની પહોંચથી બહાર હતી. આ લિટર અને સિલિન્ડરમાં પ્રસ્તુત થયેલ અંત્યોદય છે. છેવાડાનો માનવી હવે એ નથી જેને યોજના ભૂલી જાય છે. તે એ છે જેના આધારે યોજના બનાવવામાં આવે છે.

આ જ વહીખાતું ઈંટ અને સ્ટીલ (ભૌતિક માળખા)માં પણ ચાલે છે. જે પરિવારો પાસે ક્યારેય પોતાનું ઘર નહોતું તેવા પરિવારો માટે આવાસ યોજના હેઠળ લગભગ 4 કરોડ પાકા ઘરો બનાવવામાં આવ્યા છે. મેટ્રો, જે 2014માં 5 શહેરોમાં ચાલતી હતી, તે આજે 20થી વધુ શહેરોમાં ચાલે છે. એરપોર્ટની સંખ્યા અંદાજે બમણી થઈ ગઈ છે, અને ઉડાન એ હવાઈ મુસાફરીને એવા નગરોની પહોંચમાં લાવી દીધી છે જેણે માત્ર વિમાનોને ઉપરથી પસાર થતા જોયા હતા. રેલવેનું લગભગ અંતથી અંત સુધી વીજળીકરણ કરવામાં આવ્યું છે અને તે તેમની પ્રથમ સ્વદેશી રીતે નિર્મિત સેમી-હાઈ-સ્પીડ ટ્રેનો ચલાવે છે. આમાંથી કંઈ પણ કાલ્પનિક નથી. દરેક એન્ટ્રી (નોંધ) એ એક એવી લાઈન છે જે હવે લાગતી નથી, એક એવી મુસાફરી છે જેમાં હવે આખો દિવસ બગડતો નથી, એક એવું છત છે જે ટપકતીં નથી.

નાણાકીય આર્કિટેક્ચર (માળખું) પણ બાકીની વસ્તુઓની સાથે આગળ વધ્યું. ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) એ, તેના પ્રારંભિક ઘર્ષણ છતાં દેશને એક સિંગલ નેશનલ માર્કેટ આપ્યું જેણે તેને બે દાયકા સુધી અનુસરનારી દરેક સરકારને હરાવી દીધી હતી, અને કેન્દ્ર તથા રાજ્યો હવે વ્યવસાય કરવાની સરળતા (ease of doing business) અને ડિલિવરીની ગુણવત્તા પર સ્પર્ધા કરે છે, જે ફાળવણી અંગેની જૂની સ્પર્ધા કરતાં વધુ સ્વસ્થ સ્પર્ધા છે.

આ જ આત્મવિશ્વાસે ભારત વિદેશમાં પોતાની જાતને કેવી રીતે રજૂ કરે છે તેને નવો આકાર આપ્યો, અને અહીં દેશનું પ્રતિનિધિત્વ કરવાના મારા વર્ષોથી હું અમુક અંશે દાવો કરી શકું છું. પંડિત નેહરુની બિન-જોડાણવાદી નીતિ એક ગરીબ અને નવા દેશનું વિવેકપૂર્ણ વલણ હતું જે કોઈ પક્ષ પસંદ કરવાનું પરવડી શકે તેમ નહોતું. બહુ-જોડાણનો વર્તમાન સિદ્ધાંત એવા દેશનું વલણ છે જે દરેક પક્ષ દ્વારા આકર્ષિત થવાનો ઈરાદો ધરાવે છે. ભારતે તેની ગ્રુપ ઓફ ટ્વેન્ટી (G20) ની અધ્યક્ષતાને માત્ર રાજધાની પૂરતી સીમિત રાખવાને બદલે સંઘના દરેક રાજ્યમાં પહોંચાડી, અને ભારતને ગ્લોબલ સાઉથના અવાજ તરીકે રજૂ કરવાથી એક જૂની વિકાસાત્મક નબળાઈ નેતૃત્વના દાવામાં બદલાઈ ગઈ. દેશમાં પોતાની ડિલિવરી અંગે આત્મવિશ્વાસ ધરાવતું રાજ્ય વિશ્વમાં અલગ રીતે વાત કરે છે.

આટલા મોટા કાર્યની ચકાસણી થવી જ જોઈએ, અને આપણા જેવા ચર્ચા-સંચાલિત લોકશાહીમાં, તે ચોક્કસપણે થાય છે. પરંતુ સરકારને પૂછવામાં આવતા પ્રશ્નો સ્પષ્ટ રીતે બદલાઈ ગયા છે, અને તે અંતરનું માપ છે. પંડિત નેહરુના ભારતમાં, પ્રશ્ન પૂછવામાં આવતો હતો કે સરકાર શું ફાળવી શકે છે. મોદીના ભારતમાં, પ્રશ્ન પૂછવામાં આવે છે કે સરકાર શું આપી શકે છે, અને કાર્ય માટે રસીદ પણ માંગવામાં આવે છે.

એટલા માટે 10 જૂન ખાસ છે, અને દિવસો ગણવા એ સૌથી ઓછી મહત્વની બાબત છે. પંડિત નેહરુએ ભારતીય રાજ્યનું માળખું બનાવ્યું. મોદીજીએ તેને ફરીથી ડિઝાઈન કર્યું છે જેથી તે નાગરિક સુધી પહોંચે જેના નામે તે બનાવવામાં આવ્યું હતું. મેં દેશના બંને સ્વરૂપોમાં સેવા આપી છે, અને હું જાણું છું કે કયું પરિવર્તન છેવાડાના માનવી દ્વારા યાદ રાખવામાં આવશે. જે વચનો એક સમયે ઉચ્ચ સ્તરે વિશ્વાસના આધારે આપવા પડતા હતા તે હવે સીધા વ્યક્તિ સુધી પહોંચે છે, આ તે વિકસિત ભારત છે જે આપણને 2047 સુધીમાં બનાવવાનું કહેવામાં આવ્યું છે, અને તેની શરૂઆત - પંડિત દીનદયાળ ઉપાધ્યાયે કહ્યું હતું તેમ - તે વ્યક્તિતથી જ થાય છે.

# NEET રી-એક્ઝામને લઈને ભારતમાં ટેલિગ્રામ પર પ્રતિબંધ

## મેસેજ એડિટ ફીચર પણ 30 જૂન સુધી બંધ રહેશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

ભારત સરકારે NEET-UG ની ફરીથી પરીક્ષાને લઈને ભારતમાં ટેલિગ્રામ મેસેજિંગ એપના ઉપયોગ પર અસ્થાયી પ્રતિબંધ લગાવવાનો આદેશ જારી કર્યો છે. નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) એ મંગળવારે પ્રેસ રિલીઝ જારી કરીને આ માહિતી આપી. NTAએ જણાવ્યું કે ઈલેક્ટ્રોનિક્સ અને સૂચના પ્રૌદ્યોગિકી મંત્રાલય (MeitY) એ સૂચના પ્રૌદ્યોગિકી કાયદો, 2000 ની કલમ 69A હેઠળ ટેલિગ્રામ પર પ્રતિબંધ લગાવ્યો છે. આ પ્રતિબંધ 22 જૂન 2026 સુધી લાગુ રહેશે. NEET રી-એક્ઝામ 21 જૂને થશે. સરકારે ટેલિગ્રામને પોતાનું મેસેજ એડિટ ફીચર 30 જૂન સુધી બંધ રાખવાનો નિર્દેશ આપ્યો છે. એટલે કે ટેલિગ્રામ પર ભારતમાં પહેલાથી મોકલેલા મેસેજ 30 જૂન સુધી એડિટ નહીં થઈ શકે.

NTA અનુસાર કેટલાક લોકો ટેલિગ્રામનો ઉપયોગ પરીક્ષાઓમાં પેપર લીક થવાના નકલી પુરાવા બનાવવા માટે કરતા રહ્યા છે. આવા કિસ્સાઓને રોકવા અને પરીક્ષાની નિષ્પક્ષતા જાળવી રાખવા માટે આ પગલું ભરવામાં આવ્યું છે.

ટેલિગ્રામ પર અસ્થાયી પ્રતિબંધ અને એડિટ ફીચર બંધ NTA એ જણાવ્યું કે તેની ભલામણ પર કેન્દ્ર સરકારે 22 જૂન 2026 સુધી ભારતમાં ટેલિગ્રામની પહોંચ મર્યાદિત કરી દીધી છે. સાથે જ, પહેલાથી પોસ્ટ કરાયેલા સંદેશાઓને એડિટ કરવાની સુવિધા 30 જૂન સુધી બંધ રાખવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે, જેથી નકલી પેપર લીકના પુરાવા તૈયાર ન કરી શકાય. I4Cએ ઘણા ટેલિગ્રામ ચેનલો બંધ કરાવ્યા ગૃહ મંત્રાલય હેઠળ કામ કરતા ભારતીય સાયબર અપરાધ સમન્વય કેન્દ્ર (I4C) એ NTA અને રાજ્ય પોલીસો પાસેથી મળેલા ઈનપુટના આધારે ઘણા ટેલિગ્રામ ચેનલો, ગ્રુપ અને બોટ્સને હટાવ્યા.

# NFR અંબુબાચી મેળા 2026 માટે વ્યાપક વ્યવસ્થામાં જોડાય છે







માલીગાંવ : નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વે (NFR) 22 થી 25 જૂન, 2026 દરમિયાન ગુવાહાટીના પવિત્ર કામાખ્યા મંદિરમાં વાર્ષિક અંબુબાચી મેળાની મુલાકાત લેતા હજારો યાત્રાળુઓની સલામત, સુરક્ષિત અને આરામદાયક મુસાફરી માટે વિસ્તૃત વ્યવસ્થા કરી રહ્યું છે. મેળા દરમિયાન યાત્રાળુઓના ભારે ધસારાને ધ્યાનમાં રાખીને, NFR યાત્રાળુઓની સુવિધા માટે અનેક પગલાં લઈ રહ્યું છે. આમાં ખાસ ટ્રેનોનું સંચાલન, ચોવીસ કલાક ટિકિટિંગ, વધારાના રેલ્વે અને સુરક્ષા કર્મચારીઓની તૈનાતી, હેલ્પ ડેસ્ક અને પૂછપરછ કેન્દ્રોની સ્થાપના અને યાત્રાળુઓને ફૂડ પેકેટ અને પીવાના પાણીનું વિતરણ શામેલ છે. આ વ્યવસ્થાઓનો હેતુ પ્રદેશના સૌથી મહત્વપૂર્ણ આધ્યાત્મિક કાર્યક્રમોમાંના એક દરમિયાન યાત્રાળુઓની સરળ અવરજવર, યોગ્ય ભીડ વ્યવસ્થાપન અને મુસાફરોની સુવિધાઓમાં સુધારો સુનિશ્ચિત કરવાનો છે.યાત્રાળુઓના અપેક્ષિત ધસારાને ધ્યાનમાં રાખીને, NFR ત્રણ ખાસ અનરિઝર્વ્ડ ટ્રેનોનું સંચાલન કરી રહ્યું છે, જેમાં દરેકમાં આશરે 50 જનરલ સેકન્ડ ક્લાસ કોચ છે. આ ટ્રેન કામાખ્યાને આસામ અને ઉત્તર બંગાળના મહત્વપૂર્ણ સ્થળો સાથે જોડશે. વધુમાં, મેળા દરમિયાન વધુ મુસાફરોની મુસાફરીને સરળ બનાવવા માટે, થોડા દિવસો માટે ઘણી નિયમિત પેસેન્જર ટ્રેનોમાં 11 વધારાના જનરલ કોચ ઉમેરવામાં આવી રહ્યા છે. આ વ્યવસ્થાના ભાગ રૂપે, ટ્રેન નંબર 05661 કામાખ્યા - અલીપુરદુઆર જંક્શન વન-વે સ્પેશિયલ ટ્રેન 19 જૂન, 2026 ના રોજ કામાખ્યાથી ઉપડશે અને બીજા દિવસે અલીપુરદુઆર પહોંચશે. વધુમાં, ટ્રેન નંબર 05444/05445 અલીપુરદુઆર - કામાખ્યા - અલીપુરદુઆર સ્પેશિયલ ટ્રેનો 20 થી 22 જૂન અને 24 થી 27 જૂન, 2026 સુધી દરરોજ દોડશે, જે મેળા દરમિયાન આસામ અને ઉત્તર બંગાળ વચ્ચે વધુ સારી કનેક્ટિવિટી પ્રદાન કરશે. વધુમાં, ટ્રેન નંબર 05780 ન્યૂ જલપાઈગુડી - કામાખ્યા સ્પેશિયલ 20 અને 27 જૂન, 2026 ના રોજ દોડશે, જ્યારે ટ્રેન નંબર 05779 કામાખ્યા - ન્યૂ જલપાઈગુડી સ્પેશિયલ 21 અને 28 જૂન, 2026 ના રોજ દોડશે, જે પવિત્ર તીર્થસ્થાનની મુલાકાત લેનારા યાત્રાળુઓને વધારાના મુસાફરી વિકલ્પો પ્રદાન કરશે. ટિકિટિંગની સુવિધા માટે, કામાખ્યા અને ગુવાહાટી રેલ્વે સ્ટેશનો પર વધારાના ટિકિટ કાઉન્ટર 24 કલાક કાર્યરત રહેશે. મેળા દરમિયાન યાત્રાળુઓને માર્ગદર્શન, માહિતી અને સહાય પૂરી પાડવા માટે મુખ્ય સ્થળોએ ખાસ હેલ્પ ડેસ્ક અને પૂછપરછ કાઉન્ટર પણ સ્થાપિત કરવામાં આવી રહ્યા છે. ભીડનું સંચાલન કરવા અને મુસાફરોની સુવિધા વધારવા માટે, કામાખ્યા, ગુવાહાટી અને અન્ય મુખ્ય સ્ટેશનો પર રેલ્વે પ્રોટેક્શન ફોર્સ (RPF), સરકારી રેલ્વે પોલીસ (GRP) અને વાણિજ્યિક અને તકનીકી વિભાગોના વધારાના કર્મચારીઓ તૈનાત કરવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત, અંબુબાચી મેળા દરમિયાન યાત્રાળુઓને સરળ અને મુશ્કેલીમુક્ત યાત્રા અનુભવ સુનિશ્ચિત કરવા માટે માર્ગદર્શન, માહિતી અને અન્ય સહાયક સેવાઓમાં મદદ કરવા માટે NFR ભારત સ્કાઉટ્સ અને ગાઈડ્સના લગભગ બેસો સ્વયંસેવકો તૈનાત કરવામાં આવી રહ્યા છે.આ વ્યાપક વ્યવસ્થાઓ સાથે, ઉત્તરપૂર્વ સરહદી રેલ્વે અંબુબાચી મેળાની મુલાકાત લેતા યાત્રાળુઓ માટે સલામત, અનુકૂળ અને સરળ યાત્રા અનુભવ સુનિશ્ચિત કરવા અને સમગ્ર ઉત્સવ દરમિયાન મુસાફરોની સરળ અવરજવર જાળવવા માટે પ્રતિબદ્ધ છે.

# સોના-ચાંદીની 1250 શ્રીરામ શિલા ગુમ થયાનો દાવો

## સૌથી મોંઘી મોરેશિયસથી આવી હતી

(એજન્સી) અયોધ્યા । તા. 16

અયોધ્યાના શ્રીરામ મંદિરમાં ચઢાવાની ચોરી કોઈ નવી વાત નથી. ધર્મસેનાના સંસ્થાપક સંતોષ દુબેનો દાવો છે કે 1989માં ગામડે-ગામડે, શહેરે-શહેરે અને દેશ-વિદેશથી પૂજિત થઈને અયોધ્યા આવેલી સોના-ચાંદી, હીરા-માણિક્ય અને અષ્ટધાતુની 1250 શિલાઓ હવે 'ગુમ' થઈ ગઈ છે.

આ શિલાઓ 2002 સુધી કારસેવકપુરમમાં રહી હતી. માટીની પૂજિત શિલાઓ આજે પણ કારસેવકપુરમમાં રાખેલી છે, પરંતુ ધાતુની શિલાઓ ક્યાંય દેખાતી નથી. સંતોષ દુબેના મતે, સોના-ચાંદીની શિલાઓની દેખરેખની જવાબદારી પણ ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાય પાસે હતી.

આ શિલાઓ કારસેવકપુરમમાં જ્યાં સુરક્ષિત રાખવામાં આવી હતી, ત્યાં 3 તાળાં મારેલા હતા. તો પછી આ શિલાઓ ક્યાં ગુમ થઈ ગઈ, તેની કોઈને ખબર નથી.

શ્રીરામ મંદિર આંદોલન સાથે જોડાયેલા સંતોષ દુબેએ ભાસ્કરને જણાવ્યું કે, 'શ્રીરામ મંદિર માટે 1985માં 'શ્રીરામ જન્મભૂમિ ન્યાસ' બન્યો. તેના અધ્યક્ષ પરમહંસ રામચંદ્ર દાસ હતા. ન્યાસમાં વિહિપના અશોક સિંઘલ, ગિરિરાજ, રામવિલાસ વેદાંતી, ચંપત રાય સહિત ઘણા લોકો હતા.

આ અભિયાનમાં VHPએ દરેક વ્યક્તિ પાસેથી સવા રૂપિયા, એટલે કે એક ઘર દીઠ 5 થી 10 રૂપિયાનું દાન આપવા જણાવ્યું. સાથે જ ઘરે-ઘરેથી પૂજિત શિલાઓ પણ મંગાવી. VHPએ કહ્યું હતું કે શ્રીરામ મંદિરના નિર્માણમાં આ શિલાઓનો ઉપયોગ કરવામાં આવશે. આ અભિયાને સમગ્ર દેશમાં શ્રીરામ મંદિરના આંદોલનને વેગ આપ્યો. લોકોએ ખુલ્લેઆમ દાન આપ્યું.'

તેઓ વધુમાં કહે છે, 'હું તો અયોધ્યામાં જ રહું છું. ત્યારે કારસેવકપુરમ સાથે જોડાઈ ગયો હતો. મારું કામ એવી શિલાઓનો હિસાબ તૈયાર કરવાનું હતું.

### અમેરિકી રાષ્ટ્રપતિ બોલ્યા- ઈરાન ક્યારેય પરમાણુ હથિયાર ન બનાવવા પર સહમત; PM મોદી પહોંચશે

# G7 સમિટ 2026- ફ્રાન્સ પહોંચ્યા ટ્રમ્પ-મેલોની

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

વડાપ્રધાન નરેન્દ્ર મોદી 16-17 જૂને ફ્રાન્સના એવિયન ખાતે યોજાનારી 52મી G7 સમિટમાં ભાગ લેશે. હાલ તેઓ સ્લોવાકિયામાં છે. આજે ફ્રાન્સ પરત ફરશે. સમિટ દરમિયાન મોદી G7 નેતાઓ, સહયોગી દેશોના પ્રતિનિધિઓ સાથે અનેક મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરશે.

પીએમ મોદી અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને પણ મળશે. બંને નેતાઓ વચ્ચે ટ્રેડ ડીલ પર વાતચીત થશે. સમિટ ઉપરાંત, વડાપ્રધાન ઘણા વિશ્વ નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠકો પણ કરશે. અમેરિકી રાષ્ટ્રપતિ સોમવારે બપોરે જ ફ્રાન્સના ઈવિયન શહેરમાં પહોંચી ગયા છે.

G7 ના સભ્ય દેશો ફ્રાન્સ, અમેરિકા, કેનેડા, જર્મની, ઈટાલી, જાપાન અને યુનાઈટેડ કિંગડમના નેતાઓ ઈરાન અને યુક્રેન પર પણ ચર્ચા કરી શકે છે. પીએમ મોદી 13 જૂનથી ફ્રાન્સ-સ્લોવાકિયાના 6 દિવસના પ્રવાસે છે. 18 જૂને તેઓ પેરિસ થઈને ભારત પરત ફરશે.

મોદીનો ફ્રાન્સ અને સ્લોવાકિયાનો એક અઠવાડિયાનો વર્તમાન પ્રવાસ, 12 વર્ષ પહેલાં પદ સંભાળ્યા પછીનો તેમનો 100મો વિદેશી પ્રવાસ છે. PMOની વેબસાઈટ અનુસાર, વડાપ્રધાન તરીકેના તેમના 12 વર્ષના કાર્યકાળમાં મોદી અત્યાર સુધીમાં 78 દેશોની યાત્રા કરી ચૂક્યા છે.

વડાપ્રધાન તરીકે મોદીનો પ્રથમ પ્રવાસ 15 થી 16 જૂન 2014 ના રોજ ભૂટાનનો હતો. તેમના પ્રથમ કાર્યકાળમાં મોદીએ કુલ 49 વિદેશી પ્રવાસો કર્યા. બીજા કાર્યકાળમાં કુલ 27 વિદેશી પ્રવાસો કર્યા. 13 જૂનથી શરૂ થયેલો ફ્રાન્સ-સ્લોવાકિયાનો પ્રવાસ તેમના ત્રીજા કાર્યકાળનો 24મો પ્રવાસ છે.

G7 એટલે 'ગ્રુપ ઓફ સેવન', દુનિયાના એ 7 દેશોનો સમૂહ છે, જેમને દુનિયાના 'આધુનિક અર્થતંત્ર' વાળા દેશો કહેવાય છે. તેમાં અમેરિકા, ફ્રાન્સ, બ્રિટન, જાપાન, ઈટાલી, કેનેડા અને જર્મનીનો સમાવેશ થાય છે.

તેની શરૂઆત 1975માં G6 તરીકે થઈ હતી. 1976માં કેનેડાના જોડાણ પછી તે G7 બન્યું. 1998માં રશિયાને સામેલ કરીને તેનું નામ G8 કરવામાં આવ્યું હતું, પરંતુ 2014માં યુક્રેનના ક્રિમિયા ક્ષેત્ર પર રશિયાના કબજા પછી તેને સમૂહમાંથી બહાર કરી દેવામાં આવ્યું. ત્યારબાદ તે ફરીથી G7 કહેવાવા લાગ્યું.

ભારત G7 નો સભ્ય નથી, પરંતુ વિશ્વની મુખ્ય અર્થવ્યવસ્થા અને મહત્વપૂર્ણ વૈશ્વિક ભૂમિકાને કારણે તેને ઘણીવાર વિશેષ આમંત્રિત દેશ (ગેસ્ટ નેશન) તરીકે બોલાવવામાં આવે છે. સામાન્ય રીતે ભારતના વડાપ્રધાનને સમિટનું આમંત્રણ મળે છે. પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહે 2005 થી 2013 ની વચ્ચે પાંચ વખત G7 (પહેલા G8) સમિટમાં ભાગ લીધો હતો. PM મોદીને પ્રથમ વખત 2019 માં ફ્રાન્સના બિયારિટ્ઝમાં આયોજિત G7 સમિટમાં આમંત્રિત કરવામાં આવ્યા હતા.

### સોમવતી અમાસ પર ભક્તોનો મહાસાગર ઉમટ્યો, કુંભ-2027ની તૈયારીઓની થઈ મોટી કસોટી

# હરિદ્વારમાં 76.5 લાખ શ્રદ્ધાળુઓએ ગંગા સ્નાન કર્યું

(એજન્સી) હરિદ્વાર । તા. 16

અધિકમાસમાં આવતી સોમવતી અમાસ પર ધર્મનગરી હરિદ્વારમાં આસ્થાનો મહાસાગર ઉમટ્યો છે. હર કી પૌડી સહિત ગંગાના વિવિધ ઘાટો પર સોમવારે સાંજે ગંગા આરતી સુધી લગભગ 76 લાખ 50 હજાર શ્રદ્ધાળુઓએ મા ગંગામાં સ્નાન કર્યું. શ્રદ્ધાળુઓનું આગમન મોડી સાંજ સુધી ચાલુ રહ્યું. ઉત્તરાખંડ સહિત 12 રાજ્યોમાંથી આવેલા શ્રદ્ધાળુઓએ ગંગા સ્નાન, પિતૃ તર્પણ, પૂજા-અર્ચના અને દાન-પુણ્ય કરીને સુખ-સમૃદ્ધિ અને મોક્ષની કામના કરી.



આટલી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓના આગમન વચ્ચે પ્રશાસન અને પોલીસ માટે આ આયોજન આગામી કુંભ-2027ની વ્યવસ્થાને ચકાસવા માટે એક મોટી કસોટી પણ સાબિત થઈ. ભીડ વ્યવસ્થાપન, ટ્રાફિક સંચાલન, સુરક્ષા અને દેખરેખ તંત્રને વાસ્તવિક પરિસ્થિતિઓમાં તપાસવામાં આવ્યું, જેથી કુંભ મેળાની તૈયારીઓને વધુ મજબૂત બનાવી શકાય. એસએસપી નવનીત સિંહ ભુલ્લરે કહ્યું કે સોમવતી અમાસ પર 76.5 લાખથી વધુ શ્રદ્ધાળુઓની અતૂટ આસ્થા વચ્ચે હરિદ્વારમાં શ્રદ્ધા, સેવા અને સુરક્ષાનો અદ્ભુત સંગમ જોવા મળ્યો.

## ધોલેરા (સર) અને લોથલ ખાતે વિકાસકાર્યોની સમીક્ષા

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | અમદાવાદ જિલ્લામાં ચાલી રહેલી '12 વર્ષ વિશ્વાસનાં, વિકાસનાં અને જનકલ્યાણનાં' થીમ આધારિત 'પ્રગતિ પથ' યાત્રા અંતર્ગત પ્રભારી મંત્રી શ્રી ઋષિકેશ પટેલે ધોલેરા (સર) અને લોથલ ખાતે વિવિધ વિકાસ પ્રકલ્પોની સ્થળ મુલાકાત લઈ સમીક્ષા કરી હતી. ધોલેરા (સર) ખાતે મંત્રીશ્રીએ બિઝનેસ એન્ડ એક્ઝિબિશન સેન્ટર તથા કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરની મુલાકાત લઈ સ્માર્ટ સિટી વિકાસ, સર્વેલન્સ સિસ્ટમ અને ચાલી રહેલા પ્રોજેક્ટ્સ અંગે વિસ્તૃત માહિતી મેળવી હતી.

# સિટી એક્સપ્રેસ

WEDNESDAY 17 JUNE-2026
AHMEDABAD

## વિકસિત ભારત સંકલ્પ સંમેલન: ધોળકા ખાતે ભવ્ય આયોજન

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | ધોળકા ખાતે જિલ્લા પ્રભારી અને ઊર્જા મંત્રી શ્રી ઋષિકેશ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં "વિકસિત ભારત સંકલ્પ સંમેલન"નું આયોજન કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 12 વર્ષના સુશાસન અને વિકાસયાત્રાની ઉજવણી અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે 2047ના "વિકસિત ભારત"નો પાયો છેલ્લા 12 વર્ષના વિકાસકાર્યો પર મજબૂત રીતે ઉભો થયો છે. મંત્રીશ્રીએ જણાવ્યું કે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં દેશ ટેકનોલોજી આયાત કરનાર નહીં પરંતુ નિકાસ કરનાર રાષ્ટ્ર તરીકે આગળ વધી રહ્યો છે.




# અંમરેલીમાં સિંહે યુવકનું માથું ધડથી અલગ કર્યું, આખું શરીર ખાઈ ગયો

## પાંસળીના ટુકડા-અડધું ખાધેલું માથું મળ્યું; બે સિંહનું રેસ્ક્યૂ, સેમ્પલ બાદ માનવભક્ષીની ઓળખ થશે



અમરેલી | ગુજરાતના સિંહોના વસવાટ ધરાવતા અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના કોવાયા ગામ નજીકથી એક અત્યંત હૃદયદ્રાવક અને કંપારી છૂટી જાય તેવી ઘટના સામે આવી હતી. અહીં એક સિંહે પરપ્રાંતીય યુવક પર ઘાતકી હુમલો કરી તેને પોતાનો શિકાર બનાવ્યો હતો. આ હિંસક આક્રમણમાં સિંહ યુવકનું આખું શરીર ખાઈ ગયો હતો અને ઘટનાસ્થળેથી માત્ર અડધું ખાધેલું માથું અને પાંસળીના ટુકડા જ મળી આવ્યા હતા. જેને લઈ સમગ્ર પંથકમાં ભારે અરેરાટી સાથે ભય અને રોષનો માહોલ વ્યાપી ગયો છે.
ઘટનાની ગંભીરતાને જોતા એસીએફ દ્વારા રાજુલા રેન્જની સાથે જાફરાબાદ રેન્જન પણ મદદ માટે બોલાવવામાં આવી છે. શરીરના બચી ગયેલા અવશેષોને હોસ્પિટલ ખસેડાઈ આખો વિસ્તાર સ્કેનિંગ કર્યો છે. હાલમાં હુમલાના નજીકના વિસ્તામાંથી બે સિંહને પાંજરે પુરી દીધા છે. હજુ 2 સિંહ પાંજરે પુરવા માટેની કામગીરી ચાલી રહી છે. જે સિંહે શિકાર કર્યો હશે તે ઊલ્ટી કરશે તેના પણ સેમ્પલ લેવાશે. અને ત્યાર બાદ નક્કી થશે કે ક્યા સિંહે શિકાર કર્યો હતો.
મળતી માહિતી મુજબ, મૃતક યુવકની ઓળખ પ્રકાશ ચંદ્ર તરીકે થઈ હતી, જે મૂળ ઉત્તરાખંડના પિથૌરાગઢનો વતની હતો અને સ્થાનિક હોટલ-રેસ્ટોરન્ટમાં કામ કરતો હતો અને ગામની બહાર એક રેસ્ટોરન્ટમાં રહેતો હતો. મોડી રાત્રે પ્રકાશ ચંદ્ર પોતાના વતન જવા માટે હોટલેથી નીકળ્યો હતો, તે દરમિયાન કોવાયા ગામ નજીક અંધારામાં ટાંપ લગાવીને બેઠેલી સિંહે તેના પર ઓચિંતો અને જીવલેણ હુમલો કર્યો હતો.
સિંહ યુવકને ઢસડીને ઝાડીઓમાં લઈ ગયો હતો, જ્યાં તેણે યુવકનું માથુ ધડથી અલગ કરી નાખ્યું હતું અને આખું શરીર ફાડી ખાધું હતું. સવારે ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા, જ્યાં માત્ર ખોપરી અને હાડકાના અવશેષો જોઈને લોકોના કાળજા કંપાવા લાગ્યા હતા.
ઘટનાને પગલે સ્થાનિક લોકોમાં વનવિભાગ સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. ખાનગી કંપનીના કર્મચારી અમરુભાઈ વાઘે પોતાની વ્યથા ઠાલવતાં જણાવ્યું હતું કે, અહીં આસપાસ પાંચ-સાત કંપની આવેલી છે, જ્યાં લોકો દિવસ-રાત શિફ્ટમાં નોકરી કરે છે. અહીં અવારનવાર સિંહો કુતરાની જેમ આંટા મારતા હોય છે, જેના કારણે અવરજવર કરવામાં ભારે તકલીફ પડે છે.
જો કોઈની પાસે ફોર-વ્હીલર ગાડી હોય તો જ તે સુરક્ષિત છે, બાકી ટુ-વ્હીલર પર કે પગપાળા જતાં લોકો માટે કોઈ સેફ્ટી નથી. વનવિભાગ આ બાબતે તાત્કાલિક એક્શન લે અને લોકોની સુરક્ષા માટે વનકર્મીઓ તહેનાત કરે તે જરૂરી છે.
વિસ્તારમાં વન્યજીવોની અવરજવર અંગે પૂછતાં તેમણે ઉમેર્યું કે, અહીં સિંહોની અવરજવર સતત ચાલુ જ રહે છે. દિવસે કે રાતે ગમે ત્યારે સિંહો જોવા મળે છે. અત્યારની જ વાત કરીએ તો, કંપનીના ગેટની બિલકુલ આગળ જ આઠ સિંહ બેઠા છે.
આ કાળજું કંપાવી દેનારી ઘટના અંગે કોવાયા ગામના સરપંચ ઝીણાભાઈ લાખણોત્રાએ રોષે ભરાઈને જણાવ્યું હતું કે, ભોગ બનનાર યુવક પરપ્રાંતીય હતો અને અહીં સ્થાનિક રેસ્ટોરન્ટમાં કામ કરતો હતો. સાંજના સમયે જ્યારે તે બેઠો હતો, ત્યારે ત્રણથી ચાર વન્ય પ્રાણી ત્યાં આવ્યા અને તેને ઢસડીને દૂર લઈ ગયા હતા. આ હિંસક જનાવરોએ યુવકને આખો ફાડી ખાધો છે. અગાઉ નજીકના ભાકોદર ગામમાં પણ આવી જ દુર્ઘટના ઘટી ચૂકી છે.

### 'અહીં કુતરાની જેમ સિંહ રખડે છે, હાલમાં પણ ગેટ પાસે 8 સિંહ બેઠા છે'

ઘટનાને પગલે સ્થાનિક લોકોમાં વનવિભાગ સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. ખાનગી કંપનીના કર્મચારી અમરુભાઈ વાઘે પોતાની વ્યથા ઠાલવતાં જણાવ્યું હતું કે, અહીં આસપાસ પાંચ-સાત કંપની આવેલી છે, જ્યાં લોકો દિવસ-રાત શિફ્ટમાં નોકરી કરે છે. અહીં અવારનવાર સિંહો કુતરાની જેમ આંટા મારતા હોય છે, જેના કારણે અવરજવર કરવામાં ભારે તકલીફ પડે છે.
જો કોઈની પાસે ફોર-વ્હીલર ગાડી હોય તો જ તે સુરક્ષિત છે, બાકી ટુ-વ્હીલર પર કે પગપાળા જતાં લોકો માટે કોઈ સેફ્ટી નથી. વનવિભાગ આ બાબતે તાત્કાલિક એક્શન લે અને લોકોની સુરક્ષા માટે વનકર્મીઓ તહેનાત કરે તે જરૂરી છે.
વિસ્તારમાં વન્યજીવોની અવરજવર અંગે પૂછતાં તેમણે ઉમેર્યું કે, અહીં સિંહોની અવરજવર સતત ચાલુ જ રહે છે. દિવસે કે રાતે ગમે ત્યારે સિંહો જોવા મળે છે. અત્યારની જ વાત કરીએ તો, કંપનીના ગેટની બિલકુલ આગળ જ આઠ સિંહ બેઠા છે.

# આદિત્ય બની વિધવાઓને ફસાવતા કરીમના મોબાઈલમાંથી 100 મહિલાનો ડેટા મળ્યો

## મેટ્રિમોનિયલ સાઈટ પરથી સંપર્ક કરતો, આરોપી પાછળ મોટું સંગઠન હોવાની આશંકા

અમદાવાદ | મેટ્રિમોનિયલ સાઈટ પર આદિત્ય પટેલ નામની પ્રોફાઈલ બનાવી વિધવાઓને ફસાવતા કરીમ સામે છેતરપિંડીની ફરિયાદ થયા બાદ ચોંકાવનારા ખુલાસા થયા છે. કરીમ સિપાઈના મોબાઈલમાંથી 100 જેટલી હિન્દુ મહિલાઓનો ડેટા મળી આવતા પોલીસ પણ ચોંકી ઉઠી છે. કરીમ સિપાઈ પોતે આદિત્ય પટેલ નામ ધારણ કર્યું હતું. આદિત્ય નામના જ ખોટા પાનકાર્ડ, આધારકાર્ડ, પાસપોર્ટ, રાશનકાર્ડ તૈયાર કર્યા હતા. પોતાને વિધૂર ગણાવી મેટ્રિમોનિયલ સાઈટ પર વિધવા અને ડાઈવોર્સી મહિલાઓનો સંપર્ક કરતો હતો. મહિલાઓ સાથે સંપર્ક વધાર્યા બાદ તેની પાસેથી પૈસા પડાવતો હોવાનું પણ સામે આવ્યું છે. કરીમના આ કાળા કારનામા પાછળ મોટી ગેંગ સંડોવાયેલી હોવાની આશંકા વ્યકત કરવામાં આવી રહી છે. અનેક મહિલાઓ ભોગ બની છે પરંતુ બદનામીના ડરે સામે ન આવતા પોલીસે નામ ગુપ્ત રાખવાની ખાતરી આપી છે.
અમદાવાદમાં રહેતી એક વિધવા મહિલાનો એક મેટ્રિમોનિલયલ સાઈટના માધ્યમથી 'આદિત્ય પટેલ' સાથે સંપર્ક થયો હતો. આદિત્ય પટેલે પોતાની પાસે ફેક્ટરી, ખેતીની જમીન, બંગલા હોવાનો દાવો કર્યો હતો અને પોતાને વિધૂર ગણાવ્યો હતો. મહિલાની જ્યારે આદિત્ય પટેલ સાથે ફોન પર વાતચીત થતી હતી ત્યારે એક દિવસ ટ્રુ કોલર પર કરીમ નામ આવતા મહિલા ચેતી ગઈ હતી. ત્યારબાદ મહિલાએ બજરંગદળ અને પોલીસનો સંપર્ક કરી કરીમ ઉર્ફે આદિત્ય પટેલનો ભાંડો ફોડી નાખ્યો હતો અને પોલીસે કરીમ સિપાઈ ઉર્ફે આદિત્ય પટેલની ધરપકડ કરી હતી.
કરીમ દ્વારા જે રીતે મેટ્રિમોનિયલ સાઈટ પર પ્રોફાઈલ બનાવી હતી, આધારકાર્ડ, પાનકાર્ડ, રાશનકાર્ડ અને પાસપોર્ટ બોગસ તૈયાર કર્યા હતા તેને જોઈ આશંકા વ્યકત કરવામાં આવી રહી છે કે, આ સમગ્ર મામલામાં આખી ટોળકી સંડોવાયેલી હોય શકે.



કરીમ કોઈ મહિલાના સંપર્કમાં આવી પહેલા તેને ઈમ્પ્રેસ કરવા માટે મોંઘી ગિફ્ટ આપતો અને ત્યારબાદ તેને વોટ્સએપ પર પોતાના ન હોય તેવા બંગલા અને ગાડીઓના ફોટા મોકલતો તથા મોટા ખેતરના ફોટા મોકલી પોતાની ઘણી જમીન હોવાની બડાશ મારતો હતો. તે તક મળતાં મહિલાઓ પાસેથી રૂપિયા પણ પડાવતો હતો. કરીમે પોતાની પત્નીનું ફેક ડેથ સર્ટિફિકેટ પણ તૈયાર કરાવી લીધું હતું અને તે મહિલાઓને મોકલતો હતો. પોલીસનું માનીએ તો હકીકતમાં કરીમ પાસે કોઈ કામ નહોતું અને નાનું મોટું સ્ટોકમાર્કેટનું કામ કરતો હતો.
પોલીસે હાલ કરીમના રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે. રિમાન્ડ દરમિયાન ચોંકાવનારા ખુલાસા થઈ શકે છે. અનેક મહિલાઓ છેતરપિંડીનો ભોગ બની હોય શકે છે. પરંતુ, બદનામીના ડરે કોઈ ફરિયાદ માટે આગળ ન આવતું હોવાનું જાણવા મળ્યું છે.
મેટ્રિમોનિયલ સાઈટ પરથી પ્રોફાઈલ મેળવી લગ્નગ્રંથીએ જોડાતા લોકો માટે ચેતવણીરૂપ કિસ્સો સામે આવ્યો છે. અમદાવાદની એક વિધવાનો એક મેટ્રિમોનિયલ સાઈટ પર આદિત્ય પટેલ નામના યુવકનો સંપર્ક થયો હતો. બંને વચ્ચે ચારથી પાંચ મહિના સુધી સંપર્ક રહ્યો હતો. એક દિવસ જ્યારે આદિત્યએ ફોન કર્યો ત્યારે મહિલાના ટ્રુ કોલરમાં કરમી નામ આવતા પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. જો કે મહિલાએ હિંમત એકઠી કરી કહેવાતા આદિત્યનો ભાંડો ફોડવાનું મન બનાવી લીધું હતું. મહિલાએ બજરંગદળનો સંપર્ક કર્યો હતો અને કરીમ ઉર્ફે આદિત્યનો ભાંડો ફોડી નાખ્યો હતો. જ્યારે કરીમ ઉર્ફે આદિત્યના ફોનની તલાશી લેવામાં આવી ત્યારે અનેક મહિલાઓ સાથેની ચેટ અને કઢંગી હાલતમાં ફોટો-વીડિયો મળી આવ્યા હોવાનો બજરંગદળના જ્વલિત મહેતાએ દાવો કર્યો છે. કરીમના કબજામાંથી બોગસ પાનકાર્ડ, ડ્રાઈવીંગ લાઈસન્સ, પાસપોર્ટ, આધારકાર્ડ અને રાશન કાર્ડ પણ મળી આવ્યા હોવાનો પણ દાવો કરાયો છે.

### રિમાન્ડ દરમિયાન ચોંકાવનારા ખુલાસા થઈ શકે

પોલીસે હાલ કરીમના રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે. રિમાન્ડ દરમિયાન ચોંકાવનારા ખુલાસા થઈ શકે છે. અનેક મહિલાઓ છેતરપિંડીનો ભોગ બની હોય શકે છે. પરંતુ, બદનામીના ડરે કોઈ ફરિયાદ માટે આગળ ન આવતું હોવાનું જાણવા મળ્યું છે.

## પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક અને ડીઆરએમે અમદાવાદના ગુજરાતના મુખ્યમંત્રી તથા મુખ્ય સચિવ સાથે બેઠક યોજી



અમદાવાદ | પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડે અને અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક (ડીઆરએમ) શ્રી વેદ પ્રકાશે ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા રાજ્યના મુખ્ય સચિવ શ્રી મનોજ કુમાર દાસ સાથે આજે તા. 16.06.2026ના રોજ શિષ્ટાચાર મુલાકાત અને સમીક્ષા બેઠક યોજી હતી.બેઠક દરમિયાન રાજ્યમાં રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ, યાત્રી સુવિધાઓના વિસ્તાર, વિવિધ રેલવે પ્રોજેક્ટોની પ્રગતિ તેમજ કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચેના સંકલન સાથે જોડાયેલા મહત્વપૂર્ણ વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી. બંને પક્ષોએ રેલવે પ્રોજેક્ટોના સમયબદ્ધ અમલીકરણ તથા જનહિતના કાર્યોને વધુ ગતિ આપવા માટે પરસ્પર સંકલન મજબૂત રાખવા પર ભાર મૂક્યો હતો. આ પ્રસંગે અમદાવાદ, સાબરમતી સહિતના અમૃત ભારત સ્ટેશનોના પુનર્વિકાસ કાર્યોની પ્રગતિ તેમજ વિવિધ સંકલન સંબંધિત મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી.મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડેએ ગુજરાતમાં પશ્ચિમ રેલવે દ્વારા હાથ ધરવામાં આવી રહેલા મુખ્ય વિકાસ કાર્યો અંગે માહિતી આપી હતી તથા ડીઆરએમ શ્રી વેદ પ્રકાશે અમદાવાદ મંડળમાં ચાલી રહેલા વિવિધ પ્રોજેક્ટો અને મુસાફર સુવિધાઓના આધુનિકીકરણ તથા ઉન્નયન સંબંધિત પહેલોની માહિતી આપી હતી.બેઠક સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ હતી અને રાજ્યમાં સુરક્ષિત, આધુનિક તથા વિશ્વસ્તરીય રેલ સેવાઓના વિકાસ માટે પરસ્પર સહયોગ અને સંકલન જાળવી રાખવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.

## 'નાગિન સ્ટાઈલ'માં એક્ટિવા ચલાવ્યા, બાઈક પર 'સુપરમેન' બન્યો : રિવરફ્રન્ટ બાનમાં લીધો

(એજન્સી) અમદાવાદ | તા. 15

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ પર બેફામ વાહન ચાલક નબીરાઓનો આતંક સામે આવ્યો છે. રાતના સમયે અલગ અલગ 4થી 5 વાહનો પર આવીને નબીરાઓએ સ્ટંટ કરીને રિવરફ્રન્ટનો જાહેર રસ્તો બાનમાં લીધો હતો. એક બાઈક ચાલક તો સ્ટંટ દરમિયાન બાઈકની સીટ પર આડો પડીને બાઈક ચલાવતો હતો. વીડિયો વાઈરલ થતા ટ્રાફિક પોલીસે તપાસ હાથ ધરી છે. શહેરના રિવરફ્રન્ટ પર મોડી રાત્રે ચાર અલગ અલગ એક્ટિવા અને બાઈક પર ચાર નબીરાઓએ સ્ટંટ કર્યા હતા. યુવકોએ વાહનો આડાઅવળા ચલાવી પોતાનો અને અન્ય લોકોના જીવ જોખમમાં મુક્યા હતા. એટલું જ નહીં એક બાઈક ચાલક તો સ્ટંટ કરતા સમયે બાઈકની સીટ પર આડો પડીને બાઈક ચલાવતો હતો. આ સ્ટંટ કરનાર લોકોનો એક એક્ટિવા ચાલક વીડિયો પણ ઉતારી રહ્યો હતો. સ્ટંટના તમામ વીડિયો દિવ્યેશ છાંસઠિયા નામના ઈન્સ્ટાગ્રામ આઈડી પર યુવકે અપલોડ કર્યા છે. સ્ટંટના એક બે નહીં, પરંતુ ચારથી પાંચ અલગ અલગ વીડિયો બનાવી આ આઈડીમાં અપલોડ કરવામાં આવ્યા છે.આ યુવકોના વાહનોની નંબર પ્લેટ સાથે પણ ચેડા કરવામાં આવ્યા હતા જેના કારણે વાહનોના નંબર પણ ઓળખાઈ શકે તેમ નથી. રાતના સમયે યુવકોએ આ પ્રમાણે સ્ટંટ કરીને સમગ્ર રિવરફ્રન્ટનો રસ્તો બાનમાં લીધો હતો.
યુવકોએ સોશિયલ મીડિયા પર વધારે વ્યુ મેળવવા આ પ્રમાણે વીડિયો બનાવ્યા હતા, પરંતુ તેનાથી રાહદારીઓ અને અન્ય વાહન ચાલકોના જીવને પણ જોખમ રહેલું છે. આમ તો રિવરફ્રન્ટ પર પોલીસ પેટ્રોલિંગ સતત ચાલતું હોય છે, પરંતુ આ વીડિયો વાઈરલ થયા બાદ રિવરફ્રન્ટ પર પોલીસની ગેરહાજરી સાબિત થાય છે.
M ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનના પીઆઇ યુ.બી. ધાકડાએ જણાવ્યું કે વાઈરલ વીડિયોના આધારે તપાસ કરવામાં આવી રહી છે.

## કરોડોની ચૂકવણી બાકી હોવાથી નોટિસ મળી શકે : વ્યાજ માફ કરાવવા રાજકીય નેતાઓના શરણે

(એજન્સી) અમદાવાદ | તા. 16

રેવડી બજાર તરીકે ઓળખાતી સરદાર વલ્લભભાઈ પટેલ સિંધી ક્લોથ માર્કેટ કો. ઓ. સોસા. લી. દ્વારા અગમ્ય કારણોસર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને વ્યાજ પેટે અંદાજે રૂ. 11.29 કરોડથી વધુ રકમ ચૂકવવામાં ઠાગાઠૈયા કરવામાં આવી રહ્યા હોવાને કારણે બાકી લેણાં વસૂલવા તજવીજ કરવામાં આવી રહી છે અને આગામી સપ્તાહમાં AMC દ્વારા રેવડી બજારના મહાજન- એસોસીએશનને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નોટિસ ફટકારવાની શક્યતા છે. રેવડી બજારના મહાજન- એસોસીએશનને અગાઉ નોટિસ ફટકારવામાં આવી હોવા છતાં રકમ ચૂકવવામાં આવી નથી. સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ કાલુપુર વિસ્તારમાં આવેલી રેવડી બજારમાં 455 દુકાનોના માલિકોને રૂ.7,500ના ભાવથી 7,500 ચો. ફુટની દુકાનો આપવા અંગે દોઢ વર્ષ પહેલા મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીમાં દરખાસ્ત મંજૂર કરીને નિર્ણય લેવાયો હતો. AMCને મુદ્દલ પેટે અંદાજે રૂ. 6 કરોડ જેટલી રકમ ચૂકવી દેવામાં આવી છે. પરંતુ રેવડીબજારના એસોસીએશનના હોદ્દેદારો દ્વારા વ્યાજ પેટે 11.29 કરોડથી વધુ રકમ ચૂકવવામાં ઠાગાઠૈયા કરવામાં આવ્યા છે. રકમ ન ચૂકવવી પડે અને વ્યાજની રકમ માફ કરાવવા માટે રેવડીબજાર એસોસીએશનના હોદ્દેદારો મુખ્યમંત્રી સહિત ભાજપના નેતાઓની તેમજ AMCના હોદ્દેદારોની ઓફિસે આંટાફેરા કરી રહ્યા હોવાનું સૂત્રોમાંથી જાણવા મળે છે. કાલુપુરના ભરચક વિસ્તારમાં પ્રાઈમ લોકેશનમાં આવેલી રેવડી બજારની જમીન લીઝ પર આપવાનો ઠરાવ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મંજૂર કરીને નક્કી કરવામાં આવ્યું હતું. જો આ પ્રકારે લીઝ પર દુકાનો આપવામાં આવે તો દુકાનના માલિકોને GST ભરવો પડે તેમ હોવાથી રેવડીબજારના એસોસીએશન દ્વારા હવે આ દુકાનો હરાજી મારફતે વેચાણથી આપવા માટે દબાણ કરવામાં આવી રહ્યું હોવાનું જાણવા મળે છે.

## મહાપ્રબંધક પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ સ્ટેશન પુનર્વિકાસ તથા અમદાવાદ-વડનગર રેલખંડનું સંરક્ષા નિરીક્ષણ



અમદાવાદ | પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડે દ્વારા આજે 16 જૂન, 2026ના રોજ અમદાવાદ રેલવે સ્ટેશન ખાતે ચાલી રહેલા પુનર્વિકાસ કાર્યોની સમીક્ષા કરવામાં આવી તેમજ અમદાવાદ-વડનગર રેલખંડનું વ્યાપક સંરક્ષા નિરીક્ષણ કરવામાં આવ્યું. આ દરમિયાન તેમણે રેલવે નેટવર્કના આધુનિકીકરણ, આધારભૂત સંરચના ના વિકાસ તથા યાત્રી સુરક્ષાથી સંબંધિત વિવિધ પાસાઓની સમીક્ષા કરી. મહાપ્રબંધકે અમદાવાદ સ્ટેશન પર નિર્માણાધીન સાઉથ બ્લોકની મુલાકાત લઈ કાર્ય પ્રગતિનું નિરીક્ષણ કર્યું. તેમણે પ્લેટફોર્મ સંખ્યા 9 અને 10 ઉપરાંત બુલેટ ટ્રેન સ્ટેશનની નીચે નિર્માણાધીન પ્લેટફોર્મ નં. 11 અને 12ના કાર્યોનું પણ અવલોકન કર્યું. મંડળ રેલ પ્રબંધક, અમદાવાદ(DRM) શ્રી વેદ પ્રકાશે મહાપ્રબંધક શ્રી પાંડેને અમદાવાદ સ્ટેશન પર ચાલી રહેલા પુનર્વિકાસ કાર્યો, યાત્રી સુવિધાઓના આધુનિકીકરણ તથા આધારભૂત સંરચના ના અમલીકરણ અંગે વિસ્તૃત માહિતી આપી. મુખ્ય પરિયોજના પ્રબંધક (RLDA) શ્રી સંજીવ કુમારે સ્ટેશન પુનર્વિકાસ પ્રોજેક્ટના માસ્ટર પ્લાન, વિવિધ તબક્કાઓમાં ચાલી રહેલા નિર્માણ કાર્યો તથા વર્તમાન પ્રગતિ અંગે વિસ્તૃત માહિતી આપી. તેમણે પ્રોજેક્ટ અંતર્ગત પ્રસ્તાવિત મુસાફર સુવિધાઓ, સ્ટેશન ભવન, મલ્ટી-મોડલ કનેક્ટિવિટી તથા અન્ય આધારભૂત વિકાસ કાર્યો અંગે પણ માહિતી આપી. મહાપ્રબંધકે કાર્યોની ગુણવત્તા અને સમયબદ્ધ અમલીકરણ સુનિશ્ચિત કરવા સૂચના આપતાં અધિકારીઓને પ્રોજેક્ટને નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવા માટે જરૂરી સમન્વય જાળવી રાખવા પર ભાર મૂક્યો.

## અમદાવાદ: રબારી કોલોની ચાર રસ્તા નજીક પૂરપાટ ઝડપે જતી કાર BRTSની રેલિંગ તોડી ટ્રેકમાં ઘૂસી

(એજન્સી) અમદાવાદ | 16

અમદાવાદ શહેરમાં ગત મોડી રાત્રે રબારી કોલોની ચાર રસ્તા નજીક પૂરપાટ ઝડપે આવી રહેલા કારચાલકે સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવ્યો હતો. કાર કાબુમાં ના આવતા તે સીધી જ રોડની વચ્ચે આવેલા BRTS રૂટની લોખંડની રેલિંગ સાથે ધડાકાભેર અથડાઈ હતી. સ્પીડ એટલી વધારે હતી કે કાર રેલિંગ તોડીને ટ્રેકની અંદર ઘૂસી ગઈ હતી, જેના પરિણામે વાહનનો આગળનો ભાગ કચ્ચરઘાણ થઈ ગયો હતો. આ અકસ્માત રાતના સમયે સર્જાયો હતો. સદનસીબે તે સમયે BRTS બસો બંધ હોવાથી ટ્રેકમાં અન્ય કોઈ વાહન પસાર થઈ રહ્યું ન હતું, જેથી એક મોટી દુર્ઘટના થતાં અટકી હતી. અકસ્માત વખતે થયેલા ધડાકાનો અવાજ સાંભળીને આજુબાજુના સ્થાનિકો અને રસ્તે જતા અન્ય વાહનચાલકો મદદ માટે દોડી આવ્યા હતા. કારના આગળના ભાગના ભુક્કા થયા છતાં પણ ચાલક સુરક્ષિત રીતે બહાર આવી જતાં લોકોએ હાશકારો અનુભવ્યો હતો. આ બનાવની જાણ થતાની સાથે જ ટ્રાફિક પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ટ્રાફિક જામ ના થાય તે માટે પોલીસે સૌપ્રથમ ક્રેન બોલાવીને ક્ષતિગ્રસ્ત કારને ટ્રેકમાંથી બહાર કાઢી પોલીસ સ્ટેશને મોકલી આપી હતી.

## અમદાવાદમાં વાડીલાલ અને પાર્લેની અનોખી ભાગીદારી સાથે "વાડીલાલ મેલોડી આઈસ્ક્રીમ"નું ભવ્ય લોન્ચિંગ

(એજન્સી) અમદાવાદ | 16

ભારતની અગ્રણી આઈસ્ક્રીમ બ્રાન્ડ વાડીલાલ અને લોકપ્રિય ટોફી બ્રાન્ડ પાર્લે મેલોડીના વિશેષ સહયોગથી નવી 'વાડીલાલ મેલોડી આઈસ્ક્રીમ' નું લોન્ચિંગ અમદાવાદના વાડીલાલ હેંગઆઉટ, દર્પણ સર્કલ ખાતે ઉત્સાહભેર યોજાયું હતું. આ અનોખા લોન્ચિંગ કાર્યક્રમને અમદાવાદવાસીઓનો જબરદસ્ત પ્રતિસાદ મળ્યો હતો. મોટી સંખ્યામાં આઈસ્ક્રીમપ્રેમીઓ અને મેલોડીના ચાહકોએ ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં હાજરી આપી હતી અને બાળપણની મીઠી યાદોને ફરીથી તાજી કરી હતી.



નવી વાડીલાલ મેલોડી આઈસ્ક્રીમનો સ્વાદ માણવા માટે લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. કાર્યક્રમ સ્થળે લોકોની મોટી ભીડ ઉમટી પડી હતી અને આઈસ્ક્રીમ મેળવવા માટે લાંબી લાઈનો લાગી ગઈ હતી. પરિવારજનો, યુવાનો અને બાળકો સહિત તમામ વયના લોકોમાં આ નવી પ્રોડક્ટને લઈને વિશેષ ઉત્સુકતા અને આનંદનો માહોલ જોવા મળ્યો હતો. સમગ્ર વાતાવરણ ઉત્સાહ, ખુશી અને મીઠી યાદોથી છલકાઈ ઊઠ્યું હતું. વાડીલાલ અને પાર્લેની આ અનોખી પહેલે ગ્રાહકોને પરંપરાગત સ્વાદ અને નવીનતાનો સુંદર સંગમ અનુભવ કરાવ્યો હતો. બાળપણની યાદોને તાજી કરાવતી આ નવી પ્રોડક્ટને ગ્રાહકો તરફથી મળેલો સકારાત્મક પ્રતિસાદ વાડીલાલ અને પાર્લે માટે વધુ ઉત્સાહજનક સાબિત થયો છે.

## ડિફેન્સ ટેસ્ટિંગ, સર્ટિફિકેશન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ અંગેની વર્કશોપનું ગાંધીનગરમાં સફળ આયોજન



(એજન્સી) ગાંધીનગર | 16

ડિફેન્સ ક્ષેત્રમાં ટેસ્ટિંગ, સર્ટિફિકેશન અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસને વધુ મજબૂત બનાવવા માટે ગાંધીનગર ખાતે "ડિફેન્સ ટેસ્ટિંગ, સર્ટિફિકેશન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ" વિષય પર એક મહત્વપૂર્ણ વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ડિફેન્સ ક્ષેત્રમાં ઉદ્યોગો, સંશોધન સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારી તંત્ર વચ્ચે સહયોગ વધારવાનો હતો.આ કાર્યક્રમનું આયોજન EQDC ટ્રેઈનિંગ હોલ, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં MSMEs, વિદ્યાર્થીઓ, ઉદ્યોગસાહસિકો, શિક્ષણવિદો અને વૈજ્ઞાનિકો સહિતના વિવિધ ક્ષેત્રના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન ડિફેન્સ ટેકનોલોજી, ટેસ્ટિંગ સુવિધાઓ, સર્ટિફિકેશન ઈકોસિસ્ટમ અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના 'આત્મનિર્ભર ભારત' ના વિઝન સાથે જોડાયેલા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...